ઇંગ્લેંડનો ઇતિહાસ.

કર્તા.

છગનલાલ ચુનીલાલ મહેતા,

બી. એ. એસ. ટી. સી. ડી. (ઓનર્સ)

ધી. ગુજરાત ઓરીએન્ટલ બુકડીપો.

રીચીરોડ, અમદાવાદ.

કિંમત. રૂ. ૧-૮-૦

ઇંગ્લેંડનો ઇતિહાસ.

કર્તા.

છગનલાલ ચુનીલાલ મહેતા,

બી. એ. એસ. ટી. સી. ડી. (ઓનર્સ)

પ્રસિદ્ધ કરનાર.

પોપટલાલ મગનલાલ ગજરાવાળા.

ધી ગુજરાત ઓરિએન્ટલ બુકડીપો,

રીચીરોડ, અમદાવાદ.

આવૃત્તિ ૧ લી.] સને ૧૯૨૩. [પ્રત ૧૫૦૦.

Reg for Copy Right.

અમદાવાદ–ટંકશાળમાં ધી યુનિયન પ્રીન્ટીંગ પ્રેસ કંપની લીમીટેડમાં
શા. મોહનલાલ ચીમનલાલે છાપ્યો.

પ્રસ્તાવના.

પૃથ્વીના પ્રચંડ પડ ઉપર યુરોપખંડની છેક પશ્ચિમે બે નાના નાના બેટ છે; એક ગ્રેટબ્રિટન (ઇંગ્લેંડ ને સ્કોટલેન્ડ) અને બીજો આયર્લેન્ડ. ઈંગ્લેંડમાં પણ વેલ્સ પ્રાંતના વતનીઓની ભાષા તથા રહેણી-કરણી બીજા ભાગો કરતાં જુદી છે. આમ આ બે બેટમાં ચાર ભિન્ન પ્રજા વસે છે. ' ઇંગ્લેંડ ' કહેવાતો દેશ ઘણો નાનો (ક્ષેત્રફળ ૫૧૦૦૦ ચોરસ માઇલ) છે. તેના ઉત્તર છેડાથી દક્ષિણ છેડે આગગાડીમાં જઇએ તો ૧૮ કલાકથીએ ઓછો વખત લાગે; ને પૂર્વ છેડાથી પશ્ચિમ છેડે જવું હોય તો ફક્ત ૮ કલાક લાગે. છતાં આ ભૂમિમાં પાકેલા લાખો અંગ્રેજો આજે આખી પૃથ્વીપર વસે છે; ને તેથી ઈંગ્લેંડના ઇતિહાસમાં આ મહાન્ પ્રજાનો ઉદય, તેમના પ્રચંડ પ્રયાસ તેમના દોષ પાપ યા અજ્ઞાનથી તેમને પડેલાં સંકટ, તેમની હિમ્મત ખંત સહનશીલતા વિગેરે ગુણોવડે સંપાદન કરેલું રાજ્ય આદિનો સમાવેશ થાય છે.

પરમાત્માની અજબ કૃતિને સબબે આજ દોઢસો વર્ષથી ઇંગ્લેંડ તથા ભારતવર્ષ (એક એકથી હજારો ગાઉ દૂર છતાં) વચ્ચેનો સંબંધ ઘણો ઘટ થતો ગયો છે. આપણાં બાળકો તે દેશનો ઇતિહાસ શીખે અને તેમનાં બાળકો આપણો ઇતિહાસ શીખે એ સ્વાભાવિક છે. અંગ્રેજ બાળકોને માટે હિંદુસ્થાનના અનેક સુંદર ઇતિહાસ તેમની ભાષામાં લખાયા છે, પરંતુ હિંદુસ્થાનને દુર્ભાગ્યે આપણાં બાળકો ઇંગ્લેંડનો ઇતિહાસ અંગ્રેજી ભાષામાં શીખે એ ઉચિત મનાયું છે. આ પરભાષા કુમળાં મગજ માટે ભારે બોજાસમ હોવાથી રાષ્ટ્રીય નેતાઓએ એમ નક્કી કર્યું કે તમામ શિક્ષણ સ્વભાષા મારફતે જ થવું જોઇએ. આ ઠરાવ અમલમાં લાવવા ગુજરાતી બાળકો માટે ગુજરાતીમાં લખેલાં પુસ્તકો જોઇએ; અને મને છેલ્લાં ત્રણ વર્ષથી

ઇતિહાસ માટે આ ખામી ઠેરઠેર લાગતી. પહેલાં તો મને એમ થતું કે કોઇ વિદ્વાન્ બાળશાસ્ત્રી આ કાર્ય ઉઠાવી લેશે. એક વર્ષ સુધી મેં રાહ જોઇ; પછી એ નિશ્ચયપર આવ્યો કે આ કાર્ય જેવું બને તેવું પણ મારે કરવું. અનેક પ્રકારના કામને લીધે ઢીલ ઘણી થઇ. છેવટે આજે ઇશ્વર કૃપાથી વિદ્યાર્થી તથા શિક્ષક-વર્ગ સમક્ષ આ પુસ્તક રજુ કરવા હું ભાગ્યશાળી થયો છું.

પ્રથમ તો મારો વિચાર અર્વાચીન ઇંગ્લેંડ વિષેજ લખવાનો હતો. પછીથી કેટલાક મિત્રોની સૂચનાથી સંપૂર્ણ ઇતિહાસ લખવાનું ઠર્યું. પ્રાચીન વિભાગ ટુંકામાં પતાવ્યો છે. અર્વાચીન ભાગ આપણાં બાળકો માટે વધુ અગત્યનો હોવાથી તે કાંઇક સવિસ્તર આલેખ્યો છે.

આ પુસ્તકમાં અનુકુળ સ્થળે અનેક 'ફુટનોટ' સામેલ કરી છે, તે દિશામાં હું વાંચકનું ધ્યાન ખેંચું છું.

આધુનિક વિચાર મુજબ ઇતિહાસના દરેક અંગ (આર્થિક, રાજકીય, સામાજીક, ધાર્મિક, ઉદ્યોગીય આદિ) ઉપર ઘટતું ધ્યાન અપાયું છે. વળી અગત્યના પ્રશ્નો ઉપર બને તેટલા લેખકોના અભિપ્રાય મેળવવા તજવીજ કરી છે. રા. નવલરામ તથા રા. જમીએતરામ શાસ્ત્રીના ઇતિહાસ પારિભાષિક શબ્દો માટે મને ઘણા મદદરૂપ થઇ પડેલા. તે સૌનો આ સ્થળે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

શિક્ષક-બંધુઓ તથા અન્ય વિદ્વાન્ વાંચકો પ્રત્યે મારી નમ્ર અરજ છે કે આ પુસ્તકમાં જે જે ખામીઓ લાગે તે વિષે મને સત્વર સૂચના મોકલવાની કૃપા કરવી. સર્વ સૂચના હું સાભાર સ્વીકારીશ તથા તેપર યોગ્ય લક્ષ આપીશ.

હરીપરા, સુરત
સં. ૧૯૭૯ ના
માહ સુદ ૧૫.

છગનલાલ ચુનીલાલ મહેતા.

અનુક્રમણિકા.

વિભાગ ૧ લો. પ્રાચીન બ્રિટન તથા ઇંગ્લેન્ડ.

પ્રકરણ ૧ લું. બ્રિટનમાં રોમનોનું રાજ્ય (ઈ. સ. ૪૧૦ સુધી.)

અસલ બ્રિટનો; ડ્રુઇડો; રોમનોનું આગમન; બીજી રોમન સવારી; ડ્રુઇડોનો અંત; બોઆડીશીઆનું બંડ; એગ્રીકોલા; ખ્રિસ્તી ધર્મ.

પાનાં ૧–૬

પ્રકરણ ૨ જું. એંગલો તથા સેકસનો (૪૧૦ થી ૮૩૯.)

જર્મનોને આમંત્રણ; એંગ્લો સેકસન લોકો; સાત રાજ્યો એકત્ર બને છે.

પાનાં ૭–૯

પ્રકરણ ૩ જું. ડેન્ન લોકો (૮૩૯ થી ૧૦૬૬.)

ડેનોના હુમલા; મહાન્ આલ્ફ્રેડ; ધેલો ધથલરેડ; કેન્યુટ; એડ. વર્ડ ભગત; સરદાર ગોડવીન; હેરાલ્ડ; નોર્મન વિજય; હેસ્ટિંગ્સનું યુદ્ધ.

પાનાં ૧૦–૧૫

વિભાગ ૨ જો. નોર્મન જીતથી મોટા પટ્ટા સુધી.

પ્રકરણ ૪ થું. નોર્મન વંશ (૧૦૬૬ થી ૧૧૫૪.)

૧ લો વિલિઅમ; ફ્યુડલ પદ્ધતિ; જંગલના શિકાર કાયદા; ડૂમ્સડે બુક; રાજાનો અંતસમય. ૨ જો વિલિઅમ; ૧ લો હેન્રી; સ્ટીવન.

પાનાં ૧૬–૨૧

પ્રકરણ ૫ મું. પ્લેન્ટે જીનેટ વંશ.

૨ જો હેન્રી; તેનાં લક્ષણ; થોમસ બેકેટ; પાદરીઓમાં પેઠેલો સડો; બેકેટનું ખૂન; આયર્લેન્ડ; રાજકુંવરોનું બંડ; ૧ લો રીચર્ડ.
પાનાં ૨૨-૨૫

પ્રકરણ ૬ ઠું મેગ્ના કાર્ટા.

જોન; તેનાં લક્ષણ; આર્થરનું ખૂન; પોપ સાથે તકરાર; જુલમ; મેગ્ના કાર્ટા; દેશનિકાલ, કફાનજર.
પાનાં ૨૬-૬૦

વિભાગ ૩ જો. પાર્લમેન્ટનો ઉદય.

પ્રકરણ ૭ મું ઉમરાવોનું યુદ્ધ.

૩ જો હેન્રી; પેમ્બ્રોકનો કારભાર; સાઇમન ડી મોન્ટફર્ટ.
પાનાં ૩૧-૩૩

પ્રકરણ ૮ મું. વેલ્સ અને સ્કોટ લેન્ડ સાથે લડાઇ.

૧ લો એડવર્ડ; વેલ્સ જીત્યું; સ્કોટલેન્ડ પર ચઢાઇ; વિલિઅમ વોલેસ; રાજાનો અંત. ૨ જો એડવર્ડ; તેનાં લક્ષણ; બ્રુસના પરાક્રમ.
પાનાં ૩૩-૩૮

પ્રકરણ ૯ મું. સો વર્ષનું યુદ્ધ.

૩ જો એડવર્ડ; તેનો રાજ્ય લોભ; ક્રેસીની જીત; કેલેનો ઘેરો; પોઇટીયર્સની લડાઇ; અંગ્રેજો મુલક ગુમાવે છે; સામાન્ય વર્ગની હાલત; કાળો કેર; વિકલીફ. ૨ જો રીચર્ડ; રીચર્ડ અને હેન્રી; છેલ્લાં ૨૦૦ વર્ષનો સારાંશ. પાનાં ૩૮-૪૪

પ્રકરણ ૧૦ મું. લેન્કેસ્ટર વંશ.

૪ થો હેન્રી; ૫ મો હેન્રી; ૬ ઠો હેન્રી; ગુલાબનાં યુદ્ધ.

પાનાં ૪૫-૪૭

પ્રકરણ ૧૧ મું. યોર્ક વંશ.

૪ થો એડવર્ડ; તેનુ દુરાચરણ; ૫ મો એડવર્ડ; ૩ જો રીચર્ડ.

પાનાં ૪૮-૫૦

વિભાગ ૪ થો. ટયુડર વંશ.

પ્રકરણ ૧૨ મું. સોળમી સદી પૂર્વનું ઇંગ્લેંડ.

વસ્તી વિભાગ; ગરાસીઆ; ધર્મ; સાહિત્ય; ગુલાબનાં યુદ્ધ; અર્વાચીન યુગ; ટયુડરોની વંશાવળી.

પાનાં ૫૧-૫૫

પ્રકરણ ૧૩ મું ૭ મો હેન્રી.

૭ મા હેન્રીનાં લક્ષણ; લેમ્બર્ટ સીમનલ; સ્ટાર ચેમ્બર; પર્કીન વોર્બેક; હેન્રીનો જુલમ; રાજલગ્ન; કોલમ્બસ આદિની શોધ; નવી વિદ્યા.

પાનાં ૫૬-૬૦

પ્રકરણ ૧૪ મું. ધર્મ સુધારણા.

૮ મો હેન્રી; નૌકાની સ્થાપના; ફ્લોડનની લડાઇ; વુલ્સીનો કારભાર; યુરોપી રાજખટપટ; છૂટા છેડા માટે પ્રયાસ; વુલ્સીનો અધ:પાત; થોમસ ક્રોમ્વેલનો કારભાર; હેન્રીનું બીજું લગ્ન; પ્રજાની હાલત; ધર્મ સુધારણા; મઠોનો નાશ; ત્રીજું લગ્ન; પ્રજાકીય ખળભળાટ; ચોથું તથા પાંચમું લગ્ન; રાજાની ચિંતા.

પાનાં ૬૦-૭૨

પ્રકરણ ૧૫ મું ધાર્મિક ધમાલ.

૬ ઠો એડવર્ડ; તેનાં લક્ષણ; સ્કોટલેન્ડ પર ચઢાઇ; સુધારાની પ્રગતિ; બંડ; સમરસેટને દેહાંત સજા; વેરીક રાજરક્ષક; કેળવણી; રાજાનું અકાળ મરણ; મેરી; લેડી જેઇન ગ્રેની આણ; મેરી લંડનમાં દાખલ; કેથોલીક પંથની પુનઃસ્થાપના; મેરીની મનોદશા; રાણીનું લગ્ન; બંડ; જુલમ.

પાનાં ૭૨–૮૦

પ્રકરણ ૧૬ મું. શાંતિ તથા પ્રગતિ.

ઇલીઝાબેથ; તેના ગુણદોષ; દેશની કફોડી સ્થિતિ; સેસીલ મુખ્ય કારભારી; સ્કોટલેન્ડ; એડીનબરોનું તહનામું; દેશની આબાદી; ખેતી; હુન્નર વેપાર વિગેરે; દરીઆઇ સાહસ; પ્રજા સુખી; રાણીની ચિંતા; ઇલીઝાબેથ ને મેરી; ડાર્નલીનું ખૂન; મેરી ઇંગ્લેંડમાં; નેધરલેન્ડમાં બળવો; સેન્ટ બાર્થો લોમ્યુની કતલ; મેરીને ફાંસી; સ્પેનીશ આર્મેડા; ઇંગ્લેંડની કીર્તિ; ઇસ્ટ ઇંડીઆ કંપની; બર્લીનું મરણ; આયર્લેન્ડ; રાણીનું મરણ; ટયુડર ઇતિહાસનું ટુંક અવલોકન; સ્ટુઅર્ટ વંશાવળી.

પાનાં ૮૧–૯૮

વિભાગ ૫ મો. આપખુદી રાજાઓ સામે વિરોધ.

પ્રકરણ ૧૭ મું. રાજહક્ક વિરૂદ્ધ પાર્લમેન્ટ.

૧ લો જેઇમ્સ; તેના ગુણદોષ; ઇશ્વરી હક્ક; પ્રજાની સ્થિતિ; ખ્રિસ્તી ધર્મના પંથઃ વિદેશ વાસ; ૧ લી પાર્લમેન્ટ; સુરંગથી ઉડાવી દેવાનું કાવત્રું; ઇંગ્લેંડ-સ્કોટલેન્ડના સંયોગની દરખાસ્ત; બકીંગહામ; પરદેશ નીતિ; રેલેનો અંત; નાણાં માટે જુલમ; ૩ જી પાર્લમેન્ટ; રાજા વિરૂદ્ધ પાર્લમેન્ટ; ૪ થી પાર્લમેન્ટ.

પાનાં ૯૯–૧૦૮

પ્રકરણ ૧૮ મું. રાજા વિરૂદ્ધ પ્રજા.

૧ લો ચાર્લ્સ; તેનાં લક્ષણ; ૧ લી પાર્લમેન્ટ; કેડીઝની નિષ્ફળ ચઢાઇ; ૨ જી પાર્લમેન્ટ; બકીંગહામ ઉપર આરોપ; રાજાની કફોડી નાણાં સ્થિતિ; લા રોશેલનો ઘેરો; પ્રજા હક્કની અરજ પત્રિકા; બકીંગહામનું ખૂન; પાર્લમેન્ટે કમ્મર કસી; વેન્ટવર્થ ને લોડ; પોસ્ટ ઓફીસની સ્થાપના; વિદેશ વાસ; વેન્ટવર્થ આયર્લેન્ડમાં; લોડ અને પ્યુરીટનો; વહાણવેરો; સ્કોટલેન્ડમાં પ્રાર્થના પોથી; ટુંકી પાર્લમેન્ટ; લાંબી પાર્લમેન્ટ; ત્રિવાર્ષિક કાયદો; આઇરીશ કતલ; ૫ મેમ્બરોને કેદ કરવાનો પ્રયત્ન; લંડન-રાજા વિરૂદ્ધ; પ્રજા વિગ્રહ; રાજપક્ષની જીત; ઓલીવર ક્રોમવેલ; પાર્લમેન્ટ પક્ષની ફતેહ; સુલેહના પ્રયત્ન નિષ્ફળ; રજાું પ્રજા યુદ્ધ; રાજાનો શિરચ્છેદ, તે વિષે ઇતિહાસકારોના અભિપ્રાય.

પાનાં ૧૦૮-૧૨૮

પ્રકરણ ૧૯ મું. સૈન્ય સત્તાક રાજ્ય.

નવું રાજ્ય સ્થપાયું; મુશ્કેલીઓ ને તેનું નિવારણ. આયર્લેન્ડ; સ્કોટલેન્ડ; નૌકાનો કાયદો; હોલેન્ડ સાથે વિગ્રહ; રાજકારભારમાં સડો તથા તે દૂર કરવાના ઉપાય; ક્રોમવેલના કાનુનો; ૧ લી પાર્લમેન્ટ; પ્રજાનો અસંતોષ; ક્રોમ્વેલનું મરણ; રીચર્ડ ક્રોમ્વેલ દેશરક્ષક; સરદાર મંક; ચાર્લ્સનું આગમન.

પાનાં ૧૨૮-૧૩૯

પ્રકરણ ૨૦ મું. પુનઃ સ્થાપન.

૨ જો ચાર્લ્સ; તેના ગુણદોષ; કોન્વેન્શન; સ્વચ્છન્દી દરબાર; ગામડાં; સ્કોટલેન્ડ તથા આયર્લેન્ડ. ધાર્મિક ધારા; લંડનની રોયલ સોસાયટી; રાજાની ભૂલ; હોલેન્ડ સાથે યુદ્ધ; લંડનમાં પ્લેગ; લંડનમાં આગ; માન ભંગ; કબોલ; ડોવરનું ગુપ્ત કરારનામું; રાજાનું દેવાળું; હોલેન્ડ સાથે યુદ્ધ; કબોલનો અંત; ડેન્બીની પડતી; હેબીઅસ કોર્પસ

કાયદો; હેલીફેક્સ અને મન્મથ; શેફ્ટસબરીની પડતી; ચાર્લ્સના ગુણદોષની તુલના.

પાનાં ૧૪૦–૧૫૬.

પ્રકરણ. ૨૧ મું. રાજ્યવિપ્લવ.

૨ જો જેઇમ્સ; તેનું ચારિત્ર્ય; તેનાં આપખુદી કાર્યો; મન્મથ તથા આર્ગાઇલનું બંડ; ફર્કનાં ધેટાં; જેફ્રીસના જુલમ; રાજાનો કેથોલીકો માટે પક્ષપાત; કોર્ટગૃહો; ધર્મ છૂટનું જાહેરનામું; સાત બીશપો; વિલિઅમને આમંત્રણ; રાજ્યવિપ્લવ ૧૬૮૮; હક્ક પત્રિકા. ૩ જો વિલિઅમ; જેઇમ્સ આયર્લેન્ડમાં; સ્કોટલેન્ડ; ગ્લેન્કોની કતલ; આયર્લેન્ડમાં વિગ્રહ; બોઇન નદીની લડાઇ; વિલિઅમ અપ્રિય; લા હોગની જીત; પ્રજાકીય દેવું; પાર્ટીથી રાજ્ય ચલાવવાની રૂઢી; ત્રિવાર્ષિક કાયદો; ચલણી નાણું સુધર્યું; સ્પેઇનનો પ્રશ્ન; યુદ્ધનાં બીજ; વિલિઅમના ગુણદોષ આદિ; હેનોવર વંશાવળી.

પાનાં ૧૫૬–૧૮૪

પ્રકરણ ૨૨ મું. સ્ટુઅર્ટ વંશનો અંત.

રાણી આન; માર્લબરો; બ્લેન્હીમની જીત; જીબ્રોલ્ટર સર; વ્હીગ પક્ષ સુલેહની વિરૂદ્ધ; સ્કોટલેન્ડ–ઇંગ્લેંડનો સંયોગ ૧૭૦૭; આયર્લેન્ડનાં દુઃખ; માર્લબરોની નવી જીત; ડૉ. સેશેવરલ; માર્લબરોના ગુણદોષ; યુટ્રેક્ટનું કારનામું; રાણીનું મરણ; સ્ટુઅર્ટ ઇતિહાસનું ટુંક અવલોકન.

પાના. ૧૮૫–૧૯૪.

વિભાગ ૬ ઠો. બ્રિટિશ રાજ્યની વૃદ્ધિ.

પ્રકરણ ૨૩ મું. આંતરિક શાંતિ તથા પરદેશમાં વિજય.

૧ લા જ્યોર્જના લક્ષણ; પંદરનો બળવો; લુઇનું મરણ; વેપાર વધે છે; દક્ષિણ મહાસાગરનો પરપોટો, વોલપોલ વડો પ્રધાન; ૨ જો

જ્યોર્જ; વોલપોલના સુધારા; કુટુંબી કરાર; જેન્કીન્સના કાન વિષેનું યુદ્ધ; વોલપોલની પડતી; ઑસ્ટ્રીઆની ગાદી વિષેનો વિગ્રહ; પીસ્તાળીસનું બંડ; સ્ટુઅર્ટોની છેવટ; ધાર્મિક ઉપદેશકો; એલા શાપેલનું તહનામું; નવી ઢબનું પંચાંગ; ઇસ્ટ ઇંડીઆ કંપની; અમેરીકામાં અંગ્રેજ તથા ફ્રેન્ચ; સાત વર્ષનું યુદ્ધ; માઇનોર્કા દુસ્મનોને કબજે; કલકત્તાની અંધારી કોટડી; વિલિઅમ પીટ; કેનેડાનું યુદ્ધ; કીએક સર; યુરોપી વિજય; પ્લાસીનું યુદ્ધ; રાજાનું મરણ.

પાનાં ૧૯૫–૨૧૬.

પ્રકરણ ૨૪ મું. અમેરીકન સંસ્થાનોની સ્વરાજ પ્રાપ્તિ.

બ્રિટન, પ્રતાપી; ઉદ્યોગીય જાગ્રતિ; ૩ જા જ્યોર્જના લક્ષણ; રાજમિત્રો; બ્યુટનું રાજીનામું; ગ્રેન્વીલનો કારભાર; અમેરીકન યુદ્ધનાં બીજ; ચાહ આદિપર જકાત; વીલ્કીસનાં તોફાન; સંસ્થાનીઓની બેદિલી; બોસ્ટન બંદરે ચાહ દરિયામાં પધરાવી; અમેરીકામાં પ્રથમ કોન્ગ્રેસ; અમેરીકન યુદ્ધ; સ્વાતંત્ર્ય ખત; ચેધમનું મરણ; જીબ્રોલ્ટરનો ઘેરો; આયર્લૅન્ડ; ગોરડનના તોફાન; લોર્ડ કોર્નવોલીસ દુસ્મનને શરણે; વરસાઇલ્સનું તહનામું; કુકની સફરો; હિંદમાં બ્રિટિશ રાજ્યની વૃદ્ધિ.

પાનાં ૨૧૭–૨૩૩.

પ્રકરણ ૨૫ મું. ફ્રેન્ચ રાજ્ય વિપ્લવ.

પીટ વડો પ્રધાન; પ્રજાકીય દેવું કમી; ફ્રેન્ચ રાજ્ય વિપ્લવ; બર્કનાં લખાણની અસર; ફ્રાન્સ સાથે યુદ્ધ; પીટની સખ્તાઇ; આયર્લૅન્ડમાં સંકટ; બ્રિટિશ નૌકાનો વિજય; નેલ્સન; આયરીશ બળવો; આમીઅન્સની સુલેહ; ફ્રાન્સ સાથે બીજું યુદ્ધ; નેલ્સનની જીત; સૌ શાણાનું પ્રધાન મંડળ; બર્લીન ફરમાન. કોરનાનો સંગ્રામ; વેલેસ્લી રણક્ષેત્રમાં; નેપોલીઅનની હાર; વોટર્લુનો સંગ્રામ; પ્રજાનો આનંદ; અનાજનો કાયદો; રાજાનું મરણ; સાહિત્ય.

પાનાં. ૨૩૪–૨૫૭.

પ્રકરણ ૨૬ મું. આપણા જમાનાનો ઇતિહાસ.

કેરોલીન રાણીની કથની; ગ્રેટબ્રિટનમાં શાંતિ; કેટોસ્ટ્રીટનું કાવત્રું; કેનીંગ પીલ ને હસ્કીસન; વેપારી સુધારા; સટ્ટાની ઘેલછા; પરદેશગમનની સગવડ; ઓસ્ટ્રેલીઆ; કેથોલીકોની રાજકીય મુક્તિ; પ્રજાકીય જાગ્રતિ; ૧૮૩૨ નો રાજકીય સુધારો; ગુલામીને તિલાંજલી; ગરીબોના લાભનાં કાર્યો; અન્ય સામાન્ય સુધારા; પહેલી અંગ્રેજી રેલ્વે; ગરીબ વર્ગનાં દુઃખ.

પાનાં. ૨૫૮–૨૭૦.

પ્રકરણ ૨૭ મું ગ્રેટબ્રીટનને તેનાં સંસ્થાનો.

વીક્ટોરીઆ રાણી; કેનેડાનો પ્રશ્ન; તાર ટપાલ તથા સ્ટીમર; પટ્ટાવાળીઆ; અનાજના કાયદા વિરૂદ્ધનું મંડળ; રાણીનું લગ્ન; સરકારની મુશ્કેલીઓ; હિંદની હકીકત; આવક–વેરો; ૧૮૪૫ નું વર્ષ નિષ્ફળ; પીલ નિરંકુશ વેપારની તરફેણમાં; પટ્ટાવાળીઆની પડતી; પંજાબનો સંયોગ; સંસ્થાનોમાં સોનું; પ્રદર્શન; લુઇ નેપોલીઅન; ક્રીમીઅન યુદ્ધ; હિંદી બળવો ૧૮૫૭; સત્તાવન પછીનાં યુદ્ધ; વધુ રાજકીય સુધારા; ઓર્સીનીના બોમ્બગોળા; અમેરીકામાં પ્રજા વિગ્રહ; કામદાર સંઘ માટે નિયમો; જનસુખાકારીનાં ઉપાયો; કેળવણી; આયરીશ વિઘ્નનીતિ; ૧૮૩૭ નું ઇંગ્લેંડ; ૧૮૮૭ નું ઇંગ્લેંડ; પાર્નેલની પડતી; કોન્ઝર્વેટીવ બહુમતી; રાણીની જ્યુબીલી; બોઅર વિગ્રહ; ચીનમાં છમકલું; રાણીનું મરણ.

પાનાં ૨૭૧–૨૯૦

પ્રકરણ ૨૮ મું લોકસત્તાની વૃદ્ધિ.

૭ મો એડવર્ડ ૧૯૦૧–૧૯૧૦; જાપાન સાથે કરાર; યુરોપનો મામલો; શાંતિકર્તા એડવર્ડ; લશ્કરી સુધારા; બંગાળાના ભા

ગભા; ૧૯૦૬ ની ચુંટણી; જનરલ બોથા; પાર્લમેન્ટના લોકોપયોગી કામ; બોય સ્કાઉટ; કામદાર વર્ગની સત્તા; હડતાલ; લેબર એક્ષચેંજ; ઉમરાવોની સત્તા વિષેનો ઝઘડો; મેમ્બરોનો પગાર; ૧૯૧૪ નો મહાન્ વિગ્રહ.

પાનાં. ૨૯૧–અંત.

વાંચનારે આ પુસ્તક વાંચવાનું શરૂ કરતાં પહેલાં નીચે દર્શા-
વેલી ભૂલ સુધારી લેવી.

સુધારા.

પાનું.	લીટી.	ખોટું.	ખરૂં.
૭	૧૦	હોસો	હોર્સા
૯	૪	ધોર	થોર
૧૩	૨૧–૨૨	દેશની સજામાંથી નીકાલ	દેશનીકાલની સજામાંથી પાછા
૧૪	૧	એ બીજું	એબીનું
૩૯	૧૯	ફ્રાન્સની માટે	ફ્રાન્સની ગાદી માટે
૫૩–૫૪	૨૫	ફાવે વેળાના...	ફાવે તેમ ભમાવતા,ને અજ્ઞાનપ્રજા અંધ શ્રદ્ધા થીતેમનું કહ્યું માનતી. તે વેળાના... ...
૫૫	૧૧	મધ્ય યુગ અને વર્ગ	અને
૫૬	૧૪–૧૫	પાંખડી આયર્લે-ન્ડના વોરીકમાં	પાખંડી...આયર્લેન્ડમાં વોરીકના ... ...
૬૧	૧૮	ભય ચિન્હ	ભયવાળી.
૬૨	૧૧	તો બીજી વખતે	તો બીજી વેળા બીજી; એક વખતે આ પુરૂષ તો બીજી વખતે...
૬૯	૨૨	હકદાર(અધર્મ)	બેહકદાર
૭૬	૬	૬૬	૧૬
૭૮	૭	થયો	થયાં.
	૨૪	પંડિતના	પંક્તિના

પાનું.	લીટી.	ખોટું.	ખરૂં.
૧૭૪	૨૦	ગ્લે	ઇગ્લેંડ
૧૯૫	૧૬	૨ રહી	દૂર રહી
૧૯૭	૨	૬૦	૧૦
૨૧૨	૨૬	કલાકની	કેટલાક કલાકની
૨૨૫	૧૭	જામતની	પ્રજામતની
૨૩૮	૨૩	ખર્ચનો	ખર્ચનો મોટો ભાગ બ્રીટનને
૨૬૪	૧૧	કરેઇન્ડર	કરેઇકર
૨૬૫	૨૦	Loon	Iron
૨૮૩	૧૬	કરવાનો કરવાનો	કરવાનો કાયદો

ઇંગ્લેન્ડનો ઇતિહાસ.

વિભાગ ૧ લો.

પ્રાચીન બ્રિટન તથા ઇંગ્લેન્ડ.

પ્રકરણ ૧ લું.

બ્રિટનમાં રોમનોનું રાજ્ય. (ઈ. સ. ૪૧૦ સુધી.)

અસલ બ્રિટનો.

ઘણાં ઘણાં વર્ષો પૂર્વે બ્રિટન દેશ ઘણોખરો જંગલમય હતો, ને તેમાં બ્રિટન નામના જંગલી લોકો અહીં તહીં રવડી પોતાનું પેટ ભરતા. પરદેશીઓને આ દેશની માહિતી આશરે ૨૨૦૦ વર્ષ પૂર્વે થઈ. કોઇ કોઇ વેળા અહીં પરદેશી વેપારીઓ આવી ચઢતા તથા બ્રિટનોને મીઠું, માટીનાં વાસણ અને કાપડ આપી બદલામાં કલઈ, સીસું તથા ચામડાં લેતા. અસલ બ્રિટનોની રહેણીકરણી વનચરો જેવી હતી. જેઓ દેશના મધ્ય ભાગમાં વસતા તેઓ ભરવાડના જેવું જીવન ગાળતા, અને પોતાનાં ઢોર ચરાવવાનું સ્થાન જ્યાં મળતું ત્યાં જતા. તેમને સ્થાયી જીવન પસંદ ન હતું. તેઓ ફળ તથા માંસનો આહાર કરતા તથા રહેવા માટે ગોળાકાર ઝુંપડાં બાંધતા. પ-

રંગુ દરિયા કાંઠે વસતા બ્રિટનો કાંઈક સુધરેલા હતા. તેઓ થોડાં ઘણાં ઉનનાં કપડાં બનાવી પહેરતા, સોનાનાં ઘરેણાં બનાવી જાણતા તથા સારાં ઘર બાંધી સ્થાયી જીવન ગાળતા. તેમનાં ઢોર જંગલો તથા પાદરોમાં ચરવા જતાં. તેઓ પોતાના ઉપયોગ માટે પુષ્કળ ઘોડા ઉછેરતા અને થોડી ઘણી ખેતી પણ કરતા.

આ સર્વ બ્રિટનો એકજ ભાષા બોલતા છતાં તેમનામાં નાની નાની પેટા જાતો અનેક હતી. દરેક જાતનો એકેકો મુખી રહેતો. ઘણીવાર તેઓ માંહોમાંહે લડતા. લડાઈમાં તેઓ તરવાર, ભાલા, નેતરની ઢાલ આદિ શસ્ત્રોનો ઉપયોગ કરતા. તેમના સરદારો રથમાં રહી લડતા.

ડ્રુઇડો:—બ્રિટનો ડ્રુઇડ ધર્મ પાળતા. ડ્રુઇડો તેમના ગોર, ન્યાયાધીશ તથા શિક્ષકરૂપે હતા. તેમની સત્તા એટલી બધી હતી કે જે કોઇ તેમના કહ્યા મુજબ ન વર્તે તેને તેઓ સખત સજા કરતા. તેઓ સૂર્ય, ચંદ્ર, ગ્રહો, નક્ષત્રો આદિને દેવરૂપ માનતા. કોઇ કોઇ પ્રસંગે તેઓ માણસ જાતનું બળિદાન આપતા.

રોમનોનું આગમન—ઇ. સ. પૂર્વે ૫૫ માં જુલીઅસ સીઝર નામના મહાન્ રોમન સરદારને મોટા મોટા દેશ જીત્યા પછી એવો વિચાર થયો કે બ્રિટનને પણ જીતી લેવું તથા રોમન મહા રાજ્યમાં સામેલ કરવું. તે સમયે રોમન પ્રજા મહા સમર્થ, સુધરેલી તથા પ્રતાપી ગણાતી. તેમને યુદ્ધ તથા દિગ્વિજયનો બહુ શોખ હતો, ને કોઇ નવી ભૂમિ જાણમાં આવતાં તેને જીતી લેવા તેઓ પ્રયાસ કરતા.

જુલીઅસ સીઝર ૮૦ વહાણ તથા ૧૦૦૦૦ આદમી સાથે બ્રિટનના કિનારા આગળ આવ્યો. તે વેળા તેણે બ્રિટનોને પોતાની ભૂમિનો બચાવ કરવા તત્પર થએલા જોયા. રોમનોને દારૂણ યુદ્ધ કરવું પડયું ને તેમાં જીત્યા પછીજ તેઓ દેશમાં દાખલ થઇ શકયા. પછી બન્ને પ્રજા વચ્ચે મિત્રાચારીના કરાર થયા. સીઝર વિદાય થયો.

બીજે વર્ષે તે ફરી મોટું લશ્કર લઇ આવ્યો પણ આ વેળા તેને દેશીઓ તરફથી કશી અડચણ નડી નહિ. પ્રથમ કરતાં આ વેળા તે બ્રિટનમાં આગળ વધ્યો તથા બ્રિટનોની અનેક જાતોને હરાવી. પછી તે રોમ ગયો. અત્યારે અસલના બ્રિટનો સંબંધી દુનિયાને થોડું ઘણું જ્ઞાન મળ્યું છે તે સીઝરના લખાણ ઉપરથીજ પ્રાપ્ત થયું છે.

બીજી રોમન સવારી. આ વાતને સોએક વર્ષ વીતી ગયાં બાદ એક રોમન સરદાર બ્રિટન પર ચઢી આવ્યો તથા ઘણો મુલક સર કર્યો એક વેળા રોમન મહારાજા જાતે અહીં આવ્યો છતાં બ્રિટનો છેક વશ થયા નહિ. બ્રિટનને જીતવું સ્હેલ નહતું. બ્રિટનોમાં ઘણા ભેદ હતા છતાં આ વેળા સામાન્ય શત્રુની સામે તેઓ એકત્ર થઇ લડવા લાગ્યા. ઘણાં વર્ષો સુધી લડયા પછી દક્ષિણ ભાગ રોમનોના હાથમાં આવ્યો, તથા ત્યાં વસતા બ્રિટનોને ધીમે ધીમે ઉત્તર તથા પશ્ચિમમાં જઇ વસવું પડયું. સાત સાત વર્ષ સખત યુદ્ધ કર્યા પછી બ્રિટિશ સરદાર કેરેકટેકસ પકડાયો, તેને રોમ લઈ જવામાં આવ્યો. આ સુંદર શહેર જોઇ તે બહુ આશ્ચર્ય પામ્યો, ને જ્યારે તેને મહારાજા આગળ લાવવામાં આવ્યો ત્યારે તેનાથી ન રહેવાયું એટલે બોલી ઉઠયો કે-"બ્રિટનમાંના મારા ગરીબના નાનાં ઝુપડાંની તમને કેમ અદેખાઇ આવી તે મને સમજાતું નથી." મહારાજા આ સરદારનાં વાણીવર્તનથી એટલો ખુશ થયો કે તેણે તેની સાંકળો છોડાવી નાંખી તથા રોમમાં બાળબચ્ચાં સાથે રહેવા એક મકાન આપ્યું.

ડ્રુઇડોનો અંતઃ—કેરેકટેકસ પકડાયા પછી રોમનોને અનુભવથી જણાયું કે, જ્યાં સુધી બ્રિટનોને સલાહ તથા હિંમત દેનારા ડ્રુઇડો હયાત છે ત્યાંસુધી જીતનું કામ સંપૂર્ણ કરવું અશક્ય છે, તેથી તેમણે ડ્રુઇડોનો નાશ કરવાનો નિર્ણય કર્યો. આની જાણ થતાં તમામ ડ્રુઇડો એંગલસીના ટાપુમાં ભેગા થયા. રોમન સરદાર લશ્કર લઈ તેમની પૂઠે પડયો. ત્યાં જુવાનીઆ લડવાને તૈયાર થઇ ઉભા હતા;

યુદ્ધાઓ પોતાના મંત્ર બોલે જતા હતા; સ્ત્રીઓ છૂટા કેશે હાથમાં સળગતી મશાલો લઇ આમતેમ દોડાદોડ કરતી હતી; ટાપુના અંદરના ભાગમાં હોળીઓ સળગી રહી હતી. આ સઘળું ચિત્ર જોઇ પહેલાં તો રોમનો અચકાયા, પણ પછીથી આ નિરાધાર લોકો ઉપર હુમલો કરવા તેમનામાં હિંમત આવી. તે દિવસે જે બનાવ બન્યો તેને લડાઇ કરતાં કતલ કહેવી વધારે ઉચિત છે. તમામ ડ્રુઇડો માર્યા ગયા ને તેમની સાથે બ્રિટનોની તમામ વિદ્યા, કાયદા, કવિતા, ઇતિહાસ, ધર્મ–સર્વ નષ્ટ થયું.

બોઆડીશીઆનું બંડ.

હવે રોમનો એમ માનવા લાગ્યા કે બ્રિટનના માલીક આપણે જ છીએ. એવામાં એક એવો પ્રસંગ આવ્યો કે જ્યારે તેઓ પોતાનું મેળવેલું સર્વસ્વ ગુમાવી બેસત. એક બ્રિટિશ સરદારે મરતી વેળા પોતાની મીલ્કતનો અર્ધો ભાગ રોમન મહારાજાને આપ્યો ને અર્ધો પોતાના વારસોને સોંપ્યો. રોમન હાકેમે આખી મીલ્કત લઇ લીધી, ને જ્યારે પેલા બ્રિટિશ સરદારની વિધવા–નામે બોઆડીશીઆએ વાંધો ઉઠાવ્યો ત્યારે તેણે આ બાઇને ફટકા મારવાનો હુકમ કર્યો. રોમનો ડ્રુઇડોની કતલમાં રોકાયા હતા તે તકનો લાભ લઇ બોઆડીશીઆએ પોતાના લોકોને તૈયાર કર્યા; બીજા બ્રિટનોને જાણ થતાં તેઓ પણ જોડાયા. બળવો પ્રસર્યો ને જોત જોતામાં આખો દક્ષિણ પ્રદેશ તેમાં સામેલ થયો. તેમણે રોમનોનાં ઘણાં શહેર જીતી લીધાં. લંડનને આગ લગાડી, તથા જ્યાં જ્યાં રોમનો હાથ લાગ્યા ત્યાં ત્યાં તેમને બીલકુલ દયા વિના મારી નાંખ્યા. ડ્રુઇડોની કતલ કરી પાછા આવતા રોમન સૈન્યની સામે બોઆડીશીઆ ૮૦ હજાર બ્રિટનોને લઇ ખડી થઇ. બન્ને સૈન્ય વચ્ચે જબરદસ્ત લડાઇ થઇ તેમાં બ્રિટનો હાર્યા. દુશ્મનના હાથમાં કેદ પકડાવું તેના કરતાં મરવું બહેતર ધારી બોઆડીશીઆએ ઝેર પીધું.

આમ ચાલીસેક વર્ષ રોમનો અને બ્રિટનો વચ્ચે ઝગડા

એગ્રીકોલા.

ચાલ્યા પછી જુલ અસ એગ્રીકોલા નામનો શાણો હાકેમ બ્રિટન આવ્યો. તેણે તમામ બંડખોરોને સખ્તાઇથી દાબી દીધા; પશ્ચિમના જંગલી બ્રિટનોને હરાવી તે ઉત્તરમાં ઠેઠ ગ્રેમ્પીઅન પર્વત સુધી આગળ વધ્યો તથા કેલેડોનીઅનોને હરાવ્યા.

બાદ તેણે રોમન હદ નક્કી કરી ફર્થ ઓફ ફોર્થથી કલાઇડના મુખ સુધીની લાઇન ઉપર મજબુત કિલ્લા બંધાવ્યા તથા ત્યાં રોમન સૈનિકોનો પહેરો રાખ્યો. આજ સુધી બ્રિટનના ભાગ પડયા નહતા. બ્રિટનો આખા દેશમાં ફરતા, એગ્રીકોલાના બાંધેલા હારબંધ કિલ્લાઓથી બ્રિટનના પહેલીવાર બે ભાગ પડયા. રોમનો ઉત્તર ભાગને કેલેડોનીઆ અને દક્ષિણને બ્રિટાનીયા કહેતા.

કેલેડોનીઆમાં પીકર અને સ્કોટ નામની જાતો વસતી હતી. સ્કોટ લોકોએ ધીમેધીમે પોતાની સત્તા જમાવી તથા દેશને પોતાનું નામ સ્કોટલેન્ડ આપ્યું.

એગ્રીકોલાએ ઘણા બ્રિટિશ સરદારો સાથે મૈત્રી બાંધી તથા તેમને રોમન શહેરોમાં વસવા, રોમનોના જેવા કપડાં પહેરવા, તથા લેટીન ભાષા શીખવા સમજાવ્યું. તેના અમલ દરમિઆન રોમન જહાજો આખા બ્રિટનની પ્રદક્ષિણા કરી આવ્યાં ને તેથી ખાત્રી થઇ કે બ્રિટન ટાપુ છે. આગલા હાકેમોના સખત કાયદા દૂર કરી તેણે પોતાનું દયાળુપણુ સિદ્ધ કરી દીધું. લોકોને તેના પર વિશ્વાસ બેઠો તથા તેના કહેવા મુજબ કરવા તેઓ તૈયાર હતા. આવું ઉપયોગી તથા અગત્યનું કાર્ય તે કરી રહ્યો હતો તે વેળા તેને રોમનું તેડું આવ્યું.

રોમનો આવ્યા તે પહેલાં માત્ર કેટલાક દક્ષિણના ભાગમાંજ અનાજ ઉત્પન્ન થતું. પણ રોમનોના સમાગમથી લોકો સુધરતા ગયા એટલે ખેતી સર્વત્ર ચાલુ થઇ. બ્રિટનના કુતરા; મોતી, કલાઇ, તાંબુ, લોઢું, સીસું વિગેરે વસ્તુ રોમ મોકલવામાં આવતી. રોમનોએ દેશના

વિભાગ પાડી તેને જુદાં જુદાં નામ આપ્યાં. વળી મોટાં શહેરો તથા બંદરો વચ્ચે આવજા સારૂ રોમનોએ પાકા રસ્તા બાંધ્યા. આમાંના કેટલાક રસ્તા તો એવા સારા હતા કે તે દોઢ બે હજાર વર્ષ સુધી ટક્યા. રોમનોએ જે જે બાંધકામ કર્યાં તે સર્વ પાકાં તથા ટકાઉ હતાં. તેમના કેટલાક મિનારા (ટાવર) તથા દરવાજા હજુ હયાત છે. આ સિવાય તેમની ભાષામાંના ઘણા શબ્દો દેશી ભાષામાં દાખલ થયા. ઘણી જગાનાં નામ પણ રોમનો બ્રિટનમાં આવ્યા હતા તે વાત સિદ્ધ કરે છે.

ખ્રિસ્તી ધર્મ— રોમન મહારાજ્યમાં ધીમે ધીમે ખ્રિસ્તી ધર્મ દાખલ થયો અને જુના ધર્મ ભુલાતા ગયા. બ્રિટનો ક્યારે ને કેમ ખ્રિસ્તી બન્યા તે હકીકત દુર્લભ છે, પણ એમ મનાય છે કે કેટલાક રોમન પંડિતો સાથે ઇસુ ખ્રિસ્ત વિષેનું જ્ઞાન બ્રિટનમાં દાખલ થયું. શરૂઆતમાં તો આ ધર્મની કોઈને પરવા નહતી, પણ તેના ઝપાટાબંધ પ્રસારથી ગભરાટ નીપજ્યો. તે જમાનામાં રાજ્ય ને ધર્મખાતું બન્નેમાં રોમન મહારાજા સર્વોપરિ ગણાતો; તેથી તે ઇસુ ખ્રિસ્તને બળવાખોર તથા રાજદ્રોહી લેખવા લાગ્યો. તેના રાજ્યમાં ખ્રિસ્તીઓ વિરૂદ્ધ ઠેરઠેર દમનનીતિ અખત્યાર કરવામાં આવી.

આ વેળા ઉત્તર યુરોપમાંથી જંગલી લોકોનાં સંખ્યાબંધ ટોળાં દક્ષિણ તથા પશ્ચિમના ફળદ્રુપ દેશો પર ચઢી આવ્યાં. રોમ પણ આ લોકોના પંજામાંથી બચ્યું નહિ કેમકે આ સમયના રોમનો મોજશોખ તથા એશઆરામમાં પડેલા હોઇ પોતાના પૂર્વજોની (માફક) દેશનો બચાવ કરવા સમર્થ ન હતા. ખુદ રોમમાં ધાડ આવી એટલે બ્રિટનમાં વસતા રોમનો આ દેશ છોડી ૪૧૦ માં રોમ ચાલ્યા ગયા.

પ્રકરણ ૨ જું.

એંગલો તથા સેકસનો (૪૧૦ થી ૮૩૯).

જર્મનોને આમંત્રણ.

રોમનો ગયાની ખબર પડતાં ઉત્તરવાળા પીકટ તથા સ્કોટ લોકો કોટ ઓળંગી દક્ષિણ પ્રદેશ પર હુમલા કરવા લાગ્યા. દક્ષિણના બ્રિટનો પોતાનો અસલ લડાયક જુસ્સો તથા યુદ્ધકળા ગુમાવી બેઠા હતા, તેથી આ દુશ્મનોને હઠાવવા જેટલું સામર્થ્ય તેમનામાં નહતું. તેમણે મદદ માટે રોમ કહાવ્યું પણ ત્યાંથી એવો જવાબ આવ્યો કે તમે તમારો બચાવ કરી લો, અહીંથી કોઇ આવે એમ નથી. એટલે તેમણે લાચારીથી જર્મન ચાંચીઆઓની મદદ માગી. આ લોકો રોમનોના સમયમાં બ્રિટનના પૂર્વ કિનારા પર ઘણી વાર હુમલા કરતા; હવે તેઓ વધુ પ્રમાણમાં આવવા લાગ્યા હતા. હેન્જીસ્ટ અને હોર્સો નામના બે જર્મન ભાઇઓએ બ્રિટનોનું આમંત્રણ સ્વીકારી પીકટ તથા સ્કોટ લોકોને હરાવ્યા, પરંતુ આથી બકરૂં કાઢતાં ઉંટ પેસવા જેવી વાત થઇ કેમકે જર્મનોને આ દેશ સુંદર લાગવાથી તેમણે અહીં વસવાટ કરવાનો નિશ્ચય કર્યો. એટલે બ્રિટનોને નવા દુશ્મન ઉભા થયા.

એંગ્લો-સેકસન લોકો.

કેટલાંક વર્ષો સુધી જર્મનીમાંથી નવા નવા સેકસન, જ્યુટ, અને એંગલ જાતિના કાફલા બ્રિટનમાં આવે ગયા. ધીમે ધીમે આ લોકોએ દેશ કબજે કર્યો અને અસલ બ્રિટનોને હાંકી કાઢી પશ્ચિમમાં (વેલ્સ તથા કોર્નવોલે) વિદાય કર્યા. બીચારા બ્રિટનોના બહુ બુરા હાલ થયા. રોમનો ગમે તેવા સારા રાજ્યકર્તા હશે પરંતુ તેમના રાજ્યની માઠામાં માઠી અસર એ થઈ કે દેશીઓ શસ્ત્રવિદ્યા ભુલતા ગયા. પરદેશીથી જીતાએલી પ્રજા આવી

રીતે નામર્દ બને છે ને તે એટલે સુધી કે પોતાનો બચાવ કરવા જેટલું સામર્થ્ય પણ તેનામાં રહેતું નથી. આ વાતનો એકેએક હિંદવાસીને પાકો અનુભવ છે. એંગલ લોકો ઘણુખરા પૂર્વ કિનારા પર વસ્યા, અને સેક્સનો દક્ષિણ તથા મધ્ય ભાગમાં વસ્યા. આ નવા આવનારામાં એંગલ જાત મુખ્ય હતી તેથી દેશનું નામ ઇંગ્લેંડ પડયું. આ નવી પ્રજા એકમેક સાથે મળી ગયા પછી 'એંગ્લો–સેક્સન' નામે ઓળખાવા લાગી.

આ નવા લોકો બહુ બહાદુર હતા, તેઓ કદી હાર્યા નહતા, ને દરિયા પર તેમજ જમીન પર કોઇનું સ્વામિત્વ કબુલ કરે એવા ન હતા. તેઓ કદે મોટા, ને રંગે ઉજળા હતા તથા તેમની આંખ ભુરી ને વાળ ચળકતા હતા. તેમનું જીવન જંગલી જેવું હતું. વારંવાર તેઓ તોફાનમસ્તી કરતા. પણ વખત જતાં તેમની પ્રકૃતિ સ્થાયી બનતી ગઇ અને ખ્રિસ્તી થયા પછી તો તેમને શાંતિ પ્રિય લાગવા માંડી. આ લોકોમાં ડાહ્યા વયોવૃદ્ધ પુરૂષોનું પંચ (વીટન) મળતું અને આ પંચને રાજા યા મુખી ચુંટવાનો હક હતો. વળી તેઓ રાજાને કારભારમાં સલાહ આપતા તથા મદદ પણ કરતા. આ વેળા પ્રજાના ત્રણ બહોળા વિભાગ હતા. ૧. ઉંચ કુળમાં જન્મેલા અમીર ઉમરાવો તથા મોટા જમીનદારો. આ લોકો રાજાને લશ્કરી મદદ આપતા. ૨. મધ્યમ વર્ગવાળા ખેતી કરતા તથા જમીન ગણોતે ખેડતા. યુદ્ધ પ્રસંગે આ વર્ગને પણ લડવા જવું પડતું. ૩. શુદ્ર વર્ગમાં ઘણા ગુલામો હતા. આ વર્ગમાં લડાઇમાં કેદ પકડાએલા દુશ્મનો તથા દેવા માટે વેચાએલા લોકો હતા. તેમને ધણીના ઘરમાં તથા ખેતરમાં સખત મજુરી કરવી પડતી ને તેમની કોઇ દરકાર લેતું નહિ; પરંતુ તેમને નાણાં આપી પોતાનું સ્વાતંત્ર્ય ખરીદવાની છુટ હતી.

ઈંગ્લીશ લોકો ખેતી કરતા તથા ઉપયોગી જાનવરો ઉછેરતા. તેઓ લુહાર, સુથાર, સોની, મોચી આદિના ધંધા કરી જાણતા હતા.

સામાન્ય લોકો જેવાં તેવાં ઝુંપડાં બાંધી રહેતા, પણ ઉચ્ચ વર્ગ સારાં મઝાનાં ઘરોમાં રહેતા. તેઓ રૂપાનાણું વાપરતા. તેમનો અસલ ધર્મ વિકરાળ હતો; તેમના મુખ્ય દેવનું નામ વોડન હતું ને તેઓ એમ માનતા કે આ દેવ યુદ્ધમાં વિજય અપાવનાર છે. થોર આકાશ તથા હવાના દેવ ગણાતા. આ સિવાય બીજા ઘણા દેવોની ઉપાસના થતી. આ લોકો પુનર્જન્મના સિદ્ધાન્તને માનતા. વળી રણક્ષેત્રમાં મરનારને સ્વર્ગ મળે છે એવી તેમની દૃઢ માન્યતા હતી. આ વેળા કેટલાક મઠ સ્થપાયા હતા ને ત્યાં કેળવણી તથા હુન્નરઉદ્યોગનાં કાર્ય થતાં. સાધુઓ દિવસના ત્રણ ભાગ પાડી એક ભાગમાં મજુરી કરતા, બીજામાં ધાર્મિક ઉપાસના અને ત્રીજામાં લખવાનું તથા શીખવવાનું કામ કરતા. આ સાધુઓમાં બીડ નામનો સાધુ પોતાના લખાણથી પ્રખ્યાત થયો છે.

સાત રાજ્યો એકત્ર બને છે.

આ લોકો જુદે જુદે સમયે તથા જુદા જુદા સરદારો હેઠળ આવેલા હોવાથી તેમનાં ઘણાં રાજ્યો થયાં. આ રાજ્યો વચ્ચે ઘણીવાર ટંટા થતા. નાનાં રાજ્યો ધીમે ધીમે મોટામાં સમાઇ ગયાં. ઇતિહાસમાં આમાંના સાત રાજ્ય જાણીતાં છે. સેકસન લોકો ક્રમે ક્રમે બળવાન બનતા ગયા ને તેમનામાં ઇગબર્ટ નામનો સમર્થ રાજા થયો તેણે સઘળાં રાજ્યો જીતી લીધાં તેના સમયમાં આખા ઇંગ્લેંડનું એક રાજ્ય બન્યું (૮૨૭) અને તેણે 'ઇંગ્લિશ લોકોનો રાજા' એવો ઇલ્કાબ ધારણ કર્યો. આ પ્રમાણે દેશમાં ઐક્ય થતાં લગભગ ૪૦૦ વર્ષ લાગ્યાં.

પ્રકરણુ ૩ જું.

ડેઈન લોકો (૮૩૯ થી ૧૦૬૬)

ડેઇનોના હુમલા.

આઠમી સદીના છેવટના ભાગમાં ડેન્માર્કના ક્રુર તથા જંગલી ડેઇન લોકો પોતાના હલકાં વહાણુ લઇ બ્રિટન પર હુમલા લાવવા લાગ્યા હતા. આ લોકો ચાંચીઆનો ધંધો કરતા તથા પોતાનું કામ એટલી ઝડપથી તથા નિર્દયતાથી કરતા કે કિનારા પર વસતા લોકોમાં એમનો ત્રાસ વ્યાપી ગયો. પ્રથમ તો તેમનો ઇરાદો લૂટ કરવાનોજ હતો પણ પછીથી તેઓએ વસવાટ શરૂ કર્યો અને મુલક માટે લડાઇઓ કરી. ઇગ્બર્ટ રાજાને ડેઇનો સાથે ઘણી વેળા લડવું પડેલું.

મહાન્ આલ્ફ્રેડ—(૮૭૧) પ્રાચીન ઈંગ્લેંડના ઇતિહાસમાં આલ્ફ્રેડનું રાજ્ય ઘણા મહત્ત્વનું છે. આલ્ફ્રેડ ઇગ્બર્ટનો પૌત્ર હતો. તે ગાદીએ આવ્યો ત્યારે તેના રાજ્યનો ઘણો ભાગ ડેઇનોના કબજામાં હતો. તેને શરૂઆતથીજ તેમની સામે કમ્મર કસવી પડી. એક વર્ષમાં તેણે તેમને આઠ વાર હરાવ્યા; પણ પછી તેમની જીત થઇ અને આલ્ફ્રેડને સંતાતા ફરવું પડયું. થોડોક સમય આમ અપાર કષ્ટ વેઠયા પછી તેણે ડેઇનોને સખત માર માર્યો. પછી સુલેહના કરાર થયા. તેમાં ડેઇનોએ ખ્રિસ્તી થવાની કબુલાત આપી અને આલ્ફ્રેડે તેમને વસવાટ માટે જમીન આપી.

આલ્ફ્રેડે પોતાની દુઃખી રૈયતને સુખશાંતિ આપવા અથાગ મહેનત લીધી. ડેઇનોએ નાશ કરેલાં શહેરો તેણે ફરીથી બંધાવ્યાં, તથા નિશાળ અને દેવળની પણ જોગવાઇ કરી. રાજા પોતે વિદ્વાન હતો એટલે ઠેક ઠેકાણેથી વિદ્વાનોને તેડાવી પોતાની રૈયતને તેમના જ્ઞાનનો લાભ આપતો. થોડાંક વર્ષ આમ શાંતિમાં ગયાં ત્યાં ફરી નવા

ડેઇન હુમલા આવવા લાગ્યા. ઘણી લડાઇઓ લડી આલ્ફ્રેડે દુશ્મનોને પાછા હઠાવ્યા. તે ૯૦૧ માં ગુજરી ગયો. તે શાણો તથા ભલો હતો. તે સમયના સૈનિકો, રાજનીતિજ્ઞો અને વિદ્વાનોમાં તે પ્રથમ સ્થાને ગણાય છે. તેણે પોતાના અમલ દરમિઆન એવાં એવાં શુભ કાર્યો કર્યાં હતાં કે આજે પણ અંગ્રેજો તેને માટે અભિમાન ધરાવે છે. તેણે સોએક વહાણ બાંધી અંગ્રેજ નૌકાનો પાયો નાંખ્યો.

ઘેલો ઇથિલરેડ.—આલ્ફ્રેડના મરણ પછીના થોડાં વર્ષ તો રાજ્ય ઠીક ચાલ્યું પરંતુ પાછળથી ટંટાફિસાદ ફરી શરૂ થયા. ગાદી માટે પુષ્કળ ઝઘડા થવા લાગ્યા. ડેઇનોનો ત્રાસ પણ ચાલુ જ હતો. આવી દુર્દશાના સમયે કમભાગ્યે ઇથલરેડ નામનો મૂર્ખ ને નબળો રાજા ગાદીએ આવ્યો, તેથી રૈયતના દુઃખનો પાર રહ્યો નહિ. દેશની એકતા તુટી ગઈ અને નાનાં નાનાં રાજ્યો ફરી ઉભાં થયાં. આ સ્થિતિના સમાચાર પહોંચતાં નોર્વે ને ડેન્માર્ક બાજુથી સંખ્યાબંધ ટોળાં હુમલા લઇ આવવા લાગ્યાં. તેઓ ધાડ પાડી જે મળે તે લુટી જતા, તથા પછી આગ લગાડતા; છતાં રાજા લડયો નહિ. તેણે પૈસાવડે તેમનું મન મનાવ્યું. આ પૈસા માટે તેણે ડેઇન–ગેલ્ડ (ડેઇનોને આપવાનું નાણું) નામનો કર નાંખ્યો. ડેઇનો આ લાંચ લઈ જતા રહેતા પણ લોભ લાગવાથી ફરી ટુંક વખતમાં પાછા આવતા.

પછી રાજાએ નોર્મન્ડીના બળવાન્ રાજ્ય જોડે મૈત્રી કરી, તથા તેની કુંવરી સાથે લગ્ન કર્યું, પરંતુ ડેઇનોને હઠાવવામાં તેને આ દિશામાંથી કાંઇ મદદ મળી નહિ. અંતે તેમના હમેશના ઉપદ્રવથી કંટાળી તેણે એક ભયંકર યુક્તિ શોધી કાઢી. આખા વેસેક્સમાંના પોતાના અધિકારીઓને તેણે છુપા હુકમ મોકલાવી દીધા કે અમુક દિવસે દેશમાં વસતા તમામ ડેઇનોને વીણી વીણી ઠાર કરવા. આ હુકમનો બરાબર અમલ કરવામાં આવ્યો. દૈવયોગે બન્યું એવું કે કતલમાં ડેન્માર્કના રાજાની બહેન પણ મારી ગઈ. આ વાત સાંભળી તે રાજા વેર વાળવા મોટી સેના લઇ ચઢી આવ્યો. ઇથલરેડ ગભ-

રાટમાં નોર્મન્ડી ન્હાસી ગયો એટલે ઈંગ્લેંડનું રાજ્ય ડેઇનોના હાથમાં આવ્યું, અને કેન્યુટ નામનો ડેઇન રાજા ઈંગ્લેંડની ગાદીએ બેઠો. ઇથલરેડ ૧૦૧૬ માં ગુજરી ગયો, તેનો છોકરો એડમન્ડ એવો બળવાન્ હતો કે લોકો તેને 'વજ્રપક્ષી' કહેતા. તે ગાદી માટે પુષ્કળ લડયો ને પર્યંતે કેન્યુટ એમ કબુલ થયો કે રાજ્યનો અર્ધો ભાગ એડમન્ડને આપવો; પણ આ રાજ્ય ભોગવવા તે જીવ્યો નહિ એટલે સર્વ રાજ્ય પાછું કેન્યુટનું થયું.

કેન્યુટ—આમ ગાદીએ બરાબર સુદૃઢ થયા પછી કેન્યુટ શાણો રાજા નીવડયો. તેને દરબારીઓની ખુશામત બીલકુલ પસંદ નહતી. તેણે આલ્ફ્રેડના ઉત્તમ ધારાના આધારે અમલ કરવા માડયો. તેના રાજ્યમાં ડેઇન અને ઈંગ્લિશ સુખે હળીમળી રહ્યા, ને તેથી દેશમાં સંપત્તિ વધી. લોકોએ જંગલો તથા પડતર જમીન સાફ કરી ખેતી કરવા માંડી અને પરદેશ સાથે વેપાર શરૂ કર્યો. કેન્યુટના રાજ્યમાં રંક અને રાય સર્વને ન્યાય મળતો. તે જુલમી કરવેરા વિરૂદ્ધ હતો. ૧૦૩૫ માં આ બુદ્ધિશાળી રાજાનું મરણ થયું. તેના ત્રણ છોકરાઓએ તેનાં ત્રણ રાજ્ય (ઈંગ્લેંડ, ડેન્માર્ક ને નોર્વે) વહેંચી લીધાં. ઈંગ્લેંડ હેરોલ્ડને ભાગે આવ્યું, પરંતુ તે પાંચ વર્ષમાં ગુજરી ગયો એટલે તેનો ભાઇ હાર્ડી કેન્યુટ ગાદીએ આવ્યો. આ રાજા નિષ્ઠુર તથા પાપી હતો. તેને અંગ્રેજ પ્રજાપર પ્રેમ નહતો, અને જ્યારે તેણે ડેઇનજેલ્ડ ઉઘરાવવા માંડયો ત્યારે દેશમાં બળવો જાગ્યો. તે ૧૦૪૨ માં મરણ પામ્યો.

એડવર્ડ ભગત—૧૦૪૨–૧૦૬૬.

હવે ડેઇન રાજ્યથી કંટાળેલા અંગ્રેજોએ ઇથલરેડના પુત્ર એડવર્ડને ગાદી આપી. તે બહુ ધર્મિષ્ઠ હતો તેથી તેને 'ભગત' એવું ઉપનામ મળેલું. તે નરમ અને બીકણ હતો, પણ તેનામાં રાજાના ગુણ નહતા. એનું જીવન સાધુના જેવું હતું.

આ સમયમાં સૌથી બળવાન્ ઉમરાવ ગોડવીન હતો. તે સારો વક્તા અને રાજ્યકળામાં કુશળ હતો. તેણે પોતાની પુત્રી એડીથને રાજા સાથે પરણાવી ને તેથી તેની સત્તા ઘણી વધી ગઇ. એના છોકરાઓમાં હેરોલ્ડ ને ટોસ્ટીગ પ્રખ્યાત છે.

આ જમાનામાં નોર્મનો અંગ્રેજો કરતાં વધારે સુધરેલા હતા તથા તેમના પાદરીઓ વધુ વિદ્વાન્ હતા. એડવર્ડ મોસાળમાં નોર્મન ઢબે ઉછરેલો હોવાથી તેણે રાજ્યમાંની સારી સારી જગા નોર્મનોને આપી. નોર્મનો વાસ્તવિક રીતે ડેઇન હતા કેમકે જેમ કેટલાક ડેઇનો ઇંગ્લેંડમાં આવેલા તેમ બીજા કેટલાક ફ્રાન્સની ઉત્તરમાં વસેલા. વખત જતાં તેઓ ફ્રેન્ચ રીતભાત, રહેણીકરણી, ભાષા આદિ શીખ્યા. આવા નોર્મનો સારી સારી પદવીઓ ઇંગ્લેંડના રાજ્યમાં તથા ધર્મખાતામાં ભોગવે તે અંગ્રેજોથી ખમાયું નહિ.

સરદાર ગોડવીન.—

ગોડવીનનો મોટો છોકરો વંઠેલ હતો તેથી તેને બહુ સહેવું પડયું. આ છોકરાને પાપે ગોડવીનના આખા કુટુમ્બને દેશપાર કરવામાં આવ્યું. તેની ગેરહાજરીમાં નોર્મન્ડીનો સરદાર વિલિઅમ ઇંગ્લેંડ આવ્યો ને એમ કહેવાય છે કે તે વેળા એડવર્ડે વિલિઅમને ઇંગ્લેંડની ગાદી અપાવવા વચન આપ્યું હતું.

ગોડવીનની ગેરહાજરીમાં કારભાર બગડતો ગયો એટલે રૈયતનું દબાણ થતાં તેને પાછો બોલાવી તેની જમીન જાગીર તેને સોંપવામાં આવી. ઘણા નોર્મનો બ્હીકના માર્યા પોતાને દેશ ન્હાસી ગયા. દેશની સજામાંથી નીકાલ આવ્યા પછી ગોડવીન ઝાઝું જીવ્યો નહિં; પણ તેનો બીજો પુત્ર હેરોલ્ડ તેની જગા સંભાળે એવો હતો. રાજા પોતાનો ઘણોખરો સમય શિકાર યા ભક્તિમાં ગાળતો, ને બધો રાજકારભાર હેરોલ્ડ ચલાવતો.

આ રાજાએ વેસ્ટમીન્સ્ટર એ બીજું પ્રખ્યાત દેવળ બંધાવવા માંડયું (૧૦૪૯) ને તે કામ ૧૦૬૫ માં પુરૂ થયું. આ દેવળ તેણે પોતાની કબર અર્થે બાંધેલું ને આમાંજ તેના શબને દાટવામાં આવેલું. ત્રીજા હેન્રીએ આ દેવળ ફરી બંધાવ્યું. આ મકાન રાજા, સૈનિકો, રાજનીતિજ્ઞો, કવિઓ આદિના કબરસ્થાન (તરીકે) આજે પવિત્ર મનાય છે. રાજ્યાભિષેકની ક્રિયા પણ આ દેવળમાં જ થાય છે.

રાજાને કાંઇ સંતાન નહતું એટલે લોકો હેરોલ્ડને ગાદીવારસ માનતા ને ગાદી માટે તે લાયક પણ હતો. નોર્મન્ડીનો વિલિઅમ હેરોલ્ડની હીલચાલ સાવચેતીથી જોયા કરતો હતો ને તેની ખાતરી હતી કે મારી ને ઈંગ્લેંડની ગાદી વચ્ચે નડતર રૂપ હેરોલ્ડ સિવાય બીજું કોઇ નથી. નસીબ-જોગે એક વેળા હેરોલ્ડનું વહાણુ ભાંગી જવાથી તેને વિલિઅમને શરણે જવું પડયું. આ વેળા વિલિઅમે તેની પાસેથી એવું વચન લીધું કે એડવર્ડના મુઆ પછી તમને ગાદી અપાવવામાં મારે મદદ કરવી. આ વચન બળાત્કારથી લેવાએલું હોવાથી હેરોલ્ડ તેને બંધન કર્તા માનતો નહતો. ૧૦૬૬ માં એડવર્ડ હેરોલ્ડને વારસ નીમી મરણ પામ્યો.

હેરોલ્ડ.

નોર્મન વિજય.–૧૦૬૬—વીટન સમાએ પણ હેરોલ્ડને પસંદ કરી ગાદી આપી. આ સમાચાર સાંભળતાં વિલિઅમ બહુ ગુસ્સે થયો તથા યુદ્ધની તૈયારી કરવા લાગ્યો. જમીન જાગીર આદિની લાલચ આપી તેણે બન્યા તેટલા સૈનિકો ભેગા કર્યા તથા તેમને પાર ઉતારવા જરૂરી વહાણો બાંધવાનું કામ પણ શરૂ કરી દીધું

આ બાજુ લોકોને ત્રાસદાયક દુઃખ દેવાના કારણે હેરોલ્ડના ભાઇ ટોસ્ટીગને દેશાનકાલ કરવામાં આવ્યો હતો, તે હેરોલ્ડનો કટ્ટો દુશ્મન થઇ બેઠો તથા નોર્વેના રાજાની મદદ લઇ ચઢી આવ્યો. હેરો-

ર્ડ પોતાનું લશ્કર લઇ તેની સામે ધસ્યો. પછી આ બે સૈન્યો વચ્ચે યુદ્ધ થયું તેમાં હેરાલ્ડ જીત્યો અને ટાસ્ટીગ તથા નોર્વેનો રાજા બન્ને માર્યા ગયા.

હેસ્ટિંગ્સનું યુદ્ધ.

આ લડાઇને ચોથે દિવસે વિલિઅમ સસેક્સને કીનારે ઉતર્યો. તુરતજ હેરોલ્ડ તે બાજુ સીધાવ્યો. પછી હેસ્ટિંગ્સ આગળ લડાઇ થઇ. શરૂઆતમાં નોર્મનોએ ધસારો કર્યો પણ ઇંગ્લિશ લોકો પર્વત સમાન સ્થિર રહ્યા; નોર્મનો પાછા હઠયા અને એવી બૂમ ઉડી કે વિલિઅમ મુઓ છે. ચાલાક વિલિઅમે બખતર કાઢી પોતાનું મોઢું ખુલ્લું કરી ઘાંટો પાડી સૈનિકોને કહ્યું–" ભાઇઓ, હું હજુ જીવતો છું ને ઇશ્વરની મદદથી હજુ જીતીશ." અંગ્રેજ લશ્કરમાં ભંગાણ પાડવામાં ન ફાવવાથી તેના લશ્કરે ન્હાસી જવાનો ડોળ કર્યો. અંગ્રેજોએ તેમની પુંઠ લીધી એટલે નોર્મનોએ ફરી જઇ તેમને કાપી નાંખ્યા. હેરોલ્ડ ચુનંદા સૈનિકો સાથે એક ટેકરી પર હતો. હવે અંગ્રેજો માટે આશાનો છાંટોએ નહતો, છતાં તેમણે સાચા ક્ષત્રિયોની માફક લડાઇ ચાલુ રાખી. એવી લોકવાયકા છે કે હેસ્ટિંગ્સના જેવું સખત યા લાંબુ યુદ્ધ બ્રિટિશ ભૂમિ પર કદી થયું નહતું. અંતે હેરોલ્ડને આંખમાં એક તીર લાગ્યું ને તે તમ્મર ખાઇ ભોંયપર ઢળી પડયો. છતાં તેના શરીરની આસપાસ લડવાનું ચાલુ હતું. એક પછી એક વીર પોતાના દેશની વિજયધજાનું તથા પોતાના રાજાનું રક્ષણ કરતાં કરતાં જાન અપવા લાગ્યા. રાત પડતાં સઘળા અંગ્રેજ યોદ્ધાઓ ખપી જવાથી લડાઇનો અંત આવ્યો. વિલિઅમે લડાઇના મેદાન પર બેસીને અસંખ્ય મુડદાં વચ્ચે ખાધું પીધું. હેરોલ્ડના મોતની સાથે સેક્સન રાજ્યની પડતી થઇ, અને પરરાજ્યનાં દારૂણ દુઃખ ફરી ઇંગ્લેંડના કર્મે ચોંટયાં.

વિભાગ ૨ જો.

નોર્મન જીતથી મોટા પટ્ટા સુધી.

પ્રકરણ ૪ થું.

નોર્મન વંશ. (૧૦૬૬ થી ૧૧૫૪.)

૧ લો વિલિઅમ ૧૦૬૬ થી ૧૦૮૭.

હેસ્ટંગ્સના યુદ્ધ પછી અંગ્રેજોને માલમ પડ્યું કે હવે વિજયી વિલિઅમ વિરૂદ્ધ ટકાવ કરવો અશક્ય છે એટલે તેમણે તેને ગાદી સોંપી, રાજ્યાભિષેક થયા બાદ તેણે લંડન નગરને એક પટ્ટો (લેખિત વચન) આપ્યો જે મુજબ લંડનના શહેરીઓ જે સ્વતંત્ર્ય એડવર્ડ ભગતના સમયમાં ભોગવતા તે સ્વાતંત્ર્ય કાયમ થયું.

કેન્યુટનો દાખલો લઇ વિલિઅમે પ્રથમ તો વિજયી તરીકે નહિ પણ અંગ્રેજ રાજા તરીકે રાજ્ય કરવાનો ડોળ કર્યો કાયદાઓમાં કશો ફેરફાર થયો નહિ અને નોર્મન સૈનિકોને સખત અંકુશમાં રાખવામાં આવ્યા. વિલિઅમે અંગ્રેજી ભાષા પણ શીખવા માંડી ને તે એવા હેતુથી કે પોતે નવી રૈયતની ફરીઆદ બરાબર સમજી શકે. લંડનને વશ કરવા તેણે એક મજબુત કિલ્લો બાંધવા માંડયો. આ કિલ્લો પાછળથી લંડન ટાવર નામે પ્રખ્યાતિ પામ્યો.

પછી વિલિઅમને નોર્મન્ડી જવાનું થયું, તેની ગેરહાજરીમાં અંગ્રેજો ઉપર જુલમ થવાને લીધે તેમણે બંડ ઉઠાવ્યું. આ સાંભળી તે એકાએક પાછો આવ્યો ને પછી ચાર વર્ષ સુધી તેણે કાળો કેર વર્તાવ્યો. ઇશાન ખૂણામાં વસતા અંગ્રેજોએ તાજા આવેલા ડેઇનો સાથે મળી જઈ ૩૦૦૦ નોર્મનોને ઠાર કર્યા હતા, તેથી ક્રોધાગ્નિથી બળતો વિલિઅમ તે તરફ ગયો. ડેઇનોને લાંચ આપી વિદાય કર્યા. ને પછી યોર્ક ને ડર્હામ વચ્ચેનાં એકે એક ગામ તથા શહેરને આગ લગાડી, અને ખેતરના પાક તથા ઢોરનો નાશ કર્યો. ઘણાખરા લોકો આમ માર્યા ગયા; લાખેક આદમી તો કેવળ ભુખમરાથી મરી ગયા હશે; જેઓ આ દુઃખમાંથી બચ્યા તેઓ ખોરાકની તંગીને લીધે ગુલામ તરીકે વેચાયા.

અંગ્રેજ જમીનદારોને જ્યારે તેમની જાગીરમાંથી હાંકી કાઢવામાં આવ્યા ત્યારે તેઓએ જંગલોમાં આશ્રય લીધો. ત્યાં રહ્યા રહ્યા તેઓ નોર્મનો પર વારંવાર ઓચિંતા છાપા મારતા. આમાં સૌથી પ્રખ્યાત હેરીવર્ડ નામનો વીર પુરૂષ હતો. તેણે પણ કળી જાય એવી કાદવવાળી જગ્યામાં એક લાકડાંનો કિલ્લો બાંધ્યો હતો. અહીં તેણે ઘણો વખત બચાવ કર્યો. અંતે કેટલાક સાધુઓએ વિલિઅમને હેરીવર્ડના કિલ્લામાં જવાનો ગુપ્ત માર્ગ બતાવી દીધો. વિલિઅમનો એક સરદાર કહેતો હતો કે જો ઈંગ્લેંડમાં હેરીવર્ડ જેવા ત્રણ બીજા પુરુષ હોત તો નોર્મનો કદી આવી શકત નહિ. પકડાયા પછી હેરીવર્ડ વિલિઅમનો મિત્ર બન્યો ને તેને જમીનજાગીર મળી.

હવે દુશ્મનોમાંથી મુક્ત થયાથી વિલિઅમે જમીનના ભાગ પાડવાનું કાર્ય હાથ લીધું. ન્યાયનો ડોળ કરવા ખાતર તેણે જાહેર કર્યું કે એડવર્ડ ભગત પછી હું હકદાર વારસ હતો, અને જે જે અંગ્રેજો મારી સામે લડયા તેઓ બળવાખોર બન્યા છે ને તેથી તેમણે પોતાની જાગીરો પરનો તમામ હક ગુમાવ્યો છે. આવી રીતે પ્રાપ્ત થએલી જમીનજાગીર તેણે પોતાના નોર્મન અનુયાયીઓને ઇનામરૂપે

આપવા માંડી. નોર્મન ઉમરાવો બહુ સત્તાવાન થઇ જાય એ હેતુથી તેણે તેમને જુદાજુદા ભાગમાં જમીન આપી. કોઇપણ એક ઉમરાવને એક વિશાળ જાગીર નહિ પણ એક એકથી દૂર એમ અનેક નાની નાની જાગીર મળી. આ યુક્તિ વિલિઅમનું દીર્ઘદર્શીપણું બતાવે છે.

ફ્યુડલ પદ્ધતિઃ—હવે તમામ લોકભૂમિનો માલીક રાજા ગણાયો. આ જમીન તેણે પોતાના મોટા મોટા ઉમરાવોને વહેંચી આપી. બદલામાં તેઓ અમુક નાણું દર વર્ષે આપવા તથા યુદ્ધપ્રસંગે લશ્કરી મદદ આપવા બંધાયા. દરેક જમીનદારને રાજા પાસે બીન-હથિઆર તથા ઉઘાડે માથે આવવું પડતું અને રાજાના હાથમાં હાથ મૂકી સોગંદ ખાવા પડતા કે હું મરતાં સુધી તમારો માણસ રહીશ. મોટા ઉમરાવો પોતાને આ પ્રમાણે મળેલી જાગીર નાના ઉમરાવોને ઉપલી શરતે વહેંચી આપતા. આ લોકો સામાન્ય પુરુષોને વહેંચી આપતા. આ પ્રમાણેની જમીનની વહેંચણી ફ્યુડલ પદ્ધતિ કહેવાય છે. આ પદ્ધતિ એક મોટા ઝાડ સમાન હતી. ઝાડનું થડ તે રાજા, મોટાં ડાળાંઓ તે મોટા ઉમરાવો, નાનાં ડાળાં તે નાના ઉમરાવો, ને પાંદડાં તે નીચી પંક્તિના પુરુષો. આવી રીતે દેશમાંનો દરેક આદમી પોતાના જમીનદારને માટે લડવા બંધાએલો હતો. પાછળથી રાજાને એમ લાગ્યું કે જેમને ઉમરાવો પાસેથી જમીન મળેલી તેઓ કદાચ રાજા કરતાં ઉમરાવોનું વધારે માને; તેથી તેણે સોલ્સબરીના મેદાનમાં નાના મોટા તમામ જમીનદારોની એક જંગી સભા મેળવીને ત્યાં દરેક જણ પાસે રાજાના માણસ બનવાની તથા તેની સેવા કરવાની પ્રતિજ્ઞા લેવડાવી. આ સભાનું એક શુભ પરિણામ એ આવ્યું કે તેનાથી આખું ઇંગ્લેંડ એક બન્યું. સો વર્ષમાં ડેઇન, ઇંગ્લિશ, નોર્મન સર્વે એકમેક સાથે મળી ગયા ને બધા ઇંગ્લિશ બન્યા. નોર્મનો મુલક જીત્યા ખરા, પણ લોકની ભાષા જીતી શક્યા નહિ. દેશનું નામ પણ તેનું તેજ રહ્યું. ભાષામાં ઘણા ફ્રેન્ચ શબ્દો દાખલ થયા છતાં ભાષાતો અંગ્રેજજ રહી.

વિલિઅમને શિકારનો ઘણો શોખ હતો. દેશમાં ઘણાં જંગલો હતાં છતાં તેણે પોતાને માટે ખાસ એક નવું જંગલ બનાવ્યું ને આને સારૂ ઘણાં ગામો ઉજ્જડ કર્યાં. તેના જંગલના કાયદા ઘણા સખત હતા. માણસ મારવું ને જાનવર મારવું એ બન્ને સમાન ગુનાહ ગણાતા.

જંગલના શિકાર કાયદા.

આ રાજાએ આખા દેશની ચોક્કસ માપણી કરાવી. તેણે પોતાના અધિકારીઓને ગામેગામ મોકલ્યા. તેઓ ઠેકાણે ઠેકાણે ફરી આ પાંચ સવાલના જવાબ નોંધી લેતા-૧. એડવર્ડ ભગતના સમયમાં આ જમીન કોને કબજે હતી? ૨. તે વેળા તેની કીંમત કેટલી હતી? ૩. આજે તેનો કોણ માલીક છે? ૪. આજે તેની શી કીંમત છે? ૫. તેની કીંમત વધારી શકાય કે નહિ? આ તમામ વિગત એક મોટાં દફ્તરમાં નોંધાતી ને તે દફ્તરનું નામ 'ડુમ્સડે બૂક' હતું. આ દફ્તરમાં લોકોના ત્રણ ચાર પ્રકાર પાડ્યા હતા; તેમના ધંધા નોંધ્યા હતા; જમીનના પ્રકાર દર્શાવ્યા હતા. એક તસુ પણ જમીન નોંધાયા વિનાની રહી નહતી ને એકેએક જાનવરની ગણત્રી થઇ હતી. આ દફ્તરપરથી કોને કેટલો કર ભરવો તે રાજા સહેલાઇથી નક્કી કરી શકતો.

ડુમ્સડે બૂક.

વિલિઅમનાં છેવટનાં વર્ષો દુઃખમય નીવડયાં; કેમકે તેના છોકરા તેની સાથે તથા માંહોમાંહે લડતા. એક વેળા તે મેન્ટીઝ શહેરની આગ જોવા ગયો હતો, ત્યારે તેનો ઘોડો પગ નીચે સળગતો અંગારો આવવાથી ભડક્યો ને રાજાને સજ્જડ વાગ્યું. પરિણામે દોઢ મહિના બાદ તેનું મોત થયું. (૧૦૮૭). વિલિઅમ એકંદરે ન્યાયી તથા શાણો રાજ્યકર્તા હતો. કોઇ કોઇ વેળા તે વિકરાળ તથા નિર્દય બનતો ને તેવે વખતે તેનાં કર્મ મહાભયંકર થતાં. તે દેહાંત રાજાની વિરૂદ્ધ હતો તેથી તેના ૨૧ વર્ષના રાજ્ય દરમિ-

રાજાનો અંત સમય.

આન માત્ર એક આદમીને જ તે સજા થએલી તે અંગ્રેજ નહતો છતાં તેણે ઇંગ્લેંડને એક બનાવવા ઘણી મહેનત કરી. પોતાની ૨૦ વર્ષની કારકીર્દિમાં તેણે ઇંગ્લેંડના ભવિષ્યના સામાજિક તથા રાજકીય જીવનનો પાયો નાંખ્યો, તથા રૂપરેખા ઘડી. એના આવવાથી દેશને એકંદર ઘણો ફાયદો થયો, કેમકે તેણે પોતાના બાહુબળ અને માનસિક બળવડે ઇંગ્લેંડને વ્યવસ્થિત, સલામત તથા મજબુત બનાવ્યું.

મરતી વેળા રાજાને ત્રણ પુત્રો હતા–રોબર્ટ, વિલિઅમ,ને હેન્રી. એડેલા નામની એક પુત્રી પણ હતી, તે સ્ટીવન નામના ઉમરાવસાથે પરણી હતી. રોબર્ટને નોર્મંડી મળ્યું, હેન્રીને નાણાંની મોટી રકમ મળી, અને વિલિઅમને ઇંગ્લેંડ મળ્યું.

૨ જો વિલિઅમ—(૧૦૮૭–૧૧૦૦)

આ રાજા ગાદીએ બેઠો, ને તુરતજ રોબર્ટનો પક્ષ લઇ ઉમરાવો ખડા થયા. રાજાએ સોલ્સબરી મેદાનપર જેણે જેણે વફાદારીના સોગંદ ખાધેલા તે સર્વેને મદદ માટે બોલાવ્યા; અને પોતે સારીરીતે રાજ્ય કરવાનું તથા જંગલના કાયદા રદ કરવાનું વચન આપ્યું. લોકોને એમ લાગ્યું કે રોબર્ટ જેવા નિર્બળ રાજાના રાજ્યમાં સંખ્યા બંધ ઉમરાવો ફાવે તેમ કારભાર ચલાવે તેના કરતાં વિલિઅમ જેવો એક જબરો રાજા હોય તે ઘણું સારૂં. આથી તેમણે વિલિઅમનો પક્ષ લીધો. ઉમરાવો હાર્યા અને તેમને રાજાને શરણે આવવું પડયું. અને બે ભાઇઓ વચ્ચે એવી કબુલાત થઇ કે જે પહેલો મરે તેનું રાજ્ય બીજાને મળે, બાદ રોબર્ટ ક્રૂઝેડ લડવા પેલેસ્ટાઇન ગયો ને વિલિઅમ મુઓ ત્યારે તે ત્યાંજ હતો. એટલે તેનો ગેરહાજરીનો લાભ લઇ સૌથી નાનો ભાઇ હેન્રી ઇંગ્લેંડની ગાદી પચાવી બેઠો. રોબર્ટના આવ્યા પછી બંને ભાઇઓને ગાદી માટે ઝઘડો થયો પણ અંતે વિલિઅમ જોડે થઇ હતી તેવી કબુલાતથી.

૧ લો હેન્રી ૦૦-૧ ૩૫.

સમાધાની થઈ. પાછળથી હેન્રીએ રોબર્ટને છળકપટથી પકડ્યો તથા જિંદગીભર સખત કેદખાનામાં રાખ્યો. છેલ્લા બે રાજાઓની માફક હેન્રીએ પણ નોર્મન રાજ્ય મજબુત બનાવ્યું. તેણે અંગ્રેજોની પ્રીતિ સંપાદન કરવા વિવિધ તજવીજ કરી. તેણે સેક્સન રાજકુંવરી મટિલ્ડા સાથે પોતાનું લગ્ન કર્યું તથા અસલના કાયદા મુજબ રાજ્ય કરવાનું વચન આપ્યું. છતાં લુચ્ચાઈમાં તે બાપથી ઉતરે એવો ન હતો.

હેન્રીના મરણ પછી ઈંગ્લેંડની ગાદી માટે ભારે યુદ્ધ મચ્યું. તેનો એકનો એક દીકરો તેની હયાતીમાંજ મરી ગયો હતો તેથી મરતી વેળા તેણે પોતાની કુંવરી મટિલ્ડાને ગાદી મળે એવી જોગવાઈ કરેલી પણ જે સ્ટીવનને તેણે પોતાના પુત્રની પેઠે પાળેલો તેણે ઉમરાવો જોડે ખટપટ કરી ગાદી પડાવી લીધી. (૧૧૩૫)

સ્ટીવન
૬૧૩૫-૧૧૫૪.

આથી દેશમાં બે પક્ષ પડી ગયા તથા ભારે પ્રજા વિગ્રહ જામ્યો. એક વેળા મટિલ્ડાનો પક્ષ જીતતો તો બીજી વેળા સ્ટીવનનો પક્ષ જીતતો અને ગાદી વારાફરતી બન્ને હરીફોના હાથમાં આવતી. આ વેળાના દુઃખ અંધાધુંધી, તથા ખુનામરકીને લીધે આખો દેશ પાયમાલ થઈ ગયો. ઉમરાવો પોતાના રક્ષણાર્થે મજબુત કિલ્લા બાંધી ગરીબ રૈયતને મરજી મુજબ લુંટતા તથા બીજી અનેક રીતે રંજાડતા. દેશમાં ઉપરા ઉપરી દુકાળો પડયા ને તેથી માણસો માખીની માફક મરી ગયાં. આ પ્રમાણે પ્રજા તોબાતોબા પોકારી રહી હતી તે વેળા મટિલ્ડાના પુત્ર હેન્રીએ મોટાં લશ્કર સાથે ચઢાઇ કરી. હવે ઉમરાવોની પણ ખાત્રી થઈ હતી કે આ આત્મઘાતક લડાઈ લંબાવવામાં કાંઈ માલ નથી. વળી ટુંક સમયમાં સ્ટીવનનું મોત થયું એટલે પ્રજાએ હેન્રીને રાજા તરિકે જયનાદથી વધાવી લીધો.

પ્રકરણ ૫ મું.

પ્લેન્ટેજીનેટ વંશ.

૨ જો હેન્રી. ૧૧૫૪-૧૧૮૯.

૧ લો રીચર્ડ. ૧૧૮૦-૧૧૯૯.

હેન્રી ઈંગ્લેંડ સિવાય ફ્રાન્સમાંના વિશાળ મુલકનો માલીક હતો. તે ભણેલો, કારભારમાં કુશળ, અને સ્વભાવે કાંઇક તીખો હતો.

હેન્રીનાં લક્ષણ. તેની રાણી તથા પુત્રો કુપાત્ર નીવડયાં તેથી તેના મનને તેમના તરફનો સદાએ બળાપોજ રહ્યો. લોકોને તે ઉત્તમ પ્રકારનો રાજ્યકર્તા નીવડયો. માજી રાજ્યમાં ઉમરાવોએ રજા વિના બાંધેલા તમામ કિલ્લા તેણે તોડાવી નાંખ્યા; અને સ્ટીવને પોતાના અનુયાયીઓને જે જાગીરો આપેલી તે તેણે છીનવી લીધી. તેના રાજ્યમાં શુદ્ધ ન્યાય મળવા લાગ્યો. રૈયતની સગવડ સારૂ તેણે ન્યાયાધીશોને જુદા જુદા પરગણામાં ફરીહરી ફરીઆદનો નિકાલ કરવા મોકલ્યા. ઇન્સાફની બાબતમાં પંચ (જ્યુરી) નો અભિપ્રાય લેવાનો રિવાજ આ રાજ્યમાં શરૂ થયો.

ઇન્સાફ અદલ કરવાની અતિશય આતુરતાને લીધે હેન્રીને માથે મહાદુઃખ આવી પડયું. થોમસ બેકેટ નામનો બાહોશ પુરૂષ તેનો

થોમસ બેકેટ. દીવાન હતો, તેણે રાજવહીવટમાં રાજાને અચ્છી સલાહ આપેલી તેથી તેના પર રાજાના ચારે હાથ હતા. હવે કેન્ટરબરીના ધર્માધ્યક્ષની જગા ખાલી પડી એટલે હેન્રીને એમ થયું કે પાદરીઓમાંનો સડો સુધારવામાં બેકેટ સહાયરૂપ થઇ પડશે. આવી માન્યતાથી તેણે તેને તે જગા

આપી; પણ બેકેટને નવી પદવી મળી એટલે તેનું દૃષ્ટિબિન્દુ બદલાઇ ગયું. તે એમ માનવા લાગ્યો કે દિવાન હતો ત્યારે હું રાજાનો સેવક હતો; પણ હવે ધર્માધ્યક્ષ તરીકે હું પોપનો સેવક બન્યો. તેથી તેણે ભભકાબંધ કપડાં તથા બીજા સંસારી ઠાઠ છોડી દીધા અને પાદરીઓનો પક્ષ લેવાનો નિશ્ચય કર્યો.

પાદરીઓમાં પેઠેલો સડો.

નોર્મનો આવ્યા ત્યારથી ધર્મ ખાતાંની સ્વતંત્ર કચેરીઓ કરવામાં આવી હતી. એટલે પાદરીઓના દીવાની તેમજ ફોજદારી ચુકાદા તેમના ખાતા તરફથીજ અપાતા આથી મોટા મોટા ગુનાહ માટે તેમને જુજ સજા થતી. આવું ઉત્તેજન મળવાથી પાદરીઓ દિનપર દિન દુરાચરણી બનતા ગયા. તેમનાપર અંકુશ ચલાવવાની કોઇની તાકાત નહતી. તેઓ રાજ્ય તરફની જાગીરો ભોગવતા છતાં રાજાને બદલે પોપને અધિરાજ માનતા. પરિસ્થિતિ એટલી બધી બગડી ગઈ કે હેન્રીને રાજ્ય કરતાં હજુ બે વર્ષ થયાં નહતાં એટલામાં તો પાદરીઓ તરફથી સોએક ખૂન થઇ ગયાં. હેન્રી આવી ઉન્મત્તાઈ સાંખી શક્યો નહિ, તેનો મત એવો હતો કે સામાન્ય ગુનાહ માટે પાદરીઓની તપાસ સરકારી કોર્ટમાં થવી જોઇએ; અને બીજા માણસોની માફક તેમને પણ ઘટતી સજા થાય. રાજાએ ધર્મગુરૂઓની એક સભા બોલાવી ને ત્યાં તેમને સવાલ પૂછ્યો કે તમે દેશના કાયદાને માનો છો કે નહિ? જવાબમાં તેમણે જણાવ્યું કે તમારા બધા કાયદા અમને કબુલ છે પણ એક શરતે કે તે અમારા આશ્રમ વિરૂદ્ધ ન હોવા જોઇએ. રાજા આ લુચ્ચા જવાબથી ભોળવાઈ જાય એવો નહતો. તેણે બીજી સભા બોલાવી તેમાં પાદરીઓ તથા ઉમરાવો બન્નેને નોતર્યા. સભામાં સૌને ઉદ્દેશી તેણે કહ્યું કે જુના રિવાજો મુજબ ધર્મ ખાતાના કેટલા હક છે તે તમે નક્કી કરો. તેમણે એવો ઠરાવ કર્યો કે કોઇ પણ પાદરીનો ઇન્સાફ કરવાનો સરકારને અધિકાર છે. બીજા પણ કેટલાક

રાજાના લાભના ઠરાવો થયા. આ ઠરાવો ઇતિહાસમાં ' કલેરેન્ડનના ધારા ' કહેવાય છે કેમકે એ સભા કલેરેન્ડન ગામમાં મળી હતી. આ ઠરાવોના લેખ ઉપર બેકેટ આદી સર્વે ધર્મગુરૂઓની સહી થઈ. પાછળથી પોપે આ લેખ નાકબુલ કર્યો એટલે બેકેટ પોતાના વચનથી ફરી ગયો અને બીજા પાદરીઓને તેમ કરવા ઉશ્કેરવા લાગ્યો.

બેકેટનું ખૂન.

આ હકીકત સાંભળી હેન્રી ક્રોધાંધ બન્યો ને તેણે બેકેટને સખત સજા કરી. તેની જાગીરો જપ્ત કરી. બેકેટ ગભરાઇને ફ્રાન્સ નાસી ગયો. થોડાં વર્ષ પછી આ તકરારનું સમાધાન થતાં તે પાછો ઈંગ્લંડ આવ્યો. અહીં આવી તેણે રાજ્યપક્ષમાં ભળેલા ધર્મગુરૂઓને ધર્મ બહાર કર્યા. તેથી આ ધર્મગુરૂઓ ફ્રાન્સમાં રાજા હતો ત્યાં પહોંચ્યા ને પોતાની દુઃખમય ફરીઆદ સંભળાવી. રાજા ગુસ્સાના આવેશમાં બોલી ઉઠયો કે, "આ હરામખોર પાદરીના ત્રાસમાંથી મને મુક્ત કરનાર કોઈ નહિ મળે ?" આ શબ્દો સાંભળી રાજાનું પ્રિય કરવા ચાર યોદ્ધાઓ ફ્રાન્સથી ઈંગ્લંડ જવા ઉપડયા તથા ત્યાં જઇ તેમણે બેકેટનું ખૂન કર્યું. આ ધોળે દહાડે થએલા ખૂનના સમાચારથી આખા ઈંગ્લંડમાં હોહાકાર થઇ રહ્યા. હેન્રીને આ વાતની ખબર થતાં બહુ પશ્ચાત્તાપ થયો ને તેણે આ અણધાર્યાં કર્મ માટે પોપ પાસે ક્ષમા માગી. પોપે તેને માફી બક્ષી તથા મરનાર બેકેટને સેંટ (પીર) પદ આપ્યું. બેકેટની કબર લોકોમાં પવિત્ર મનાવા લાગી.

આયર્લેન્ડ.

બેહદ રાજ્ય તૃષ્ણાને લીધે હેન્રીએ આયર્લેન્ડ તરફ પોતાની નજર દોડાવી. આ માટે તેણે પોપની રજા તો પહેલેથી જ મેળવી રાખી હતી. આયર્લેન્ડમાં આ વેળા બે મુખ્ય પક્ષ હતા. તેમાંના એક પક્ષે હેન્રી મદદ માગી; પણ પોતે ફ્રાન્સમાં રોકાએલો હોવાથી તેણે પોતાના એક સરદારને ત્યાં મોકલ્યો. સરદારે આયર્લેન્ડમાં ઘણો મુલક

જીતી લીધો. પછી હેન્રી જાતે ત્યાં ગયો તથા આયર્લૅન્ડનું સ્વામિત્વ સ્વીકાર્યું. આ સમયે આયર્લૅન્ડનો અર્ધો ભાગ જીતાયો; બાકીનો ભાગ ધીમે ધીમે ઇંગ્લૅંડના રાજ્ય સાથે એક થઇ ગયો. ઈ. સ. ૧૭૭૧.

આ પ્રમાણે રાજા મુલક જીતવાના કામમાં રોકાએલો હતો તે વેળા તેના કપુત છોકરાઓએ તથા દુશ્મ-

રાજકુંવરોનું બંડ. નોએ બંડ ઉઠાવ્યું. તેમને મદદ આપવા ફ્રાન્સનો રાજા તૈયાર જ હતો. સ્કોટલેન્ડનો રાજા પણ આ તક સાધી ચઢાઇ કરવા આતુર હતો. અંગ્રેજ ઉમરાવોને મન એમ હતું કે આવી અંધાધુંધીમાં આપણી સત્તાની વૃદ્ધિ થઇ શકશે. વળી બેકેટના ખૂનથી પ્રજામાં પણ હેન્રી અકારો થઈ પડયો હતો; પરંતુ આ સર્વ સંકટોમાંથી તરવા હેન્રી સમર્થ હતો. તેણે ફ્રાન્સ જઇ પોતાના બંડખોર પુત્રો પર જીત મેળવી ને પોતાની કુભારજા રાણીને કેદ કરી. લોકોની પ્રીતિ મેળવવા તેણે સખત પ્રાયશ્ચિત આદર્યું. તેણે બેકેટની કબરની પૂજા કરી તથા પાદરીઓ સમક્ષ પોતાની પીઠ પર કોરડાના ફટકા મરાવ્યા.

પોતાના કપુત પુત્રોનું દુઃખ હેન્રીને ઠેઠ સુધી સાલ્યું ને તે બળાપામાં ને બળાપામાં ૧૧૮૯ માં મરણ પામ્યો.

૧ લો રીચર્ડ-૧૧૮૯-૧૧૯૯.

હવે હેન્રીનો વડો પુત્ર રીચર્ડ ગાદીએ આવ્યો. બહાદુરી સિવાય તેનામાં બાપના ગુણ બીલકુલ ન હતા. તેના અનુપમ શૌર્યને લીધે તેને 'સિંહ-છાતીનો' એવું ઉપનામ મળ્યું છે. ગાદીએ બેઠા પછી ટુંક સમયમાં તે ક્રૂઝેડ લડવા ગયો, ને ત્યાંથી પાછા આવ્યા પછી ઝાઝું જીવ્યો નહિ. ૧૧૯૯ માં તેનું મોત નીપજતાં તેનો કનિષ્ટ ભાઇ જોન ગાદીએ ચઢી બેઠો.

પ્રકરણ ૬ ઠું.

મેગ્ના કાર્ટા.

જોન-૧૧૯૯-૧૨૧૬.

જોનનાં લક્ષણ. જોન એકજ એવો અંગ્રેજ રાજા છે કે જેને વિષે કશું સારૂં કહેવાય એમ નથી. એક રીતે તેનું રાજ્ય ઇંગ્લંડને ઘણું ઉપયોગી નીવડ્યું કેમકે તેનાં કર્મો એવાં દુષ્ટ હતાં કે આખી પ્રજા ન્યાય તથા પ્રજાહક માટે કકડીને તૈયાર થઇ. તે ક્રૂર, લોભી તથા વિશ્વાસઘાતી હતો. તેણે પોતાના બાપ તથા ભાઇને દગો દીધેલો, અને વચનભંગની તો તેને બીલકુલ નવાઇ ન હતી.

આર્થરનું ખૂન. ગાદી માટે જોન ખરેખરો હક્કદાર ન હતો કેમકે તેના વચેટ ભાઇનો પુત્ર આર્થર હજુ હયાત હતો, જોને ગાદીએ બેઠા પછી આ નિર્દોષ કુંવરનું ખૂન કરાવ્યું એમ કહેવાય છે. આ ખૂનની તપાસ માટે ફ્રાન્સના રાજા ફિલિપે જોનને ફ્રાન્સ બોલાવ્યો કેમકે તેની તે દેશમાંની અમીરાત માટે તે ફિલિપને તાબે ગણાય. જોને આ વાતની ના પાડી એટલે ફિલિપે તેની સઘળી જાગીર જપ્ત કરી. જોન લડવા ગયો પણ તેમાં તે ફાવ્યો નહિ, ને ઘણો મુલક ગુમાવી બેઠો; પણ આથી ઇંગ્લેંડને એક ફાયદો થયો; કેમકે અત્યાર સુધી રાજાઓ તથા ઉમરાવો પોતાનો ઘણો સમય ફ્રાન્સમાં ગાળતા અને હવે ત્યાંની જાગીર જવાને લીધે તેઓને ઇંગ્લેંડ વતનરૂપ થઈ પડ્યું અને અંગ્રેજ લોકો સાથે મૈત્રી બાંધવી પડી. ઇંગ્લેંડ પોતાનું વતન છે એમ ગણવાની તેમને જરૂર પડી.

ફ્રાન્સની લડાઇમાંથી પરવાર્યા પછી જોનને બીજી તકરારમાં ઉતરવું પડયું. કેન્ટરબરીના ધર્માધ્યક્ષની જગ્યા ખાલી પડવાથી રિવાજ મુજબ સાધુઓએ તે જગ્યા માટે એક આદમી પસંદ કર્યો. રાજાએ આ ચુંટણી રદ કરી પોતાનો માણસ નીમ્યો. આ વાત પોપને કાને જતાં તેણે બન્નેને બીનહક્કદાર ઠેરવી સ્ટીવન લેંગ્ટન નામના પ્રમાણિક ને ભલા પુરૂષને ધર્માધ્યક્ષ બનાવ્યો. જોને આ નીમણુક સ્વીકારવાની ના પાડી તેથી પોપે આખા ઇંગ્લેંડને ધર્મ બ્હાર મૂકયું. આ કડક સજાથી રૈયત હેરાન હેરાન થઇ ગઇ. પણ જોને તેની બીલકુલ પરવા કરી નહિ, અને પાદરીઓને વધુ પીડવા લાગ્યો. છેવટે પોપે તેને પાપી ઠેરવી પદભ્રષ્ટ કર્યો તથા ફ્રાન્સના ફિલિપને ઇંગ્લેંડ જીતી લેવા ફરમાન મોકલ્યું. આથી જોન ગભરાયો. આ કટોકટીના સમયે જો તેની રૈયત તેના પક્ષમાં હોત તો તે પોપ તથા ફિલિપની સામે ટકી શકત, પણ તેના દુષ્કર્મોને લીધે સૌ કોઇ તેને ધિક્કારતું. બાયલો જોન ભયભીત બની ગયો અને તેથી તેણે લેંગ્ટનનો સત્કાર કર્યો એટલું જ નહિ પણ પોપના એલચીને નમન કરી પોતાનો મુગટ તેને ચરણે ધર્યો. તેણે જોનને પોપના ખંડીઆ તરીકે આ મુગટ પાછો પહેરાવ્યો. આ કર્મથી આખા ઇંગ્લેંડને નીચું જોવાનું થયું તથા રોમ અને ઇંગ્લેંડ વચ્ચેના ભવિષ્યના લાંબા ઝપડાનું બીજ રોપાયું.

પોપ સાથે તકરાર.

પોપ સાથેના ઝઘડાનો અંત આવ્યો જાણી જોને પોતાની રૈયત પર બેહદ જુલમ ગુજારવા માંડ્યો. તેની દાઢમાં આવ્યો હોય એવો પુરુષ બીન અપરાધી હોય છતાં તેને દંડ, કેદ, તથા મોતની પણ સજા થતી. એક ધનિક યાહુદી પાસેથી તેનું ધન પડાવી લેવા રાજાએ તેને કેદ કર્યો તથા દરરોજ એકેકો દાંત ખેંચી કાઢવાની સજા ફરમાવી. પહેલાં તો તેણે આનાકાની કરી પરંતુ તેના સાત દાંત ખેંચી કાઢયા

જુલમ.

પછી દુઃખના માર્યા તેણે પોતાનો ખજાનો રાજાને સોંપી દીધો. વળી જોન બદચાલનો હોવાથી તેના રાજ્યમાં મોટા મોટા કુળની વહુ-બેટીની આબરૂ પણ સલામત ન હતી.

આવા આવા રાક્ષસી જુલમથી પ્રજા તોબા તોબા પોકારી રહી. વળી રાજાની સામે થવા જેટલું સામર્થ્ય પ્રજામાં આ સમે આવ્યું હતું. ત્રુટી માત્ર આગેવાનની હતી ને તે પણ દૂર થઇ; કેમકે કેન્ટરબરીના ધર્માધ્યક્ષ લેંગ્ટને તેમની સરદારી લીધી. તે ચતુર, વિદ્વાન, હિમ્મત-વાન, બુદ્ધિશાળી, તથા સાચો દેશભક્ત હતો. તેણે ઉમરાવો, પાદરીઓ, તથા કસ્બાઓના નેતાઓની એક સભા ભરી તથા તેમાં રાજાનાં દુષ્કર્મો તથા ૧ લા હેન્રીના પટ્ટા વિષે ચર્ચા કરી. પછી તેની સરદારી હેઠળ ઉમરાવોએ એવી પ્રતિજ્ઞા લીધી કે જોન પાસે પ્રજાહકનો પટ્ટો નવેસરથી કરાવી લેવો, અને તે ના પાડે તો તેની સામે હથિઆર ઉપાડવાં તથા પ્રાણ જતાં સુધી લડવું. પછી તેમણે પોતાની માગણી રાજા આગળ રજુ કરી ત્યારે તેણે ત્રણ મહિનાની મહેતલ માગી; પરંતુ તેની દાનત સાફ ન હોવાથી તેણે આ વખત લશ્કરી તૈયારી કરવામાં તથા પ્રજામાં ભેદ પડાવવામાં ગાળ્યો. આ જોઇ ઉમરાવોએ હથિઆર ઉપાડ્યાં. તેમને સમસ્ત પ્રજાની મદદની હુંફ હતી. જોનના પક્ષમાં કોઈ રહ્યું નહિ એટલે નિરાશ થઇ તેણે રનીમીડ આગળ ઉમરાવોને પોતાની મરજી વિરૂદ્ધ પ્રજાહકના પટ્ટા ઉપર સહી કરી આપી. ઇ. સ. ૧૨૧૫. આ લેખને 'મેગ્નાકાર્ટા' એટલે મોટો પટ્ટો કહે છે. ઉમરાવો પોતાના તથા પ્રજાના હકનું પાલન કરાવવા એટલા બધા આગ્રહી બનેલા કે તેમણે જોન પોતાનાં વચન પાળે છે કે કેમ તેની તપાસ રાખવા ૨૫ ઉમરાવોનું મંડળ નીમ્યું તથા તેમને રાજા વચન ભંગ કરે તો તેની માલમીલ્કત જપ્ત કરવાની સત્તા આપી.

જોનને તો વચન પાળવું જ ન હતું. તેણે કાંઈ કાંઈ બ્હાનાં કાઢયા કર્યાં, તથા બીજી બાજુથી લશ્કર ભેગું કરતો ગયો. આખરે

પ્રજા વિગ્રહ થયો, તેમાં રાજાની કેટલીક જીત થઈ અને તેણે ઉત્તર ભાગમાં કેર વર્તાવ્યો. અંતે તેના ખુલ્લે ખુલ્લા વચન ભંગથી કંટાળી ઉમરાવોએ તેને પદભ્રષ્ટ ઠેરવી ફ્રાન્સના રાજકુંવર લુઈને બોલાવ્યો; પરંતુ થોડા મહિનામાંજ યમદેવે જોનને ઝડપી લઇ ઇંગ્લેંડની ભૂમિને તેના જુલમ તથા મમતમાંથી મુક્તિ આપી. (૧૨૧૬)

મેગ્નાકાર્ટા. દુઃખમાં સુખ દટાએલું છે તે ન્યાયાનુસાર જોનના સમયમાં વેઠેલા અપાર દુઃખને પરિણામે અંગ્રેજ પ્રજાને હમેશના હક રૂપ આ પટો મળ્યો. એમાં ઘણી કલમોછે પણ તેમાંની બે મુખ્ય છે.

દેશનિકાલ કફા-નજર.

૧. કોઇપણ સ્વતંત્ર માણસને તેના બરોબરીઆના પંચની સંમતિ સિવાય હું કેદ, દંડ યા દેશનિકાલ કરીશ નહિ. આથી રાજાની ગમે તેટલી કફા-નજર હોય તોપણ કોઇપણ પુરુષને તે વિના કારણ સજા કરી શકે નહિ.

૨. દેશના મહાજનની સંમતિ સિવાય હું કોઈપણ પ્રકારનો કર લઇશ નહિ. આ કલમ ભવિષ્યમાં મહાસુખદાયી નીવડી, કેમકે નાણાં માટે મહાજનની મંજુરી લેવાની હોવાથી રાજા તેનાથી ડરતા રહેતા.

આ પટાની બધી કલમ એકદમ અમલમાં મુકાઇ એમ માનવાનું નથી; પણ આટલું તો ખરૂં કે તેમાં પ્રજાકીય સ્વાતંત્ર્યનાં તમામ તત્ત્વોનો સમાવેશ થાય છે. એક અંગ્રેજ કવિએ આ પટા વિષે એક કાવ્ય લખેલું છે તેનો ભાવાર્થ નીચે મુજબ છે:—

(લાવણી)

खडा रहेबे ओ पंथी, यह हैं बडा रनीमीद रम्य अरन्य,
जहां पूर्वे पूर्वजने अपूर्वहि किया पराक्रम सिपाही बन;
पकड कर्हो जुल्मी राजाका लिखालिया पट्टा पावन,
जिस पट्टेके जोरहि तर तूटे हुवे हैं सब बंधन. १

सीस नमा, आसीस दे, सुमरन कर हरदम आनंदित मन,
और होवे कमि दिये देवने तिंहें पुत्र, तो तूं ततछन
जा, तिस्कोह्यां बुलाहि ला, अरु खेत्र बताके बोल वचन,
बेटा बेहद है उपकारहि जो कर गयेहि वे महाजन. २

अमूल्य है ऐशानहि इस्का मिले न बदला चौद भुवन,
एक उपायहि है, तुम इस विध मिले दो पुत्र वचन
यह पूर्वजका अजबवारसा मझब मुझब करकहि जतन
सदा अखंडहि अह्मे रखींगे लडके लडकों के कारन. ३

जब लग घटमें मान, कोन-हि करे अम्हारा हक हरन
हक खातिर बहितरहि मरना: बंदिवानका जलो जीवन !
इंग्रेज कवि एकन्साइड करत यौं पूर्ण उच्छाह कवंन
जिस्का तर्जुमा तात्तिंबे नवलराम वदे रंकवदन. ४

વિભાગ ૩ જો.

પાર્લમેન્ટનો ઉદય.

પ્રકરણ ૭ મું.

ઉમરાવોનું યુદ્ધ.

૩ જો હેન્રી. ૧૨૧૬-૧૨૭૨.

પેમ્બ્રોકનો કારભાર. હવે બેવચની જોન એકાએક મરી જવાથી ઉમરાવને એમ લાગ્યું કે પરદેશી લુઈને જો ગાદી આપવામાં આવે તો તે ઇંગ્લેંડની અમીરાત પરદેશીઓને આપી દે; એટલે તેમણે જોનના કુંવર હેન્રીને ગાદીએ બેસાડવા યત્ન કર્યો.

પેમ્બ્રોક નામના ઉમરાવે બાળક હેન્રી (૯ વર્ષનો)નો રાજ્યાભિષેક કરાવ્યો. ધીમે ધીમે બધા ઉમરાવો નવા રાજાને વફાદાર થતા ગયા. લુઇ થોડું ઘણું લડ્યો પણ તેનું કાંઈ ફાવ્યું નહિ. પછી ઉમરાવોએ દ્રવ્યવડે તેનું મન મનાવી ફ્રાન્સ વિદાય કર્યો.

પેમ્બ્રોક હેન્રીનો બનેવી, તથા જાતે ડાહ્યો ને શુદ્ધ દાનતનો પુરુષ હતો, એટલે તે જીવ્યો ત્યાં સુધી તો ઠીક કારભાર ચાલ્યો, પરંતુ તે બે વર્ષમાં મરી ગયો; અને પછી ખુશામતીઆ તથા પરદેશીઓ રાજાના માનીતા થઈ પડ્યા તથા તે તેમની અક્કલે ચાલવા

લાગ્યો. તેમની સલાહથી તેણે મેગ્ના કાર્ટાનો પણ ભંગ કરવા પ્રયાસ કર્યો. હેન્રીનું લાંબુ રાજ્ય ઉમરાવોના યુદ્ધમાં ને યુદ્ધમાં પસાર થયું. ઘણો સમય તો ખરી સત્તા ઉમરાવોના હાથમાં હતી ને હેન્રી કેવળ કેદીરૂપ હતો. રાજા તથા ઉમરાવો વચ્ચે ઘણી લડાઇઓ થએલી ને તેમાં બન્ને પક્ષોની વારાફરતી જીત થતી.

સાઇમન ડી. મોન્ટફર્ટ (હેન્રીનો બનેવી) આ સમયે ઉમરાવોનો આગેવાન હતો. તે પરદેશી હતો છતાં ઇંગ્લેંડનો સાચો મિત્ર નીવડયો. તેને ઇંગ્લેંડમાં સુવ્યવસ્થીત રાજ્ય જોવાની ઘણી ઉમેદ હતી. તેણે રાજાને દુષ્ટ કાર્યો કરતાં અટકાવવાનો પ્રયાસ કર્યો પણ તેની સર્વ મહેનત ફોકટ ગઈ. દિન પર દિન અંધેર વધતું ગયું. નીચ પુરુષોની અક્કલે ચાલી હેન્રીએ બેત્રણ વાર મેગ્ના કાર્ટાનો ભંગ કર્યો, તેથી ઉમરાવોએ એક સંપ કર્યો તથા ૧૨૫૮ ની ઓક્સફર્ડમાં મળેલી પાર્લમેન્ટમાં તેઓ હથિઆર સજી ગયા. અને આગ્રહપૂર્વક ઠરાવ કર્યો કે—

૧. રાજ્યસુધારણા માટે રાજાના બાર આદમી તથા ઉમરાવોના બાર એમ કરી ચોવીસનું મંડળ નીમવું.

૨. દરેક વર્ષમાં પાર્લામેન્ટની ત્રણ બેઠક થવીજ જોઇએ.

૩. પરદેશીઓને અપાએલા કિલ્લા અંગ્રેજોને પાછા સોંપવા.

૪. રાજાને સલાહ આપવા સ્થાયી ‘પ્રીવી કાઉન્સીલ’ રાખવી ને

૫. પાર્લામેન્ટના નીમેલા પ્રધાનો વર્ષ આખરે આ પ્રીવી કાઉન્સીલ આગળ પોતાનો હિસાબ રજુ કરે.

રાજપક્ષવાળા આ ‘ઓક્સફર્ડના ધારા’ થી ઘણા ગુસ્સે થયા તથા તેમણે આ પાર્લામેન્ટને ‘ઘેલી’ એવું ઉપનામ આપ્યું. છતાં રાજાને માન આપવું પડયું. પરદેશીઓ ઇંગ્લેંડ છોડી નાસવા લાગ્યા તથા તેમની જગાઓ અંગ્રેજોને મળી. હવે ખરી સત્તા ઉમરાવોના હાથમાં આવી, પણ તેમના પક્ષમાં તડ પડી ગયાં. રાજાએ ‘ઓક્સફર્ડના

ધારા ' પાળવા જે વચન આપેલું તેનો અનાદર કરવા પોપની પરવાનગી મેળવી પછી પોતાની મરજી મુજબ વર્તવા લાગ્યો, આથી દેશમાં મુલકી વિગ્રહ જાગ્યો; એક બાજુ રાજા ને બીજી બાજુ સાઇમન. ૧૨૬૪માં હેન્રી હાર્યો તથા પોતાના પાટવી કુંવર એડવર્ડ સહિત પકડાયો.

પછી ૧૨૬૫માં સાઇમને રાજાના નામથી પાર્લમેન્ટ બોલાવી. આ પાર્લમેન્ટ ઇતિહાસમાં અગત્યની લેખાય છે, કેમકે તેમાં ઉમરાવો ઉપરાંત સામાન્ય રૈયતના પ્રતિનિધિ પણ બોલાવવામાં આવ્યા હતા. દરેક પરગણા અને કસ્બા તરફથી બબ્બે આદમી પસંદ થઇને આવ્યા હતા. આવી રીતે દેશના કારભારમાં સામાન્ય પક્ષ પહેલી વાર આવ્યો તથા આમની સભાનો પાયો રોપાયો.

પરંતુ સાઇમનના પક્ષમાં પાછી ફુટ પડી, અને આ લાગ સાધી રાજકુંવર એડવર્ડે કેદમાંથી છટકી સૈન્ય તૈયાર કર્યું તથા સાઇમનના પક્ષને ઇવશામના સંગ્રામમાં હરાવ્યો. આ વેળા સાઇમનનું મોત થયું અને તેની સાથે ઉમરાવપક્ષ છેક તુટી ગયો. હવે પછીનો આ રાજ્યનો સમય શાંતિમાં ગયો. ૧૨૭૩ માં હેન્રીનું મોત થયું તે વે એડવર્ડ પેલેસ્ટાઇનમાં હતો.

પ્રકરણ ૮ મું.

વેલ્સ અને સ્કોટલેન્ડ સાથે લડાઇ.

૧ લો એડવર્ડ ૧૨૭૨–૧૩૦૭

૨ જો એડવર્ડ ૧૩૦૭–૧૩૨૭

એડવર્ડને પેલેસ્ટાઇનથી આવતાં બે વર્ષ વીતી ગયાં. દરમિયાન

એના નામથી સારો કારભાર ચાલ્યો હતો. ૧૨૭૪ માં એનો રાજ્યાભિષેક થયે એડવર્ડ ઇંગ્લેંડના ઉત્તમ રાજાઓની પંક્તિમાં મુકાય છે. તે ઘણો બહાદુર, ન્યાયી, દીર્ઘદર્શી, મીઠા બોલો તથા નિશ્ચયી હતો. તેણે ઘણા લોકોપયોગી સુધારા કર્યા. રાજ્યલોભ તેનો મુખ્ય દોષ હતો

વેલ્સ જીત્યું—પોતાના રાજ્યમાં બંદોબસ્ત કરવામાં થોડાં વર્ષ ગાળ્યા પછી એડવર્ડને એમ થયું કે ફ્રાન્સ સાથે નિરર્થક યુદ્ધ ચલાવ્યા કરતાં પાડોશના વેલ્સ અને સ્કોટલેન્ડ જીતાય તો ઇંગ્લેંડનું રાજ્ય યુરોપમાં બળવાન લેખાય. આ વેળા વેલ્સમાં અસલ બ્રિટનો (જેમને એંગ્લો-સેકસનોએ હાંકી કાઢેલા તે લોકો) વસતા હતા. લુવેલીન નામનો તેમનો રાજા હતો. તેણે માજી રાજ્યમાં સાઇમનને મદદ કરેલી તે બ્હાનું કાઢી એડવર્ડે તેના પર ચઢાઇ કરી. રણમાં લુવેલીન મરાયો તેનો ભાઇ ડેવીડ અંગ્રેજોના પંજામાં પકડાયો તેને એડવર્ડે રીબાવી રીબાવીને મારી નાંખ્યો. આવી રીતે ચોમેર એડવર્ડના નામનો કેર વર્ત્યો. ઇ. સ. ૧૨૮૪ વેલ્સ ઇંગ્લેંડને જોડી દેવામાં આવ્યું. વેલ્સની ભૂમિમાં એડવર્ડની રાણીને કુંવર જન્મ્યો હતો તેને બતાવી એડવર્ડે ત્યાંના લોકોને કહ્યું કે તમારો પ્રિન્સ ગુજરી ગયો છે તેના બદલામાં હું તમને બીજો પ્રિન્સ આપું છું. તે દિવસથી ઇંગ્લેંડના પાટવી કુંવરને 'પ્રિન્સ ઓફ વેલ્સ' કહેવાનો રિવાજ પડયો.

સ્કોટલેન્ડ પર ચઢાઇ—૧૨૮૬માં સ્કોટલેન્ડનો રાજા ગાદીવારસ તરીકે એક પૌત્રી મૂકી ગુજરી ગયો. ટંટા વિના પોતાને આ દેશ મળે એવા ઇરાદાથી એડવર્ડે પોતાના કુંવરનો વિવાહ આ કુંવરી સાથે કરી દીધો, પણ દૈવયોગે કુંવરી ગુજરી ગઇ. હવે સ્કોટલેન્ડની ગાદી માટે ત્રણ ઉમેદવાર નીકળ્યા. તેમની તકરારમાં એડવર્ડે માથું માર્યું તથા ઈંગ્લેંડનું સ્વામિત્વ કબુલાવી બેલીઅલ નામના ઉમેદવારને હકદાર વારસ ઠેરવ્યો. એક રીતે એડવર્ડ સ્કોટલેન્ડનો અધિરાજ હતો.

અધિરાજ્યપણું તેના પૂર્વજોએ ભોગવેલું નહિ એટલે તે દેશ સ્વતંત્ર જ લેખાતો. એડવર્ડે તમામ કિલ્લા કબજે કર્યા અને બેલીઅલના નામની આણ ફેરવી. ઇંગ્લેંડને તાબેદાર થવા માટે સ્કોટ લોકો બેલીઅલને ધિક્કારતા. આ સદાનો ધિક્કાર સહન ન થવાથી તેણે એડવર્ડ સામે ખુલ્લો બળવો ઉઠાવ્યો. એડવર્ડને તો લડાઇનું કારણ જોઇતુંજ હતું. એટલે તે એકાએક સ્કોટલેન્ડ ગયો તથા ડન્બારની લડાઇમાં સ્કોટ લોકોને હરાવ્યા અને બેલીઅલને કેદ કર્યો. પછી એક હકિમને બંદોબસ્ત માટે નીમી એડવર્ડ ઇંગ્લેંડ આવ્યો.

વિલિઅમ વોલેસ–દુનિયાના જે જે ઉત્તમ પંક્તિના દેશભક્તો થઇ ગયા તેમાં આ વીર પુરૂષની ગણના થાય છે. આ સમયે જ્યારે એડવર્ડના બળની બીકથી સ્કોચ ઉમરાવો બાયલા બની માંહોમાંહેના કુસંપને લીધે, સ્કોટલેન્ડને પરાધિનતાની બેડીથી જકડી રહ્યા હતા ત્યારે આ પુરુષે સ્વાતંત્ર્યનો ઝુંડો ઉઠાવ્યો. તેની દેશદાઝ અપાર હતી ને તેથી તેણે એકલા છતાં ઇંગ્લેંડ સાથે સજડ બાથ ભીડી. એમ કહેવાય છે કે એક વેળા એક અંગ્રેજ અધિકારીએ તેની સ્ત્રીનું ખૂન કર્યું. ત્યારથી તેણે પ્રતિજ્ઞા લીધી કે હવે આ ભૂમિમાં હું નહિ કે અંગ્રેજ નહિ. ટુંક સમયમાં તેની સ્હાયે હજારો આદમી આવી મળ્યા, ને તેમણે અંગ્રેજોને વીણી વીણી મારવા માંડયા, તથા કિલ્લા સર કર્યા. પાછળથી ઉમરાવો પણ તેના સાથમાં જોડાયા, ને સ્ટર્લીંગ આગળ એક મોટી લડાઇ થઇ તેમાં અંગ્રેજોને સખત માર મારી દેશ બ્હાર હાંકી કાઢયા. આ પ્રમાણે એકજ પુરૂષના સુદૃઢ નિશ્ચય વડે સ્કોટલેન્ડ દેશ સ્વતંત્રતાને રસ્તે ચઢી શકયો.

અંગ્રેજોની હાર વિષેના અશુભ સમાચાર સાંભળી એડવડ તાબડતોબ મોટું લશ્કર લઇ ચઢી આવ્યો અને તેનું બળ નિહાળી સ્કોચ ઉમરાવો કાયર બની ન્હાસવા લાગ્યા. ફોકર્કની લડાઇમાં સ્કોટલેન્ડની હાર થઇ (૧૨૯૮) પરંતુ રૈયત બહુ મક્કમ રહી; તેમણે

શિવાજીના જેવી યુદ્ધનીતિ અખત્યાર કરી; દુશ્મનનું બળ હોય ત્યારે નમી જાય અને તે જાય એટલે ફરી માથું ઉચું કરે આમ ઘણાં વર્ષો સુધી ચાલ્યું. એડવર્ડે વોલેસને પકડવાની બહુ બહુ તજવીજ કરી, પણ લોકોનો તેના પર એવો અગાધ પ્રેમ હતો કે પ્રાણ જતાં પણ તેઓ વોલેસનું રહેઠાણ બતાવે નહિ. અંતે એડવર્ડના ભારે ઈનામથી લલચાઈ એક બદમાસે તેને પકડાવી દીધો. આ હાલતમાં પણ વોલેસ દુશ્મનને નમે એવો ન હતો, કેમકે તેને મરણનો ડર ન હતો. લંડન લઈ જઈ એડવર્ડે તેને રીબાવી રીબાવીને મારી નાખ્યો. એડવર્ડ એમ માનતો હતો. કે વોલેસના મરણથી પોતે સ્કોટલેન્ડનું રાજ્ય નિષ્કંટપણે ભોગવશે; પરંતુ અંધ સ્વાર્થને લીધે તેને એમ ભાન ન રહ્યું કે વીરપુરુષના લોહીના એક એક બુંદમાંથી અનેક વીરો ઉત્પન્ન થાય છે. મરતાં પહેલાં વોલેસે પોતાનો ઝભ્ભો રૌબર્ટ બ્રુસ નામના લાયક પુરુષને ઓઢાડયો હતો. આ બ્રુસ અત્યારે સ્કોટલેન્ડની ગાદીનો સાચો હકદાર હતો, અને ઉમરાવોએ તેનો હક કબુલ કર્યો. આ ખટપટની ખબર પહોંચતાં એડવર્ડે મોટું લશ્કર મોકલ્યું, તેણે સ્કોટ લોકો પર સંપૂર્ણ વિજય મેળવ્યો. બ્રુસને ન્હાસવું પડયું. તમામ મુલક પાછો અંગ્રેજોને હાથ આવ્યો. કોધાંધ એડવર્ડે ભયંકર વેર લીધું. ઘણા ઉમરાવોને ફાંસી દીધી. એક ઉમરાવજાદીને પાંજરામાં પુરી એક કિલ્લાના કોટ પર મુકવામાં આવી. એડવર્ડ છેક નિર્બળ થઈ ગએલો હતો છતાં બ્રુસની જડ ઉખેડવા તે આગળ વધ્યો ગયો, પરંતુ રસ્તામાંજ તેનું મોત થયું. (૧૩૦૭) મરતાં મરતાં તે પોતાના પુત્ર એડવર્ડને એવી આજ્ઞા આપતો ગયો કે સ્કોટલેન્ડમાં માંડ્ આરંભેલું કાર્ય સંપૂર્ણપણે પાર પાડજે.

પરદેશમાં આ રાજાએ પુષ્કળ કેર વર્તાવ્યો છતાં પોતાની રૈયતને અદલ ન્યાય આપવામાં તે ઘણો ખંત રાખતો. તેના સમયમાં અધિકારીઓને બહુ સાવધ રહેવું પડતું; કેમકે એડવર્ડની સજા ઘણી સખત થતી. એક વેળા

રાજાનો અંત

તેણે બે સિવાયના તમામ ન્યાયાધીશોને લાંચ લેવા માટે બરતરફ કર્યા હતા. આ રાજ્યમાં ઘણા સુધારા થયા પણ તેમાં યાહુદીઓને દેશપાર કરવાનો એક કલંકરૂપ કાયદો પણ થયો હતો. આ કાયદાનો અમલ લગભગ ૩૫૦ વર્ષ રહ્યો.

૨ જો એડવર્ડ. ૧૩૦૭–૧૩૨૭.

આ રાજાની બાબતમાં દીવા પાછળ અંધારૂં એ કહેવત સત્ય ઠરે છે. તે બાયલો, કાયર, અને આળસુ હોઈ નીચ પુરુષોની સોબતમાં સમય ગાળતો. તેના પ્રતાપી પિતાએ મરતી વેળા તેને ત્રણ આજ્ઞા કરેલી કે–૧. સ્કોટલેન્ડમાં સંપૂર્ણ જય મેળવજે. ૨. પેલેસ્ટાઇનની પવિત્ર ભૂમિની ખબર રાખતો રહેજે તથા તેને માટે બનતું કરજે; અને ૩. જે બદમાશ પીઅર્સ ગેવેસ્ટનને મેં દેશનિકાલ કર્યો છે તેને ફરી બોલાવીશ નહિ. એડવર્ડે આ ત્રણે આજ્ઞાનું ઉલંઘન કર્યું. બાપના મુઆ કેડે તે સ્કોટલેન્ડ છોડી ચાલી આવ્યો એટલે બ્રુસને પોતાની સત્તા ફરી જમાવવાની સુંદર તક મળી. વળી બાપના મુઆને હજુ મહિનો થયો ન હતો એટલામાં તો તેણે પોતાના માનીતા ગેવેસ્ટનને પાછો બોલાવ્યો તથા તેને દિવાન બનાવ્યો. આ મોજીલો, ઉન્મત્ત, તથા લોભી પુરુષ રાજાને સદા મોજશોખમાં મશગુલ રાખતો તથા ઉમરાવોનું અપમાન કરતો. પાર્લમેન્ટે તેને બે વાર દેશનિકાલ કર્યો ને બન્ને વાર એડવર્ડે તેને માફી આપી પાછો બોલાવી લીધો. પછી તો પાર્લમેન્ટે રાજાની તમામ સત્તા છીનવી લીધી અને ઉમરાવો તથા પાદરીઓમાંથી એક સમિતિ નીમી તેને સઘળો અધિકાર સોંપ્યો. ગેવેસ્ટનને ત્રીજી વાર દેશપાર કરવામાં આવ્યો, છતાં તે પાછો આવ્યો તેથી તેને કેદ પકડી ઉમરાવોએ તેનો શિરચ્છેદ કરાવ્યો.

એડવર્ડનાં લક્ષણ.

હવે સ્કોટલેન્ડમાં શી ગત થઇ તે જોઇએ. બ્રુસે અનેક શહેર પોતાને કબજે કર્યાં. ૧૩૧૪ માં તે સ્ટર્લીંગ અને બેરીક સિવાયના

બ્રુસના પરાક્રમ. તમામ મુલકનો ધણી થયો, ત્યારે સુરત એડવર્ડની આંખ ઉઘડી. મોટું સૈન્ય તૈયાર કરી તે બેનોકબર્ન આગળ દુશ્મનને મળ્યો. સ્કોટલેન્ડને તો આ પ્રસંગ ખરેખરી કસોટીનો હતો, કેમકે જીતે તો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ હતી, ને હારે તો પરાધિનતાની બેડી હતી. સ્કોટ લોકો ભયંકર ઉત્સાહથી લડવા તત્પર થયા હતા. બન્ને પક્ષ બહાદુરીથી લડયા, અંતે અંગ્રેજો સ્હેજ ભુલ્યા ને તેથી હાર્યા. તેમના લશ્કરમાં નાસભાગ થઇ ગઇ. એડવર્ડ જાતે બેરીકમાં ભરાઇ બેઠો; તેનું લશ્કર રફેદફે થઇ ગયું, તેના સરદારો કેદ પકડાયા, અને દુશ્મનોને કીમતી લૂટ પ્રાપ્ત થઈ. આ રીતે સ્કોટ લોકોએ પોતાની જન્મભૂમિને અંગ્રેજોની ઝુંસરીમાંથી મુક્ત કરી. ધન્ય છે વોલેસ અને બ્રુસ જેવા નરોને !

બેનોકબર્નના યુદ્ધમાં આવા ઉજેશકાર કર્યાથી ઇંગ્લેંડને ભારે નામોશી લાગી તથા રાજાનો ભારવકર બીલકુલ રહ્યો નહિ. ઉમરાવો તેને તુચ્છકારવા લાગ્યા, અને તેના માનીતાઓની અદેખાઈ આવવાથી તેમણે બળવો જગાવ્યો, અને તેની વ્યભિચારી રાણી ખુલ્લી રીતે બળવાખોરોના પક્ષમાં મળી ગઇ. યુદ્ધમાં રાજા કેદ પકડાયો તેને પાપણી રાણીએ એક એકાંત કિલ્લામાં પુર્યો તથા બહુ વિકરાળ રીતે મારી નંખાવ્યો; પછી પોતાના બાળક પુત્રને ૩ જા એડવર્ડના નામથી રાજગાદીએ બેસાડયો, ઇ. સ. ૧૩૨૭.

———:o:———

પ્રકરણ ૯ મું.

સો વર્ષનું યુદ્ધ.

૩ જો એડવર્ડ. ૧૩૨૭–૧૩૭૭

૨ જો રીચર્ડ. ૧૩૭૭–૧૩૯૯

આ રાજ્યની શરૂઆતનાં ૪ વર્ષ દરમિઆન ખરી સત્તા રાણી

તથા તેના માનીતા મોર્ટીમર નામના પુરૂષના હાથમાં હતી. મોર્ટીમરે દેશમાં કેર વર્તાવ્યો, ઘણાને લુંટી પોતાનું તળીયું ટાઢું કર્યું, અને રાજાના કાકા પર રાજદ્રોહનો આરોપ મૂકી તેને મારી નાંખ્યો તથા તેની જાગીર જપ્ત કરી. જુવાન રાજાથી આ ખમાયું નહિ એટલે તેણે એકાએક એક મોર્ટીમરના મકાનમાં દાખલ થઇ તેને કેદ કર્યો તથા ફાંસીને લાકડે ચઢાવી દીધો; અને પોતાની માને જીંદગી ભેર કેદ કરી. ઇ. સ. ૧૩૩૦.

૩ જો એડવર્ડ.

એડવર્ડ પોતાના નામરાશી દાદાના જેવો રાજ્યલોભી હતો. થોડોક સમય રાજ્યની વ્યવસ્થા કરવામાં ગાળી તેણે સ્કોટલેન્ડ પર ચઢાઈ કરી, ને હેલીડોન હીલ આગળ જીત મેળવી, પરંતુ તે પોતાની સત્તા કાયમ કરી શક્યો નહિ કેમકે સ્કોટ લોકો પરદેશીથી ગાંજ્યા જાય એવા નહતા. એડવર્ડને પણ એમ લાગ્યું કે સ્કોટલેન્ડને હવે વધુ છેડવામાં માલ નથી, એટલે તેણે બીજી દિશામાં નજર ફેરવી.

એડવર્ડનો રાજ્યલોભ.

ફ્રાન્સે સ્કોટલેન્ડને ઇંગ્લેંડ વિરૂદ્ધ મદદ કરેલી તેનું વેર લેવા એડવર્ડે વિચાર કર્યો. વળી ફ્લાન્ડર્સના ઉનના વેપારીઓએ તેને ફ્રાન્સના રાજા થવાનું આમંત્રણ મોકલ્યું. એડવર્ડે પોતાની મા તરફના હકના આધારે ફ્રાન્સની માટે દાવો કર્યો. આ હક બીનપાયાદાર હતો, પણ એડવર્ડને તો येन केन प्रकारेण ફ્રાન્સ સાથે લડવું હતું. આથી પ્રખ્યાત સો વર્ષનું યુદ્ધ શરૂ થયું. આ યુદ્ધ કટકે કટકે કરી સો વર્ષ સુધી ચાલ્યું. તેનું ફળ કશું આવ્યું નહિ; ને અંગ્રેજને લાભ થયો, કે ન ફ્રેન્ચને થયો. બન્ને દેશને પોતાના વીર પુત્રોનાં લોહી રેડવાં પડયાં તથા અઢળક ખર્ચ કરવાં પડયાં; પરંતુ તે જમાનામાં રૂપીઆ આના પાઇની ગણત્રી ગૌણ મનાતી; પ્રધાનપદ તો વીરરસ ભોગવતો.

આ રાજ્યમાં આ યુદ્ધ ત્રણ કટકે થયું. પહેલું ૧૩૩૮થી ૧૩૪૭ સુધી ચાલ્યું, તેમાં એકંદરે અંગ્રેજો વિજયી નીવડયા. ૧૩૪૬ માં ક્રેસીના વિખ્યાત સંગ્રામમાં અંગ્રેજ તિરંદાજોએ ફ્રેન્ચ હયદળને હઠાવી વિજય મેળવ્યો. આ યુદ્ધની સરદારી રાજાના વડા પુત્રે ૧૬ વર્ષની બાળવયે લીધેલી અને આ વિજયથી તે લોકોમાં બહુ:પ્રિય થઇ પડયો. તે કાળું બખ્તર પહેરતો તેથી તેને 'શ્યામ યુવરાજ' કહેતા.

ક્રેસીની જીત.

પછી રાજાએ કેલે તરફ કૂચ કરી તથા તે શહેરને ઘેરો ઘાલ્યો. એક વર્ષ સુધી તો અંગ્રેજોનું કાંઇ વાળ્યું નહિ, એટલે એડવર્ડ ક્રોધમાં આ શહેરની અંદરના તમામ માણસોને ઠાર કરવાનો નિશ્ચય કર્યો. અંતે શહેરમાં દાણા પાણીની સખત તંગી પડવાને લીધે ત્યાંના લોકોને શરણે આવવું પડયું. એડવર્ડે કહાવ્યું કે શહેરમાંના છ આબરૂદાર ગૃહસ્થો કોટે તોબરા બાંધી અને ઉઘાડે પગે મારી આગળ નાક લિસોડી તાણતા આવે તથા હું જે સજા ફરમાવું તે ખુશીથી સ્વીકારે તો જ હું બીજા નાગરિકોને જીવતા જવા દઇશ. આ સાંભળી આખા ગામમાં કકળાટ વ્યાપ્યો. આખરે રૈયતને માટે મરવાને પણ છ જણા તૈયાર થયા, અને રાજાની સામે આવી ઉભા. ઘણા અંગ્રેજોને પણ એમ થયું કે આવા પરદુ:ખભંજન વીરોને તો માફ કરવું જોઇએ. પણ કોની મગદૂર કે એડવર્ડ આગળ જઇ એવી સલાહ આપે ? પેલા છ જણા માટે ફાંસી તૈયાર થઇ. પછી રાણીને આ વાતની ખબર થતાં તેણે રાજાને પગે પડી આ છ પુરૂષોને જીવતદાન બક્ષવાનું માગી લીધું ત્યારે રાજા કાંઇક નરમ પડયો અને તેમને છોડયા. પછી કેલેમાં અંગ્રેજો જઇ વસ્યા અને ૨૦૦ વર્ષ સુધી આ શહેર તેમના કબજામાં રહ્યું.

કેલેનો ઘેરો.

૧૩૫૫ થી ૧૩૬૦ ના આરસામાં ફરી લડાઇ ઉપડી. આ

સમયે સ્કોટ લોકના સબળ હુમલા ઇંગ્લેંડ પર થતા હતા તેથી રાજા પડે ફ્રાન્સ જય શક્યો નહિ. આ કારણને લીધે

પોઇટીયર્સની લડાઇ. ફ્રાન્સમાંના અંગ્રેજ સૈન્યની સરદારી શ્યામ યુવરાજને મળી. ૧૩૬૦માં પોઇટીયર્સનું જબરૂં યુદ્ધ થયું, તેમાં શ્યામ યુવરાજે ઘણાં નાનાં લશ્કરવડે દુશ્મનના મોટા સૈન્યને હરાવ્યું તથા તેમના રાજા જોનને કેદ પકડયો. યુવરાજે જોનનો સારો આદરસત્કાર કર્યો તથા પછી ઇંગ્લેંડ મોકલી આપ્યો. ત્યાં તે ૮ વર્ષ કેડે મરણ પામ્યો.

અંગ્રેજો મુલક ગુમાવે છે. આ સમયે સ્પેઇનના એક જુલ્મી રાજાએ પોતાની રૈયત સામે થવાને શ્યામ યુવરાજની મદદ માગી. આ મદદ મળવાથી રૈયતને તે જુલ્મી રાજા કબુલ કરવો પડયો. આવા પાપી કર્મમાં સામેલ થવાનું માઠું ફળ યુવરાજને ભોગવવું પડયું. ટુંક સમયમાંજ તેને ક્ષયરોગ લાગુ પડયો ને દિન પર દિન તેનું શરીર ક્ષીણ થતું ગયું. આ માંદગીને લીધે તેને ઇંગ્લેંડ જવું પડયું. લડાઇઓનાં અખૂટ ખર્ચ પુરાં કરવા ફ્રેન્ચ રૈયત પર ભારે કર નાખવા પડયા; એટલે તેમણે બળવો ઉઠાવ્યો. અંગ્રેજોનો જીતેલો સઘળો મુલક તેમના હાથમાંથી જતો રહ્યો. અંતે ૧૩૭૪માં સલાહ થઇ તે વેળા તેમની પાસે બોર્ડો, બેયોન અને કેલે સિવાય કશું રહ્યું નહિ.

અંગ્રેજ પ્રજા આ યુદ્ધની તરફેણમાં હતી એ જાણી પ્રથમ તો આપણે તાજુબ થયા વિના રહીએ નહિ; પરંતુ ઉમરાવોને લડાઇનો ઘણો શોખ હતો, અને સામાન્ય રૈયત એમ માનતી કે જો રાજાનો મુલક વધે તો કરનો બોજો કાંઇક ઓછો થાય. વળી તેમને શ્યામ યુવરાજના અપૂર્વ પરાક્રમ વિષે ઘણું અભિમાન હતું.

એડવર્ડે ફ્લાન્ડર્સના કેટલાક વણકરોને તેડાવી તેમને ઇંગ્લેંડમાં વસવાની જોગવાઇ કરી આપી. તેમણે અંગ્રેજોને વણાટકામ શીખવ્યું

એટલે આ ધંધો બહુ ઉપયોગી થઇ પડયો.

સામાન્ય વર્ગની હાલત.

પરદેશ સાથેનો વેપાર વધતો ગયો. ચલણી નાણાંમાં સુધારો કરવામાં આવ્યો તથા સોના મહોરો વપરાવા લાગી. યુદ્ધમાં રોકાએલા ઉમરાવોને ખ્યાલ ન આવ્યો કે આ સઘળી પ્રગતિને પરિણામે સ્વતંત્ર થયેલા ગુલામો, કામદારો તથા ખેડુતોનું બળ વધતું જશે. આ રાજ્યમાં પાર્લમેન્ટના બે વિભાગ—ઉમરાવોની સભા (House of Lords) અને આમની સભા (House of Commons)—પડયા. પ્રજા સ્લી, ક્રેસે અને પોઇટીઅર્સની વિજય-પરંપરાથી ખુશ થઇ હતી.

કાળો કેર.

૧૩૪૮માં યુરોપમાંથી ભયંકર પ્લેગ ઇંગ્લેંડમાં દાખલ થયો. ખીચોખીચ વસ્તીવાળાં તથા ગંદકીથી ભરેલાં ગામોમાં એટલાં બધાં મરણો થવા લાગ્યાં કે તેમને દાટવાનું કામ કઠણ થઇ પડયું. આ 'કાળા કેર' માં લગભગ ત્રીજા ભાગની ઇંગ્લેંડની વસ્તી સાફ થઇ ગઇ. ખેતીની માટે મજુર ન હોવાથી ખેતર ખેડાયા વિનાનાં રહ્યાં.

વિકલીફ.

આ વેળા ચોસર નામના કવિએ 'કેન્ટરબરી ટેલ્સ' નામનું કાવ્ય લખ્યું. વળી વિકલીફ નામના ધર્મસુધારકે પાદરીઓમાં પેઠેલા સડા વિષે લખાણ કરવા માંડયાં. પાદરીઓમાં ઢોંગને લોભ ઘણા વધી ગયા હતા. શુદ્ધ વિકલીફનો હેતુ લોકોને ધર્મનું રહસ્ય સમજાવી ધર્મગુરૂઓના જુલમમાંથી મુક્ત કરવાનો હતો. તેણે 'બાઇબલ'નું અંગ્રેજી ભાષાન્તર કર્યું તથાં પોતાના ચેલાઓને ઠેરઠેર ઉપદેશ કરવા મોકલ્યા.

૧૩૭૬માં શ્યામ યુવરાજ મરણ પામ્યો તથા બીજે વર્ષે વૃદ્ધ રાજા પણ ગુજરી ગયો, એટલે યુવરાજનો ૧૧ વર્ષનો બાળક પુત્ર રીચર્ડ ગાદી વારસ બન્યો.

૨ જો રીચર્ડ—૧૩૭૭–૧૩૯૯.

રીચર્ડ બાળક હોવાને લીધે સઘળો કારભાર તેના કાકાઓ-(ખાસ કરીને જોન ઓફ ઘેન્ટ) ના હાથમાં આવ્યો. ફ્રાન્સ સાથેના યુદ્ધને લીધે રૈયતને ભારે કરનો બોજો ઉઠાવવો પડતો હતો. માજી રાજ્યમાં માથાવેરો નાંખવામાં આવ્યો હતો, પરંતુ આ રાજ્યમા તે વધારવામાં આવ્યો. વળી કરવેરા ઇજારે અપાતા હોવાથી ઇજારદારો રૈયતને કનડવામાં કશી મણા રાખતા નહિ. દરેક ૧૬ વર્ષની ઉપરના સ્ત્રીપુરૂષને આ વેરો આપવો પડતો. આથી ગરીબ લોકોમાં તીવ્ર અસંતોષ ફેલાયો. છુપાં મંડળો બનવા લાગ્યાં. એક ચાળાએ, પોતાની દીકરીનું અપમાન કરવા માટે, એક ઇજારદારનું ખૂન કર્યું. ત્રાહે ત્રાહેનો પોકાર ઉઠયો. આખા ગામમાં હોહો થઇ ગઈ અને લોકોએ હથિઆર ઉંચાં કર્યાં. જોતજોતામાં પાડોશના તમામ ગામો આ બળવામાં સામેલ થયાં અને તેમની સંખ્યા લાખેક જેટલી થઇ ગઇ. જેના હાથમાં જે આવ્યું તે લઇ સૌ સજ્જ થયા. આ સ્થિતિ જોઇ બાળ રાજાએ સમયસૂચકતા વાપરી તેમને શાંત પાડયા; તેમને અનેક વચન આપ્યાં. ભોળા ગામડીઆ પોતપોતાને ઘેર પાછા વળ્યા. રાજાએ આમ તેમને પટાવી વિદાય કર્યા ને તેમની પૂંઠે પોતાનું સૈન્ય મોકલી તેમનો કચ્ચર ઘાણ કઢાવ્યો.

રીચર્ડ અને હેન્રી. હવે રીચર્ડ ઉમ્મર લાયક થએલો હોવાથી તેણે રાજસત્તા પોતાના હાથમાં લીધી; પરંતુ મહા જુલમી હોવાથી તેણે રાજ ખોયું તથા કમોતે મુઓ. તેણે જોન ઓફ ઘેન્ટના દીકરા હેન્રીને દેશનિકાલ કર્યો. આ હેન્રી લોકપ્રિય હતો ને તેમાં વળી તેને આવો અન્યાય થયો એટલે લોકો ઘણા ગુસ્સે થયા. પછી જોન ઓફ ઘેન્ટ ગુજરી ગયો તે વેળા રાજાએ તેની જાગીર જપ્ત કરી. આ સાંભળી હેન્રી એકાએક ઈંગ્લેંડમાં આવ્યો તથા ઘણા ઉમરાવોને પોતાના

પક્ષમાં ખેંચી લીધા. રાજા આ વેળા આયર્લેન્ડમાં બંડ સમાવવા ગયો હતો ત્યાંથી તુરત પાછો ફર્યો, પણ સઘળી બાજી પલટાએલી જોઇ પોતે લડયા વિના તાબે થયો. પાર્લમેન્ટે રીચર્ડને પદભ્રષ્ટ ઠેરવી હેન્રીને ગાદી સોંપી. રીચર્ડને લંડનના ટાવર ગઢમાં કેદ કરવામાં આવ્યો ને ત્યાં તેને ગુપ્ત રીતે મારી નાંખવામાં આવ્યો એવી લોકવાયકા છે.

છેલ્લાં ૨૦૦ વર્ષનો સારાંશ.

'મોટા પટ્ટા' વડે અંગ્રેજી પ્રજાના સ્વાતંત્ર્યનું બીજ રોપાયું. આ વાતને આજે લગભગ ૨૦૦ વર્ષ થયાં. દરમ્યાન પાર્લમેન્ટનો ઉદય થયો, તેમાં સામાન્ય રૈયતના પ્રતિનિધિ દાખલ થયા, તેણે કરવેરા નાખવાનો અધિકાર પોતાને હાથ લેવા માંડયો, તેણે લોકાનાં દુઃખનું નિવારણ પોતાની ફરજરૂપ સમજી લીધું, તથા રાજાના પ્રધાનો તેમના કર્મો માટે તેને જવાબદાર બનતા ગયા. ઉમરાવોની સભા અને આમની સભાનાં સ્થાન જુદાં કરવામાં આવ્યાં. બન્ને સભા એકમેકની સલાહથી કાર્ય કરવા લાગી. પાર્લમેન્ટને પૂછ્યા સિવાય આપખુદી અમલ ચલાવવા બદલ બે રાજાઓ પદભ્રષ્ટ થયા; પણ આટલું યાદ રાખવું કે હજુ પાર્લમેન્ટના ખરા નેતા ઉમરાવો જ હતા. આ અરસામાં વેલ્સ ઇંગ્લેંડ સાથે જોડાયું, સ્કોટલેન્ડ સ્વતંત્ર બન્યું અને ઇંગ્લેંડ પોપના ભારે કરમાંથી છુટું થતું ગયું. વેપારવણજ પણ દિવસે દિવસે વધતા ગયા. ગુલામો વધુ પ્રમાણમાં સ્વતંત્ર થયા અને વિક્લીફના શિક્ષણથી ધાર્મિક સુધારાનું બીજ રોપાયું.

પ્રકરણ ૧૦ મું.

લેન્કેસ્ટર વંશ.

૪ થો હેન્રી ૧૩૯૯–૧૪૧૩.
૫ મો હેન્રી ૧૪૧૩–૧૪૨૨.
૬ ઠો હેન્રી ૧૪૨૨–૧૪૬૧.

૪ થો હેન્રી. લેન્કેસ્ટર કુળનો હેન્રી મહાબળવાન હોવાથી ગાદી પચાવી પડયો પણ તેથી તે ખરો હકદાર કહેવાય નહિ. તેનો બાપ ત્રીજા એડવર્ડનો ચોથો છોકરો હતો; અને આ એડવર્ડના ત્રીજા છોકરાના વેલામાં ડયુક ઓફ યોર્ક હયાત હતો. આગળ જતાં આ યોર્ક કુળ બહુ બળવાન થઇ પડયું તથા લેન્કેસ્ટર કુળ સાથે ખુબ આથડયું.

આ રાજ્યમાં ગાદીના દાવાદારો તરફથી બંડ ઉઠયાં પણ તે સર્વે હેન્રીએ પોતાની અક્કલ હોશિયારીથી સમાવી દીધાં. રાજાને તેના વડા પુત્ર હેન્રીનું મહાદુઃખ હતું કેમકે તે નીચ પુરૂષોની સોબતમાં પડયો હતો; પરંતુ જેટલો તે ખરાબ હતો તેટલોજ ગાદીએ આવ્યા પછી સુધરી ગયો.

૫ મો હેન્રી. ૧૪૧૩–૧૪૨૨.

આ રાજા શૂરવીર લડવૈયો તથા કાબેલ રાજનીતિજ્ઞ નીવડયો. ફ્રાન્સ સાથેના યુદ્ધનું છેવટનું સમાધાન હજુ થયું ન હતું. અનુકૂળ સ્થિતિ જોઇ હેન્રીએ ફ્રાન્સ પર ચઢાઇ કરી તથા આજીનકુરના સંગ્રામમાં ફ્રેન્ચ લોકોને સંપૂર્ણ હરાવ્યા. ફ્રાન્સની સ્થિતિ દિન પર દિન નબળી થતી ચાલી, ને અંતે હેન્રી એટલો બધો ફાવ્યો કે તે ત્યાંનો

રાજરક્ષક નીમાયો. પછી ફ્રાન્સની રાજકુંવરી વેરે તેણે લગ્ન કર્યું ને ત્યાંજ રહેવા લાગ્યો. પછી તે એકાએક સખત માંદો પડયો એટલે તેણે પોતાના એક ભાઇ બેડફર્ડને ફ્રાન્સનો, તથા બીજા ભાઈ ગ્લુસ્ટરને ઇંગ્લેંડનો કારભાર કરવા નીમ્યા. આ પ્રમાણે બંદોબસ્ત કર્યા બાદ ૩૫ વર્ષની કાચી વયે આ રાજા અનુપમ નામના મેળવી ગુજરી ગયો.

૬ ઠો હેન્રી. ૧૪૨૨–૧૪૬૧.

હેન્રી પછી તેનો બાળક પુત્ર (૧ વર્ષનો) ૬ ઠો હેન્રી ઇંગ્લેંડ તથા ફ્રાન્સની ગાદીએ આવ્યો. ફ્રાન્સની ગાદી માટે ત્યાંના મરનાર રાજાના પુત્રે ઝુંડો ઉઠાવ્યો. સાત વર્ષ સુધી તેને બેડફર્ડ સાથે સખત યુદ્ધ થયું, ને તેમાં અંગ્રેજો નવ્વાણુ વસા જીત્યા હતા; પરંતુ એવામાં જોન ઓફ આર્ક નામની સામાન્ય વર્ગની એક કુમારિકાએ પોતાના દેશનો અપૂર્વ રીતે બચાવ કર્યો. તે એક ગરીબ ફ્રેન્ચ ખેડુતની દીકરી હતી. તેને આ વેળા એવી હૃદય-પ્રેરણા થઇ કે " તું ચાર્લ્સને ગાદીએ બેસાડ. " આ દૈવી અવાજને આધારે તે પુરૂષનો વેશ ધારણ કરી, સુંદર ઘોડા પર બેસી, હાથમાં વાવટો ઝાલી થોડાક આદમી સાથે ઓર્લીએન્સ તરફ ગઈ, ઇ.સ. ૧૪૨૯; કેમકે તે શહેરને અંગ્રેજોએ ઘેરા ઘાલ્યો હતો. તેનો ભવ્ય દેખાવ જોઇ અંગ્રેજોએ ડરના માર્યા અંદર જવાનો માર્ગ આપ્યો. શહેરની અંદરના સનિકોને ભેગા કરી તેણે અંગ્રેજોને ન્હસાડયા. આ કાર્યથી જોનને ' ઓર્લીઅન્સની કુમારિકા એવું નામ મળ્યું અને આખા દેશમાં તેની કીર્તિ વ્યાપી. પછી તેણે ચાર્લ્સનો રાજ્યાભિષેક કરાવ્યો. બાદ થોડી લડાઇઓ થઇ તે સર્વેમાં અંગ્રેજોએ માર ખાધો. એટલામાં ઇંગ્લેંડથી લશ્કરી મદદ આવી પહોંચી એટલે બેડફર્ડના પગમાં નવું જોર આવ્યું. દૈવયોગે કુમારિકા જોન અંગ્રેજોના પંજામાં સપડાઇ ગઇ અને તેમણે તેને ડાકણ છે એમ કહી અતિ ક્રુર રીતે જીવતી સળગાવી મૂકી. ઇ.

-સ. ૧૪૩૧ આ નિષ્ઠુર કાર્યથી ફ્રેન્ચ લોકો ઘણા ઉશ્કેરાઇ ગયા તથા સૌ એકત્ર થઇ અંગ્રેજો પર તુટી પડયા. અંગ્રેજોથી આ ઝુંબેશ સમક્ષ ટકાયું નહિ. વળી વીર બંડફર્ડ આ વેળા મરણ પામ્યો. ઇ. સ. ૧૪૩૫ તેથી અંગ્રેજો કેલે સિવાયનો તમામ જીતેલો મુલક એકપછી એક ગુમાવી બેઠા. આ રીતે પૂર્વે મહા મહેનતે સંપાદન કરેલાં રાજ્ય તથા કીર્ત્તિ તેમણે ખોયાં; તેનું એક કારણ તો એ છે કે તેમનામાં આ વેળા કુસંપે ઘર ઘાલ્યું હતું. રાજકુળના ઉમરાવો અદાવતને લીધે એકએકનો ખાંડો કાઢવા મથતા ને આ ઝઘડામાં દેશહિતનું કોઇને ભાન રહ્યું નહિ.

આવી સુંદર તક સાધી યોક કુળના રીચેર્ડ પોતાનો ગાદી હક રજુ કર્યો. એવામાં રાજા એકાએક ગાંડો થઇ ગયો એટલે પાર્લમેન્ટે રીચર્ડને રાજરક્ષક નીમ્યો. પછી રાજા સાજો થયો ત્યારે રીચર્ડને ભાગવું પડયું; પરંતુ પોતાની હદમાં જઇ ટુંક સમયમાં તેણે લશ્કર ભેગું કર્યું. રાજા તેની સામે ગયો પણ સેન્ટ આલ્બન્સ આગળ હાર્યો ને કેદ પકડાયો (૧૪૫૫). આનું વેર લેવા તેની રાણી માર્ગારેટે પુરતી તૈયારી કરી રીચર્ડને હરાવ્યો. હવે પછી યોર્ક તથા લેન્કેસ્ટર પક્ષ વચ્ચે ૩૦ વર્ષ સુધી ખુનખાર લડાઇ ચાલી. પ્રજામાં પણ બે ભાગ પડી ગયા. આ યુદ્ધમાં હજારોનો ઘાણ નીકળી ગયો; અને બે પક્ષ વચ્ચે વેર એટલું બધું વધી ગયું કે તેઓ નિર્દોષ સ્ત્રીઓ તથા બાળકોને પણ રહેંસી નાંખતાં અચકાતા નહિ. આ તુમુલ પ્રજાવિગ્રહને ‘ગુલાબનાં યુદ્ધો’ એવું નામ મળ્યું છે કેમકે લેન્કેસ્ટરવાળાએ પોતાની ધજા પર લાલ, અને યોર્કવાળાએ ધોળું ગુલાબનું ફુલ ચિતરાવ્યું હતું. બન્ને પક્ષ વારાફરતી જીતતા હારતા. ઘણીવાર રાજા કેદ પકડાયો ને ઘણીવાર રાણીએ તેને છોડાવ્યો. ૧૪૬૦ માં યોર્ક કુળનો રીચર્ડ પકડાયો છતાં તેના પુત્ર એડવર્ડના નામથી લડાઈ જારી રહી. પછી રાણી માર્ગારિટ હારીને ફ્રાન્સ ન્હાસી ગઈ, અને એડવર્ડનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

ગુલાબનાં યુદ્ધ.

પ્રકરણ ૧૧ મું.

યોર્ક વંશ.

૪ થો એડવર્ડ—૧૪૬૧-૧૪૮૩.

૫ મો અડવર્ડ—૧૪૮૩.

૩ જો રીચર્ડ—૧૪૮૩-૧૪૮૫.

૪ થો એડવર્ડ—એડવર્ડ ગાદીએ આવ્યો છતાં ગુલાબનાં યુદ્ધ હજુ દશ વર્ષ સુધી આગળ પ્રમાણેજ ચાલ્યાં. માર્ગારેટ રાણી પોતાના ધણી તથા પુત્રને માટે ગાદી મેળવવા જુસ્સાથી બહાદુરીથી તથા ખંતથી ઘણું લડી. ૧૪૬૪ માં તે ફ્રાન્સ તથા સ્કોટલેન્ડની મદદ લઇ આવી તથા એક લડાઇ લડી, પણ તેમાં તેના પક્ષના ઘણા આદમી માર્યા ગયા. આથી દેશમાં કાંઇક શાંતિ થઇ. ત્યાં બીજી બાજુએથી દુઃખ આવ્યું. એડવર્ડે ગાદીએ આવ્યા પછી એક નીચ કુળની વિધવા સાથે લગ્ન કર્યું તથા સાસરીઆયોને સારી પદવીઓ આપી. આ કારણથી યોર્ક કુળનો સ્તંભરૂપ ગણાતો અર્લ ઓફ વેરીક ગુસ્સે થયો તથા તેની સાથે તેનો જમાઇ (એડવર્ડનો ભાઇ ક્લેન્સ) સામેલ થયો. રાજાના કોપને લીધે પ્રથમ તો તેમને ફ્રાન્સ ન્હાસવું પડયું. ત્યાં વેરીક માર્ગોરેટ રાણીને મળ્યો તથા તેના પુત્ર એડવર્ડ સાથે પોતાની દીકરી પરણાવવાની વાત ઉકેલી. માર્ગોરેટ કબુલ થઇ, અને વેરીકની મદદથી તે ઇંગ્લેંડ આવી. તેમનું બળ નીહાળી રાજા ફ્લાન્ડર્સ ભાગી ગયો. બાદ વેરીકે ૬ ઠા હેન્રીને ટાવર ગઢવામાંથી કાઢી ફરી ગાદીએ બેસાડયો, અને ૬ મહિના સુધી તેની આણ વર્તાવી. આ કાર્યથી વેરીક ઇતિહાસમાં રાજા બનાવનારના ઉપનામથી ઓળખાય છે. પછી એડવર્ડ પરદેશમાંથી મદદ લઇ ઇંગ્લેંડ આવ્યો ત્યાં તેને તેનો ભાઈ ક્લેરેન્સ મળ્યો. બન્ને ભાઇઓ લંડન તરફ

આવ્યા, ત્યાં તેમને સારો આવકાર મળ્યો. વોરીક સાથે લડાઇ થઇ તેમાં તે માર્યો ગયો. પછી માર્ગારેટ બન્યા તેટલા સૈનિકો ભેગા કરી એડવર્ડની સામે થઇ. આ વેળા પણ તેની સંપૂર્ણ હાર થઇ તથા તેનો બાળકપુત્ર રણમાંજ મરી ગયો. પંદરેક દિવસમાં ૬ ઠો હેન્રી ટાવર ગઢમાં ગુજરી ગયો. આમ આ લાંબા પ્રજાવિગ્રહનો અંત આવ્યો.

હવે દેશમાં શાંતિ થઇ. ઉમરાવો તથા તેમના અનુયાયીઓ રણસંગ્રામમાં લડી રહ્યા તે વેળા નવો મધ્યમ વર્ગ—ખેડુતો, નાના નાના જમીનદારો, વેપારીઓ, વિગેરેનો બનેલો—આગળ ધપતો હતો. દેશમાં ચાલતા યુદ્ધ વિષે તેઓ બહુ રસ લેતા નહિ. આ વર્ગ ધનિક બનતો ગયો.

રાજાનું દુરાચરણ.

આ રાજ્યમાં રાજા તથા તેના અધિકારીઓની સત્તા નિરંકુશ થતી ગઈ. રાજા દુરાચરણી હતો અને પોતાની મોજમજા માટે તે જબરાઇથી નાણાં ઉઘરાવતો તથા કડક અમલ ચલાવતો. કોઇ પુરૂષ તેને કાંટારૂપ માલમ પડતો તો તેનો તે ભોગ લેતો. સગા ભાઇ સુદ્ધાં તેણે રાજદ્રોહનો આરોપ મૂકી મારી નંખાવ્યો.

આ સમયે વિલિઅમ કેક્સ્ટન નામનો પુરૂષ એક મહાકાર્ય કરી રહ્યો હતો. તે નાનો હતો ત્યારે ફ્લાન્ડર્સ ગયો હતો, ને ત્યાં ૩૦ વર્ષ રહી છાપવાની કળા શીખી આવ્યો હતો. ૧૪૭૬ માં તેણે ઇંગ્લેંડમાં પહેલું છાપખાનું ખોલ્યું.

૧૪૮૩ માં એડવર્ડ બે બાળક પુત્ર મૂકી મરી ગયો. તેની પછી તેનો મોટો કુંવર એડવર્ડ ગાદીએ બેઠો.

૫ મો એડવર્ડ. ૧૪૮૩.

રાજા બાળક હોવાથી તેનો કાકો રીચર્ડ રાજ્યરક્ષક બન્યો.

રીચર્ડની દાનત સાફ નહતી. તેણે રાજાની માને કેદ કરી તથા મામાને ફાંસી દીધી. બાદ બાળરાજા તથા તેના ભાઈને કેદ કરી પોતે ગાદીએ બેઠો. પાછળથી આ બે બાળકોને રીચર્ડે ઉંઘતા મારી નંખાવ્યા. આ પ્રમાણે રીચર્ડે રક્ષક થઈ ભક્ષકનું કામ કર્યું.

૩ જો રીચર્ડ.—૧૪૮૩–૧૪૮૫.

રાજકુંવરોના ખૂનથી પ્રજાની લાગણી દુખાઈ તથા યોર્ક પક્ષમાં બે તડ પડ્યાં. હાલ લેન્કેસ્ટર પક્ષના મુખ્ય પુરૂષનું નામ હેન્રી હતું. તેણે ફ્રાન્સમાં રહ્યા રહ્યા ૪ થા એડવર્ડની કુંવરી વેરે લગ્નનો ઘાટ ગોઠવ્યો. આથી યોર્ક પક્ષનું એક તડ તેના પક્ષમાં આવ્યું. પછી હેન્રી ઈંગ્લેંડ આવ્યો તથા રીચર્ડને બોસ્વર્થ ક્ષેત્રમાં લડાઈ આપી તેમાં તેનો વિજય થયો ને રિચર્ડ મરાયો. (૧૪૮૫)

વિભાગ ૪ થો.

ટયુડર વંશ.

પ્રકરણ ૧૨ મું.

સોળમી સદીના પૂર્વેનું ઇંગ્લેંડ.

વસ્તી વિભાગ

અસલ ઇંગ્લેંડની વસ્તીમાં બે જ વર્ણ હતી એમ કહીએ તો ચાલે. ૧. ક્ષત્રી વર્ગ. મોટા મોટા જમીનદારો પોતાના બળ શૌર્ય દ્રવ્ય આદિને લીધે મહા સત્તાવાન ગણાતા હતા. યુદ્ધ સિવાયના ધંધા તેમને મન તુચ્છ હતા. તેમની જાગીરમાં તેઓ સર્વોપરિ સત્તા ભોગવતા નાના રાજા સમાન હતા, એટલે જરૂર પડે લશ્કર ઉભું કરી શકતા. ૨. ક્ષત્રીવર્ગ સિવાયના લોકો શુદ્ર લેખાતા. ખેડુતો તથા અન્ય ધંધાદારી પુરૂષોની ગણત્રી શુદ્રમાંજ થતી. તેમના પર જાગીરદારની સત્તા નિરંકુશ હોવાથી ઘણી વેળા તેઓ અનેક પ્રકારના જુલમના ભોગ થઇ પડતા. વેઠનો રિવાજ સામાન્ય હતો. શારીરક મહેનત આ સમયમાં નીચ લેખાતી. વસ્તીમાં કોઇ કોઇ ધનિક શાહુકારો હતા, ને ધનને પ્રતાપે તેમને કાંઇક માન પણ મળતું; પરંતુ સત્તાના અભાવને લીધે તેમને જાગીરદારોને ખુશ રાખવા પડતા. આપણા દેશમાં નાણાંની ધીરધારમાં મારવાડી લોકો કુશળ

ગણાય છે. તેવીજ રીતે યુરોપમાં શરાફીના ધંધા માટે યાહુદીઓ અસલથી મશહુર છે. ઇંગ્લેંડમાં પણ ધનવાન યાહુદીઓ હતા પણ તેમની ગણના શૂદ્રના જેવીજ હતી. ખરી સત્તા ક્ષત્રીઓની હતી. ને બાકીની રૈયત તેમના ગુલામરૂપ હતી. રાજાને પણ જાગીરદારોની ગરજ હોવાથી તેમને સંતોષવા પડતા. રાજાને લશ્કરી મદદ તેમના તરફથીજ મળતી; એટલે કદાચ કોઇ રાજા આડો ફાટતો તો તેઓ એકત્ર થઈ તેને જમીનદોસ્ત કરવા ચુકતા નહિ; વળી પોતાના રક્ષણાર્થે દરેક જાગીરદાર મજબુત કિલ્લા બાંધતો.

ક્ષત્રીવર્ગમાં કેટલાકની જાગીરદારો કાળે કરીને નાની થઇ ગએલી. આ લોકો 'નાઇટ' યા ગરાસીઆ કહેવાતા. ગુજરાન માટે તેમને મહેનત કરવી પડતી એટલે રાજખટપટમાં પડવા જેટલી તેમને ફુરસદ ન હતી, છતાં અસ્ત્રશસ્ત્રમાં કુશળ હોઈ વખત આવે તેઓ જંગમાં ઘુમતા, એટલે સમાજમાં તેમનું ઠીક વજન હતું. આ વર્ગમાંથી એક ગૃહસ્થ–વર્ગ ખડો થયો, જે આગળ ઉપર પાર્લમેન્ટમાં સત્તાવાન થઇ પડયો.

ગરાસીઆ.

જુલ્મી જોનના જમાનામાં જાગીરદારોએ એકત્ર થઇ તેની પાસે પ્રજા હક વિષેનો 'મોટો પટો' લખાવી લીધો. આ કાર્યના કરતાકારવતા તો આગેવાન જાગીરદારોજ હતા, પરંતુ તેનું ફળ સમસ્ત પ્રજાને મળ્યું. તે સમયની પાર્લમેન્ટમાં જાગીરદારો સિવાય બીજાને આવવાનો અધિકાર ન હતો, એટલે તે સમયની પાર્લમેન્ટ પ્રજાની પ્રતિનિધિસભા કહી શકાય નહિ. પ્રતિનિધિત્વ દાખલ કરવાનું શુભ કાર્ય તેરમી સદીના છેવટના ભાગમાં બનવા પામ્યું; ને ત્યારથીજ સાચી પાર્લમેન્ટ થઇ એમ કહીએ તો ચાલે. રાજા અને જાગીરદારોના ઝઘડામાં ગરાસીયા વર્ગની બન્ને પક્ષને જરૂર પડવાને લીધે તે વર્ગની ઉન્નતિ થવા લાગી.

પહેલાં પાર્લમેન્ટ સમસ્ત એકજ સ્થળે બેસતી; પાછળથી ચૌદમી સદીમાં તેના બે વિભાગ થઇ બે જુદાં મકાન થયાં. ૧. 'હાઉસ ઓફ્ લોર્ડ્ઝ,' ઉમરાવોની સભા, ને ૨. 'હાઉસ ઓફ કોમન્સ'–આમની સભા.

આ પાર્લમેન્ટમાં રાજા સાથે સીધી તકરાર કરવા જેટલું સામર્થ્ય ન હતું, પરંતુ ક્રમે ક્રમે તેની સત્તાનું દર્શન થવા લાગ્યું. રાજાનો જુલમ વધી પડે તો પ્રધાનોને બરતરફ કરવાની યોજના તથા દબાણ પાર્લમેન્ટ તરફથી થતાં; વળી નાણાં મંજુર કરવાની સત્તા તેના હાથમાં હોવાથી તે વેળા તે રાજાને હંફાવતી. રાજા જબરો હોય તો પાર્લમેન્ટને તત્કાળ નમવું પડતું, પણ લાગ આવ્યે આનું સાટું તે વાળી લેતી.

ધર્મ—સેંકડો વર્ષથી ઇંગ્લેંડની તમામ વસ્તી ખ્રિસ્તી ધર્મ પાળતી. આ ધર્મના આચારમાં અનેક આંધળા વહેમ ઘુસી ગએલા. રોમમાં રહેતા જગત્ગુરૂની (પોપ) સત્તા એટલી બધી હતી કે ભલ-ભલા ભૂપતિઓ પણ તેના આગળ શિર ઝુકાવતા; પરંતુ ઇંગ્લેંડમાં ભૌગોલિક સ્થિતિને લીધે પોપની સત્તા બહુ જામેલી નહિ, ને હતી તે પણ કમી થતી ગઇ. ધર્મને નામે અનેક પ્રકારનું અંધેર ચાલતું હતું. પાદરીઓમાં લુચ્ચાઇ, લોભ, વ્યભિચાર આદિ દુર્ગુણો વધુ પ્રમાણમાં દેખાવા લાગ્યા. આ વસ્તુસ્થિતિને લીધે સુધારક પક્ષનો જન્મ થયો. પ્રથમ પોકાર ઉઠાવનાર વિકલીફ્ નામનો સાધુ હતો. તેણે બાઇબલનું અંગ્રેજી ભાષાન્તર કરી ધર્મનું રહસ્ય સામાન્ય લોકો સમક્ષ રજુ કર્યું. આ સમયનું ભણતર નહિ જેવું જ હતું. ધર્મગ્રન્થો લેટિન ભાષામાં લખાએલા એટલે તમામ વિધિ-ક્રિયા લેટિનમાં જ થતી. આ ભાષા પાદરી સિવ ય કોઇને આવડે નહિ એટલે એ વિષયમાં કોઈ માથું મારી શકતું નહિ. તેઓ પ્રજાને અષ્ટંપષ્ટં સમજાવી ફાવે

વેળાના રાજા તથા ઉમરાવો પણ અભણ હતા. વિદ્યાનું ધામ જુઓ તો સાધુના મઠ, વળી સાધુને પણ ઉત્તમ વિદ્યા સંપાદન કરવા ઇટલી યા ફ્રાન્સ જવું પડતું.

સાહિત્ય—ચૌદમી સદીથી અંગ્રેજી ભાષાની ખેડ શરૂ થઇ. બાઇબલના ભાષાન્તર વિષે આપણે વાંચ્યું; તે ઉપરાંત ચોસર નામનો કવિ પોતાનાં કાવ્ય આ સમામાં રચી રહ્યો હતો. વળી રાજભાષા હતી તે બદલી અંગ્રેજી કરવામાં આવી.

ગુલાબનાં યુદ્ધ—પંદરમી સદી પૂર્વે રાજસત્તાની ખેંચતાણ રાજા તથા જાગીરદારો વચ્ચે થઇ રહી હતી. તેમાં ગરાસીયા વર્ગ એકવાર આ પક્ષમાં તો બીજી વાર બીજા પક્ષમાં એમ ભાગ લઇ રહ્યો હતો. તે વર્ગની કીમત વધતી જતી હતી. ધંધાદારી વર્ગ ઉન્નતિ ઠીક કરી રહ્યો હતો.

પંદરમી સદીનાં છેવટનાં વર્ષોમાં ગુલાબનાં યુદ્ધ (Wars of the Roses) થયાં, તેમાં જાગીરદાર વર્ગને એકમેકને હાથે ખોડો નીકળી ગયો; એટલે આ યુદ્ધનો વિજેતા હેન્રી નિરંકુશ બન્યો.


અર્વાચીનયુગ—આ રીતે મધ્યમ યુગમાંથી આપણે વર્તમાન યુગમાં પ્રવેશ કરીએ છીએ. મધ્યયુગમાં આપણે જોયું કે જાગીરદારો મહા સમર્થ હતા ને રાજા તેમને બળે જ બળવાન થઇ શકતો. ધર્મની બાબતમાં રોમના પોપની આણ હતી. વિદ્વાનો તથા પાદરીઓ પરદેશી અથવા તો પરદેશમાં ભણી આવેલા હતા. લંડનનું વેપારી મંડળ પણ પરદેશી હતું. અંગ્રેજ લોકોની એક હંમેશની ફરીઆદ એ હતી કે દરબારની મોટીમોટી પદવીઓ વિદેશી ભોગવે છે.

પરંતુ જુના જમાનાની ગાંઠો ઢીલી થઇ રહી હતી. જાગીરદાર વર્ગ યુદ્ધમાં ઘણો ખરો નષ્ટ થતો ગયો. ગુલાબના યુદ્ધમાં નહિ નહિ તો ૮૦ ભાયાતો કપાઇ મુઆ. રાજદ્રોહી ઠરેલા ઘણા ઉમરાવોની જાગીર રાજાને કબજે ગઇ. હેન્રીની પહેલી પાર્લમેન્ટમાં માત્ર ૨૭ જાગીરદારો હાજર હતા. આમાંના થોડાક પોતીકા લશ્કરને બળે

બળવાન હતા, પણ તેમના દિવસ આવી રહ્યા હતા. બંદુકનો દારૂ (Gunpowder) ઉપયોગમાં આવવાથી રાજાનું બળ વધ્યું, કારણકે તોપખાનું ને દારૂખાનું તેના કબજામાં રહેતું, અને તોપ થોડી હોય તો પણ ઉમરાવોના તિરંદાજ તથા ભાલાવાળાઓને સપાટામાં વિખેરી નાંખે અને તેમના મજબુત કિલ્લા ઝટ તોડી પાડે.

દરમિઆન મધ્યમ વર્ગની સંપત્તિની સાથે તેમનું મહત્ત્વ પણ વધતું હતું. આ વર્ગમાંના ધનિક તથા ઉપયોગી પુરૂષોને સરકારી હોદ્દા મળતા; તેઓ અસલના મીજાજી જાગીરદારો કરતાં રાજા તરફ વધુ નમ્ર રહેતા અને યુદ્ધ કરતાં શાન્તિ તથા વેપારવૃદ્ધિ વધુ ઇચ્છતા. આથી મધ્યયુગ અને વર્તમાન યુગ વચ્ચે એક મૂળ ફરક એ છે કે જુના જાગીરદારોને યુદ્ધ, મધ્યયુગ અને વર્ગ ક્ષત્રીત્વ બહુ પ્રિય હતાં, અને નવા ધનિક અમીરોને અંગતસ્વાતંત્ર્ય, વેપાર, જ્ઞાન, કળાવિજ્ઞાન આદિ વધુ પસંદ હતાં. હેન્રીના રાજ્યથી અર્વાચીન યુગ શરૂ થાય છે, ને આ નવા યુગના ચણતર કાર્ય માટે નવો રાજા ઘણી રીતે લાયક હતો.

ટ્યુડરોનો કડક અમલ.



પ્રકરણ ૧૩ મું.

૭ મો હેન્રી. ૧૪૮૫-૧૫૦૯.

ગયા પ્રકરણમાં વર્ણવ્યા પ્રમાણે ૭ માં હેન્રીના રાજ્યથી નવો યુગ અંગ્રેજી ઇતિહાસમાં મંડાય છે. રાજ્યાભિષેક થયા બાદ તે પોતાથી વિરૂદ્ધ યોર્કપક્ષની કન્યા સાથે પરણ્યો ને તેથી બન્ને પક્ષને વચ્ચે સંપ થયો. તેનું શરીર એકવડું, ચ્હેરો તેજસ્વી, તથા આંખ ભૂરી હતી. એની માના પૂર્વજો શાણા તથા વિખ્યાત રાજપુરૂષો હતા ને તેમની બુદ્ધિ, હોશિયારી, રાજવિચક્ષણતા આદિ ગુણો હેન્રીમાં ઉતર્યા હતા. એની મુખ્ય મુરાદ રાજ્યમાં શાંતિ ફેલાવી, તીજોરી વધારી બાદશાહી મજબુત બનાવવાની હતી. પાર્લામેન્ટે હેન્રી તથા એના વંશજોને રાજગાદી બક્ષી. એનો બાપ વેલ્સનો વતની હોવાથી વેલ્સ લોકો પણ આ ગોઠવણથી સંતુષ્ટ થયા.

૭ મા હેન્રીનાં લક્ષણ.

યોર્કપક્ષ હેન્રીના લગ્નથી કંઇક શાંત થએલો; પણ તેમના પુરાણા વેરભાવે ફરી દેખા દીધી. તેમણે એક પાંખડી પુરૂષને ગાદીના વારસ તરીકે ઉભો કર્યો; ને તેનો આયર્લેન્ડના વેરીકમાં અર્લ તરીકે રાજ્યાભિષેક કર્યો. હેન્રીએ લોકોનો ગભરાટ દૂર કરવા ખરા વોરીકને લંડન શહેરમાં ફેરવ્યો; ને લશ્કર મોકલી પેલા પાખંડીને હરાવ્યો. એની તપાસ કરતાં માલમ પડયું કે એ લેમ્બર્ટ સીમનલ નામનો કોઇ સુથારનો છોકરો હતો. રાજાએ એને પોતાના રસોડામાં નોકર બનાવ્યો.

લેમ્બર્ટ સીમનલ.

આ બળવાથી રાજાનું ધ્યાન આયર્લેન્ડ તરફ ખેંચાયું. તેને એમ થયું કે આયર્લેન્ડની લગામ પોતાના હાથમાં બરાબર હોય તો

ત્યાં તોફાનમસ્તી થવા પામે નહિ. આ હેતુથી એક કાબેલ સરદારને આયર્લેન્ડ મોકલ્યો; તેણે આયર્લેન્ડના બંડખોરોને હરાવી અંગ્રેજી થાણાં તથા અદાલતો બેસાડી. તથા વહીવટની બીજી વ્યવસ્થા પણ કરી. બંડખોર આગેવાનને ઇંગ્લેંડ મોકલ્યો ને તેણે હેન્રીને વફાદારી વિષે વચન આપ્યું ત્યારે તેને આયર્લેન્ડ પાછો આવવા દીધો.

સ્ટાર ચેમ્બર.

પછી રાજાની આપખુદીનો વિરોધ કરી શકે એવા ઉમરાવો માટે હેન્રીએ એક ખાસ અદાલત (સ્ટાર ચેમ્બર કોર્ટ) બનાવી, માં પોતાના વિશ્વાસુ પ્રધાનોને ન્યાયાધીશ બનાવ્યા. સામાન્ય ન્યાયાધીશો ઉમરાવોને સજા કરતાં ગભરાતા. આવી અદાલત મારફત રાજા પોતાની મરજી મુજબનો ન્યાય અપાવતો. ભવિષ્યમાં આ પદ્ધતિથી ઘણું નુકસાન નીપજ્યું; પણ હાલ તુરત તો બળવાખોરો તથા બળવાન ઉમરાવોને ઠેકાણે લાવી સુલેહશાંતિ પ્રસારવામાં બહુ ઉપયોગી થઈ પડી. અત્યાર સુધી પોતાની જાગીરમાં વસતા માણસોનું રક્ષણ કરવા બદલ ઉમરાવો તેમની પાસે કામ પ્રસંગે ફરજીઆત લશ્કરી નોકરી લેતા. આવા સમૂહ બળથી તેઓ સામાન્ય રૈયતને ત્રાસ આપતા, ન્યાયાધીશોને ડરાવતા, ને શરીફની ચુંટણી વેળા પોતાના આદમીને જ ચુંટાવતા. હેન્રીએ આ ખાનગી લશ્કરનો રિવાજ બંધ કર્યો.

પર્કીન વોર્બેક.

દરમિઆન એક બીજું કાવત્રું થયું. પર્કીન વાર્બેક નામના જવાને જાહેર કર્યું કે હું યોર્કનો ડયુક છું. આ ધતીંગ એટલે સુધી ચાલ્યું કે એનાથી ફ્રાન્સ તથા સ્કોટલેન્ડના રાજા છેતરાયા. તેમણે એને માન મદદ આપ્યાં; એટલે લશ્કર લઇ તે ઇંગ્લંડ પર ચઢી આવ્યો, પણ ફતેહ નહિ મળવાથી તે આયર્લેન્ડ તરફ ભાગ્યો. ફરી લશ્કર લઈ તે ઇંગ્લેંડ આવ્યો, પણ રાજાનું લશ્કર જોઇ નાહિમ્મત થઇ

ન્હાસતો હતો, ત્યાં રસ્તામાં તેને કેદ પકડી લંડનના ટાવરગઢમાં પૂરવામાં આવ્યો.

હેન્રીનો જુલમ.

આવાં કાવત્રાંથી રાજાને કાંઇક દુઃખ થતું પણ સામાન્ય પ્રજા પર એની અસર બહુ થોડી થતી. કારણકે તે વખતે બીજા ગંભીર બનાવ બની રહ્યા હતા. રાજા મંત્રીઓની મદદથી તીજોરી ધમધોકાર ભર્યે જતો હતો. ઉમરાવોનો નકકી કર્યા કરતાં વધુ નોકરો રાખવા માટે દંડ થતો. આ કારણસર એક ઉમરાવનો ૧૫૦૦૦ પાઉન્ડ જેટલો ભારે દંડ થએલો. આગલા વખતના લ્હેણાં ગણી વસુલ લેવાયાં. ઘણા જાગીરદારોની જાગીર અનેક બ્હાને જપ્ત કરવામાં આવી. નજરાણાંનો રિવાજ ફરી શરૂ થયો. આ રીતે રાજાને બે લાભ થયા—૧. ઉમરાવોનું બળ છેક કમી થઈ ગયું, ને ૨. રાજતીજોરી રેલંછેલ થઇ ગઇ. આવી અને બીજી ઘણી રીતે તેણે દ્રવ્ય ભેગું કીધું, ને લડાઇ આદિનો ખર્ચ નહિ જેવો હોવાથી મરતી વેળા પોતાના દીકરાને ૨૦ લાખ પાઉન્ડ રોકડનો વારસો સોંપતો ગયો. આ અનિષ્ટ ધન ભેગું કરવામાં રોકાએલા એમ્પસન ને ડડલી નામના પુરૂષો પ્રજાના ઘણા અકારા થયા. આમ બારોબાર પૈસા મળતા હોવાથી હેન્રીને પાર્લમેન્ટની ગરજ રહી નહિ.

રાજલગ્ન.

તેની બીજી ઉમેદ પરરાજ્યો સાથે અવિગ્રહનીતિ રાખવાની હતી; આ બાબતમાં તેની ચતુરાઇ દેખાઇ આવે છે. આ સમયના યુરોપમાં બળવાન રાજ્ય જોઇએ તો ફ્રાન્સ ને સ્પેઇન હતાં ઈંગ્લેંડના પાડોશી સ્કોટલેન્ડને ફ્રાન્સ મદદ આપવા હંમેશ તત્પર હોવાથી હેન્રીને ફ્રાન્સના દુશ્મન સાથે મત્રી બાંધવાની જરૂર હતી; અને મૈત્રી કરવા સ્પેઇન તૈયાર જ હતું. તે સમયમાં વિવાહસંબંધ રાજકીય મિત્રાચારીનું ઉત્તમ સાધન ગણાતું; એટલે સ્પેઇનની રાજકુંવરી કેથે-

રીન અને હેન્રીના પાટવી કુંવર આર્થરનો વિવાહ કરવાનું નક્કી કર્યું. આ કાર્યથી ફ્રાન્સ કદાચ ઉશ્કેરાય અને સ્કોટલેન્ડને ઉશ્કેરે તે માટે હેન્રીએ સ્કોટલેન્ડ સાથે પહેલેથી જ વિષ્ટિ ચલાવી, પોતાની દીકરી માર્ગરેટ સ્કોટલેન્ડના રાજા ચોથા જેમ્સ વેરે પરણાવી. આ રીતે સાખ પડોશી સાથે તેણે જાથુકનો સંબંધ બાંધ્યો.

નસીબના જોગે લગ્ન પછી ત્રણ મહિનામાં આર્થર ગુજરી ગયો. હવે કેથેરીનનું શું કરવું? આ પ્રશ્ન ઉભો થયો. સ્પેઇનનો રાજા તથા હેન્રી બન્ને આ ગાંઠ તોડવા નારાજ હોવાથી એમ નક્કી થયું કે હેન્રીના બીજા છોકરા સાથે (આગળ ઉપર ૮ મો હેન્રી) કેથેરીનનું લગ્ન કરવું. આ બાબતમાં પોપની મંજુરી મેળવી અંગ્રેજ રાજકુમારને કેથેરીન (વરથી ૬ વર્ષે મોટી) સાથે પરણાવ્યો. આવાં કુદરત વિરૂદ્ધના લગ્નથી કેવાં માઠાં પરિણામ નીપજ્યાં તે હવે પછી આપણા જોવામાં આવશે.

કોલમ્બસ આદિની શોધ.

લગ્નગાંઠથી યુરોપી રાજાઓ આ પ્રમાણે પોતાની સત્તા દૃઢ કરી રહ્યા હતા તે વેળા સામાન્ય પ્રજા પોતાનું કાર્ય ગુપચુપ કરી રહી હતી. કેટલાક સાહસિક પુરૂષો સાગરમહાસાગર ખેડી પૂર્વ તરફ જવાના નવા સ્હેલા માર્ગ શોધવા નીકળી પડ્યા હતા. કોલમ્બસ આવાજ હેતુથી નીકળ્યો હતો. તેણે હિંદને બદલે કેટલાક ટાપુ (વેસ્ટ ઇંડીઝ) તથા એક ખંડ (અમેરીકા) શોધી કાઢ્યો; વાસ્કો ડિ ગામાએ આફ્રિકાની દક્ષિણમાં થઇ હિંદ જવાનો માર્ગ શોધી કાઢ્યો. સીબાસ્ટીઅન કેબટ અમેરીકાના છેક ઉત્તરના ભાગમાં પહોંચ્યો. હોકાયંત્રની શોધ થવાથી દરીઆઈ મુસાફરી પહેલાં કરતાં ઓછી કઠણ થઇ. આ તમામ શોધોને પરિણામે આખા યુરોપમાં અજબ વાનો ચાલવા લાગી. નવી ભૂમિ, નવાં ફલફુલ વૃક્ષો, નવાં જાનવરો, સોના ચાંદીના ઢગલા, આદિની અર્ધ સત્ય અ-

ર્ગ ગપ જેવી વાત સાંભળી યુરોપના ચંચળ જુવાનો સાહસિક બ-ન્યા તથા સૌને નવી દુનિયામાં જઇ લખપતિ થવાની ઇચ્છા થવા લાગી.

નવી વિદ્યા વળી ઇટલીથી નવી વિદ્યા પણ ઇંગ્લેંડમાં આવી હતી. તુર્ક લોકોએ કાન્સ્ટાંટીનોપલ કબજે કર્યાથી ત્યાંના ઘણા ગ્રીક લોકો ઇટલીમાં ન્હાસી આવ્યા. આ લોકો પાસે ગ્રીક સાહિત્ય હતું તે વડે તથા મુદ્રણ કળાની શોધથી મળેલી સવડને લીધે ગ્રીક બાઇબલ તથા તત્ત્વજ્ઞાનનો ફેલાવો થયો. યુનિવર્સિટિઓમાં નવું ચેતન પ્રગટયું. ઉંચ વર્ગમાં વાંચતા લખવાની હવે નવાઇ રહી નહિ. પ્રજા સ્વતંત્ર વિચાર કરતી થઇ. સત્યની શોધ થવા લાગી.

" જુનું એટલું સુન્નું " એ વિચારનો નાશ થતો ગયો.

યુદ્ધકળામાં તોપના ઉપયોગ ચાલુ થયાથી યુદ્ધનીતિમાં મોટા ફેરફાર થયા પહેલાં જે હયદળની કીમત હતી તે હવે ઘટી ગઇ; ને પાયદળની કીમત વધી ને શોર્યભક્તિ ઓછી થતી ગઇ.

૧૫૦૯માં ૭ મો હેન્રી ૩ છોકરાં મેલી મરણ પામ્યો; ૧ માર્ગારેટ, સ્કૅાટલેન્ડના રાજા જેઇમ્સ વેરે પરણેલી; ૨. મેરી ફ્રાન્સના રાજાને પરણેલી; ૩ હેન્રી.

પ્રકરણ ૩ જું.

ધર્મસુધારણા.

૮ મો હેન્રી ૧૫૦૯–૧૫૪૭.

પોતાના બાપના મોત પછી તેનો ભર જુવાન તથા રાંકડો, પુત્ર ગા-

ટીએ આવ્યા. તે ખુશમિજાજી, ઉદાર, તથા બોલવામાં રમુજી હતો. તેણે સારી વિદ્યા પ્રાપ્ત કરી હતી. તે સંગીતમાં ઉસ્તાદ, ઘોડેસ્વાર તરીકે પહેલો નંબર ને કુસ્તીમાં કાબેલ હતો. ધાર્યું કરનારો તથા અભિમાની છતાં ચતુર હોવાથી તેને લોકપ્રિય થવાની હોંસ હતી. રાક્ષસી સ્વાર્થીપણું એ તેનો મુખ્ય દોષ હતો. પોતાની ઇચ્છા પાર પાડવા તથા કીર્તિ જાળવવા તે પોતાના વફાદાર વિશ્વાસુ પુરૂષોનો પણ ભોગ આપવા ચુકતો નહિ, સ્વાર્થપ્રેમની રીત જ એવી છે ઉમ્મર વધે તેમ આદમી વધુ સ્વાર્થી બને. આ ન્યાયનુસાર તે જીંદગીના ઉત્તર ભાગમાં મમતીલો, મીજાજી, આપખુદી, તથા પશુવૃત્તિવાળો બનતો ગયો.

માજી રાજ્યમાં રાજાને અન્યાયે દ્રવ્ય ભેગું કરી આપનારા જુલ્મી એમ્પસન ને ડડલીને પકડી દેહાંત સજા કરવામાં આવી; આ કાર્યથી રૈયત રાજી રાજી થઈ ગઇ. બાદ હેન્રીએ નૌકાબળ વધારવાની તજવીજ કરવા માંડી. શરૂઆતમાં તેની પાસે એકજ મનવાર હતી; પણ પોતાની કારકીર્દિ દરમિઆન એક પછી એક વહાણ બાંધી તેણે ઇગ્લેંડની નૌકા વધારી દીધી. નૌકા ઓફીસની સ્થાપના થઇ, તથા ટ્રિનિટિ હાઉસની સંસ્થા પણ આ સમયમાં સ્થપાઇ. આ સંસ્થાએ દિવાદાંડી બાંધવાનું, જળ-વાહનના કાયદા ઘડવાનું, ને ભયચિહ્ન જગ્યાએ દરિયામાં 'સિગનલ' ઉભા કરવાનું આદિ ઘણાં સારાં કામ કર્યાં છે. ઉપરાંત હેન્રીએ ત્રણ ચાર બંદરોમાં ડક્કા બંધાવ્યા. આ સર્વ વિગત લક્ષમાં રાખીએ તો ૮ મા હેન્રીને અર્વાચીન અંગ્રેજી નૌકાનો સ્થાપક શા માટે કહે છે તે આપણે સમજી શકીએ.

નૌકાની સ્થાપના.

સ્પેઇન તથા જર્મનીએ પોપને મદદ કરવા એકો કર્યો હતો, તેમાં હેન્રી ઉછાંછળો થઇ દાખલ થયો. આથી ફ્રાન્સના યુદ્ધમાં રોકાએલો હતો તે લાગ જોઈ સ્કોટલેન્ડનો રાજા ઇગ્લેંડ પર ચઢી આવ્યો. આ વાતની ખબર પડતાં એક અંગ્રેજ લશ્કર તેની સામું ગયું, તથા

ફ્લોડનની લડાઈ.

ફ્લોડનની નામાંકિત લડાઇમાં સ્કોચ લોકો હાર્યા. આ લડાઇમાં જેઇમ્સ રાજા માર્યો ગયો એટલે તેની પત્ની માર્ગારેટ (હેન્રીની બ્હેન) પોતાના બે વર્ષના બાળકના નામથી રાજકારભાર કરવા લાગી. સ્કોચ ઉમરાવો માંહેમાંહે લડવામાં ઘણાં વર્ષ રોકાયા, એટલે ઇંગ્લેંડને એ તરફની નિરાંત થઇ. ૨૭ વર્ષ પછી સ્કોટલેન્ડનો મોટો થએલો બાળરાજા પાંચમો જેઇમ્સ ઇંગ્લેંડ પર લશ્કર લઇ ચઢી આવ્યો પણ તે નિષ્ફળ નીવડયો અને સંતાપમાં ને સંતાપમાં મરી ગયો. તેને એક નાની છોકરી હતી જે પાછળથી 'સ્કોચ રાણી મેરી' એ નામથી પ્રખ્યાત થઇ.

વુલ્સીનો કારભાર ૧૫૧૫–૧૫૨૯.

૮ મા હેન્રીનો સમય નાટકરૂપ છે. એક વેળા આ સ્ત્રી તો બીજી વખતે પેલો, એ પ્રમાણે અનેક સ્ત્રીપુરૂષોની રાજા સાથે પ્રીતિઅપ્રીતિ થતી.

વુલ્સી નામનો એક ધનિક પુરૂષનો છોકરો પ્રથમ હેન્રીનો ધર્મશિક્ષક હતો. તેણે ફ્રાન્સમાં હેન્રીની અનુપમ સેવા બજાવેલી તેથી ઇંગ્લેંડ આવીને રાજાએ તેને યોર્કનો આર્ક બીશપ તથા ચાન્સેલર બનાવ્યો; પોપે તેને પોતાનો વકીલ નીમ્યો. આમ વુલ્સીની સત્તા બહુ વધી ગઇ. ચાન્સેલર તરીકે રાજ્યમાં તે પ્રથમ અમલદાર, ને પોપના વકીલ તરીકે ધર્મમાં પ્રથમ અધિકારી થયો. પોતે સમર્થ વિદ્વાન હોવાથી વિદ્યાને ઉત્તેજન આપતો. 'ક્રાઇસ્ટ ચર્ચ કોલેજ' નામની સસ્થા તેણે સ્થાપી. વળી પરરાજ્યનીતિમાં પારંગત હતો. એને બે મુખ્ય ઝંખના હતી ૧. રાજસત્તા સબળ બનાવવાની, ને ૨. પોતાની કીર્તિ તથા દ્રવ્ય વધારવાની. તીજોરી ભરવા તેણે માજી રાજાના જેવા ઉપાયો લીધા. તે અદાલત મારફત લોકો પાસે બને તેટલો દંડ કઢાવતો, નજરાણાં ઉઘરાવતો, ને દબાણથી શાહુકાર પાસે લોન ભરાવતો. આવી અનેક રીતે રાજદ્રવ્ય ભેગું થતું એટલે હેન્રા તેને મોટી મોટી બક્ષિસો

આપતો. આથી વુલ્સીનો ખાનગી ખજાનો પણ ઠીક ભરાયો. હેમ્પ-ટન કોર્ટ તથા યોર્ક હાઉસ જેવા ભવ્ય મહેલ તે પોતાના વૈભવ માટે બંધાવી શક્યો.

ઇંગ્લૅંડ સિવાય બીજે સ્થળેથી પણ વુલ્સીને ત્યાં ટંકશાળ પડતી હતી. આ સમયે મહારાજા ચાર્લ્સ (સ્પેઇન, જર્મની, ને ઓસ્ટ્રીઆનો રાજા) યુરોપમાં સૌથી સમર્થ ગણાતો હતો.

યુરોપી રાજખટપટ. આ ચાર્લ્સ કેથેરીન રાણીનો ભત્રીજો થતો હતો. ચાર્લ્સ તથા ફ્રાન્સનો રાજા બન્ને ઇંગ્લૅંડની મદદ મેળવવા આતુર હતા. વુલ્સી બન્ને પાસેથી નાણાં લઇ તેમને એક બીજા વિરૂદ્ધ ફગાવતો. ચાર્લ્સ હેન્રીને મળવા ઇંગ્લૅંડ આવ્યો; થોડા મહીના પછી ફ્રાન્સનું આમંત્રણ આવ્યાથી હેન્રી ફ્રાન્સ ગયો; ત્યાં એના માન ખાતર જલસા ઉજાણી આદિની એટલી ભારે તથા ભભકાબંધ ગોઠવણ થએલી કે જે મેદાન પર આ બધો ઠાઠ જમાવેલો તેનું નામ "કીનખાબનું મેદાન" પડયું. આવા ભોગો ફ્રાન્સને ખર્ચે ભોગવી ઘર તરફ પાછાં વળતાં હેન્રી ફ્રાન્સના દુસ્મન ચાર્લ્સને મળતાં ખંચાયો નહિ; ને બે વર્ષ પછી તેને ફ્રાન્સ સાથે લડવામાં પણ મદદ કીધી. સાધારણ માણસ આવાં કાર્ય કરે તો તે વિશ્વાસઘાત કહેવાય; પણ રાજપુરૂષો આવાં કાર્ય કરે તો તે હોશિયારી ગણાય. રાજનીતિમાં સરળ નીતિ કરતાં કુટીલ નીતિ વધુ ઉપયોગી મનાય છે.

હેન્રીની આ સઘળી ખટપટનું રહસ્ય એ છે જે તેનો ઇરાદો બન્નેને સમતોલ રાખવાનો હતો; ને વુલ્સીની ઇચ્છા પોપ થવાની હોવાથી જે રાજા તેને આ કાર્યમાં વધુ મદદ આપે તેનો પક્ષ તે ખેંચતો. ચાર્લ્સે વુલ્સીને પોપ બનાવવા વિષે વચન આપ્યું હતું, પરંતુ બે પ્રસંગ ગયા છતાં તેનું કાંઇ વળ્યું નહિ ત્યારે તેને ચાર્લ્સના વચન પર વિશ્વાસ રહ્યો નહિ, ને તેથી તે સામા પક્ષમાં ભળ્યો. પણ સ્પેઇન વિરૂદ્ધ ફ્રાન્સ સાથે મિત્રાચારી થાય તે અંગ્રેજ પ્રજાને પસંદ વાત ન

હતી, કારણ કે તેથી સ્પેઇનની નેધરલેન્ડની પ્રજા સાથે ચાલતો ઉનનો વેપાર ધાસ્તીમાં આવી પડે. હેન્રીએ આ મિત્રાચારીનો દોષ વુલ્સી પર ઢોળાવા દીધો; વળી કર પણ વધી ગએલા હોવાથી વુલ્સી સાહેબનું માન લોકોમાંથી ઉતરવા લાગ્યું.

છૂટાછેડા માટે પ્રયાસ.

આગળ આપણે વાંચી ગયા કે હેન્રીએ પોતાની ભાભી કેથેરીન સાથે પુનર્લગ્ન કર્યું હતું. આ લગ્નને આજે અઢાર વર્ષ વીતી ગયાં; તેમને કેટલાંક બાળક પણ થયાં જેમાંનું માત્ર એક (કુંવરી મેરી) હયાત હતું. આ સમયે રાણીના દરબારમાં એક ખુબસુરત આન બોલીન નામની બાઇ જતી આવતી, તેના સૌંદર્ય પર રાજાને મોહ થયો. હવે ખ્રિસ્તી ધર્મ પ્રમાણે એક ઉપર બીજી સ્ત્રી લવાય નહિ. આ મુસ્કેલી દૂર કરવા લંપટ હેન્રીએ ભલી કેથેરીન સાથે છૂટાછેડા મેળવવા ખટપટ કરવા માંડી. પોપને કહાવ્યું કે કેથેરીન ધર્મરિવાજ મુજબ મારી ખરી સ્ત્રી નથી, ને તેથી તમારે અમારા છૂટાછેડા કરી આપવા જોઇએ. તે એમ માનતો હતો કે પોપ આ વાત કબુલ રાખશે કારણ કે ૫ વર્ષ પર તેણે સુધારક લ્યુથર વિરૂદ્ધ એક પુસ્તક લખેલું, જેને માટે પોપે તેને "ધર્મરક્ષક" નો ઇલ્કાબ આપેલો; પણ પોપને બીજી બાજુ હોળી સળગે એવું હતું. જો છૂટાછેડા મંજુર કરે તો કેથેરીનનો ભત્રીજો મહારાજા ચાર્લ્સ ગુસ્સે થાય તથા કાંઇનું કાંઇક કરી બેસે; જો ન મંજુર કરે તો હેન્રી ગુસ્સે થાય એટલે પોપની સ્થિતિ સુડી વચ્ચેની સોપારી જેવી થઇ. બલા બરોબર દૂર કરવા પોતાના એક ખાસ અધિકારીને કેથેરીનને સાધ્વીસંઘમાં જોડાવા સમજાવવા મોકલ્યો, પણ કેથેરીન એકની બે થઇ નહિ. એટલે પોપે હેન્રીને આ સવાલનું નિરાકરણ કરવા રોમ બોલાવ્યો.

આ બાજુ વુલ્સી રાજાને ખુશ કરવા તૈયાર હતો છતાં આન બોલીન સાથેના લગ્નમાં તેને ડહાપણ દીસતું નહોતું. આનને આ

વુલ્સીનો અધઃપાત. વાતની ખબર પડતાં તેણે વુલ્સી વિરૂદ્ધ રાજાના કાન ભંભેરવા માંડયા. ચતુર વુલ્સી ચેતી ગયો કે પોતાની સ્થિતિ જોખમમાં છે, એટલે તેણે પોતાના સુંદર મહેલ રાજાને વહેલાવહેલા આપી દીધા, તથા પ્રધાનપદનું રાજીનામું આપી પોતાની અસલ જગ્યાએ (યોર્કના આર્ક બીશપ) જવા ઇચ્છા દર્શાવી; પણ ત્યાં તેનું માન વિશેષ હોવાથી રાજાને તેની બેવડી અદેખાઇ થઇ, ને એક વર્ષ પછી ઘોર રાજદ્રોહના આરોપ માટે વુલ્સીને પકડવામાં આવ્યો. આ વેળા તેની ઉમ્મર ૫૯ વર્ષની હતી, છતાં કામના બોજાથી તેનું શરીર ઘસાઇ ગએલું હોવાથી તે માંદોસાજો ચાલતો. થોડા વખતમાં આ મહાપુરૂષ મરણ પામ્યો. " જેટલી ઉલટથી મેં મારા રાજાની નોકરી બજાવી તેટલીજ ઉલટથી મેં પરમાત્માની સેવા કરી હોત તો તે વૃદ્ધાવસ્થામાં મારો આમ ત્યાગ ન કરત. "–આ વુલ્સીના છેવટના શબ્દ કહેવતરૂપ થઇ ગયા છે. વુલ્સીનું જીવન ઇતિહાસના રસિકોને બોધક છે. સામાન્ય તુચ્છ પુરૂષ રાજસત્તાની પરિસીમાએ કેવી રીતે પહોંચે છે, તથા તેનું અધઃપતન કેવા નજીવા કારણને લીધે થાય છે તે વુલ્સીનું જીવન દર્શાવે છે. વળી તેમાંથી આપણી ગુજરાતી કહેવત ' રાજા, વાજાં, ને વાંદરાં, તેનો ભરોસો શો ? ' માં કેટલું સત્ય છે તેપણ આપણે જોઇ શકીએ છીએ.

વુલ્સીની જગ્યા સર થોમસ મૂરને મળી. આ માણસ વિદ્વાન, ન્યાયી તથા ભલો હતો પણ રાજાની મરજી વિરૂદ્ધ તે ઝાઝું કરી શકે એમ નહતું. છેલ્લાં ૬ વર્ષથી પાર્લમેન્ટ બોલાવાઇ નહતી કારણ કે છેલ્લી પાર્લમેન્ટે રાજાની ઇચ્છા મુજબ દ્રવ્ય આપવા ના પાડી હતી. હવે ૧૫૨૯ માં તેણે પાર્લમેન્ટ બોલાવી, જે ૭ વર્ષ સુધી ટકી, કેમકે તેના સભ્યો રાજાની જીહુકમી પ્રમાણે કામ કરવા તૈયાર હતા. આ ૭ વર્ષ દરમ્યાન કેટલાક સારા ફેરફાર થયા.

હવે કેથેરીનના છૂટાછેડાને કારણે હેન્રી પોપથી સ્વતંત્ર થવા ચાહતો હતો; અને આ કાંટો દૂર કરે એવો ચાલાક પ્રપંચી પ્રધાન, ટોમસ ક્રોમ્વેલ, તેને મળી આવ્યો. આ પુરૂષ વુલ્સીનો સાગ્રીત હતો. તેણે એક જુનો પુરાણો ધારો શોધી કાઢયો જે મુજબ રાજા યા પ્રજાની બાબતમાં જે લોક પોપની સત્તાનું દખલ લાવે તેને ગુન્હેગાર ગણી કેદની તેમજ માલમિલ્કત જપ્ત કરવાની સજા થઇ શકે, એમ હતું. પોપના એલચી થવાથી ખુદ વુલ્સીએ આ કાયદાનો ભંગ કર્યો કહેવાય; વળી રાજાએ તે ચાલવા પણ દીધેલું; પરંતુ અત્યારે વુલ્સીના મોત પછી તેના પર તથા બીજા પાદરીઓ પર આવો આરોપ મુકાયો, એટલે તેમણે માફી માગી તથા રાજાને " ધર્મના રક્ષક તથા સર્વોપરી અધિકારી " એ નામથી સંબોધ્યો. બાલ પાર્લમેન્ટે કાયદા ઘડી પોપનો પગ ઇંગ્લેંડમાંથી સમૂળગો કાઢયો. પોપને અપીલ કરવાની મના થઇ; પાદરીઓ અત્યાર સુધી તેને વરસોંદ આપતા તે બંધ કરી. વળી ધાર્મિક સર્વોપરીપણાના કાયદાથી રાજા ધર્મની બાબતમાં સર્વોપરી થયો. આ કાયદાની રૂએ આજદિન સુધી બધા ધાર્મિક સવાલનો ફેંસલ રાજા પાર્લમેન્ટની મદદથી કરે છે. આવી રીતે પોપની સત્તાનો ઇંગ્લેંડમાં અંત આવ્યો.

થોમસ ક્રોમ્વેલનો કારભાર.

દરમ્યાન ક્રેન્મર નામનો માણસ કેન્ટરબરીનો આર્કબીશપ નીમાયો. થોડા અધિકારીની મદદ લઇ તેણે કેથેરીન-હેન્રીનું લગ્ન રદ જાહેર કર્યું. ૧૫૩૩ માં આન બોલીન સાથે લગ્ન થયું. મુદત જતાં નવી રાણીને ઇલીઝાબેથ નામની પુત્રી જન્મી.

હેન્રીનું બીજું લગ્ન.

હવે હેન્રીને બધી બાજુનું સુખ થઇ ગયું. વુલ્સીનો અંકુશ દૂર થયો, ધર્મ બાબતમાં સર્વોપરી સત્તા મળી, રાજ્યની બાબતમાં પણ સર્વોપરી થવાયું, એટલે પોતાની મરજીમુજબ, ક્રોમ્વેલની સલાહ લઇ

શ્રમ કરવા લાગ્યો. ક્રોમ્વેલ સખત પ્રકૃતિનો આદમી હતો તથા તેનો ખાસ ઉદ્દેશ રાજાની સત્તા જેમ બને તેમ વધારવાનો હતો. તેના જાસુસ આખા દેશમાં ફરતા, ને જે કોઇ વિઘ્નરૂપ માલમ પડતા તેનો તે ભુક્કો કાઢી નાંખતો. પણ વુલ્સીને ક્રોમ્વેલ વચ્ચે ફેર એટલો કે વુલ્સી પોતાનું તળીઉં પહેલું ટાઢું કરતો; ને ક્રોમ્વેલ માત્ર રાજકારભારમાંજ મચી રહેતો. એના અમલમાંજ વેલ્સને ઇંગ્લેંડ સાથે સંપૂર્ણ એક્તા થઇ. વેલ્સને અંગ્રેજી કાયદા તથા સ્વાતંત્ર્ય મળ્યાં. પણ એણે એક ખરાબ ધારો રચ્યો જેથી ઘોર રાજદ્રોહીનો બચાવ અદાલત સાંભળી શકે નહિ, પરમાત્માની અજબ લીલા એવી છે કે આ કાયદાનો પહેલો ભોગ ક્રોમ્વેલજ થયો.

હેન્રીના નવા લગ્ન થતાંની સાથે બે કાયદા કરવામાં આવ્યા જે મુજબ—૧. કુંવરી મેરીને બેહકદાર ઠેરવી આન બોલીનના છોકરાંને ગાદીવારસ નક્કી કર્યો; ૨. ધાર્મિક બાબતમાં રાજાનું સર્વોપરીપણું ના કબુલ કરનારને રાજદ્રોહી ગણ્યા. હરકોઇ ને આ કાયદા જાહેરમાં સ્વીકારવા પડે તેથી સત્યનિષ્ઠ પુરૂષોને સ્હેવું પડયું. હેન્રીનો ઉત્તમ મિત્ર તથા સલાહકાર સર થોમસ મૂર સરળ હૃદયનો, પ્રામાણિક, ચારિત્રવાન પુરૂષ હતો; તેના પર રાજાનું પુષ્કળ દબાણ થતાં તેણે જાહેર કીધું કે મને છુટા છેડાની વાત, તથા જે રીતે તે કરવામાં આવ્યા છે તે રીત પસંદ નથી. આ પ્રમાણે નિખાલસપણે પોતાના અંતરાત્માનો અવાજ સંભળાવવા માટે મૂરનો તથા ફીશર નામના પાદરીનો શિરચ્છેદ કરવામાં આવ્યો. મૂરની પ્રકૃતિ આનંદી હતી ને મરતી વેળા પણ તે હસતે ચ્હેરે મરણ પામ્યો.

પ્રજાની હાલત. હરેક વાત અસ્થિર હોવાને લીધે ઇંગ્લેંડ દેશ માટે આ દુઃખમય સમય હતો. કેટલીક વખત થયાં ગરીબો પર અનેક સંકટો પડતાં હતાં. અસલના જાગીરદારોની જમીન જેમના કબજામાં આવેલી

તેમને ખેતી કરતાં ઘેટાં ઉછેરવાનો ધંધો વધુ લાભદાયક લાગ્યો, એટલે તેઓ ઘણીખરી જમીનમાં ઘેટાં માટે ઘાસ ઉગવા દેતા. તેથી ખેતીમાં જે મજુર રોકાતા તેમની મજુરી ગઇ. ઘણા ગણોતીઆ તથા મજુરોને આ કારણે ઘર બ્હાર કાઢવામાં આવ્યા; વળી ગોચરણ જેવી જગ્યાને (જ્યાં તમામ લોકો પોતાના ઢોર ચરાવી શકે) પણ વાડ કરી લેવામાં આવી. આ ઉપરાંત અસલના ઉમરાવોના નોકરચાકર પણ નોકરી વિનાના થઇ ગયા. આવાં અનેક કારણોને પારણામે દેશમાં ભીખારી, રખડી ખાનારા, ચોર, ખુની, લુટારા ધાડપાડુ આદિ વધી પડયા.

ધર્મસુધારણા. ધાર્મિક બાબતમાં પણ સ્થિતિ કાંઇ ઉજળી નહતી. જુની ગાંઠ તુટી ગઇ ને નવી ગાંઠ હજુ બંધાઇ નહતી. જર્મની ને સ્વીટ્ઝર્લેન્ડમાં લુથર ને ઝવીંગલી, પોપ તથા પાદરી સામે વિરોધ ઉઠાવી રહ્યા હતા, ને જાહેર કરતા કે આવા સ્વાર્થી લોકોના નકલી ઉપદેશ સાંભળવા કરતાં બાઇબલના અસલ ઉપદેશ સર્વમાન્ય થવા જોઇએ. આ નવી પ્રવૃત્તિના ચેલાઓને પ્રોટેસ્ટન્ટ (વિરોધી) નામ અપાયું. ઇંગ્લેંડના લોકોને આ બધી વાતની સ્હેજસાજ અસર થવા પામી હતી. હેન્રી કાંઇ આ ધર્મ–સુધારણાની તરફેણમાં નહતો; ઇંગ્લેંડમાં તે દાખલ કરવાનું એને મન પણ નહતું; તેણે લ્યુથર વિરૂદ્ધના વિચાર ક્યારનાએ પ્રસિદ્ધ કર્યા હતા; પરંતુ તેણે પોપની સત્તા રદ કરેલી હોવાથી, સુધારણાની હિલચાલ ઇંગ્લેંડમાં પ્રસરતી કેવી રીતે અટકાવી શકે? એટલે ક્રોમ્વેલ ને ક્રેન્મરની દેખરેખ હેઠળ તેણે અમુક ધાર્મિક સૂત્રો તૈયાર કરાવ્યાં, તથા આજ ઇંગ્લેંડનો ધર્મ છે એમ કાયદો કરી બધા પાસે મનાવ્યું; મૂર્તિ પુજવાની મના કરી અને બાઇબલનું ટીન્ડેઇલકૃત ભાષાન્તર છપાવી દરેક દેવળમાં મોકલી આપ્યું. આ ફેરફાર નવી વિદ્યાના હીમાયતી તથા અન્ય નવલોહીઆ

સુધારકોને પસંદ પડયા; એટલે ક્રોમ્વેલને સાધુ–મઠ નાશ કરવાનું કામ રહેલું થઇ પડયું.

મઠોનો નાશ. અસલના વખતમાં મઠમાં વસતા સાધુઓ પ્રજાને ઘણા ઉપયોગી હતા; પણ જેમ આ સંસ્થાઓની સંપત્તિ વધતી ગઇ, ને ખરૂં કામ ઓછું થયું, એટલે સાધુઓ આળસુ તથા કુછંદી બનવા લાગ્યા. ઘણા મઠમાં તો અવ્યવસ્થા ને અનીતિ હદપારની ઘુસી ગઇ. વુલ્સીએ પોપની મંજુરીથી થોડા આવા મઠો બંધ કરેલા ને તેને બદલે વિદ્યાલયો સ્થાપેલાં. ક્રોમ્વેલ આથી આગળ વધ્યો; ત્રણ ચાર વર્ષમાં તમામ મઠોને તાળાં દીધાં. સાધુઓ તથા સાધ્વીઓને હાંકી કાઢયાં. આ સંસ્થાઓના દ્રવ્યનો થોડો ભાગ નવાં વહાણ બનાવવામાં ને ટ્રિનિટિ કોલેજ સ્થાપવામાં વપરાયો; પણ ઘણું ખરૂં દ્રવ્ય તો રાજાએ હજમ કર્યું: મઠોની જમીનજાગીર ખાલી પડી તે પોતાના ખુશામતીઆ દરબારીને બક્ષિસ તરીકે આપી યા તો સોંઘામાં વેચી. આવી રીતે પોપ વિરૂદ્ધ એક જબરો પક્ષ તૈયાર થયો. ક્રોમ્વેલ બહુ કડક અમલદાર હતો છતાં સાધુ ઉપર થતા જુલમને લીધે કોઇ કોઇ ઠેકાણે લોકોના તોફાન થયાં.

ત્રીજું લગ્ન. દરમ્યાન આન સાથે પરણ્યાને ત્રણેક વર્ષ થયાં એટલે તેના પર વ્યભિચારનો આરોપ મૂકી રાજાએ તેનો શિરચ્છેદ કરાવ્યો, ને બીજે દિવસે તે જેઇન સીમુર નામની બાઇ સાથે પરણ્યો. કુંવરી ઇલીઝાબેથને, મેરીની માફક ? હકદાર (અધર્મ) જાહેર કરવામાં આવી. જે સ્ત્રી સાથે લગ્ન કરવા માટે તેણે આવાં આવાં મહાભારત કાર્યો કરેલાં, તેજ સ્ત્રીનો શિરચ્છેદ કરાવવા પોતે તૈયાર થયો. કામાંધ પુરૂષો ખરેખર અક્કલશૂન્ય, ને દયાશૂન્ય હોય છે.

આવા અન્યાય તથા આવા પશુપણામાંથી પ્રજામાં ત્રાસ વ્યાપ્યો.

પ્રજાકીય ખળભળાટ.

ઉત્તર ઇંગ્લેંડમાં ધંધો રોજગાર ઘટી જવાથી, સાધુમઠના ઓચિંતા નાશથી, અને નવા ધર્મ માટે તિરસ્કાર હોવાથી લોકોમાં પુષ્કળ ખળભળાટ મચ્યો હતો. ઉમરાવો તથા ખેડુતવર્ગે ભેગા થઈ બંડ ઉઠાવ્યું. તેમણે ૩ માંગણી રજુ કરી–૧. કુંવરી મેરીને ગાદીવારસ ઠરાવવી, ૨. જુનો પંથ ચાલવા દેવો, ને ૩. ક્રોમ્વેલને પ્રધાનપદ પરથી બરતરફ કરવો. પણ ક્રોમ્વેલ કાંઇ આમ ગાંજ્યો જાય એમ નહોતો. જાસુસોદ્વારા આ બળવાખોરોની તમામ હકીકત પોતે મેળવી તથા તેમને ઘણાં ઘણાં વચન આપી વીખેરી નાંખ્યા; બાદ આગેવાનોને પકડી ફાંસીએ લટકાવ્યા. પશ્ચિમ ઇંગ્લેંડમાં પણ એક બળવો થએલો, તેને પણ ક્રોમ્વેલે પોતાની સખ્તાઇથી દાબી દીધેલો, ને આગેવાનોનાં ડોકાં ઉડાવેલાં.

ચોથું તથા પાંચમું લગ્ન.

૧૫૩૭ માં નવી રાણીને પુત્ર, નામે એડવર્ડ, સાંપડયો. તેને જન્મ આપતાં રાણી મરણ પામી. દેશમાં હવે બે પક્ષ પડયા.—૧. નવા પંથવાળા, પ્રોટેસ્ટન્ટ, જેમનો આગેવાન હર્ડફર્ડનો અર્લ (રાણી જેઇન સીમુરનો ભાઇ) હતો; ને ૨. અસલ પંથવાળા, કેથોલીક, જેમનો આગેવાન નોરફોકનો ડયુક હતો. પ્રધાન ક્રોમ્વેલનો ઇરાદો જર્મનીના પ્રોટેસ્ટન્ટ રાજાઓ સાથે સારાસારી રાખવાનો હોવાથી તેણે રાજા માટે એક પ્રોટેસ્ટન્ટ બાઇ, આન ઓફ ક્લીવ્ઝ, શોધી કાઢી. ભોગજોગે તે બીચારી ભોળી હતી તથા બહુ દેખાવડી નહતી એટલે ૬ મહિનામાં રાજાએ તેને દૂર કરી. આ વસ્તુ સ્થિતિ ક્રોમ્વેલનો નાશ સૂચવતી હતી. હેન્રી એટલો બધો ગુસ્સે થયો કે તેણે ક્રોમવેલને કાઉન્સીલમાં બેઠો હતો ત્યાં પકડાવ્યો. ક્રોમ્વેલે પોતાની ટોપી જમીન પર ફેંકી દીધી તથા ક્રોધના આવેશમાં બોલી ઉઠયો,—' જે જે સેવા મેં બજાવી તેનો આ નતીજો (બદલો)

મને મળે છે! તમારા તમામના હૃદયને પૂછો કે ક્રોમવેલ રાજદ્રોહી છે.?" કોઇએ જવાબ ન આપ્યો એટલે ફરીથી બોલ્યો—' જલદી નિર્ણય કરો, એટલે હું જેલમાં સડું નહિ. " બાદ એના પર રાજદ્રોહનો આરોપ મુકાયો ને ચંડાળને હાથે તેનું મોત નીપજ્યું. એક બાજુ ક્રોમ્વેલ જેવો વફાદાર મંત્રી ફાંસીએ ચઢ્યો ને બીજી બાજુ હેન્રીએ કેથેરીન હાવર્ડ સાથે પાંચમું લગ્ન કર્યું. આ રાણી કેથેલીક પંથની હોવાથી રાજાનું વલણ હવે કેથોલીક પક્ષ તરફ થવા લાગ્યું. તેણે પાર્લમેન્ટ પાસે પ્રોટેસ્ટન્ટ વિરુદ્ધ એક કાયદો કરાવ્યો. ક્રોમ્વેલ મુઓ તેને ત્રીજે દિવસે એક વિચિત્ર દેખાવ લોકોના જોવામાં આવ્યો. કેદી લઇ જવાની ગાડીમાં ૬ આદમીને બેસાડી વધસ્થાન તરફ લઇ જતા હતા; તેમાંના ત્રણ કેથોલીક હતા જેમણે હેન્રીનું ધાર્મિક સર્વોપરિપણું નાકબુલ કરેલું; ને ત્રણ પ્રોટેસ્ટન્ટ હતા જેમને ધર્મમાં ખોટા મત ધરાવવા માટે સજા થએલી. પછી હેન્રીએ 'આયર્લેન્ડના રાજા' એવો ઇલ્કાબ ધારણ કર્યો. રાજાનું પાંચમું લગ્ન પણ બહુ વખત ટક્યું નહિ. ૧૪૪૨ માં રાણીનો શિરચ્છેદ કરાવી રાજા છૂટો ને છેલ્લી રાણી કેથેરીન પાર, વેરે પરણ્યો.

રાજાની ચિંતા.

રાજાને હવે પોતાના કુંવર એડવર્ડની ચિંતા થવા લાગી. સ્કોટલેન્ડની બાળકુંવરી મેરી સાથે તેનો વિવાહ કરવા એણે બહુ તજવીજ કરી પણ કાંઇ વળ્યું નહિ. ફ્રાન્સ તથા સ્કોટલેન્ડ સાથેનાં યુદ્ધ ચાલતાં હતાં. પોતાના મોત પછી એડવર્ડ ઉમ્મરલાયક થાય ત્યાં સુધી કારભાર ચલાવી શકે એવા બન્ને પક્ષના આગેવાનોની એક સમિતિ તેણે નીમી. આ સમિતિમાં કુંવરનો મામો હર્ટફર્ડ હતો; તેણે ક્રેન્મરની સહાયથી પ્રોટેસ્ટન્ટ પક્ષ સબળ બનાવ્યો તથા પોતાના પંથની પ્રાર્થના-પોથી દાખલ કરવામાં ફતેહમંદ નીવડયો. તેને નોરફોકની બહુ બીક હતી, માટે રાજાને એવું સમજાવ્યું કે નોરફોક તો તમારા મોત પછી

સર્વ સત્તા છીનવી લેવા ઇચ્છે છે, આથી નોરફોકને ટાવરગઢમાં કેદ કર્યો ને તેના પુત્ર સરેને દેહાંત સજા દીધી. નોરફોકનો પણ ઘડો લાડવો થઇ જાત, પરંતુ ઇશ્વરે વેળાસર રાજાનેજ ઉઠાવી લીધો. થોડા વખતથી રાજાનું શરીર અતિશય જાડું તથા કથળેલ થઇ ગયું હતું; ને ૧૫૪૭માં તે શરીરનો અંત આવ્યો.

હેન્રીના સમયને ઇંગ્લેંડ કેટલું દેવાદાર છે એ બાબત વિચારીએ છીએ ત્યારે આપણને દીલગીરી થાય છે કે પુરૂષ તરીકેના ગુણ હેન્રીમાં ઘણા જુજ હતા. વીલથી રાજાએ નક્કી કરેલું કે ગાદી એડવર્ડને સોંપવી; તે નાવારસ મરે તો તેના પછી મેરી, ને છેલ્લી ઇલીઝાબેથ ગાદીએ આવે. જો આ ત્રણે નાવારસ હોય તો ગાદી પોતાની નાની બ્હેન મેરીના છોકરાંને મળે. આ વીલમાં મોટી બ્હેનના વેલાને વિસારી દેવામાં આવ્યો. આ વારસ નક્કી કરવાની હેન્રીની સત્તા જોઇએ છીએ ત્યારે આપણને માલુમ પડે છે કે અસલની સ્થિતિ કેટલી બદલાઇ ગઇ હતી. અસલ પ્રજા રાજાને ચુંટણીથી પસંદ કરતી.

પ્રકરણ ૧૫ મું.

ધાર્મિક ધમાલ.

૬ ઠો એડવર્ડ–૧૫૪૬–૧૫૫૩. મેરી ૧૫૫૩–૧૫૫૮.

હવેના ૧૧ વર્ષમાં બે ધાર્મિક પક્ષો વચ્ચે સતત ઝઘડો ચાલ્યો. એડવર્ડ ૧૦ વર્ષની ઉમ્મરે ગાદીએ આવ્યો.

એડવર્ડનાં લક્ષણ. પ્રોટેસ્ટન્ટ પક્ષના માણસો વચ્ચે ઉછરેલો હોવાથી, તથા વિચારવંત ને બુદ્ધિશાળી હોવાથી તે નાનપણથીજ ધર્મની ચર્ચામાં રસ લેતો. તેનો મામો હર્ટ-

ફર્ડ (હવે સમરસેટનો ડ્યુક) ખટપટવડે તથા બાળક રાજાને સમજાવીને રાજરક્ષક નીમાયો, ને તેના હાથમાં તમામ રાજસત્તા આવી. તે ખંતીલો ને શુભેચ્છાવાળો હતો, છતાં અંધ સુધારક ને દ્રવ્યલોભી હોવાથી અચ્છો કારભારી ગણાયો નહિ.

સ્કોટલેન્ડ પર ચઢાઇ.

સ્કોટલેન્ડના પ્રોટેસ્ટન્ટ સાથે સુલેહ કરી, જબરાઇથી રાજાનાં લગ્ન સ્કોચ કુંવરી મેરી સાથે કરવાના ઇરાદાથી તેણે લસ્કર તૈયાર કર્યું. એડીનબરો આગળ સ્કોટ લોકોને હરાવ્યા પણ આથી કશું ફળ મળ્યું નહિ. હાર ખાવાથી સ્કોટ લોકો ઉશ્કેરાયા. રાજકુંવરીને ફ્રાન્સ તાકીદે મોકલી દીધી; પાછળથી ફ્રાન્સના પાટવી કુંવર વેરે આ કમનસીબ કુંવરી પરણી.

સુધારાની પ્રગતિ.

ઇંગ્લેંડમાં સમરસેટ ને ક્રેન્મર ધર્મસુધારણાનું કાર્ય ધમધોકાર વધારતા હતા. સુધારક અસલના કાયદા તથા માજી રાજ્યમાં થએલા પ્રોટેસ્ટન્ટ વિરૂદ્ધના કાયદા રદ કર્યા, પાદરીઓને પરણવાની છૂટ મળી. (અસલ પંથમાં પાદરીઓને બ્રહ્મચારી રહેવું પડતું); તમામ મૂર્તિઓનો નાશ થયો. સામાન્ય પ્રાર્થનાપોથી (અંગ્રેજીમાં લખાએલી) ઉપયોગમાં લેવાઇ, તથા આ સિવાયનું કોઇપણ પુસ્તક કોઇપણ દેવળમાં ન વપરાય એ હેતુથી 'ધર્મએક્ય' નો કાયદો કર્યો; ને લોકોને નવો પંથ સ્વીકારવા દબાણ થયું. ઉપરાંત સ્પેઇન, નેધરલેન્ડ આદિ દેશમાં પ્રોટેસ્ટન્ટો ઉપર જાલિમ જુલમ ગુજરતો હોવાથી આવા પરદેશી પ્રોટેસ્ટન્ટોને ક્રેન્મરે ઇંગ્લેંડમાં આશ્રય આપ્યો. મોટાં શહેરોમાં સ્વતંત્ર વિચારની કિંમત થઇ શકે ત્યાં આ કાર્ય લોકોને ગમ્યાં તથા તેમણે નવો પંથ ખુશીથી સ્વીકાર્યો; પણ ગામડામાં લોકો અસલને વગર વિચારે પણ વળગી રહેનાર હોય છે ત્યાં કેથોલીક પદ્ધતિ જારી રાખવા (ખળભળાટ થયો) કોઇ કોઇ ઠેકાણે તો તોફાનો પણ થયાં, ને તે દાબી દેતાં બહુ મુસ્કેલી નડી.

નોરફોક પરગણાના ખેડુતોએ તોફાન મચાવ્યું; અહીં પ્રજામાં સર્વત્ર અસંતોષ નજરે પડતો હતો. ગોચરણને

બંડ.

માલ્કીની જમીન કરવાથી તથા ધંધારોજગાર ઘટવાથી ભામટા, ભીખારી, ચોર ચખાર બહુ વધી ગયા; વળી અનાજની તંગી તથા નાણું હલકી ધાતુનું થવાથી પ્રજાના દુઃખમાં ઉમેરો થયો. બાજી રાજ્યના છેવટના ભાગમાં પાઉન્ડ પાડવાની સોનું કે ચાંદીમાં હલકી ધાતુનો ભેગ કરવાથી સરકારને ૫૦,૦૦૦ પાઉન્ડ બચ્યા હતા; અને અમેરીકાથી આવતા નવા સોના ચાંદીને લીધે પાઉન્ડની કિંમત વળી વધારે ઘટી. ધીમે ધીમે શીલીંગની કિંમત અસલના ૬ પેન્સ જેટલી થઇ ગઇ, ને મજુરીના દર એના એજ રહ્યા. આવી મુશ્કેલી છતાં ભામટાઓ માટે એક કાયદો પાર્લમેન્ટે કર્યો. આખરે એવું બન્યું કે ૨૦,૦૦૦ આદમી એક બહાદુર ચમારની સરદારી નીચે ભેગા થયા તથા જાહેર કીધું કે ગરીબના દુઃખનું નિવારણ થવુંજ જોઇએ, ગોચરણને વાડ કરવાની મના થવી જોઇએ, ને ચાલુ પ્રધાનોને રૂખસદ આપવી જોઇએ.

જર્મન લશ્કરની મદદથી સરકારે આ હુલ્લડ શમાવી દીધું; પણ તેથી સમરસેટનું માન પ્રજામાં રહ્યું નહિ. તેણે ઠીક ધન પેદા કર્યું હતું, ને તેથી મગજમાં ખુમારી પણ ખુબ હતી. તેણે 'સમરસેઠ હાઉસ' નામનો ભવ્ય મહેલ પોતાને માટે

સમરસેટને દેહાંત સજા.

બંધાવ્યો. વળી આ સમયે તેનો ભાઇ નૌકાધિપતિ સીમુર, જે હેન્રી રાજાની વિધવા કેથેરીન પાર સાથે પરણ્યો હતો ને તે બાઇના મોત પછી કુંવરી ઇલીઝાબેથ સાથે લગ્ન કરવા તજવીજ કરતો હતો, તેને પકડી ફાંસીએ ચઢાવવામાં આવ્યો. ભાઇનું ખૂન લીધાથી પ્રજામાં ભારે પોકાર થયો, અને સમરસેટને રાજીનામું આપવું પડયું; ત્રણ વર્ષ પછી તેનાપર રાજદ્રોહનો આરોપ આવવાથી તેને દેહાંત સજા થઇ.

સમરસેટની જગ્યાએ અર્લ વોરીક નીમાયો. હલકાં નાણું તથા રોજગારીની તંગીને લીધે નીપજતી મુસ્કેલી તે નિવારી શક્યો નહિ.

વોરીક રાજરક્ષક. પોતે પ્રોટેસ્ટંટ હોવાથી તે પક્ષને ચઢાવતો. તેણે ગાર્ડીનર અને બોનર નામના બીશપને જુના પંથ પ્રમાણે વર્તવા માટે કેદ કરાવ્યા તથા તેમની જગ્યા લેટીમર અને રીડલી નામના પ્રોટેસ્ટન્ટોને આપી. બીજી પ્રાર્થનાપોથી તૈયાર કરવામાં આવી ને બધા દેવળોમાં તેજ વપરાય તે માટે એક કાયદો કર્યો. જુવાન રાજાએ પોતાની બ્હેન મેરીને ખાનગી દેવળમાં પણ કેથોલીક વર્તન ન રાખવા દેવાનો દુરાગ્રહ કર્યો, ને આથી સ્પેઇન સાથે લડાઇમાં ઉતરવાનો પ્રસંગ આવત.

કેળવણી. આવા ધાર્મિક ઝઘડા કોરે મૂકી, વિદ્વાનો ગરીબના બાળકોને કેળવવા શા પ્રયાસ કરી રહ્યા હતા તે વાંચતાં આનંદ ઉપજે છે. બાજી રાજ્યમાં કોલે નામના ગૃહસ્થે સેઇન્ટ પોલ સ્કૂલ ઉભી કરી હતી ને હવે ઘણા ગૃહસ્થોએ પોતાની ખાનગી શાળાઓ ખોલવા માંડી. સાધુના મઠ નાશ કર્યાથી મળેલા દ્રવ્યમાંથી એડવર્ડ ૧૮ શાળાઓને પોષતો હતો. વળી નિરાશ્રિતોના લાભાર્થે ક્રાઇસ્ટ ચર્ચ ઇસ્પીતાલ સ્થાપવામાં આવી.

રાજાનું અકાળ મરણ. તથાપિ આ રાજનો અંત આવી રહ્યો હતો; તરૂણ રાજાને ક્ષયરોગ લાગ્યો હતો ને પ્રધાનોને લાગ્યું કે હવે રાજા બચવો મુસ્કેલ છે. 'મેરી ગાદીએ આવશે તો કેથોલીક લોકોનું ચઢી વાગશે, મારૂં નિકંદન નીકળી જશે;—આ ખ્યાલ વોરીકના દિલમાં ખુંચ્યા કરતો. એટલે મેરી તથા ઇલીઝાબેથનું કાસળ કાઢવા તેણે એડવર્ડ પાસે એક ખત પર સહી કરાવી લીધી. આ ખત મુજબ ગાદી લેડી જેઇન ગ્રે (એડવર્ડની નાની ફોઇની પૌત્રી)ને મળશે એ વિચારથી વોરીકને (હવે નોર્થમ્બરલેન્ડનો ડયુક) કાંઇક ટાઢક વળી;

વળી આ જેઇન ગ્રે તેના દિકરા સાથે પરણી હતી એટલે તેને એમ હતું કે સર્વ સત્તા મારા હાથમાં જ રહેશે. એડવર્ડની પાસે બેસનારા તમામ રાજપુરૂષોએ આ ખત પર સહી કીધી, પણ પાર્લમેન્ટની મંજુરી સિવાય આવા ખતનો શો હિસાબ? આમ સ્વાર્થપરાયણ દરબારી પોતાની જાળ પ્રસારી રહ્યા હતા ત્યાં રાજાની માંદગી વધી પડી, ને ૧૬ વર્ષની તરૂણ વયે તેણે દેહ મૂકી.

મેરી—૧૫૫૩-૧૫૫૮.

લેડી જેઇન ગ્રેની આણ.

એડવર્ડનો જીવ ગયો તે જ સમયે મેરી ગાદીનો હક્ક ઉઠાવી શકે જ નહિ એ હેતુથી તેને પકડવા નોર્થમ્બર લેન્ડે એક પલટણ મોકલી. પછી ૪ ઉમરાવોને લઇ પોતે લેડી જેઇન ગ્રેને મુકામે ગયો તથા તેને ઘુંટણીએ પડી રાણી તરીકે સંબોધી. આ ખુબસુરત હોંશીઆર, રાંક છોકરીને સ્વપ્ને પણ ગાદીનો વિચાર યા ઇચ્છા નહતી; તેથી તે આથી ગભરાઇ પછી એને બહુ બહુ સમજાવી ત્યારે મેરીના વિરૂદ્ધ બેળેબેળે ખડી થઇ. લંડનમાં એવી મતલબનો ઢંઢેરો પીટાવ્યો કે હવેથી રાણી જેઇન ગ્રેની આણ ઇંગ્લેંડમાં વર્તે છે, પણ લોકો તે સાંભળી દિલગીર થયા; કારણકે તેઓ નોર્થમ્બલેન્ડને ધિક્કારતા હતા, અને મેરીને હકદાર (ગાદીની માલીક) માનતા.

મેરી લંડનમાં દાખલ.

દરમ્યાન મેરી હાથપગ જોડી બેસી રહી ન હતી; તે પોતાનું કાર્ય જોસભેર હિંમતથી કરી જતી હુતી. તેને છુપી બાતમી મળેલી હોવાથી, નોર્થમ્બલેંન્ડનું લશ્કર આવે ત્યાર પહેલાં પોતે છટકી ગઇ ને નોરફોક કુટુમ્બમાં આશ્રય લીધો. અહીં હજારો અનુયાયીઓ તેને જઈ મળ્યા, ને ભભકાભેર દમામથી રાજનગરમાં દાખલ થતાં વેંત જ લોકોએ તેને આનંદના પોકારથી વધાવી લીધી.

કેથોલીક પંથની પુનઃ સ્થાપના.

હવે કેથોલીક રાણી ગાદીએ આવવાથી પ્રોટેસ્ટન્ટ પાસું નબળું, ને કેથોલીક પાસું સબળું થયું. માજી રાજ્યમાં કેદ કરવામાં આવેલા નોરફોક, બોનર, ને ગાર્ડીનરને કેદમાંથી છોડવામાં આવ્યા; તેમની જગ્યા લેનાર લેટીમર ને રીડલીને જેલમાં પૂર્યા. પાર્લમેન્ટે મેરીને હકદાર ઠેરવી, તથા એડવર્ડના સમયમાં થએલા ધર્મસુધારા રદ કીધા; પરણેલા પાદરીઓને પાણીચાં આપ્યાં. પ્રાર્થના પોથી વાંચવાની મના થઇ; બોનર ને ગાર્ડીનરને સારી જગ્યા મળી. અને સ્પેઇનનો એલચી સાઇમન રેનર્ડ રાણીનો સલાહકાર બન્યો.

મેરીની મનોદશા.

લંડન તથા બીજાં કેટલાંક મોટાં શહેરો બાદ કરતાં દેશની પ્રજા જુની ઢબનો ધર્મ ચાલુ થાય તેમાં રાજી હતી. પણ મેરીનો ઇરાદો ન્યારો જ હતો. તે ધર્માંધ તથા સાંકડા મનની હતી. જન્મથી જ તે દુઃખમાં ઉછરી હતી. તેને મા તથા મોશાળ માટે ઘણી લાગણી હતી. પોતાની માની ફારગતી તથા અપમાન વિના વાંકે થએલાં તેણે નજરોનજર જોએલાં. તેની નજર આગળ જ આન બોલીને તેની માનું રાણીપદ છીનવી લીધેલું. આ તમામ સંકટનું મૂળ નવો ધર્મ છે એમ તે માનતી. બાપ જીવતો છતાં તે તેના તરફનું બીલકુલ સુખ પામેલી નહિ; ઉલટું તેનું વર્તન કઠોર હતું. પોતાની ઓરમાન બ્હેન ઇલીઝાબેથને ભવિષ્યની રાણી ઠરાવેલી તે અપમાન પણ મેરીને સહેવું પડેલું. પછી એડવર્ડે બન્ને બ્હેનોને પાછળ પાડી દીધી; ને તેણે મેરી પાસે બળજોરીથી કેથોલીક ધર્મ ત્યાગ કરાવવા પ્રયત્ન આદરેલા. આ તમામ વસ્તુસ્થિતિ જોતાં, પોતાને દમનાર પ્રોટેસ્ટન્ટો સાથે મેરીને વેરભાવ ઉત્પન્ન થાય એમાં આપણને કંઇ નવાઈ જેવું લાગે ?

એડવર્ડના મોતથી બાજી પલટાઇ ગઇ. નોર્ધમ્બરલેન્ડના દુષ્ટ

વર્તનથી કંટાળેલી પ્રજાએ મેરીને આનંદથી રાણી તરીકે સ્વીકારી લીધી; આખી જીંદગીમાં તે સ્વતંત્ર તથા સત્તાવાન બની હોય તો તે આ જ વખતે. તેની ઈચ્છા પોપની સત્તા ફરી જમાવવાની હતી. આ દિશામાં પ્રથમ પગલાંરૂપે સ્પેઈનના ફિલિપ સાથે પોતાનો વિવાહ કરવા તેણે હા પાડી. ફિલિપ કેથોલીક ધર્મનો મુખી હોવાથી, આ સંબંધથી પ્રજા તથા પાર્લમેન્ટ નાખુશ થયો. સ્પેઇનનો રાજા ઈંગ્લેંડમાં સત્તા ભોગવે તથા સ્પેઇનના ઘાતકી રિવાજ દાખલ કરે તેની તેમને બહુ બ્હીક હતી.

રાણીનું લગ્ન.

લોકોનાં મન ઉંચા થયાં. મેરી ને ગાદીએથી ઉઠાડવા તથા ઇલીઝાબેથને ડેવનના અલ સાથે પરણાવી ગાદીએ બેસાડવા એક તર્કટ રચાયું. પણ ગેરવ્યવસ્થાને પરિણામે માત્ર કેન્ટની પ્રજાએ સર ટોમસ વાયેટની સરદારી તળે બળવો કીધો. થેઇમ્સ નદીમાંના વહાણ તથા તોપ તેમણે પોતાને કબજે કર્યાં; રાજલશ્કર પણ ફરી જઇ બળવાખોરોને મળી ગયું. પણ મેરીની ચાલાકીથી આ બળવો શાંત પડયો. હિંમતથી ઘોડાપર બેસી તે ફરવા નીકળી પડી, લોકોને વફાદાર થવા તેણે વિનવણી કરી, અને પાર્લમેન્ટની મંજુરી વિના હું લગ્ન નહિ કરૂં એવું વચન આપ્યું. બંડખોરો લંડન પહોંચ્યા ત્યાં તો તેમની વિરૂદ્ધ ૨૫૦૦૦ આદમી ખડા થયા.

બંડ.

હવે ભયંકર વેરના દિવસ આવ્યા. અત્યાર સુધી જેઇન-ગ્રે તથા તેના ધણીને જીવતાં રહેવા દીધેલાં તેમને ગરદન મારવા મેરીએ સંમતિ આપી. વાયેટ, ગ્રે, સેફોક આદિ આગેવાનો તથા સો એક સામાન્ય પંડિતના પુરૂષોનો શિરચ્છેદ થયો. કુંવરી ઇલીઝાબેથને ટાવરગઢમાં પૂરી, તેને મારી નાંખવાની વાત પણ ચાલેલી. પરંતુ ગા-

ડીનરની શાણી સલાહથી તે વાત પડતી મુકાઇ, અને ઇલીઝાબેથની હીલચાલ ઉપર ખાસ દેખરેખ રાખવામાં આવી.

બાદ મેરી-ફિલિપનું લગ્ન થયું. પણ તે સુખી નીવડયું નહિ. પાલમેન્ટ ફિલિપને રાજમુગટ પહેરાવવા ના પાડી. આધેડ વયની મેરી સાથે ફિલિપ બોલવા ચાલવામાં વિનયી રહેતો પણ તેના ઉપર તેને પ્રેમ નહતો. ફીલીપ એક વર્ષ ઇંગ્લેંડમાં રહ્યો, ને પછી કંટાળી પોતાના દેશ પાછો ફર્યો. દરમ્યાન મેરી પોતાની મુરાદ પાર પાડી જતી હતી. પાર્લમેન્ટ માટે પોતાની મરજી મુજબ કામ કરનારા આદમીઓ ચુંટાવ્યા. આવી પાર્લમેન્ટે પોપના એલચીનો સત્કાર કરવાની મંજુરી આપી, તેથી કાર્ડીનલ પોલ વહાણમાં બેસી થેઇમ્સ નદીમાં ફરવા લાગ્યો; વહાણ પર ચાંદીનો ક્રુસ રાખ્યો હતો, ને જે લોકો તેને નમતા તેમને પોપના નામથી મોક્ષ બક્ષતો. આ કાર્ડીનલ પોલ કેન્ટરબરીનો આર્કબીશપ નીમાયાથી મંત્રીમંડળમાં આગળ પડતો ભાગ લેવા લાગ્યો. ૮ મા હેન્રીએ મઠોની માલમીલકત લુટી ઉમરાવોને વ્હેંચી દીધેલી હોવાથી પોપની ખરેખરી સત્તા ઇંગ્લેંડમાં જામે એ વાત ઘણી કઠણ હતી. ઉમરાવોને લાગ્યું કે અસલની પદ્ધતિ ફરી દાખલ થશે તો અન્યાયે લીધેલો માલ આપણે પાછો આપી દેવો પડશે. એટલે તેમણે એકરાર કીધા કે મરતાં સુધી અમારી જમીન અમે કોઇને આપીશું નહિ. એટલે મેરીને લાગ્યું કે પોપને સર્વોપરી બનાવવાની બાબતમાં વિરોધ પુષ્કળ છે.

છતાં ધર્મની બાબતમાં જે પુરૂષો આડે આવે તેમને ઉખેડી નાખવા તે મેરી પોતાની ફરજ સમજતી હતી. સુધારક વિરૂદ્ધના

જુલમ.

અસલના કાયદા ફરી અમલમાં મુકાયા, ને તેના પ્રથમ ભોગ રોજર્સ ને હૂપર નામના પાદરીને જીવતા બાળી મૂક્યા. દહાડે દહાડે આગીની સંખ્યા વધતી ગઇ. લેટીમર ને રીડલીને એકએકની પુંઠ

અડકે એમ સાંકળથી બાંધી લીધા ને પછી સળગાવી મૂક્યા. અત્યારે આ પંથ સાચો, કે પેલો પંથ સાચો તે સવાલ મુખ્ય ન હતો. દરેક માણસને મરજી મુજબનો ધર્મ પાળવાનો હક્ક છે કે નહિ તે મુખ્ય સવાલ હતો. આવા પુરૂષોના અગ્નિદાહથી સત્યની જ્યોત પ્રગટી. ત્રણ વર્ષમાં પ્રામાણિક ને ઇશ્વરમાર્ગી ૩૦૦ જણાએ ધર્મને ખાતર પોતાના જાનના ભોગ આપ્યા. આ ભોગ પરિણામ શૂન્ય ન હતા; કેમકે જે જુલમ ઇંગ્લેંડની ભૂમિમાં વર્તી રહ્યો હતો, જે જુલમથી અનેક સજ્જનો જન્મભૂમિ ત્યાગી પરદેશ ચાલ્યા જતા હતા તે જુલમના પરિણામે કેથોલીક તથા પ્રોટેસ્ટન્ટ પક્ષ બન્નેને એમ થયું કે પ્રમાણિકપણે અમુક ધાર્મિક મત ધારણ કરવા માટે જાનમાલના ભોગ લેવાની સત્તા રાજ્યકર્તાને હોય તે બહુ ભયંકર નીવડે.

આ ત્રાસના અંત માટે લોકો મેરીના મોતની રાહ જોતા હતા. એની તબીએત માંદી સાજી ચાલતી હતી. ફ્રાન્સ વિરૂદ્ધના યુદ્ધમાં ઇંગ્લેંડને દાખલ કરવા, ફિલિપે મેરીની મુલાકાત લીધી. કાઉન્સીલની મરજી વિરૂદ્ધ મેરીએ યુદ્ધમાં ઝંપલાવ્યું પણ પાછળથી તે પુષ્કળ પસ્તાઇ. ઇંગ્લેંડનું જે કાંઈ ફ્રાન્સમાં હતું તે આ યુદ્ધમાં મેરીએ ગુમાવ્યું. હવે ફ્રાન્સમાં ઇંગ્લેંડની માલીકીની એક તસુ પણ જમીન રહી નહિ. મરતી વેળા આ નુકસાન તેને બહુ સાલ્યું; ૧૫૫૮ માં રાણીનું મોત થયું, ને બીજે દિવસે કાર્ડીનલ પોલ પણ ગુજરી ગયો.

—(*)—

પ્રકરણ ૧૬ મું.

શાંતિ તથા પ્રગતિ.

ઈલીઝાબેથ. ૧૫૫૮–૧૬૦૩.

કુંવરી ઇલીઝાબેથ પોતાના બાગના એક ઝાડ નીચે બેઠી હતી ત્યાં તેને એકાએક એવા સમાચાર મળ્યા કે તું ઈંગ્લેંડની રાણી થઇ. તુરત ઘુંટણીએ પડી તે પોતાના હૃદયના ઉદ્‌ગાર કાઢતાં બોલી–'આ દેવી કાર્ય દીસે છે; આપણી આંખે તો આ વાત કૌતુક જેવી લાગે છે." આ શબ્દો તે સમયની મ્હોરો ઉપર કોતરવામાં આવ્યા.

ઇલીઝાબેથના ગુણદોષ.

તેની વય ૨૫ વર્ષની હતી. સ્ત્રી તરીકે તેનામાં પુષ્કળ તથા ભારે દોષ હતા: રાણી તરીકે તેનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં. પોતાના છેલ્લા દિવસોમાં તેના બોલેલા આ શબ્દો યથાર્થ હતા;–'મેં મારા રાજ્ય દરમિઆન હરહંમેશ આ ખ્યાલ કરેલો કે મારે મારા દરેક કાર્યમાટે એક દિવસે એક જંગી અદાલતમાં જવાબ આપવો પડશે; ને તે અદાલતને સમક્ષ રાખી હું કહુંછું કે મારા મનમાં કદી એવો એક પણ વિચાર આવ્યો નથી કે જેનું પરિણામ મારી પ્રજાને માઠું નીપજે." બાપની આપખુદી, હિંમત, આત્મશ્રદ્ધા, કીર્તિલોભ, તથા વિશ્વાસુ નોકર તરફ અશુદ્ધ ભાવ ને કૃતઘ્નતા, આદિ ગુણદોષ ઇલીઝાબેથમાં ઉતર્યા હતા. પોતાની માની પેઠે સારાં સારાં કપડાંલુગડાં પહેરવા ઓઢવાનો, તથા ઠાઠમાઠ, ઠીકઠાક, ટાપટીપ આદિનો તેને શોખ હતો. વળી તે અહંકારી પણ હતી. પરંતુ રાજ્યકર્તા તરીકે પોતાના કર્તવ્ય સંબંધી તેને બહુ ઉંચો ખ્યાલ હતો. પ્રધાનની પસંદગી એ દરેક રાજ્યકર્તાની કસોટી છે. રાણી ઇલીઝાબેથે પ્રથમથી કાબેલ, અનુભવી, પ્રામાણિક

તથા વફાદાર મંત્રીઓ નીમ્યાં તથા તેમને ઠેઠસુધી સારી રીતે પોષ્યા. અત્યારે તેનું મુખ્યકામ પંડે ગાદી પર સલામત થવાનું, વિદેશી દુશ્મનોથી તથા ભારે કરવેરાના ત્રાસથી રૈયતને મુક્ત કરવાનું, અને ધાર્મિક તથા બીજી બાબતોના વહીવટમાં વ્યવસ્થા જાળવવાનું હતું. આટલું કર્યાથીજ ઈંગ્લેંડ મજબુત તથા સંપીલું બની શકે. આ કાર્યો કરવામાં તેણે કદાચ અસત્યનો તથા સ્વચ્છંદીપણાનો ઉપયોગ કર્યો હશે, પણ તે પોતે કહેતી તે મુજબ પોતે અબળા અને દુશ્મન શક્તિમાન્ હતા.

દેશની કફોડી સ્થિતિ.

ઇલીઝાબેથ ગાદીએ આવી તે વેળા ઈંગ્લેંડની સ્થિતિ ઘણી ખરાબ હતી. ધર્મની જમીન પાછી સોંપી દીધાથી, તથા ફ્રાન્સ સાથેના યુદ્ધમાં દાખલ થયાથી મેરીએ તીજોરી ખાલી કરી હતી. રાક્ષસી દમનનીતિને કારણે ઉત્તમ પુરૂષોએ દેશવટો લીધો હતો, ને દેશમાં બળવો ફાટી નીકળે એવું થઇ ગયું હતું. આ પ્રસરેલા અસંતોષને લીધે દરેકના જાનમાલ જોખમમાં હતા. આ તો દેશની અંદરનાં દુઃખ ઉપરાંત દેશ બહારનાં દુઃખ કાંઇ કમ નહોતાં. આયર્લેન્ડમાં પ્રજાયુદ્ધ ચાલી રહ્યું હતું; સ્કોટલેન્ડની રાણી મેરી જે ફ્રેન્ચ પાટવીકુંવર વેરે પરણી હતી તેણે જાહેર કર્યું કે ઇલીઝાબેથ બેહકદાર છે ને હું ગાદીની ખરી વારસ છું; યુરોપમાં કેથોલીક ને પ્રોટેસ્ટન્ટનો ઝઘડો ચાલતો હતો; ફ્રાન્સનો રાજા પોતાની પ્રોટેસ્ટન્ટ પ્રજાને દમતો હતો; સ્પેઇનમાં ફિલિપ જુના પંથના ઇનકાર કરનારાને આશ્રદાહ દેતો. શરૂઆતમાં ફ્રાન્સની બ્હીકને લીધે ફિલિપ ઇલીઝાબેથ સાથે મિત્રભાવે ચાલ્યો, પણ તેની અંતરની ઇચ્છા ન્યારી હતી. વળી તેના તાબામાં નેધરલેન્ડ દેશ હતો, ત્યાંની પ્રજામાં ઘણા ચુસ્ત પ્રોટેસ્ટન્ટ હતા ને લોકો તેના ત્રાસથી ખળભળી ગયા હતા. મેરી રાણીના સમયમાં પોપને ઈંગ્લેંડમાં સત્તા મળેલી તેથી ઇલીઝાબેથ શું વલણ અખત્યાર કરે છે તેની પોપ રાહ જોતો હતો.

ઇલીઝાબેથે પ્રથમ તો જેમ ચાલતું હતું તેમ ચાલવા દીધું. મા઼જી રાજ્યના ઘણા પ્રધાનોને ચાલુ રાખ્યા તથા એક નવા બાહોશ પ્રધાન સર વિલિઅમ સેસીલ (પાછળથી લોર્ડ બરલી)ની નીમણૂક કરી. આણે ઠેઠ સુધી વફાદારીથી રાજસેવા બજાવી. પાર્લમેન્ટની સંમતિ વિના પ્રાર્થનામાં ફેરફાર કરવાની રાણીએ ના પાડી; વળી એમ પણ જાહેર કીધું કે રાજ્યના કાયદાની આડે ન આવે તેવી રીતે દરેક સ્ત્રીપુરૂષ પોતાને ફાવે તે મત ધારણ કરી શકે. પાર્લમેન્ટનું પહેલું કાર્ય ઇલીઝાબેથની હક્કદાર રાણી તરીકેની આણ ફેરવવાનું હતું. આ થયા બાદ એવો ધારો થયો કે તમામ પાદરીઓએ રાણીનું સર્વોપરીપણું જાહેરમાં સ્વીકારવું. પછી ૬ ઠ્ઠા એડવર્ડના વખતની પ્રાર્થનાપોથી (કેથોલીકોને અનુકૂળ થઇ પડે એવા રહેજસાજ ફેરફાર સાથે) દાખલ કરી તથા પ્રાર્થના સમયે તમામ લોકોની હાજરી ફરજીયાત કરવામાં આવી.

સેસીલ, મુખ્ય કારભારી.

કેટલાક કેથોલીક પંથી પાદરીઓએ જાહેર પ્રતિજ્ઞા લેવા ના પાડી તેથી તેમને અધિકાર ઉપરથી છુટા કરવામાં આવ્યા, ને તેમને બદલે પ્રોટેસ્ટન્ટોને મૂકયા. નીચલી પંક્તિના પાદરીઓ પર બહુ દબાણ ન થાય તે માટે રાણી ખાસ દરકાર રાખતી. આથી અંદરખાને થોડીઘણી પોલ રહી. મેથ્યુ પાર્કર નામના વિદ્વાનને કેન્ટરબરીનો આર્કબીશપ બનાવ્યો. આવી રીતે ધાર્મિક ઝઘડા થોડો વખત ઇંગ્લેંડમાં અટકયા.

બીજી મુશ્કેલી સ્કોટલેન્ડની હતી. ઘણાં વર્ષથી સ્કોટલેન્ડનું વલણ પ્રોટેસ્ટન્ટ ધર્મ તરફ થતું હતું; ઉમરાવોને દેવળો તથા મઠોના વૈભવની અદેખાઈ આવતી હતી, તેથી તેઓ નવા પંથને ઉત્તેજન આપતા હતા. મા઼જી રાજ્યના જુલમથી કંટાળી જે પ્રોટેસ્ટન્ટો ઇંગ્લે-

સ્કોટલેન્ડ

કથી ત્યાં ગએલા તેમને સ્કોટલેન્ડમાં સારો આવકાર મળ્યો હતો. સખત તથા ગંભીર પ્રકૃતિના સ્કોચ લોકો અંગ્રેજો કરતાં ધર્મસુધારણાના કામમાં આગળ વધ્યા, ને કેલ્વીનના ચેલા થયા. એડીનબરોમાં ઉમરાવોની એક મોટી સભા ભરાએલી ત્યાં એકમેકની મદદ કરવાની તથા નવો પંથ ફેલાવવાની પ્રતિજ્ઞા હાજર રહેલા પુરૂષોએ લીધી. આ પ્રતિજ્ઞાનું નામ કોવેનાન્ટ રાખ્યું ને તે પર સહી કરનારા કોવેનાન્ટરો કહેવાયા. ત્યાંની રાણી ચુસ્ત કેથોલીક હોવાથી તેણે આ પ્રવૃત્તિ દાબી દેવા મહેનત કરી; એટલે લોકોએ જગવિખ્યાત જોન નોકસની સરદારી નીચે બળવો જગાવ્યો ને તમામ મૂર્તિ ભાંગી નાંખી. રાણીએ ફ્રેન્ચ લશ્કરની મદદ લીધી છતાં બંડખોરોએ એડીનબરોનો કબજો લીધો ને એક પાર્લામેન્ટ ભરી. તેઓ ફ્રેન્ચોની મૈત્રીમાંથી છુટી ઇલીઝાબેથની મદદની ઇચ્છા રાખતા હતા.

ઇલીઝાબેથ આ બાબતમાં આનાકાની કરતી હતી કારણકે રાજ વિરૂદ્ધ બળવાખોરોને ખુલ્લી રીતે મદદ કરવી એ તેને નાપસંદ હતું.

એડીનબરોનું તહનામું ૧૫૬૦.

પણ સ્કોટલેન્ડમાં ફ્રેન્ચ લશ્કરની અસ્તિ ઇંગ્લેંડને ભયરૂપ હતી, એટલે છેવટે તેણે સ્કોટલેન્ડને કિનારે અંગ્રેજી નૌકાસેન મોકલ્યું અને ૮૦૦૦ નું લશ્કર પણ મોકલ્યું. આજ વખતે બાળકરાણીની મા (જે અત્યારસુધી કારભાર કરતી હતી) ગુજરી ગઇ ને ઉમરાવોના કાઉન્સીલે એડીનબરોમાં એક તહનામું કર્યું, જેથી ફ્રેન્ચ લશ્કરે પાછા જવું તથા રાણી મેરીએ ઇંગ્લીશ ગાદીનો હક છોડી દેવો એ નક્કી થયું. પણ મેરી જાતે આવી શરતો કબુલ કરેજ નહિં. બાદ સ્કોચ પાર્લમેન્ટમાં પ્રોટેસ્ટન્ટ ધર્મની તરફેણમાં સ્કોટલેન્ડમાં મત જાહેર થતાં નવા પંથની પ્રગતિ થવા લાગી. પછી ફ્રેન્ચ રાજા ગુજરી જવાથી વિધવા થએલી મેરી સ્કોટલેન્ડમાં આવી; પણ સ્કોચ ઉમરાવોને ફોડેલા હોવાથી ઇલીઝાબેથને તેના તરફની બીલકુલ ધાસ્તી નહતી.

દરમ્યાન શાંતિને પરિણામે ઇંગ્લેંડની સંપત્તિ વધતી ગઈ. મં-

દીશની જમીનજાગીર ફરી જપ્ત કરવાથી, તથા રાજકારભારમાં કરકસર કરવાથી તીજોરી ભરાવા પામી હતી.

દેશની આબાદી.

વળી હલકું નાણું પાછું ખેંચાવી લઇ, નવું નાણું અસલ કિંમતનું બનાવ્યાથી પ્રજામાં ભારે સંતોષ ફેલાયો. રૈયતના દુઃખના કારણની તપાસ ચલાવવા એક કમિશન નીમાયું; વળી દરેક ગામ તથા શહેરના આગેવાનોને તે ગામ યા શહેરનાં ગરીબગરબાં માટે ધર્માદાફંડ ઉઘરાવવા ફરમાવ્યું. ગરીબીના કાયદાનું આ મૂળ છે, તે કાયદો ૧૬૦૧ માં પસાર થયો. ૨૩૦ વર્ષ પછી તેની અસર માઠી માલમ પડવાથી તે રદ કરવામાં આવ્યો; પણ અત્યારે તો તે અનુકૂળ તથા શાંતિ જાળવવામાં મદદરૂપ હતો.

પણ ઇલીઝાબેથનું ઉત્તમ પ્રજાકીય કાર્ય તો પ્રજાને દમન તથા ત્રાસમાંથી મુક્ત કીધી તે, અને જાનમાલનું રક્ષણ કીધું એ છે.

ખેતી.

જમીનદારો તથા બીજા ખેતી કરનારા હવે ખેતી તરફ વધુ લક્ષ આપવા લાગ્યા, ખાતર આદિનો કેમ ઉપયોગ કરવો, ને વારાફરતી વિવિધ પાક કેવી રીતે પકવવા તે શીખવા લાગ્યા. મહેનતુ ખેડૂતોને પોતાની માલીકીની જમીન નહતી એ દિલગીરીની વાત છે; છતાં સારી ખેડને લીધે સારા પાક ઉતરવા લાગ્યા તથા વધુ આદમીને રોજી મળવા માંડી.

વળી હુન્નરઉદ્યોગ, ધંધારોજગાર, અને વેપારવણજ સજીવન થયા, એટલે ઘણાંને રોજી મળી. ધાર્મિક સંકટોને કારણે નેધરલેન્ડથી ન્હાસી આવેલા ફ્લેમીંગ લોકો પાસેથી

હુન્નર વેપાર વિગેરે

અંગ્રેજ લોકો સુતરાઉ તથા રેશમી કાપડ વણવાની, કાપડ ધોવાને સાબુ ને તેલ બનાવવાની, તથા રંગવાની કળા શીખ્યા. ઉત્તરનાં શહેરો આબાદ થવા લાગ્યાં,

અને મેંચેસ્ટરનું ગરમ કાપડ, હેલીફિકસનું કાપડ, તથા શેફીલ્ડનો કટલરી (હથીઆર) સામાન યુરોપમાં મશહુર થયાં. વળી જે માલને જે દ્રવ્ય એન્ટવર્પ ઘસડાઈ જતું તે સીધું ઇંગ્લેંડ આવવા લાગ્યું. લંડનના બજારમાં અમેરિકાનું સોનું રૂપું, આફ્રિકાના હાથીદાંત, હિંદનું રેશમી તથા સુતરાઉ કાપડ, આદિ અમૂલ્ય વસ્તુઓ દેખાવા લાગી. વળી રાણી તરફથી વહાણવટીઓને ઉત્તેજન મળવાથી એક નિયમિત વેપારી કાફલો સ્થપાયો ને તેની સરદારી બડા બહાદુર સાહસિક પુરૂષોને સોંપાઇ.

દરીઆઈ સાહસ.

જે દરીઆઇ સર્વોપરિપણાને લીધે ઇંગ્લેંડ મોટું બન્યું એ સર્વોપરીપણું મેળવવાની શરૂઆત રાણી એલીઝાબેથના વખતમાં થઇ. ફ્રોબીશર નામનો વહાણવટી હિંદનો નવો માર્ગ શોધવા નીકળેલો તેણે હડસન આખાતમાંની એક સામુદ્રધુની શોધી. વળી સર હંફ્રી ગીલ્બર્ટ બે વેળા અમેરિકા ગએલો; બીજી વેળા પાછા ફરતાં તેનું વહાણ ડુબી ગયું. દરીઆઇ શોધ માટે રેલે, હોકીન્સ, ને ડ્રેઇક પ્રખ્યાત થયા છે. ડ્રેઇક પૃથ્વીપ્રદક્ષિણા કરનાર પ્રથમ અંગ્રેજ હતો. હોકિન્સે આફ્રિકાથી અમેરિકા ગુલામ લઇ જવાનો ધંધો શરૂ કર્યો. આ સર્વ પુરૂષોએ નવા નવા દેશના માર્ગ દર્શાવ્યા, એટલે વેપાર માટે નવીન પ્રદેશો ખુલ્લા થયા.

પ્રજા સુખી.

સંપત્તિની આવી વૃદ્ધિના પરિણામે લોકો વધુ સુખમય જીવન ગાળવા લાગ્યા. ઉમરાવો અસલ મજબુત દિવાલવાળા તથા અનેક બુરજોવાળા કિલ્લા બાંધતા, તેને બદલે હવે ઉત્તમ કારીગરીવાળા બંગલા બાંધવા લાગ્યા. ખેડુતવર્ગ તથા મધ્યવર્ગનાં મકાન પત્થર તથા ઇટનાં, અને તેમાં કાચની બારીને ધુમાડો જવાની ચીમની મૂકવામાં આવતાં. પોશાક પણ વધુ ખર્ચાળ તથા સુંદર થતો ગયો. ખુદ રાણીને પણ ભભકો બહુ પસંદ હતો.

રાણીની ચિંતા.

આ પ્રમાણે લોકો સુખી તથા શાંતિમાં દિવસ કાઢતા હતા ત્યારે ઇલીઝાબેથને પાર વિનાની ચિંતા હતી. તેણે પોપનો એલચી સ્વીકારવા ના પાડેલી તથા ધાર્મિક કાઉન્સીલમાં ઈંગ્લેંડ તરફના વકીલો નહિ મોકલેલા, તેથી પોપે તેને બળવાખોર ઠેરવી, તથા કેથોલીકોને સૂચના આપી કે તમારે અંગ્રેજી દેવળમાં જવું નહિ. પાર્લમેન્ટને પોપનું આવું દખલ પસંદ ન પડવાથી તેણે એવો કાયદો કર્યો કે દરેક અધિકારીએ એવા સોગંદ લેવા કે અમે રાણીને વફાદાર છીએ અને પોપની સત્તા માન્ય કરતા નથી અગર સ્વીકારતા નથી. આથી કેથોલીક લોકો પાર્લમેન્ટમાં આવતા અટક્યા. આવી રીતે ધાર્મિક ઝઘડાનું બીજ પ્રજામાં રોપાયું.

ઇલીઝાબેથ ને મેરી.

પછી સ્કોચ રાણી મેરી તરફથી પીડા આવી. હજુ સુધી ઇલીઝાબેથ પછી ગાદીવારસ એજ હતી, કારણકે ઇલીઝાબેથ પરણવા વિરૂદ્ધ હતી. સત્ય હકીકત એ હતી કે તે પરણી શકે એમ ન હતું; કેમકે પ્રોટેસ્ટન્ટ ધણી પસંદ કરે કે કેથોલીક ધણી પસંદ કરે પણ બન્ને રીતે તેની અરધી પ્રજા તો નાખુશ થાયજ.

ઇલીઝાબેથને મન મેરી કંટક સમ હતી. જ્યારે મેરી ફ્રાન્સથી સ્કોટલેન્ડ આવી ત્યારે તેની તમામ પ્રજાએ તેને આ ખૂબસુરત યુવતીને વધાવી લીધી તથા કેથોલીક ધર્મ પાળવામાં વાંધો નાંખ્યો નહિ; કારણકે તેનો સાવકો ભાઇ મરે (પ્રોટેસ્ટન્ટ પંથી) ઘણોખરો કારભાર કરી લેતો હતો. પછી લોર્ડ ડાર્નલી નામના કેથોલીક વેરે તેણે પુનર્લગ્ન કર્યું એટલે કેથોલીક ઉમરાવો સબળ થયા; ને ઇલીઝાબેથને એમ લાગ્યું કે આ દંપતી કદાચ ઇંગ્લેંડની ગાદી પર તરાપ મારે.

પણ મેરીએ પોતે પોતાના પગ પર કુહાડો માર્યો. ડાર્નલી દુર્બળ તથા દુર્ગુણી હોવાથી મેરી તેનાથી કંટાળી. મેરીને કેથોલીક ધર્મ

રાજધર્મ બનાવવાની તથા ઇંગ્લેંડની રાણી થવાનું બહુ મન હતું; અને તેના હોંશીઆર સેક્રેટરી રીઝીઓએ આ ઇરાદાથી પોપ તથા સ્પેઇન સાથે છુપો પત્રવ્યવહાર શરૂ કર્યો. ડાર્નલીને મેરીએ રાજા ન થવા દીધો તેથી તેનો મીજાજ ગયો, ને કેટલાક પ્રોટેસ્ટન્ટ ઉમરાવો સાથે સામેલ થઇ તેણે રીઝીઓનું ખૂન કરાવ્યું. મેરી તેના કબજામાં આવી; ત્રણ મહિના પછી મેરીને કુંવર સાંપડયો.

ડાર્નલીનું ખૂન. ૧૫૬૭.

આ પછીના નવ મહિના તો ઠીક ગયા પણ ત્યારબાદ એક ભયંકર બનાવ બન્યો. ડાર્નલી માંદો પડવાથી મેરી તેને લઇ હવા ફેર માટે ગઇ. ત્યાં એક દહાડો સાંજે ધણીની સારવાર માટે એક નોકરને બેસાડી, પોતે બહાર ગઇ. મધરાત થયા બાદ એક જબરો ધડાકો આખા શહેરમાં સંભળાયો. જે ઘરમાં તેઓ રહેતાં હતાં તે ઘરના આ ધડાકા સાથે ચુરેચુરા થઇ ગયા, ને ડાર્નલી તથા પેલો નોકર બન્નેનાં મુડદાં ઉડીને પાડોશના એક ખેતરમાં પડયાં. આ વાત વિષે મેરીને કેટલી માહિતી હતી તે જાણવું અશક્ય છે. પણ આટલું તો નિઃસંશય છે કે બોથવેલ નામના એક ઉછાંછળા જુવાનીઆએ આ દારૂણ કાર્ય કરેલું; અને આજ બોથવેલ સાથે મેરી ત્રણ મહિના પછી પરણી.

આ બનાવથી આખું સ્કોટલેન્ડ મેરીથી ડરવા લાગ્યું. ઉમરાવોને ઠેકાણે લાવવા તેણે એક લશ્કર તૈયાર કર્યું પણ અણી વખતે આ લશ્કરે લડવા ના પાડી. બોથવેલ ડેન્માર્ક નાઠો ને ત્યાં મરણ પામ્યો. મેરીને એક સરોવરની મધ્યમાં આવેલા મજબુત કિલ્લામાં કેદ કરવામાં આવી. ઉમરાવોએ તેને ગાદી ત્યાગવાની ફરજ પાડી, ને તેના બાળક-પુત્રનો અભિષેક કર્યો. અર્લ મરે રાજરક્ષક થયો. એક વર્ષમાં તો મેરી જેલમાંથી છટકી લશ્કર ભેગું કરવા લાગી; પણ ગ્લાસગો આગળ તેની હાર થઇ. આ વેળા તેણે ઘોડા પર લાગલગાટ ૯૦ માઇલની મુસાફરી કરી ને કાર્લાઇલમાં આશ્રય લીધો.

પોતાની હરીફ મેરી ઇંગ્લેંડ આવે તે ઇલીઝાબેથને પસંદ નજ હોય. પાર્લમેન્ટમાં ફરી એક વાર તેને લગ્ન કરવા આગ્રહ કરવામાં આવ્યો. પ્રજાની સુખસંપત્તિ વધતી ગઇ તેમ આમની સભા વધુ હિમ્મતવાન થતી ગઇ. ગામવાસી ગૃહસ્થો પાર્લમેન્ટના મેમ્બર થવાની ઇચ્છા કરવા લાગ્યા. આ લોકો સ્વતંત્ર હતા એટલે પ્રજાનું હિત જાળવતા. આયર્લૅન્ડમાં આ વેળા બળવો જાગ્યો હતો તે એક અંગ્રેજ લસ્કરની મદદવડે શમાવવામાં આવ્યો.

મેરી ઇંગ્લેંડમાં

હવે ઇંગ્લેંડ છટકી આવેલી મેરીનું શું કરવું? સ્કોટલેન્ડ યા ફ્રાન્સ સહિસલામત પહોંચવા મેરીએ ઇંગ્લેંડની મદદ માગી. જો તેને ફ્રાન્સ જવા દે તો ફ્રેન્ચોનો સ્કોટલેન્ડ પર વધુ દાબ થાય. તેણે મરેને કહાવ્યું કે મને સ્કોટલેન્ડ લઇ જા, પણ તેણે ના પાડી. વળી તેના કેટલાક કાગળ પકડાયા જે, એના લખેલા હોય, તો તેથી ડાર્નલીના ખૂનમાં તે સંડોવાએલી સાબીત થાય છે. આ બધી હકીકત ધ્યાનમાં લઇ ઇલીઝાબેથે તેને ઇંગ્લેંડમાં નજરકેદ કરી અને તેનું રહેઠાણ બદલ્યા કર્યું.

આ કાર્ય માટે ઘણા પુરૂષો ઇલીઝાબેથનો દોષ કાઢે છે; વળી બીજા કેટલાક પુરૂષો ઇલીઝાબેથ વિરૂદ્ધ હવે પછીનાં ૧૮વર્ષ દરમ્યાન તર્કટો કરવા માટે મેરીનો વાંક કાઢેછે. પણ બન્ને રાણીને આવું વર્તન રાખ્યેજ છૂટકો હતો. મેરી જાતે કેથોલીક તથા કેથોલીકનું હિત ઇચ્છનારી હોવાથી માનતી કે બને તો ઇંગ્લેંડની ગાદી લેવી એ ન્યાયી કામ છે. ઇલીઝાબેથ પોતાની પ્યારી પ્રજા ઉપર પોતાની સત્તા કાયમ રાખવા મથે એમાં શી નવાઇ? આ બે રાણી વચ્ચે ફેર એટલો હતો કે ઇલીઝાબેથ આકરા સ્વભાવની છતાં હંમેશાં પ્રજાનું હિત તાકતી; અને મનોહર સુંદર મેરી નિરંકુશ ચંચળ મનોવૃત્તિને લીધે પોતાનું હિત બગાડતી. પોતાના ધણીના ખૂન કરનાર સાથે મેરીએ લગ્ન કર્યું તે પળથી તેનો પક્ષ તૂટી ગયો.

કુશળ રાજનીતિથી ઇલીઝાબેથ ઈંગ્લેંડને વિદેશી યુદ્ધમાંથી અત્યાર સુધી મુક્ત રાખી શકી, પણ હવે આ કાર્ય મુશ્કેલ થતું જતું હતું. મેરી ઇંગ્લેંડ આવી તે અરસામાં નેધરલેન્ડના બહાદુર વતનીઓએ સ્પેઇનના જુલમ વિરૂદ્ધ લાંબી ઝુંબેશ ચલાવી. ઓરેઇન્થનો વિલિઅમ તેમનો સરદાર હતો. તેઓ ખુબ લડયા, અનેક સંકટ ખમ્યા, તથા ભુખે પણ મર્યા. તેમનો દેશ દરીઆની સપાટીથી નીચો છે ને તેના રક્ષણાર્થે મોટા જબરદસ્ત બંધ બાંધ્યા છે. આ વેળા તેમને બીજો કોઇ ઇલાજ સુઝ ન પડતાં તેમણે આ બંધ તોડી નાંખી દેશમાં દરીઆની રેલ આવવા દીધી, એટલે દુશ્મનોને ન્હાસવું પડયું. આ ઝઘડા દરમ્યાન જો ઈંગ્લેંડની ગાદીએ કેથોલીક રાજ્યકર્તા હોત તો ફિલિપને ઘણી મદદ મળત. ઇલીઝાબેથને કયો પક્ષ લેવો તે નક્કી કરવું કઠણ હતું. તેની કાઉન્સીલમાં પણ મતભેદ હતો. સેસીલ તથા પ્રોટેસ્ટન્ટ અમીરો નેધરલેન્ડનો પક્ષ લેવાની તરફેણમાં હતા; અને કેથોલીક ઉમરાવો સ્પેઇનની દુશ્મનાવટ વહોરવા વિરૂદ્ધ હતા અને ઇલીઝાબેથ પછી મેરીને ગાદીએ લાવવા માગતા હતા. ઇલીઝાબેથ આ બન્નેને સમતોલ રાખવા ઇચ્છતી હતી. પણ કેથોલીકો અધીરા થયા. તેમણે એક ગુપ્ત યોજના કરી નક્કી કર્યું કે મેરીને નોરફોક સાથે પરણાવવી. આ વાત બહાર પડતાં નોરફોકને ટાવરગઢમાં કેદ કર્યો. વળી ઉત્તરમાં તોફાન થયું તે શમાવવા માં ૬૦૦ આદમીના જાન ગયા.

નેધરલેન્ડમાં બળવો.

હજુ કેથોલીકો અશાંત હતા. ૧૫૭૦માં પોપે ઇલીઝાબેથને ધર્મ બ્હાર મૂકી, તથા તેની પ્રજાને તેના પ્રત્યેની વફાદારીમાંથી મુક્ત કરી. આના વેરરૂપે પાર્લમેન્ટમાં કેથોલીક વિરૂદ્ધ વધુ જાસાના ધારા થયા. દરમ્યાન નોરફોકે એક આદમીને ગુપચુપ સ્પેઇન રવાના કર્યો તથા કહાવ્યું કે સ્પેઇનથી લશ્કર મોકલજો એટલે અમે ઇલીઝાબેથને કેદ કરી મેરીને ગાદીએ બેસાડીશું. પોપે આ વાતને મંજુરી

આપી તથા થોડી નાણાંની મદદ પણ આપી. આ તર્કટ ફુટી ગયું. અને લોર્ડ બરલીને એની ખબર પડતાં તેણે નોર્ફોકને દેહાંત સજા દીધી તથા સ્પેઇનના એલચીને ઇંગ્લેંડ બહાર જવા હુકમ આપ્યો. પાર્લમેન્ટે મેરી ઉપર રાજદ્રોહનો આરોપ મૂકવા સૂચવ્યું પણ ઇલીઝાબેથે તે વાતની ના પાડી.

સ્પેઇને આ પ્રમાણે ગુપ્ત તર્કટોમાં સામેલ થવા માંડયું; ત્યારે ફ્રેન્ચ રાજકુટુંબમાં પરણવાનો ડોળ કર્યાથી ઇલીઝાબેથ ફ્રાન્સ સાથે મૈત્રી રાખી શકી. પણ એટલામાં એક ભયંકર બનાવ બન્યો. ફ્રાન્સમાં રાજકુટુંબની ઉશ્કેરણીથી પેરીસની પ્રજા જોસ પર આવી ગઇ અને ત્યાંના પ્રોટેસ્ટન્ટોને ખૂન કર્યાં ઇતિહાસમાં આ બનાવ ' સેન્ટ બાર્થોલોમ્યુની કતલ ' એ નામથી પ્રસિદ્ધ છે. લગભગ ૧ લાખ પ્રોટેસ્ટન્ટો જાનથી માર્યા ગયા. આ સાંભળી ઇલીઝાબેથ તથા તેની પ્રજાને બહુ માઠું લાગ્યું. છતાં ખુલ્લી રીતે ફ્રાન્સ તથા નેધરલેન્ડના પ્રોટેસ્ટંટોનો પક્ષ લેવા તે તૈયાર નહતી. અંગ્રેજ પ્રજા તેમને વ્યક્તિગત મદદ આપે તેની મના પણ ન હતી. લંડનના વેપારીઓએ નેધરલેન્ડ માટે ૫૦ લાખનું ફંડ એકઠું કર્યું તથા ૫૦૦૦ જેટલા અંગ્રેજ વીર ઘરબાર છોડી નેધરલેન્ડની મદદે નીકળી પડયા, કેટલાક પોતાનાં વહાણ લઇ ઇંગ્લિશ ચેનલમાં ફરવા લાગ્યા તથા ફ્રાન્સ યા સ્પેઇનનાં વહાણ હાથ આવે તો લુટતા. આ લોકોને કેથોલીકની કે પ્રોટેસ્ટન્ટની ખાસ પરવા ન હતી; એમણે તો પારકો માલ લુટવાની તક મળી તેનો લાભ લીધો. અમેરીકાના સોનાવાળા ભાગમાં સ્પેઇનનું રાજ્ય હતું ત્યાંથી સોનું ભરેલાં વહાણ સ્પેઇન આવતાં. ડ્રેઇકે આવાં વહાણ બે વેળા લુંટયાં, તેનું વેર લેવા ફિલિપે પ્રતિજ્ઞા લીધી, ને તેનું ખાસ કારણ એ હતું કે જે ડ્રેઇકે સ્પેઇનનો માલ આવી રીતે લુટયો, તેને ઇંગ્લંડે વીરરૂપે આવકાર દીધો તથા ' સર 'નો ઇલકાબ આપ્યો. અત્યારે તો ફિલિપ રોકાએલો

સેન્ટ બાથેલોમ્યુની કતલ ૧૫૭૨.

હતો એટલે તેનાથી કશું થયું નહિ. ફરી ડ્રેઇક ૨૫ વહાણનો કાફલો લઇ અમેરીકા ગયો, તથા ઘણી લુટ મેળવી. એટલે ફિલિપે ઇંગ્લૅંડ સાથે યુદ્ધ કરવાની સજ્જડ તૈયારી કરવા માંડી.

૧૫૭૬માં કેટલાક પરદેશી કેથોલીક યુવાનો ઇંગ્લૅંડ આવ્યા. તેમનો હેતુ પોપની સત્તા ઇંગ્લૅંડમાં ફરી દાખલ કરવાનો હતો. તેઓ છુટાછવાયા ગામેગામ ફરવા લાગ્યા તથા લોકોને અસલ ધર્મની ઉત્તમતા વિષે સમજુતી આપવા લાગ્યા. આથી સરકારને ગભરામણ થવા લાગી; ને જ્યાં જ્યાં આવા માણસો હાથ લાગ્યા ત્યાં ત્યાંથી તેમને પકડી જેલમાં પુરવામાં આવ્યા, તથા ઘણાને દેહાંત સજા થઇ.

મેરીને ફાંસી

મેરીને ગાદીએ બેસાડવાનાં કાવત્રાં ફરી થવા લાગ્યાં. રાણીનું રક્ષણ કરવા એક મંડળ સ્થપાયું; આ મંડળ મેરીને ચેતવણીરૂપ હતું; અને મેરીને પણ આ મંડળમાં જોડાવા કહેવામાં આવ્યું. ત્રણ વર્ષ પછી બેબીંગટન નામના પુરૂષે એક કાવત્રું રચ્યું ને તેમાં મેરીની મંજુરી માગી. લાંબી જેલથી થાકેલી બીચારી મેરીએ સંમતિ આપી. આ વાતની ખબર સરકારમાં થતાં મેરીની તપાસ ચાલી ને છેવટે તેને દેહાંત સજા ફરમાવવામાં આવી. હવે કાવત્રાંનો પ્રવાહ અટકશે એમ ધારી રૈયત ખુશ થઇ, તથા લંડનમાં રોશની કરવામાં આવી. પરંતુ ફાંસીના વોરંટ (હુકમ) પર સહી કરતાં ઇલીઝાબેથે ઢીલ, આનાકાની તથા દિલગીરી દર્શાવી. છેવટે પુષ્કળ દબાણ થતાં તેણે હૈયું સખત કરી સહી કરી ને ૧૫૮૭માં અભાગણી મેરીને ફાંસી દેવામાં આવી. મરતી વેળા તેણે પોતાની સખીને કહ્યું કે " રડશો ના; મારા તમામ મિત્રોને કહેજો કે મરતી વેળા પણ હું ચુસ્ત કેથોલીક જ હતી." સ્કોટલેન્ડની રાણી ઇંગ્લૅંડ આશ્રય માગતી આવી તેને કેદ કરવી એ અન્યાય અને વિશ્વાસઘાત કહેવાય. તેને મારી નંખાવી તે વધુ વિકરાળ કાર્ય લેખાય. તેને પ્રથમથીજ ફ્રાન્સ જવા દીધી હત તો આ બધી પાછળની પંચાત ઉપસ્થિત થાત નહિ. પરદેશી રાણીને

કેદ કરવાનો યા દેહાંત સજા ફરમાવવાનો ઇલીઝાબેથને લેશમાત્ર પણ હક ન હતો. આથી ઇલીઝાબેથને માથે હંમેશને માટે કાળી ટીલી ચોંટી.

સ્પેનીસ આર્મેડા.

હવે મેરીનું કાસળ જવાથી ઇલીઝાબેથને એક જ દુશ્મન રહ્યો, ને તે ફિલિપ, જે ઇંગ્લેંડ પર હુમલો કરવા તલપાપડ થઇ રહ્યો હતો. તેની તૈયારી પ્રચંડ હતી. કરકસરમાં શૂરી રાણી અંગ્રેજ નૌકાને તેજ બનાવવા જેટલું દ્રવ્ય આપવા આનાકાની કરતી; છતાં લોર્ડ હાવર્ડ તથા બીજા નૌકાધિપતિઓની અખંડ અને અનંત મહેનતથી નૌકાસેન તૈયાર થયું. ડ્રેઇકે છાનામાના કેડીઝ બંદરમાં ઘુસી જઇ સ્પેઇનના નૌકાસેનના એક ભાગને આગ લગાડી. ઘણા અંગ્રેજો પોતાને ખર્ચે વહાણ બનાવી લડવા તૈયાર થયા. ફિલિપના મુખ્ય સરદાર પાર્માએ ૩૦૦૦૦નું લશ્કર નેધરલેન્ડમાં ખડું કર્યું તથા સ્પેઇનથી આવતા નૌકાસેનમાં જોડાવા તૈયારી કરી. ફિલિપને ખાત્રી હતી કે ઇંગ્લેંડના તમામ કેથોલીકો ફુટી મારા સાથમાં ભળશે, એટલે તેણે મોટાં મોટાં ૧૨૯ વહાણનો રાક્ષસી કાફલો હંકાર્યો, પણ આમાં ફિલિપે થાપ ખાધી. આર્મેડા આવે છે એવા સમાચાર ઇંગ્લેંડમાં આવ્યા એટલે આખી પ્રજા, કેથોલીક તથા પ્રોટેસ્ટન્ટ, પોતાના દેશનું તથા રાણીનું રક્ષણ કરવા એકકે પગે તૈયાર થઇ. વેપારીઓએ પોતાનાં વહાણ ખુશીથી સરકારને આપ્યાં; ધનિકવર્ગે યથાશક્તિ નાણું આપ્યાં તથા લડી શકે એવા પુરૂષો હથિઆર લઇ સજ્જ થયા.

સ્પેઇનના કાફલાને મુહુર્તમાં જ તોફાન નડયું એટલે થોડા દિવસ રોકાવું પડયું. આ કાફલો એટલો વિશાળ હતો કે તેનાથી ૭ માઇલ સુધી દરિયો ઢંકાઇ ગયો. આમથી અંગ્રેજો પાસે માત્ર ૮૦ વહાણ તથા ૯૦૦૦ આદમી હતાં, પણ તેના સરદારો ડ્રેઇક, હોકીન્સ તથા ફ્રોબીશર જેવા જંગે-બહાદુર હતા. હલકાં અંગ્રેજી વહાણો

દુશ્મનનાં ભારે તોસ્તાન જેવાં વહાણોને અનેક રીતે હેરાન કરવા લાગ્યાં; દોરડાં તથા લંગર કાપી નાંખવાથી વહાણો એક બીજાથી વિખુટાં પાડી નાંખતાં. પછી અંગ્રેજી નૌકાએ રીતસરનો ધસારો કર્યો, તથા ગોળાનો વરસાદ વર્ષાવ્યો. દુશ્મનનાં વહાણ મોટાં એટલે અંગ્રેજોને ગોળી તાકવાનું કામ સહેલ થઈ પડતું. દુશ્મનના વહાણને ફેરવતાં ઘણી વાર લાગતી, ને તેટલા વખતમાં તો અંગ્રેજ વહાણ ઘણે દૂર ચાલી જતાં. વળી તેમનાં વહાણ ઉંચાં ને અંગ્રેજોનાં નીચાં એટલે તેમની ગોળી અંગ્રેજોના વહાણ ઉપર થઈને ચાલી જતી. આ રીતે સ્પેઇનવાળાઓનો જુસ્સો ઠંડો થઇ ગયો; એટલે તેમણે પાછા ફરવા માંડયું; પણ પવન ઉગમણો હોવાથી તેમને સ્કોટલેન્ડની પ્રદક્ષિણા કરવી પડી. રસ્તામાં તેમને ભારે તોફાન નડયું. કેટલાંક વહાણ ખડક સાથે અથડાઇ ભાંગી ગયાં. તે દિવસે સ્કોટલેન્ડનો કિનારો અનેક મુડદાંથી છવાઇ ગયો. બાકી રહેલામાંના ૧૧૦૦૦ આદમી આયર્લેન્ડના કિનારા આગળ નાશ પામ્યા. માત્ર ૫૩ ભાંગેલાં તુટેલાં વહાણ ઘેર આવવા પામ્યાં. આવી રીતે સ્પેઇનનું અજીત ગણાતું નૌકાસૈન્ય ખતમ થઇ ગયું. અંગ્રેજોના આનંદનો પાર રહ્યો નહિ. રાણીએ નવા સિક્કા પર આ શબ્દો કોતરાવ્યા કે—" પરમાત્માના અજબ વાયુથી દુશ્મનો છિન્નભિન્ન થઇ ગયા."

ઇંગ્લેંડની કીર્તિ.

હવે ઇલીઝાબેથને આરામનો સમય આવ્યો. સઘળાં યુરોપી રાજ્યોને તેની સત્તાનું ભાન થયું હતું; તેની નૌકાએ દરિયાઈ સ્વામિત્વ પ્રાપ્ત કર્યું હતું. તેની પ્રજા ઘણી ઘણી લાલચો છતાં દેશદ્રોહ કરવા તૈયાર ન હતી; કેથોલીક લોકો પણ પરરાજ્ય સાથે ખટપટ કરવા કરતાં પોતાના રાજ્યને તાબે થવું વધુ શ્રેયસ્કર માનવા લાગ્યા. મુશ્કેલી હતી માત્ર પ્યુરીટન પક્ષની (હડહડતા પ્રોટેસ્ટંટ) જેમને સાદામાં સાદા વિધિ માટે પણ તિરસ્કાર હતો; પણ આ રાજ્ય દરમ્યાન તો આ પક્ષને પણ શાંત રાખવામાં આવ્યો. ફ્રાન્સના શાણા

ર્જા ૪ થા હેન્રીએ નેન્ટસનું પ્રખ્યાત આજ્ઞાપત્ર બહાર પાડી પો-
ાની પ્રોટેસ્ટન્ટ પ્રજાને મરજી મુજબનો ધર્મ પાળવાનો છૂટ આપી,
ને તેથી આખા યુરોપને શાંત પાડવામાં ઘણી મદદ કરી.

છેલ્લાં ૩૦ વર્ષથી પ્રજામાં જે પ્રગતિ ગુપચુપ થઇ રહી હતી
તેનું ફળ હવે આવવા લાગ્યું. અંગ્રેજોનાં વહાણ દેશદેશાવરમાં જવા
લાગ્યાં. સર વોલ્ટર રેલે ૭ વાર અમેરીકા ગયો, તથા ત્યાંથી તંબાકુ, બટાકા આદિ અનેક વસ્તુ લાવ્યો. ડ્રેઈક ઇસ્ટ ઇંડીઝનો માગ ખુલ્લો કરી દીધો; તથા ઇંગ્લેંડ ને હોલેન્ડનાં વહાણ

ઇસ્ટ ઇંડીઆ કંપની.

ઉપરાઉપરી વેપારાર્થે પૂર્વ તરફ જવા લાગ્યાં. લંડનના એક વેપારી
મંડળને ઇલીઝાબેથે પૂર્વમાં વેપાર કરવાનો ઇજારો આપ્યો. ઇ. સ.
૧૬૦૦ આ વેપારી મંડળ પાછળથી ઇસ્ટ ઇંડીઆ કંપનીના નામે જગ-
વિખ્યાત થયું.

આ બહારની પ્રગતિ સાથે, મન તથા વિચારનો આંતરિક વિ-
કાસ પણ થતો હતો. ટયુડર વંશ શરૂ થયાને સો વર્ષ પુરાં થયાં તે
દરમ્યાન એવા મોટા બનાવ બની ગયા અને એવી અજબ શોધ
થઈ કે જેથી કોઇપણ માણસને આશ્ચર્ય લાગ્યા વિના રહે નહિ.
જનસમાજની અસલ માન્યતા એમ હતી કે આપણી પૃથ્વી આખા
બ્રહ્માણ્ડની મધ્યમાં છે, તથા સૂર્યચંદ્ર આદિ પૃથ્વીની આસપાસ ફરે
છે. આ સમયે ગેલીલીઓ અને કોપરનીસ નામના જ્યોતિષીઓએ
સાબીત કર્યું કે સત્ય હકીકત આથી જુદી છે. સૂર્યની આસપાસ
પૃથ્વી ફરે છે એ સત્ય વસ્તુ છે વળી દરીઆઇ મુસાફરી વધવાથી
દુનિયાની ખુબી તથા મહત્ત્વ સમજાવા લાગ્યાં. અનેક ચિત્ર વિચિત્ર
દેશો લોકોની નજરે પડવા લાગ્યા. ધર્મસુધારણા, છાપખાનાંનો ફેલાવો
ગ્રીકને લેટીન ભાષાનો અભ્યાસ, આ સવથી અંગ્રેજ પ્રજાનાં મન
ઉચ્ચ વિચારો તરફ દોરાયાં; અને પરિણામે આ સમયનું સાહિત્ય
પણ ઉત્તમ પ્રકારનું થયું. ઇતિહાસનો અભ્યાસ થવા લાગ્યો. રેલેએ

"દુનિયાનો ઇતિહાસ" આજ સમયમાં લખવો શરૂ કર્યો. વળી બેકન, સ્પેન્સર, આભૂષણ સમ હતા.

બર્લીનું મરણ ૧૫૯૮

ઇલીઝાબેથના રાજ્યનો અંત હવે આવવા લાગ્યો. લોર્ડ બર્લીનું મરણ થતાં દરબારમાં બીજા પુરૂષો દાખલ થયા તેમાં ખાસ કરીને સર વોલ્ટર રેલે, રોબર્ટ સેસીલ, તથા રાણીનો માનીતો ઇસેક્સ. આયર્લેન્ડમાં અસલની મુશ્કેલી ચાલુ જ હતી; અને કેથોલીક વિરૂદ્ધના કાયદા અક્ષરે-અક્ષર, અમલમાં મૂકવા જતાં સ્થિતિ પહેલાં કરતાં બગડી. આયરીશ પ્રજાને કયું વલણ લેવું તેની સમજ પડતી નહતી. સ્પેઇન તેમને ઇંગ્લેંડ વિરૂદ્ધ ઉશ્કેરી રહ્યું હતું. ટાયરોનના અર્લે સ્પેઇનની મદદથી બળવો જગાવ્યો. તેની વિરૂદ્ધ રાણીએ ૩૦૦૦૦ ના, લશ્કર સાથે ઇસેક્સને મોકલ્યો; પરંતુ ઘણી મુશ્કેલી નડવાથી તથા ખુશામતથી અંજાઇ જઇ તેણે હાનિકારક કરાર કર્યા. તે એમ માનતો હતો કે રાણીને ગમે તેમ સમજાવી દઇશું, પરંતુ ઇલીઝાબેથ ઘણી ગુસ્સે થઇ અને ઇસેક્સને તેના ઘરમાં નજરકેદ કીધો. આવાં વર્તનથી ક્રોધા-યમાન થઇ આ મુર્ખ યુવક બળવો જગાવવાની તૈયારીમાં હતો પણ ધારેલી મદદ ન મળવાથી નિષ્ફળ નીવડયો. પછી રાજદ્રોહી ઠરી તેણે પોતાનો જાન ગુમાવ્યો.

આયર્લેંન્ડ.

દરમ્યાન લોર્ડ માઉન્ટ જોય આયર્લેંન્ડ ગયો એટલે ટાયરોન તાબે થયો. ત્યારથી આખા આયર્લેંન્ડનું રાજ્ય ઇંગ્લેંડના હાથમાં આવ્યું. આવતા રાજ્યમાં અનેક અંગ્રેજ તથા સ્કોટ કુટુમ્બોને અલ્સ્ટર, તથા લીન્સ્ટર પ્રાંતમાં જમીન એવી શરતે અપાઈ કે તેમણે આયર્લેન્ડની શાંતિ જાળવવામાં સરકારને મદદ કરવી. આવી રીતે ઉત્તર આયર્લેન્ડનો ૨/૩ ભાગ પરદેશીઓને હાથ ગયો. આમાં અનેક જણને અન્યાય થએલા, ને પરિણામે અસલ આયરીશ અને આ નવા સંસ્થાનની વચ્ચે કડવાશનું જલદ બીજ રોપાયું. આજે પણ આ કડવાશનાં માઠાં પરિણામ દુનિયા સમક્ષ મોજુદ છે.

રાણીનું મરણ

હવે રાણી મરવા પડી. ચંચળ, અસ્થિર, તથા અભિમાની હોવાથી તેણે ઘણીવાર અસત્યનો આશ્રય લીધેલો. પરંતુ જે ઇંગ્લેંડ પોતે કબજે લીધો, તે વેળા દુર્બળ તથા છિન્ન ભિન્ન હતું તે ઇંગ્લેંડ તેણે મજબુત તથા સંપવાળું બનાવ્યું. ૮ મા હેન્રીના સમયમાં પાર્લામેન્ટે જે સ્વાતંત્ર્ય ગુમાવેલું તે તેણે ઘણું ખરૂં પાછું મેળવ્યું. છેલ્લી પાર્લામેન્ટમાં ઇજારાની બાબતમાં ઇલીઝાબેથને નમતું મુકવું પડયું પણ એક બાબતમાં તે મક્કમ રહી. ગાદી વારસ નીમવાની તેણે છેવટ સુધી ના પાડી. મરણને આગલે દિવસે તેણે સ્હેજ ડોકું હલાવ્યું તેથીજ પ્રધાનો સમજી શક્યા કે સ્કોટલેન્ડનો જેઇમ્સ ગાદીએ આવે તે વિષે રાણી સંમત છે. આખરે રાણી ઇલીઝાબેથ ૭૦ મે વર્ષે ગુજરી ગઇ.

ટયુટર ઇતિહાસનું ટુંક અવલોકન.

અહીં ટયુડર વંશ સમાપ્ત થાય છે ને સ્ટુઅર્ટ વંશ આરંભે છે. છેલ્લાં સોએક વર્ષથી ઇંગ્લેંડ યુરોપી રાજ્યોમાં આગળ પડતું સ્થાન મેળવી રહ્યું હતું; ૭મા હેન્રીએ વિદેશી યુદ્ધથી અળગા રહી તથા ઉમરાવોને દઢતાથી વશ કરી આ કાર્યનો પાયો નાંખેલો. એને પગલે પગલે ચાલી ૮ મા હેન્રીએ ઇંગ્લેંડમાંથી પોપનો પગ કાઢયો. એડવર્ડ ને મેરીના સમયમાં વિદ્વાનોને વિચાર-સ્વાતંત્ર્યની અગત્ય સમજાઇ. પોતાની પ્રજાને વિદેશી યુદ્ધમાંથી અલગ રાખી ઇલીઝાબેથે તેને મજબુત થવાનો, વધવાનો પ્રસંગ આપ્યો. વેપાર વધ્યો, ખેતી સુધરી અને સુખસંપત્તિ વધી. બહાદુર વહાણવટી દૂર દૂરના સાગર મહાસાગરમાં રખડવા લાગ્યા, ને તેથી હિંમત ને સાહસ માટે ઇંગ્લેંડની નામના થઇ.

વળી નવીન વિચાર તથા વિશાળજ્ઞાન પ્રસરવાથી તે સમયનું સાહિત્ય અતિ સુંદર લેખાય છે. આ બધું જે રાજ્યના આશ્રય હેઠળ

બનવા પામ્યું તેમાં એક દોષ હતો. આ રાજ્યનો તમામ આધાર રાજા યા રાણીના ચારિત્ર્ય પર હતો. રાજા શાણો તથા કાબેલ હોય તો કારભાર સારો ચાલે; ને રાજા દુષ્ટ યા મૂર્ખ હોય તો કારભાર ખરાબ ચાલે. ઇલીઝાબેથની પછી આવતા રાજાઓએ કારભારમાં ડહાપણ દર્શાવ્યું નહિં અને તેથી પાર્લમેન્ટ તથા રાજા વચ્ચે નિરંતર ઝઘડો ચાલ્યો, જેના પરિણામે પ્રજાવિગ્રહ અને બીજા અનેક સંકટ આવ્યાં.

સ્ટુઅર્ટ વંશ.

જોહુકમી રાજસત્તા વિરૂદ્ધ પ્રજાના પ્રચંડ પ્રયાસ.

સ્ટુઅર્ટ વંશાવળી.

૧ લો જેઈમ્સ.

- ૧ લો ચાર્લ્સ
  - ૨ જો ચાર્લ્સ
  - મેરી
    - ૩ જો વીલીઅમ
  - ૨ જો જેઈમ્સ
    - મેરી
    - એન
    - જેઈમ્સ (રાજપાખંડી)
      - ચાર્લ્સ એડવર્ડ (નાનો રાજપાખંડી)
- ઇલીઝાબેથ.
  - રૂપટ
  - મોરીસ
  - સોફીઆ
    - ૧ લો જ્યોર્જ (હેનોવર વંશનો પ્રથમ રાજા)

વિભાગ ૫ મો.

આપખુદી રાજાઓ સામે વિરોધ.

પ્રકરણ ૧૭ મું.

રાજહક્ક વિરૂદ્ધ પાર્લમેન્ટ.

૧ લો. જેઇમ્સ. ૧૬૦૩–૧૬૨૫.

જેઇમ્સના ગુણદોષ.

ઇલીઝાબેથનું મોત થતાં જ સ્કોટલેન્ડના રાજા ૬ ઠા જેઇમ્સ (મેરી ને ડાર્નલીનો પુત્ર) તરફ એક ખાસ કાસદ મારતે ઘોડે રવાના થયો. જેઇમ્સ હક્દાર વારસ હતો એટલુંજ નહિં, પણ પ્રજા તરફથી તે ચુંટાયો હતો; એટલે સ્કોટલેન્ડનો ૬ ઠો જેઇમ્સ ઇંગ્લેંડનો ૧ લો જેઇમ્સ થયો. વેસ્ટમીન્સ્ટરમાં તેનો રાજ્યાભિષેક થયો. આ રાજ્યમાં ખાસ મોટા બનાવ બન્યા નથી; છતાં પાર્લમેન્ટ સાથેના રાજાના નિરંતર ઝઘડાને લીધે એ અગત્યનું ગણાય છે. પુરૂષ તરીકે જેઇમ્સ દુષ્ટ ન હતો. એને દુષ્ટ રાજા કહેવો તે કરતાં ઉંધે રસ્તે દોરવાય એવો કહેવો વધારે સાર્થક છે. હંમેશના કાર્યમાં તે કુશળ હતો. કળણવાળી ભૂમિ સુધારવાનો, પડતર જમીનમાં ખેડાણ કરવાનો, પોસ્ટ ઓફીસ (પરદેશ માટેની), રેશમ વણાટ તથા રેશમના કીડા ઉછેરવાનો; આવાં અનેક કાર્યોને તેણે ઉત્તેજન આપ્યું. પરંતુ અંગ્રેજ પ્રજાને તે ઠેઠ સુધી સમજી શક્યો નહિં. એને પોતાની અક્કલ વિષે બહુ ઉંચો ખ્યાલ હતો. એટલે કોઇનું શીખવ્યું તે શીખે એમ ન હતું.

સ્વભાવે મળતાવડો તથા માયાળુ હોવાથી તેના વખતનો જુલમ ટયુડરોના જુલમ જેવો વિકરાળ ન હોતો. તે જીદ્દી હતો ને સલાહ સાંભળવાનો તેને કંટાળો હતો; છતાં ખુશામતનો શોખીન તથા કામનો કાયર હોવાથી તેના ખુશામતીઆ તેની પાસે ચાહે તેવું કામ કરાવતા.

જેઇમ્સ એમ માનતો કે ઇંગ્લેંડની ગાદી મને વારસામાં મળી છે, અને હું રાજ્ય કરૂં છું તે મારા ઇશ્વરી હકથી; હું કોઇપણ દુન્યવી સત્તાને જવાબદાર નથી. ટયુડર રાજાઓએ જો

ઇશ્વરી હક.

હુકમી ચલાવવામાં કાંઇ મણા નહિં રાખેલી; પણ તેઓ પ્રજાના મન પારખી શકયા હતા, ને તેથી લોકપ્રિય થયા હતા. પણ જેઇમ્સ આવા વિચારથી પ્રજા નાહક ઉશ્કેરાઇ. તેણે પાર્લામેન્ટના ઉપર થઇ રાજ્ય કરવા પ્રયત્ન આદર્યો, તથા આમની સભાને એક વખત સંભળાવ્યું કે—" જેમ ઇશ્વરની શકિત વિષે વાદવિવાદ કરવો તે નાસ્તિકતા લેખાય છે, તેવીજ રીતે રાજા શું કરી શકે એ સંબંધી ચર્ચા ચલાવવી તે નાને મ્હોડે મોટી વાત કરવા જેવું છે અને રાજા તરફ હડહડતો તિરસ્કાર કહેવાય." આવા વિચારથી સ્વતંત્ર અંગ્રેજ પ્રજા ઉશ્કેરાય એમાં

પ્રજાની સ્થિતિ.

નવાઇ નથી. તેઓ રાજાને માન આપતા, તેના પર સ્નેહભાવ રાખતા, છતાં અસલથી દરેક કાયદાને માટે 'હા, હા' યા 'ના, ના' ના પોકારોથી પોતાનો મત દર્શાવવાનો તેમનો રિવાજ હતો. વળી મજબુત ને લોકપ્રિય ટયુડરવંશના ભવ્ય ભૂપતિઓથી ટેવાએલી પ્રજાને જેઇમ્સનું બેડોળ શરીર, ચાલવાની ઢપછપ, ગામડીયા રીતભાત આદિ હાંસી પાત્ર લાગતાં. આ વેળા ખેડુતો, મજુરવર્ગ ને ગૃહસ્થો સુખી હતા. શહેરોમાં વેપાર વધતો હતો. લંડન શહેર એટલું વિશાળ બની ગયું હતું કે ઇલીઝાબેથે નવા મકાન બાંધવાની બંધી કરી હતી, ને જેઇમ્સે પણ ગામડાઓમાંથી વસવાટ માટે આવતા

ગૃહસ્થોને બે વેળા પાછા મોકલ્યા. મોટાં શહેરોની વધેલી વસ્તી, તથા છાપેલાં બાઇબિલ આદિ પુસ્તકોના પ્રચારથી લોકો ઘણી બાબતોમાં રસ લેતા થયા.

ખ્રિસ્તી ધર્મના પંથ.

બહોળી રીતે જોતાં ઇંગ્લેંડમાં આ સમયે ત્રણ પક્ષ હતા. ૧ પ્યુરીટન લોકો તમામ વિધિ નાપસંદ કરતા, ને ક્રુસનો ઉપયોગ પણ ખોટો માનતા; પ્રાર્થના પોથીમાં અમુક ફેરફાર માંગતા હતા; ને રાજકીય બાબતમાં પાર્લમેન્ટને સર્વોપરી માનતા.

૨. બીજો ને સૌથી મોટો પક્ષ અંગ્રેજી ધર્મવાળાનો હતો; તેમનો મત એવો હતો કે ઇલીઝાબેથે ધર્મ સંબંધી જે ગોઠવણ કરેલી તે વ્યાજબી છે; અને દરેકે રાજસત્તાને માન આપવું જોઇએ.

૩. કેથોલીક લોકો અસલ માર્ગ પાછો લાવવા ઇચ્છતા હતા તથા પોપની સત્તા દાખલ કરવા અગર સજીવન કરવા માંગતા હતા.

ઇલીઝાબેથે આ ત્રણે પક્ષને ઘણી તદબીરથી શાંત રાખ્યા હતા; પણ જેઇમ્સ તેમ ન કરી શક્યો. પ્યુરીટન માર્ગ તેને પસંદ ન હતો કેમકે તે માર્ગના સિદ્ધાન્ત સ્કોચ પ્રેસ્બીટેરીઅનના જેવા જ હતા, અને પ્રેસ્બીટેરીઅનોએ સ્કોટલેન્ડમાં તેને બહુ વીતાડેલું. ધર્મના ઝઘડાનો છેવટનો ફડચો લાવવાના હેતુથી, તેણે એક કોન્ફરન્સ બોલાવી તેમાં પ્યુરીટન પ્રતિનિધિને પણ નોતર્યા, પરંતુ તેઓ બહુ મમતીલા હોવાથી રાજાએ ગુસ્સે થઈ તેમને કહ્યું કે–'મારી દલીલ પણ તમે સાંભળતા નથી; તો મારે તમને જબરાઇથી સંમત બનાવવા પડશે, નહિ તો દેશ બહાર કાઢવા પડશે.' આ કોન્ફરન્સનું માત્ર એક સારૂં ફળ આવ્યું; તે એ કે જેઇમ્સે બાઇબલનું નવું સુધારા વધારાવાળું ભાષાન્તર કરાવ્યું. આ ભાષાન્તર એવું સુંદર છે કે આજે પણ તે વપરાય છે અને તમામ અંગ્રેજ લેખકોને વક્તાઓ તેનો

ઉપયોગ કરે છે. પછી ધર્મની બાબતમાં કેટલાક ફેરફાર સૂચવવા બદલ ૧૦ જણને જેલ મળી, ને ૩૦૦ પ્યુરીટન પાદરીઓને બર તરફ કરવામાં આવ્યા.

વિદેશ વાસ. મરજી મુજબ ઇશ્વરને આરાધવાની છૂટ ન મળવાથી કેટલાક લોકોએ દેશ ત્યાગવાનો નિશ્ચય કર્યો. એક નાનું પ્યુરીટન મંડળ આમ્સ્ટરડામ તથા લી. ડન ગયું; ઈ. સ. ૧૬૨૦ ત્યાં ૧૨ વર્ષ રહી 'પીલ્ગ્રીમ ફાધર્સ' ના નામથી પ્રખ્યાત, આ મંડળ 'મેફ્લાવર' નામના વહાણમાં બેસી એટલેન્ટીક મહાસાગરમાં થઇ ઉત્તર અમેરીકામાં જઇ વસ્યું. તેમના કાયદા જોઇએ તો બાઇબિલમાંના, તેમનો પટ્ટો જોઇએ તો તેમનો ભાઇચારો! માસાચુસેટસના વેરાન કિનારા પર ભારે સંકટ વેઠવું પડ્યું છતાં તેમના વસવાટથી ભવિષ્યના આવનારા સંસ્થાનીઓનો માર્ગ સરળ થયો. આ ધર્મવીરોજ હાલના યુનાઇટેડ સ્ટેટસના વતનીઓના પૂર્વજો હતા.

૧ લી પાર્લમેન્ટ ૧૬૦૪–૧૬૧૦ કોન્ફરન્સ પૂરી થઇ એટલે જેઇમ્સે પાર્લમેન્ટ બોલાવી. કેવા મેમ્બરો ચુંટવા તે વિષે તેણે સૂચના ઠેરઠેર મોકલી. આમની સભાએ અરજ કરી કે બરતરફ થએલા પ્યુરીટન પાદરીઓને તેમની જગ્યા પાછી સોંપવી; પણ આ વિષે ચર્ચા કરવા રાજાએ મના કરી. આના પ્રતિકાયરૂપે પાર્લમેન્ટે કેથોલીક વિરૂદ્ધ સખત ધારા કર્યા.

સુરંગથી ઉડાવી મુકવાનું કાવત્રું. આવી હેરાનગતીથી કેથોલીકો ઉશ્કેરાયા; તેમણે રાજા, પાટવી કુંવર તથા પાર્લમેન્ટને સુરંગથી ઉડાડી દઇ નાના કુંવરને ગાદીએ લાવવાનું એક તર્કટ કર્યું. આ કાર્ય થોડા મહિના સુધી ચાલ્યું; પરદેશથી હથીઆર મંગાવવામાં આવ્યાં.

કેથોલીકોને આ બળવામાં સામેલ થવા આમંત્રણ થયાં. પણ છેલ્લી ઘડીએ આ વાત અજબ રીતે ફુટી ગઇ. એક તર્કટખોરે પોતાના બનેવીને નનામો કાગળ લખી જણાવ્યું કે તમારે આજે સભામાં જવું નહિ. આ ભેદભર્યો કાગળ જેઇમ્સના હાથમાં ગયો એટલે તેને વહેમ આવ્યો. તાબડતોબ તપાસ કરતાં માલમ પડ્યું કે પાર્લ-મેન્ટના મકાનના ભોંયરામાં દારૂના પીપ તૈયાર રાખી ગાઇફોક્સ નામનો બદમાશ ચોર ફાનસ સાથે ત્યાં ફરતો હતો. આ મૂર્ખ કાર્યનું પરિણામ એ આવ્યું કે તર્કટખોરો જાનથી માર્યા ગયા ને કેથોલીકો પર પહેલાં કરતાં વધુ સખત જાપ્તા થયા.

ઇંગ્લેંડ-સ્કોટલેન્ડના સંયોગની દરખાસ્ત.

જેઇમ્સ તથા પાર્લમેન્ટને માત્ર ધાર્મિક બાબતમાંજ મતભેદ ન હતો. રાજાની સાથે આવેલા તેના માનીતા સ્કોટ લોકોની અંગ્રેજોને અદેખાઇ થઇ; અને રાજાએ ઇંગ્લેંડ તથા સ્કોટલેન્ડને ગ્રેટબ્રીટનના નામથી એક કરવા સૂચના કરી ત્યારે સખત વિરોધ થયો. આ બાબતમાં જેઇમ્સનું ધારવું સત્ય હતું, પણ તે પાર્લમેન્ટથી સ્વતંત્ર થવા હંમેશાં પ્રયાસ કરતો તેથી મેમ્બરો તેનો વિરોધ કરતા. પોતાની હઠથી તે પાર્લમેન્ટની મંજુરી સિવાય જકાત નાંખતો અને જાહેરનામા કાઢતો. રંગવાનો ધંધો સુધરે એ ઇરાદાથી તેણે જાહેર હુકમ બહાર પાડયો કે રંગવાનું કાપડ કોઇએ પરદેશ મોકલવુ નહિ. વળી એક આદમીને રંગવાનો ને ધોવાનો ઇજારો આપ્યો; પણ આથી તે ધંધાને ધોકો લાગવાથી ઇજારો પાછો ખેંચી લેવો પડયો. પછી નાણાંની જરૂર પડતાં તેણે કાયદા શાસ્ત્રીનો અભિપ્રાય લઇ અમુક માલપર જકાત નાંખી એક વર્ષમાં ૭૦૦૦૦ પાઉન્ડ ભેગા કર્યા. તેના દરબારનો ખર્ચ ભારે હતો; વળી આયર્લેન્ડમાં મોટું લશ્કર નભાવવું પડતું કેમકે અલ્સ્ટરના વસવાટથી ત્યાંની રૈયત અસંતુષ્ટ હતી. આમની સભા પાસે પૈસાની માંગણી કરી એટલે

તેમણે એક શરત કરી કે જાહેરનામાં તથા જકાતનો હક રાજાએ છોડી દેવો. રાજા આમ કરવા તૈયાર ન હતો એટલે તેના પ્રધાન સેસીલે પર્લમેન્ટ જોડે છૂટછાટ કરવા પ્રયત્ન કર્યો, અને સૂચવ્યું કે રાજા અમુક હક જતા કરે, ને પાર્લમેન્ટ તેને જીંદગીભર ૨ લાખ પાઉન્ડનું વર્ષાસન આપે. આ વાત પાર્લમેન્ટે કબુલ રાખી નહિં, એટલે રાજાએ સભા બરખાસ્ત કરી. ૩ વર્ષ પછી બીજી પાર્લમેન્ટ બોલાવી તે પણ પ્રથમના જેવી રકઝક શરૂ થતાં બંધ કરવી પડી. આ સભામાં કશું કાર્ય થવા પામ્યું નહિ માટે તેને 'વાંઝણી પાર્લમેન્ટ' નામ અપાયું છે.

હવે પછીના ૭ વર્ષ જેઇમ્સે પાર્લમેન્ટ વિના રાજ્ય કર્યું. પ્રધાન સેસીલ ગુજરી જવાથી તેની જગ્યાએ રોબર્ટ કાર નામના સ્કોટને સમરસેટના અર્લની પદવી આપી ચઢાવ્યો.

બકીંગહામ. પણ સમરસેટનું ખાનગી જીવન નાલાયક ઠરવાથી તેને બરતરફ કરી રાજાએ જ્યોર્જ વીલીઅર્સ (પાછળથી બકીંગહામનો ડયુક) ને નીમ્યો. આ પુરૂષ જુવાન ખુબસુરત તથા બહાદુર હતો પણ સાથે દુષ્ટ, દુરાચરણી ઉછાંછળો તથા કડક મીજાજી હતો. તે જેઇમ્સ તથા તેના પુત્ર ચાર્લ્સનો એટલો માનીતો થઇ પડેલો કે જેને દરબારમાં ઉંચુ સ્થાન જોઇએ તે પહેલાં એને મળી લાંચરૂશ્વત આદિથી ખુશ કરતા; થોડા વખતમાં તે ઇંગ્લેંડના ઉમરાવોમાં સૌથી ધનિક તથા બળવાન ગણાવા લાગ્યો, રાજાનો પાટવી કુંવર હેન્રી મરણ પામવાથી બીજો કુંવર ચાર્લ્સ ગાદી વારસ થયો.

જેઇમ્સને અંતરથી શાંતિ પ્રિય હતી, તેથી તેણે સ્પેઇનવાળું યુદ્ધ ઘણા વખતથી બંધ કરેલું, અને હવે ચાર્લ્સનો વિવાહ સ્પેઇનની કુંવરી મેરીઆ સાથે કરવા ઇચ્છતો હતો, આ

પરદેશ નીતિ. મૂર્ખાઇનું કાર્ય હતું કેમકે અંગ્રેજો સ્પેઇનને દુશ્મન રૂપે જોઇ રહ્યા હતા અને કેથોલીક

રાણીની તેમને જરૂર ન હતી. ઇલીઝાબેથ હયાત હોત તો આ વાત સમજી જઇ પોતાની ઇચ્છા જતી કરત. જેઇમ્સે આ જોડું ગોઠવવાની બારબાર વર્ષ મહેનત કરી, પોતાની રૈયતને ઘણીવાર નારાજ કરી, છતાં તેનું કાંઇ વળ્યું નહિં; કારણ કે કન્યાને વર પસંદ પડયો નહિ, આવી રીતે વિવાહની વાત વંઠી, પણ આ વાત લોકોના દિલમાં ઘણો વખત સાલી; ને આ જ હેતુથી સ્પેઇનને ખુશ કરવા તેણે

રેલેનો અંત

એક ક્રૂર કર્મ કર્યું. રાજાને પદભ્રષ્ટ કરવાના આરોપ માટે વીર રેલેને ૧૬૦૩ માં દેહાંત સજાનો હુકમ થએલો; તેને ૧૩ વર્ષ જેલમાં રાખવામાં આવ્યો, જે અરસામાં તેણે 'દુનિયાનો ઇતિહાસ' લખ્યો. પછી તેણે ગીનીમાં સોનાની ખાણ બતાવવા રાજાને વાત કીધી. એટલે જેઇમ્સે તેને છૂટો કરી એવી સૂચના સાથે અમેરીકા મોકલ્યો કે તમારે સ્પેઇનવાલા સાથે આથડવું નહિં, ને આથડયા તો તમારૂં ડોકું ધડથી જુદું થયું જાણજો! આ હુકમ પાળવો અશક્ય હતો. તેની સફર નિષ્ફળ નીવડી; સોનાનો કાંઇ પત્તો લાગ્યો નહિં. રસ્તામાં સ્પેઇનવાળાનો હુમલો થતાં તેણે એક ગામ ઉજ્જડ કર્યું. તેનો દીકરો આ લડાઇમાં મુઓ. ખાલી હાથે દેશ જવું તે કરતાં કંઇ લઇ જવું એ હેતુથી રેલેએ સ્પેઇનનાં વહાણ લુંટવા વિચાર કર્યો પણ તેના આદમી તાબામાં ન રહ્યા એટલે ખિન્ન હૃદયે તે ઘેર આવ્યો. તેને ૧૩ વર્ષ પૂર્વે ફરમાવેલી સજા ખમવી પડી. તેનો શિરચ્છેદ થયો. લોકોને એમ વહેમ ગયો કે આ કામ સ્પેઇનને ખુશ કરવા થયું હતું એટલે તેઓ બહુ ક્રોધે ભરાયા, કારણ કે રેલે જેવો તેવો પુરૂષ નહોતો.

આ વાતને ૩ વર્ષ વીત્યાં, ને જેઇમ્સને નવી પાર્લમેન્ટ બોલાવવી પડી. તેણે કુંવરી ઇલીઝાબેથનું લગ્ન જર્મનીના એક પ્રોટેસ્ટન્ટ ઠાકોર વેરે કર્યું. પછી જર્મનીમાં ૩૦ વર્ષનું યુદ્ધ થયું તેમ

જેઇમ્સનો જમાઇ હાર્યો, એટલે દીકરી જમાઇ બન્ને ઇંગ્લેંડમાં આશ્રય લેવા આવ્યાં, ને આ કામ પાર્લમેન્ટની રજા સિવાય થાય નહિં.

નાણાં માટે જુલમ.

છેલ્લા ૭ વર્ષથી ભારે દંડ, જબરાઇથી ભરાવેલી લોન, નજરાણાં આદિ અનેક અન્યાયી રીતે રાજા દ્રવ્ય ભેગું કરી રહ્યો હતો. ભારે રકમો લઇ ઉમરાવપદ વેચાતું. જે સો પાઉન્ડ આપે તે 'સર' બની શકતો. વળી બકીંગહામ તથા બીજા માનીતા પુરૂષોને ઇજારા આપેલા હોવાથી તેઓ લોકોપર જુલમ ગુજારવામાં મણા ન રાખતા. અદાલતોમાં છયોક લાંચની આપ લે થતી; ન્યાયાધીશોનો પગાર, ઓછો હોવાથી, તેઓ અરજદારો પાસેથી બક્ષીસ લેવા ચુકતા નહિં.

૩ જી પાર્લમેન્ટ ૧૬૨૧–૧૬૨૨.

નવી પાર્લમેન્ટના ઘણા મેમ્બરો આ આપખુદી બંધ કરવાની તરફેણમાં હતા. તેમના મુખી પીમ અને હેમ્પડન હતા. બન્ને પ્રમાણિક નિશ્ચયી તથા નીડર હતા. આ વખતથી મરવાં સુધી તેમણે ઇંગ્લેંડના સ્વાતંત્ર્ય માટે લડત ચલાવી. તેમના પક્ષમાં સર જોન ઇલીઅટ નામનો સત્યવક્તા તથા ગરમ સ્વભાવનો પુરૂષ, અને કોક ને સેલ્ડન જેવા નામીચા કાયદાશાસ્ત્રીઓ, વિગેરે હતા. આ દેશભક્તોએ યુદ્ધ માટે બહુ ઓછી રકમ મંજુર કરી; અને દંડ ઇજારા લાંચ રૂશ્વત આદિ માટે સખત વિરોધ દર્શાવ્યો. જેઇમ્સને ઇજારા રદ કરવા પડયા. વળી ચાન્સેલર બેકન ઉપર રાજદ્રોહનો આરોપ મુકાયો. બેકન આ ઉત્તમ જમાનાનો ઉત્તમ પંક્તિનો લેખક ગણાય છે. પણ શક્તિના પ્રમાણમાં પ્રમાણિકપણું તેનામાં ઓછું હતું. તપાસ દરમ્યાન તેણે કહ્યું કે " મેં લાંચ નથી લીધી એમ કહેવા હું નથી માંગતો; મારે તો એટલુંજ કહેવું

છે કે હું જમાનાના રિવાજ મુજબ વર્ત્યો છું." તે અપરાધી ઠર્યો, અધિકારમાંથી બરતરફ થયો, અને સખત દંડ પામ્યો. રાજાએ તેને માફી બક્ષી, ૧૨૦૦૦ પાઉન્ડનું વાર્ષિક પેન્શન બાંધી આપ્યું. તેણે છેવટનું જીવન પદાર્થવિજ્ઞાનના અભ્યાસમાં ગુજાર્યું.

રાજા વિરૂદ્ધ પાર્લમેન્ટ.

દરમ્યાન રાજા ફ્રાન્સ સાથે યુદ્ધની તૈયારી કરતો હતો. સ્પેઇનના મિત્ર સાથે લડવું તથા સ્પેઇન સાથે મૈત્રી રાખવી, આ બે વિરોધી ખ્યાલ તેના મગજમાં હતા. પીમ અને કોકનું ઘડેલું એક અરજીપત્ર પાર્લમેન્ટે રાજાને મોકલ્યું; આમાં સ્પેન સાથેનો સંબંધ તોડવા તથા પાટવીકુંવર ચાર્લ્સને પ્રોટેસ્ટન્ટ કન્યા સાથે પરણાવવા વિષે લખ્યું હતું. આથી રાજાને અપમાન લાગ્યું ને તેમની સલાહ ઉદ્ધત લાગી. ત્યારબાદ બધાએ સર્વાનુમતે ઠરાવ કર્યો કે "પાર્લમેન્ટના હક પરંપરાથી નિર્વિવાદ ચાલ્યા આવે છે, અને રાજકાજ દેશ તથા સમાજનું રક્ષણ, કાયદા બનાવવા તથા ચલાવવા, અને પ્રજાના દુઃખો નિવારણ કરવાં, એ સઘળી બાબતની ચર્ચા, વિચાર, તથા નિર્ણય કરવો એ પાર્લમેન્ટનું કામ છેજ, અને એ કામ કરવાને પાર્લમેન્ટના સઘળા સભાસદોની મરજીમાં આવે તેમ બોલવાની, ચર્ચા કરવાની, વાંધો લેવાની, ને છેવટનો ઠરાવ કરવાની સંપૂર્ણ છૂટ છે, અને તે હોવીજ જોઇએ." આ ઠરાવથી રાજા બહુ ગુસ્સે થયો ને પાર્લમેન્ટના દફતરમાંથી આ ઠરાવવાળું પાનું ફાડી નાંખ્યું અને પાર્લમેન્ટ વિસર્જન કરી. પીમ, કોક, સેલ્ડન આદિ આગેવાનોને જેલજાત્રાનો લ્હાવો મળ્યો. આવી રીતે ત્રીજી પાર્લમેન્ટનો અંત આવ્યો, જેમાં મેમ્બરો થોડાં શુભ કામ કરી શક્યા. તેમણે ઇજારા રદ કરાવ્યા, અદાલત કાંઇક સુધારી, રાજદ્રોહના આરોપ લાવવાની સત્તા સજીવન કીધી, તથા રાજકાર્યમાં સલાહ આપવાનો હક પ્રત્યક્ષ બતાવ્યો. આમ રાજા ને પાર્લમેન્ટ વચ્ચે વિરોધ વધતો હતો તે સમયે ઇંગ્લેંડમાં પ્રથમ વર્તમાનપત્ર નીકળવા લાગ્યાં.

ચોથી પાર્લમેન્ટ ૧૬૨૪.

૧૬૨૩ માં સ્પેઇન સાથેની વિવાહની વાત ઉડી ગઈ, એટલે ચાર્લ્સ ને બકીંગહામ સ્પેઇન સાથે યુદ્ધ કરવા તત્પર થયા. નાણાંની મુસ્કેલીને લીધે રાજાની મરજી લડવાની ન હતી; છતાં બકીંગહામના સખત દબાણને લીધે, તેણે નવી પાર્લમેન્ટ નાણાં મંજુર કરવા બોલાવી. હવે સ્પેનીશ વિવાહનો અંત આવેલો હોવાથી આમની સભાને યુદ્ધની જરૂર ન લાગી; એટલે તેમણે હોલેન્ડને મદદ કરવા તથા ઇંગ્લીશ બંદરોના બચાવ કરવા જેટલાંજ નાણાં આપ્યાં. દરમ્યાન ફ્રેન્ચકુંવરી હેન્રીએટા (કેથોલીક) સાથે વિવાહ કરવાની વાત ચાલી; એટલે જેઇમ્સને પાર્લમેન્ટ સમક્ષ હાજર રહેવું મુસ્કેલ લાગ્યું.

૧૬૨૫ માં જેઇમ્સ ગુજરી ગયો. તે વિદ્વાન તથા બુદ્ધિશાળી લેખક હતો; પણ રાજા તરીકે તેણે પ્રજા માટે ઘણી મુસ્કેલીનો પાયો નાંખ્યો.

પ્રકરણ ૧૮ મું.

રાજા વિરૂદ્ધ પ્રજા.

૧ લો ચાર્લ્સ. ૧૬૨૫–૧૬૪૯.

ચાર્લ્સનાં લક્ષણ.

ચાર્લ્સ ગાદીએ આવ્યો ત્યારે ઘણા લોકોને એની ભારે આશા હતી. પિતા પુત્રમાં ઘણો ફેર હતો. માત્ર ૨૫ વર્ષનો હતો છતાં કાળા વાળ, મોટું કપાળ તથા ગંભીર આકૃતિને લીધે તેનો દેખાવ ભવ્ય લાગતો, ને ઝાઝું બોલતો નહિ, છતા તેની રીતભાત ઘણી સુંદર હતી.

બાપની માફક પ્રધાનો તથા બીજાપર ચીડીઆ ઘાંતીઆ કરવાની ટેવ તેને ન હતી. પણ તેનો સ્વભાવ જેઇમ્સના જેવો ભલો ને ભોળો ન હતો. તે વિવેક વિનયમાં પૂરો, છતાં મમતી અને જુઠા બોલો હતો. તેની વૃત્તિ ધાર્મિક હતી તથા પોતાના બાળબચ્ચાં પર તેનો પ્રેમ સારો હતો. કાર્ય સિદ્ધિ માટે વચન ભંગ કરવામાં તે કશું ખોટું સમજતો નહિ. એક બુદ્ધિશાળી દરબારી એક વેળા એવું બોલેલો કે—"ઇશ્વર પાસે માંગો કે કોઇ સારા સલાહકારની મદદથી રાજા સન્માર્ગે ચઢે; નહિ તો આડે રસ્તે એક વેળા ચઢશે તો આ- ખળના તમામ સ્વેચ્છાચારી રાજાઓને ટપી જશે." કેવું ખેદજનક સત્ય? રાજા–પાર્લમેન્ટનો ઝઘડો ગયા રાજ્યમાં શરૂ થઇ ગયો હતો અને ચાર્લ્સના રાજ્યમાં આ ઝઘડો વધતો ગયો. બન્ને પક્ષનો ક્રોધ તથા અન્યાય દિનપર દિન: વધતા ગયા ને છેવટે ભારે ખરાબી થઈ.

પહેલી પાર્લમેન્ટમાં જ તકરાર શરૂ થઇ. રાજાના ખાસ માનીતા દરબારી બકીંગહામ ઉપર પ્રજાને અણવિશ્વાસ હતો. વળી રાણી કેથો- લીકધર્મ પાળી રહી હતી તેથી પ્રજા ઉશ્કેરાઇ; એટલે ચાર્લ્સની માંગણી કરતાં અડધા પૈસા પણ પાર્લામેન્ટે મંજુર ન કર્યા. વળી ટનેજ તથા પાઉન્ડેજ નામના કરની ઉપજ રાજાને જીંદગીભર લેવાનો રિવાજ હતો તે બંધ કરી ચાર્લ્સને તે એક વર્ષ માટે જ મંજુર કર્યા. આથી ગુસ્સે થઇ ચાર્લ્સે પાર્લમેન્ટ મોકુફ રાખી; અને ફરી ઓકસફર્ડમાં ભેગા થવા ફરમાવ્યું. દરમ્યાન ચાર્લ્સનાં ફ્રાન્સ મોકલેલાં વહાણુ ત્યાંના પ્રોટેસ્ટન્ટ વિરૂદ્ધ વપરાયાથી પાર્લમેન્ટે

૧ લી પાર્લમેન્ટ
૧૬૨૫

+ દારૂના દરેક ટન ઉપર અમુક જકાત રાજાને મળતી તેનું નામ ટનેજ; અને બીજી કેટલીક વસ્તુ પર દર પાઉન્ડ દીઠ અમુક જકાત રાજાને મળતી તેનું નામ પાઉન્ડેજ.

રાજાને ઠપકો આપ્યો, ને બકીંગહામ ઉપરનો અણુવિશ્વાસ જાહેર કર્યો; પણ તેણે પોતાના માનીતા મંત્રી વિષે ચર્ચા થવા દીધી નહિં, અને પાર્લમેન્ટ એકદમ બંધ કરી.

કેડીઝની નિષ્ફળ ચઢાઇ.

હવે લોકપ્રિય થવા ચાર્લ્સ ને બકીંગહામે સ્પેઇન સાથે યુદ્ધ ચલાવવાનો નિશ્ચય કર્યો. તેમને એમ વિચાર ન આવ્યો કે આપણી પાસે માણસ તથા નાણાંની તંગી છે. દબાણથી વેપારી વહાણોનો એક કાફલો બનાવ્યો, ને લોકોને લશ્કરી નોકરી માટે બોલાવ્યા.

આ કાફલાના સરદાર સેસીલને સ્પેઇનના કોઇ શહેરપર હુમલો કરવાનો, તથા અમેરીકાથી આવતા સોનાનાં વહાણ લુંટવાનો હુકમ મળ્યો. તેણે કેડીઝ ઉપસાગરમાં દાખલ થઇ એક કિલ્લો લીધો અને પછી સાધનનો વિચાર કર્યા વિના સ્પેઇનની ભૂમિમાં આગળ વધ્યો. એના સીપાઇઓ કંઇક દારૂ પી આવી છેક છાકટા બન્યા. એટલે સેસીલને પાછા જવું પડયું બાદ વહાણ ઘર તરફ હંકાર્યાં, રસ્તામાં બે દિવસ લુંટની રાહ જોઇ, પણ કોઇ શિકાર હાથ લાગ્યો નહિં. આવી રીતે આ સ્વારી તદ્દન નિષ્ફળ નીવડી, તથા રાજને મોટું દેવું થયું એટલે નવી પાર્લમેન્ટ બોલાવવી પડી.

૨ જી પાર્લમેન્ટ, બકીંગહામ ઉપર આરોપ ઈ. સ. ૧૬૨૬

ચુંટણી થતાં પહેલાં રાજાએ એક ફક્કડ કિસ્સો કર્યો. છેલ્લી પાર્લમેન્ટમાં જે મેમ્બરોએ બહુ ઝુંબેશ નીપજાવેલી તેમને શેરીફ બનાવ્યા એટલે તેઓ કાયદેસર મેમ્બર થઇ શકે જ નહિં. પણ આ સર્વ વ્યર્થ ગયું. થોડાના મ્હોમાં ડુચો માર્યો, પણ બીજા વધુ શૂરા દેશભકતો તેમની જગ્યા લેશે એનો તેને ખ્યાલ ન હતો. પાર્લમેન્ટ ભેગી થતાં જ ઈલીઅટે ઉભા થઇ દરખાસ્ત મુકી કે હાલના

ગેરવહિવટથી પ્રજાને આટઆટલું સહેવું પડે છે તેની તપાસ ચલાવવી તથા બકીંગહામને રાજદ્રોહની સજા કરવી. ઈલીઅટ તે વેળા બોલતાં બોલેલો કે–"તેણે રાજ્યનો ખજાનો તથા બીજાં સાધન ઉડાવી દીધાં છે, તેનો લખલુટ ખર્ચ, તેનાં ભવ્ય મકાનો, તેના જુલમ આદિથી રાજ્યની આવકનો નાશ થાય છે. તેને અટકાવવા કોઈ પણ સમર્થ નથી. આપણાં તમામ દુઃખનું મૂળ એ જ છે; માટે દુઃખના નિવારણાર્થે પહેલી સજા તેને જ થવી જોઇએ" જવાબમાં ઇલીઅટને તથા એને ટેકો આપનારને કિલ્લામાં પૂર્યા. જ્યારે પાર્લમેન્ટે આ બે વીર વિના સભાનું કામ ચલાવવા ના પાડી ત્યારે તેમને ઘણી રકઝક થયા બાદ છોડયા; ને પાર્લમેન્ટને તુર્ત તુર્ત બંધ કીધી.

રાજાની કફોડી નાણાં સ્થિતિ. હવે રાજાપર અનેક સંકટ પડયાં. ફ્રાન્સ સાથે યુદ્ધ ચાલતું હતું તેને માટે નાણાંની જરૂર હતી. ટનેઇજને પાઉન્ડેજ ગેરકાયદેસર ઉઘરાવતાં છતાં તેનો હાથ તંગીમાં રહેતો. એટલે તેણે રાજાને ભેટ આપવા સંબંધી પ્રજાને અપીલ કરી; પણ કોઇએ પાઇ પરખાવી નહિં. પછી કોઇ ડાહ્યાભાઇએ સૂચના કરી કે ભેટ આપવાની ફરજ ન પાડી શકાય પણ નાણાં ધીરવાની ફરજ તો પાડી શકાય; અને રાજાને તો આ બે રીતમાં ઝાઝો ફેર ન હોતો; કારણ કે ઉછીના નાણાં પાછા આપવાની રાજા તસ્દી લે એમ ન હોતું. એટલે તેણે દરેક જણ પાસેથી યથાશક્તિ લોન ભરાવવા ગામેગામ સરકારી કમીશનર મોકલ્યા.+

આથી કેટલો અસંતોષ થયો હશે તે સ્હેજે કલ્પી શકાય. ટયુડર અમલ વેળા દેશમાં શાંતિ હતી, ને કર વેરા ભારે ન હતા. જેઇમ્સ પણ પોતાનું દ્રવ્ય જકાતમાંથી તથા ધનિક વર્ગ પાસેથી

+ લોન ભરાવવામાં કેટલો અન્યાય તથા અનીતિ થાય છે તેનો અનુભવ હિંદની પ્રજાને છેલ્લા મહાન્ યુદ્ધ (૧૯૧૪–૧૯૨૨) દરમ્યાન થયો છે.

મેળવતો. પરંતુ હવે બકીંગહામના લખલુટ ખર્ચ તથા વિદેશી યુદ્ધ માટે દરેક આદમીનો ખાનગી હિસાબ તપાસી તેની પાસેથી અમુક રકમ કઢાવાઇ. જુદા જુદા ગામના એંશી એક પુરૂષોએ આ લોન લેવાની ના પાડી, તેથી તેમને કેદ કર્યા. કોઇ ગરીબ આદમી લોન ભરવાની અશક્તિ દર્શાવે, તો તેને લશ્કરી નોકરી માટે લઇ જવામાં આવતા.

લા રોશેલનો ઘેરો. આવી રીતે યુદ્ધની તૈયારી સંપૂર્ણ થઇ; અને સો વહાણનો કાફલો લઇ; બકીંગહામ લા રોશેલ (ફ્રાન્સમાં) જવા ઉપડયો. ત્યાં જઇ તેણે કિલ્લાને ઘેરો ઘાલ્યો; આ કાર્યમાં જો તે ફત્તેહ પામ્યો હોત તો અંગ્રેજ પ્રજા ખુશ થાત. પણ હંમેશના એના રિવાજ મુજબ તમામ સ્થળે ગેરવ્યવસ્થા હતી. ફ્રેન્ચો અંગ્રેજ લશ્કરમાં થઇ કિલ્લાની અંદર સાધન પહોંચાડતા. અંગ્રેજ લશ્કર રોગથી મરવા લાગ્યું એટલે નવું લશ્કર લેવા તેને ઘેર પાછા ફરવું પડયું

આ સમાચાર સાંભળી અંગ્રેજ પ્રજા દિલગીર થઇ. એક વેળા જે ઇંગ્લેંડની સત્તા વિજય માટે પ્રખ્યાત હતી, તે ઇંગ્લેંડ આજ હારી રહ્યું હતું; જે ઇંગ્લેંડ ન્યાય ને સ્વાતંત્ર્ય માટે મગરૂબ હતું, તે ઇંગ્લેંડમાં બીનગુન્હેગાર પુરૂષો જેલમાં સડતા હતા. સરકારી લોન ન ભરવાના ગુન્હા માટે અમુક ૫ ગૃહસ્થોને કેદ કર્યા હતા, તેમણે ન્યાયાધીશને અરજ કરી કે 'હેબીઅસ કોરપસ 'x કાયદાની રૂએ અ-

---

x ૧૨૧૫ ના મોટા પટાના વખતથી દરેક અંગ્રેજને 'હેબીઅસ કોરપસ' નો હક મળ્યો હતો. કોઇ પણ પુરૂષને પકડવામાં આવે તો તે પોતાની તપાસ દરમ્યાન કચેરીમાં હાજર રહેવાની માંગણી કરી શકે. અને તેને તેનાપર મુકાએલા આરોપ જાણવાનો હક્ક છે. આ હક્ક આપનારા કાયદાને 'હેબીઅસ કોરપસ એક્ટ' કહેછે. રાજાઓ તથા ન્યાયાધીશો આ હકની, મરજી ફાવે તેમ અવગણના કરતા. આ કાયદો ચાર્લ્સ બીજાના વખતમાં સજીવન કરવામાં આવશે.

મારી તપાસ દરમ્યાન અમને અદાલતમાં હાજર થવા દો અને અમારા ઉપર મુકાએલા આરોપો જણાવો. આ ૫ જણ ઉપર કોઇ પણ કાયદેસર આરોપ હતો નહિં. લોન ન ભરવી એ કાંઇ ગુન્હો ન ગણાય. છતાં રાજાની બ્હીકથી ન્યાયાધીશોએ આ પાંચને ફરી જેલમાં મોકલ્યા.

પ્રજા હક્કની અરજ પત્રિકા. ૧૬૨૮.

પાર્લમેન્ટે આ પાંચ પુરૂષોને છોડવાની માંગણી કરી. વેન્ટવર્થ બોલ્યો—"આપણું અસલનું સ્વાતંત્ર્ય આપણે રક્ષવું જોઇએ; આપણા વડવાઓએ બનાવેલા કાયદા આપણે વધુ મજબુત બનાવવા જોઇએ." બાદ પાર્લમેન્ટે અન્યાયી કર, નજરાણું, બીન ગુન્હેગારને સજા વિગેરે વિરૂદ્ધ પ્રજા હક્કની અરજપત્રિકા (petition of right) રચી જેમાં તેમણે રાજા પાસે બે મુખ્ય વચન માંગ્યા. (૧) પાર્લમેન્ટની સંમતિ સિવાય કોઇ પણ પુરૂષ પાસેથી લોન લેવી નહિં; અને (૨) આરોપ દર્શાવ્યા સિવાય કોઇને કેદ કરવો નહિ.

બકીંગહામનું ખુન.

આ અરજ પત્રિકા ઉપર સહી કરતાં રાજાએ ગલ્લાં તલ્લાં તો બહુ કર્યાં, પણ નાણાંની ખાસ જરૂર હોવાથી તેને નમવું પડયું. ૧૬૨૮ માં તેણે સહી કરી એટલે તે અરજ પત્રિકા કાયદારૂપ થઇ. એટલે પ્રજા ઘણી ખુશ થઈ અને ઠેરઠેર આનંદોત્સવ દેખાવા લાગ્યા; રાજાને આવી રીતે પૈસા મળ્યા. પછી બકીંગહામને બરતરફ કરવાની વાત નીકળી તે સાંભળવા રાજાએ ના પાડી ને પાર્લમેન્ટ મોકુફ રાખી. આ વાતને થોડા દિવસ વીત્યા બાદ બકીંગહામ ફ્રાન્સ જવા ઉપડતો હતો તે વેળા વેરના માર્યા જોન ફેલ્ટન નામના એક ઘેલા આદમીએ તેના દિલમાં ખંજર ભોંકી દીધું. તુરત ખુનીને પકડી ફાંસીની સજા કરવામાં આવી.

પ્રજા અકારો બકીંગહામ આમ કમોતે મુઓ, તેથી ખુશ

થઈ. તેના સેક્રેટરી વેસ્ટનને તેની જગ્યા મળી ને કારભાર પૂર્વ માફક ચાલવા લાગ્યો. ફ્રાન્સ સાથે સુલેહ થઇ. દુશ્મને લારોશેલ લીધું તેથી અંગ્રેજનું માન ઉતરી ગયું. યુરોપમાં કેથોલીકોનો વિજય થતો હતો. આ કારણથી લોડને જ્યારે રાજનગરનું બીશપ પદ મળ્યું ત્યારે પ્રજામાં ખળભળાટ થઇ રહ્યો. લોડનું વલણ કેથોલીકના જેવું હતું, તે ઇશ્વરી રાજહક્કનો પોષક હતો. ચાર્લ્સ આપખુદીથી ટનેઇજ ને પાઉન્ડેઇજ ઉઘરાવતો તથા ના પાડનારનો માલ જપ્ત કરતો.

પાર્લમેન્ટે કમ્મર કસી. ૧૬૨૯.

એક વેળા: પાર્લમેન્ટના એક મેમ્બરનો માલ જપ્ત થયો એટલે સર જોન ઇલીઅટે એવી સલાહ આપી કે જે અધિકારીઓએ જપ્તિ કરી હોય તેમને સજા કરવી. આ અધિકારીઓએ કહ્યું કે અમે તો રાજાના હુકમથી આ કામ કર્યું છે. પછી ચાર્લ્સે પ્રમુખ પાસે પાર્લમેન્ટ બરખાસ્ત કરાવી. ફરી મેમ્બરો ભેગા થયા; એટલે ફરી બરખાસ્ત થવાનો હુકમ નીકળ્યો તે તેમણે ગણકાર્યો નહિં. પ્રમુખ ઉઠવા ગયો પણ બે મેમ્બરોએ તેને પકડી રાખ્યો એટલે તેનાથી ચસાયું નહિં. પછી બારણાં બંધ કરી ઇલીઅટે દરખાસ્ત મુકી કે જે પુરૂષો ધર્મમાં ફેરફાર કરાવે તથા જેઓ પાર્લમેન્ટની મંજુરી સિવાયની જકાત આપે યા લે તેમને રાજદ્રોહી લેખવા. આ દરખાસ્ત વિષે મેમ્બરો 'ખરૂં છે, ખરૂં છે' એમ પોકાર કરી રહ્યા હતા તેવામાં રાજાના હુકમથી અમુક સોલ્જરો બારણું તોડવા આવ્યા; પણ આ કાર્યની જરૂર રહી નહોતી કેમકે સભા પોતાની મેળે બરખાસ્ત થઇ; થોડા દિવસ પછી રાજાએ પાર્લમેન્ટ વિસર્જન કરી. ઇલીઅટ અને બીજા થોડાક નેતાઓને તેણે કેદ કીધા, પણ જે રાજાને નમ્યા તેમને ઝટ છોડી મુક્યા. માત્ર ત્રણ જણ મક્કમ રહ્યા; ઇલીઅટ સાડાત્રણ વર્ષની જેલ ભોગવી મરણ પામ્યો, તથા સ્વાતંત્ર્યનો પ્રથમ શાહીદ લેખાયો.

હવે પછીના ૧૧ વર્ષ ચાર્લ્સે પાર્લમેન્ટ વિના રાજ્ય કીધું:

વેન્ટવર્થ ને લોડ. વેસ્ટન, લોડ, ને વેન્ટવર્થ તેના મુખ્ય મંત્રી હતા. ઇલીઅટ અને પીમ પાર્લમેન્ટનું સ્વાતંત્ર્ય રક્ષવા ખડા થયા હતા તે આપણે જોયું; એવાજ બે મક્કમ પુરૂષો, વેન્ટવર્થ ને લોડ, રાજાની આપખુદી પોષવા ખડા થયા. કોણ જીતશે એ પ્રશ્ન હતો. લોભી વેન્ટવર્થ* પોતાના જુના મિત્રોને ત્યાગી રાજાના પક્ષમાં ભરાયો હતો. ઉત્તર પ્રદેશની કાઉન્સીલના પ્રમુખ નીમાયા પછી તેણે સખત અમલ ચલાવ્યો.

લોડ તેના કરતાં વધુ સાચા દિલનો તથા એકમાર્ગી હતો, પણ કમનસિબે ધર્માંધ તથા સાંકડા મનનો હતો. આ બે પુરૂષોએ મળી

---

* વેન્ટવર્થ (પાછળથી સ્ટ્રેફર્ડ) મહા શક્તિમાન્ તથા બુદ્ધિશાળી હતો પણ તેની પ્રકૃતિ આસુરી હતી. આ પુરૂષ ભયંકર હતો કેમકે તેને ન્યાય અન્યાયની પરવા નહતી, તથા સામાનાં સુખ દુઃખ તેને મન તુચ્છ હતાં, નાનપણથીજ એને કીર્તિ લોભ પુષ્કળ હતો. બકીંગહામની કમ મહેરબાનીને લીધે તેની પ્રગતિ અટકેલી, એટલે તે પાર્લમેન્ટ પક્ષમાં ભળ્યો. બકીંગહામના મુઆ પછી રાજાએ તેની હોંશીઆરી જોઇ તેને સારૂં પદ આપ્યું. રાજપક્ષમાં જોડાયા પછી તેણે રાજાને પ્રજાકીય પ્રતિબંધમાંથી મુક્ત કરવા પ્રતિજ્ઞા લીધી; અને આ કાર્ય માટે. તેણે તનતોડ મહેનત કરી. ઇંગ્લેંડમાં આપખુદી રાજપદ્ધતિને બે વસ્તુ નડતરરૂપ હતી:

૧. પૈસા માટે પાર્લમેન્ટ પાસે હાથ ધરવો પડતો તે ને ૨. સ્થાયી ફોજનો અભાવ. એટલે સ્ટ્રેફર્ડે હાલ તુરત યુક્તિ પ્રયુક્તિ વડે પાર્લમેન્ટ પાસેથી બને તેટલાં નાણાં કઢાવ્યા જવાનો, ને ખર્ચમાં ખુબ કરકસર કરવાનો નિશ્ચય કર્યો. સ્થાયી લશ્કર ઈંગ્લેંડમાં સ્થાપવું સ્હેલું ન હતું, એટલે પોતે આયર્લેંન્ડના સુબા તરીકે ત્યાં જઇ લશ્કર તથા નાણું ઠીક ભેગું કર્યું.

ચાર્લ્સને ખાડામાં ઉતાર્યો, અને આવું કાર્ય કરવા જતાં તેમને પોતાના જાનના ભોગ આપવા પડયા.

શરૂઆતના ૫ વર્ષ (૧૬૩૦–૧૬૩૫) દરમ્યાન બહારથી તમામ વાતાવરણ શાંત લાગતું હતું. મધ્યમ પંક્તિના લોકોને એમ લાગ્યું કે રાજાનું અપમાન કરવામાં પાર્લમેન્ટે પોતાની મર્યાદાનો ભંગ કર્યો છે. તીજોરીની બાબતમાં વેસ્ટન સાવધ હતો તથા લોકોપર કરવેરાનું ઝાઝું દબાણ ન કરતો, એટલે પ્રજા કાંઇક સંતુષ્ટ હતી.

પોસ્ટ ઓફીસની સ્થાપના ૧૬૩૫.

૧૬૩૫ માં દેશની અંદરના વ્યવહાર સારૂ પોસ્ટ ઓફીસ સ્થપાઈ, અને દર અઠવાડીએ કાગળ મોકલવાની જોગવાઇ થઈ. રાજવૈદ હાર્વીએ રૂધિરાભિસરણ (લોહીનું ફરવું) વિષેની મહા શોધ પ્રગટ કરી. મીલ્ટન કવિ પણ આજ સમયમાં પોતાનું અમર કાવ્ય કરી રહ્યા હતા.

દરમ્યાન ઘણા પ્યુરીટનો અમેરીકા જઇ રહ્યા હતા; અગિઆર બાર વર્ષમાં વીસ હજારથી વધુ ' નવી દુનિયા'માં જઇ વસ્યા. કેટલાક કેથોલીકો પણ ત્યાં પહોંચ્યા, તેમણે મેરીલેન્ડ નામનું સંસ્થાન વસાવ્યું; અહીં પ્રથમ ધારો એ કરવામાં આવ્યો કે જેને જે ફાવે તે ધર્મ પાળે. આવા સ્થળની ખાસ જરૂર હતી કેમકે ઇંગ્લેંડમાં મામલો બગડતો જતો હતો.

વિદેશ વાસ.

૧૬૩૩ માં વેન્ટવર્થ આયર્લેન્ડનો સુબો નીમાયો. ત્યાં અલસ્ટર તથા લીનસ્ટરના નવા સંસ્થાનીઓના વસવાટને સબબે અસલ વતનીઓમાં ઉચાટ ઉત્પન્ન થયો હતો. એક રીતે તેનો કારભાર ઠીક હતો. તેણે આયરીશ પાર્લમેન્ટ બોલાવી તેની મારફતે શાંતિ તથા વ્યવસ્થા જાળવવા કેળવાયલું લશ્કર નીભાવવાનો ખર્ચ મેળવ્યો. તેણે

વેન્ટવર્થ આયર્લેન્ડમાં

વેપારને ઉત્તેજન આપ્યું; સણુના કાપડનો ધંધો એના સમયમાંજ નીકળ્યો, પરંતુ તેને વચન પાળવાની તથા ન્યાય આપવાની, પરવા નહતી. તેને તો બસ 'સંપૂર્ણ' અમલની ઝંખના હતી. પ્રજામતની તે બીલકુલ ગણના નહોતો કરતો. ઘણી ઘણી સખ્તાઇ વાપરી તેણે કેથોલીકોને છુંદવામાં કશી મણા ન રાખી. આ રીતે તેના અધિકાર દરમ્યાન લોકો ત્રાહિ ત્રાહિ પોકારી ગયા. જ્યાં સુધી તેની હાજરી હતી ત્યાં સુધી તો પ્રજા ગુપચુપ રહી; પણ તેની પુંઠ થતાંજ કમાન છટકી ને તેના કાર્યનું ત્રાસદાયક પ્રતિકાર્ય કેવું નીપજ્યું તે આપણે હવે પછી વાંચીશું.

લોડ તથા પ્યુરીટનો.

દરમ્યાન કેન્ટરબરીના આર્ક બીશપની જગ્યા ખાલી પડયાથી લોડને તે જગ્યા મળી; ને બે વર્ષ પછી વેસ્ટન મરી ગયાથી ઇગ્લેંડનો તમામ કારભાર લોડના હાથમાં આવ્યો. આથી પ્યુરીટનો ગભરાયા. આધુનિક સમયમાં તો આપણે અમુક પંથ ન પસંદ પડે તો બીજા પંથમાં જઇ શકીએ છીએ. પણ તે સમયમાં ઇશ્વરસેવા અનેક રીતે હોઈ શકે એ ખ્યાલ અંગ્રેજપ્રજામાં નહતો. ધાર્મિક બાબતમાં તે સમયની યુરોપની પ્રજા દુરાગ્રહી હતી. એટલે લોડની માફક કોઇ અધિકારી પ્રજાપ્રવાહ વિરૂદ્ધના ફેરફાર કરતા, તો તેના પરિણામે ખળભળાટ અવશ્ય નીપજતો. પ્યુરીટનોનું બળ વધવાથી પાર્લમેન્ટના હુકમથી રવિવારનો દિવસ પહેલાં કરતાં વધુ ગંભીરતાથી ગાળવામાં આવતો. અસલ ઘણા ગામોમાં રવિવારે રમતગમત થતી, પણ તે બાબતમાં હવે સ્થાનિક અધિકારીઓ અટકાવ કરવા લાગ્યા. આવી રમતગમત ફરી ચાલુ કરવા લોડ તથા ચાર્લ્સે નિશ્ચય કર્યો, અને આ વિષેની ખબર પ્રજામાં ફેલાવવા પાદરીઓને ફરમાવ્યું. પ્યુરીટન પાદરીઓએ આ આજ્ઞાનો ભંગ કર્યો એટલે તેમને બરતરફ કરવામાં આવ્યા. વળી આ વેળા લોડના કારભાર વિરૂદ્ધ ચોપાનીઆ પ્રગટ કરવા માટે ૩ જણના કાન કાપી, જીંદગીભર જેલમાં પૂરવામાં આવ્યા.

આથી ઘણા મધ્યમપક્ષના પુરૂષો પ્યુરીટનપક્ષમાં ભળ્યા. આવ રીતે ડગલે ને પગલે રાજા તથા તેના મંત્રી પ્રજાને અકારા થઇ પડયા

હક્કપત્રિકામાં આપેલાં વચનો રાજા ઘણા વખતથી પાળતે નહોતો; પહેલાની માફક તે પૈસા ઉઘરાવતો તથા ના પાડનારને સખ્ત સજા કરતો હતો. એક કાફલાની જરૂર જણા

વહાણવેરો.

આથી તેણે તમામ દરિયા કિનારાપરના શહેરોને વહાણ પુરાં પાડવાનો હુકમ કર્યો. જે ગામ વહાણ આપવા તૈયાર ન હોય તેમનાંપર વહાણ-વેરો× (ship money tax) નાંખ્યો. આટલાથી સંતોષ ન થતાં તેણે સઘળાં ગામો પાસે વહાણવેરો માંગ્યો. જોન હેમ્પડને આ વેરો ભરવા ના પાડી તથા એ વિષે અદાલતમાં ફરીઆદ નોંધાવી. ન્યાયાધીશો રાજાના નીમેલા હતા છતાં ૧૨ માંથી ૫ એ હિંમતથી કહ્યું કે હેમ્પડનનું કહેવું સત્ય છે; પણ વધુમત વિરૂદ્ધ હોવાથી વહાણવેરો ચાલુ રહ્યો અને આખો દેશ ક્રોધાંધ બન્યો.

પ્રજાનો આ ઉભરો પણ શમી જાત, પણ રાજા તથા લો આજ વેળા પ્રાથનાપોથી વાપરવા વિષે સ્કોટ લોકો સાથે ઝઘડો માંડ બેઠા. ધાર્મિક સુધારાના સમયથી સ્કોટ લોકો

સ્કોટલેન્ડમાં પ્રાર્થનાપોથી.

જોન નોક્સની ઢબે (શીઘ્ર) પ્રાર્થના કરતા તેમણે આ ફરજીઆત પ્રાર્થનાપોથી વાપરવા ના પાડી. એડીનબરોના એક દેવળમાં પાદરીએ

× પ્રાચીન સમયમાં વિદેશી ચાંચીઆનો બહુ ભય હોવાથ એવો રિવાજ હતો કે રક્ષણાર્થે દરિયાકાંઠાના ગામોને વહાણ-વેરો ભરવો પડતો. ટયુડરોના સમયમાં નૌકાસૈન્ય સ્થાયી થવાથી આ વેરો બંધ થયો હતો. આર્મેડા વેળાના અસાધારણ સંજોગોને લીધે ઇલીઝાબેથે આ વેરાથી વહાણ ઉભાં કરેલાં પણ તે સમય યુદ્ધનો હતો તથા તમામ પ્રજા દુશ્મનને મારવા એકપગે તૈયાર થઇ હતી.

એ પોથીમાંથી વાંચવા માંડયું, ત્યારે એક ડોશીએ તેના માથામાં છૂટું સ્ટુલ માર્યું. આવુંજ ધીતુરા વર્તન આખા સ્કોટલેન્ડમાં નજરે પડતું હતું. ચાર્લ્સે લોકોને રાજહુકમને તાબે થવા કહાવ્યું પણ તેનું પરિણામ ઉંધું આવ્યું. ૧૫૫૭ નું 'નેશનલ કોવેનન્ટ' નામનું પ્રતિજ્ઞાપત્રક ફરી પાસ થયું અને તેનાપર અસંખ્ય સહીઓ થઇ. કેટલાકે પોતાના શરીરમાંથી લોહી કાઢી સહી કરી. પ્રતિજ્ઞા એવી હતી કે "પોપરી (પોપનો ધર્મ) માનવી નહિ, અને તે વિષે બળાત્કાર થાય તો સોએ સંપી મરતાં સુધી લડવું પણ ધર્મભ્રષ્ટ તો ન જ થવું."

આ સમાચાર સાંભળી રાજા ઘણો ક્રોધાયમાન થયો અને સરહદ તરફ સીધાવ્યો. પણ સ્કોટ લોકો તૈયાર જ હતા; વળી અંગ્રેજ લશ્કર તેમના તરફ દિલસોજી ધરાવતું હતું. રાજાને આ બાબતની ચેતવણી મળી હતી; એટલે નમતું મુકી પોતે પાછો ફર્યો પણ અંતરમાં એવો દઢ નિશ્ચય કર્યો લાગ આવે સ્કોટ લોકોને બરાબર સીધા કરવા. વેન્ટવર્થ (હવે સ્ટ્રેફર્ડનો અર્લ) ને આયર્લેન્ડથી બોલાવવામાં આવ્યો, તેણે રાજાને પાર્લમેન્ટ બોલાવવાની સલાહ આપી. પછી પોતાનું તૈયાર કરેલું આયરીશ લશ્કર લેવા તે આયર્લેન્ડ ગયો.

ટુંકી પાર્લમેન્ટ.

પરંતુ પ્રજાનો અસંતોષ કેટલે દરજ્જે પહોંચ્યો હતો તેનું ભાન સ્ટ્રેફર્ડને કે રાજાને ન હતું. પાર્લમેન્ટ ૧૬૪૦માં ભેગી થઇ પણ ૩ અઠવાડીઆમાં ઉઠી ગઇ. પ્રજાના સર્વ દુઃખનું નિવારણ ન થાય ત્યાં સુધી તેણે પૈસા મંજુર કરવા ના પાડી; વળી સ્કોટલેન્ડ સાથે લડાઇમાં ઉતરવાની રાજાની વાત તે સાંભળવા તૈયાર નહતી, એટલે જલદી રાજાએ પાર્લમેન્ટ વિસર્જન કરી, ને જેટલું ભેગું થઇ શક્યું તેટલું લશ્કર લઇ ઉત્તર તરફ રવાના થયો; પણ સ્કોટ લશ્કર આ પહેલાંજ ઈંગ્લેંડમાં આવી પુગ્યું હતું. બન્ને લશ્કર વચ્ચે એક લડાઇ

થઇ જેમાં રાજાની હાર થઇ; એટલે ચાર્લ્સે અમુક નાણું આપવાનું વચન આપી સ્કોટ લોકોને વિદાય કર્યા. આ નાણું પાર્લમેન્ટ સિવાય કોણ આપે ?

લાંબી પાર્લમેન્ટ ૧૬૪૦–૧૬૫૩

૧૬૫૯–૧૬૬૦

પણ આવા કઠણ સંજોગોમાં ગમે તેવી પાર્લમેન્ટ પણ રાજાપર ચઢી બેસે એ વાત નિ:સંશય હતી. " લાંબી પાર્લમેન્ટ " ૧૬૪૦ માં બોલાવવામાં આવી, અને તે ચાર્લ્સના મરણ પછી પણ હયાત રહેલી. પહેલી બાબત તો જે પુરૂષોના કાન કાપી નાંખ્યા હતા તેમને છૂટા કરવાની હતી; ને પછી લોડ તથા સ્ટ્રેફર્ડ ઉપર રાજદ્રોહનો આરોપ મૂકવાનો હતો. સભાને સ્ટ્રેફર્ડપર બહુ ખાર હતો કેમકે પ્રજાપક્ષનો ત્યાગ કરી તેણે ઈંગ્લેંડમાં આયરીશ લશ્કર લાવવાની યુક્તિ રચેલી; તથા પાર્લમેન્ટ વિરૂદ્ધ રાજાને ઉત્તેજેલો. સ્ટ્રેફર્ડ આયર્લેન્ડ જવાનો હતો પણ ચાર્લ્સે તેને વચન આપ્યું કે તું લંડન આવીશ તો તારો વાંકો વાળ નહિ થવા દઉં. એટલે લંડનમાં આવી તે ઉમરાવોની સભામાં દોડયો દોડયો ગયો; ત્યાં જઈ જુએ છે તો પીમ તથા બીજા ૩૦૦ આમ-સભ્યો તેના રાજદ્રોહનો મુકદ્દમો લઈ ખડા થયા હતા. પાર્લમેન્ટના હુકમથી સ્ટ્રેફર્ડને પકડી ટાવરગઢમાં પૂર્યો. તેની તપાસ ૧૬૪૧ માં ચાલી. પાર્લમેન્ટમાં તેના રાજદ્રોહ વિષે એક બીલ પાસ થયું, ને રાજા પાસે સહી માટે આવ્યું. પહેલાં તો તેણે સાફ ના પાડી; પણ આ વેળા રાજમહેલની આસપાસ ક્રોધાયમાન ટોળું ભેગું થએલું જોઈ રાણીને ઘણી ધાસ્તી લાગી, એટલે ચાર્લ્સે આંખમાં આંસુ સાથે પોતાના વફાદાર નોકરને ફાંસીએ ચડાવવાનાં બીલપર સહી કરી. ઉદારવૃત્તિવાળા સ્ટ્રેફર્ડ રાજાએ જે રક્ષણ-વચન આપ્યું હતું તેમાંથી તેને મુક્ત કર્યો. છતાં તેને રાજાએ ત્યાગ્યો તેથી તેને બહુ લાગી આવ્યું ને ફાંસીએ ચડતી વેળા તે બોલ્યો—" કોઇ પણ રાજાનો કદી વિશ્વાસ કરવો નહિ. "

આ પછી પાર્લમેન્ટ દર ત્રણ વર્ષે નવી થાય એવી મતલબનો ‘ત્રિવાર્ષિક કાયદો’ થયો. ઉત્તરની કાઉન્સીલ, સ્ટાર ચેમ્બર, તથા હાઇ કમીશન જેવી અન્યાયી અદાલતો રદ થઇ. ગેરકાયદેસર કરવેરા વિરૂદ્ધ ધારા કરવામાં આવ્યા. આ વેળા પાર્લમેન્ટમાં બે પક્ષ પડી ગયા હતા: ૧. દરબારી પક્ષ જે રાજા ઉપર બહુ સખ્તાઇ કરવા ઇચ્છતા નહોતા; આના આગેવાન લોર્ડ ફોકલેન્ડ ને લોર્ડ ક્લેરેન્ડન હતા. ને ૨. પ્યુરીટન પક્ષ પીમની સરદારી હેઠળ—ની માંગણી એવી હતી કે મંત્રીમંડળ, ન્યાયાધીશ વિગેરે મહત્ત્વની નીમણુક પાર્લમેન્ટે કરવી. આવી ચર્ચા પાર્લમેન્ટમાં ચાલતી હતી, અને રાજા સ્કોટલેન્ડમાં વિરાજતા હતા, તે વેળા આયર્લેન્ડથી ત્રાસજનક સમાચાર આવ્યા.

ત્રિવાર્ષિક કાયદો.

જેમને સ્ટ્રેફર્ડે ઘણી નિર્દય રીતે છુંદેલા તે આયરીશ કેથોલીકોએ ૧૬૪૧ માં આયર્લેન્ડમાં વસતા સ્કોચ તથા અંગ્રેજ સ્ત્રીપુરૂષ બાળકની કતલ કરી; જેઓ ન્હાસી છુટયા તેમને બરફમાં ઠરી યા નદીમાં ડુબી મરવા સિવાય આરો ન રહ્યો. આ સમાચાર સુણી આખું ઇંગ્લેંડ ત્રાસી ઉઠયું; અને જ્યારે આયરીશ લોકોએ હુલ્લડ કરવાનો રાજાના સહીસિક્કાવાળો પરવાનો રજુ કર્યો ત્યારે અંગ્રેજ પ્રજાને ભારે હેબક લાગી. પોતાના પરવાનાથી આવી કતલ થશે એ ખ્યાલ ચાર્લ્સને સ્વપ્ને પણ નહતો; પણ આટલું તો નિઃસંશય છે કે તે ઇંગ્લીશ પાર્લમેન્ટ વિરૂદ્ધ આઇરીશ લોકોને ઉશ્કેરવા માંગતો હતો. તે ફાવ્યો, પણ મરજી મુજબ નહિ; કેમકે પીમ તથા હેમ્પડને પાર્લમેન્ટમાં જાહેર કર્યું કે રાજા તથા તેના મંત્રી ઉપર હવે વિશ્વાસ રાખી શકાય એમ નથી. મોટો વાંધો (Grand Remonstrance) નામનો ખરડો કરવામાં આવ્યો જેમાં પ્રજાએ ગત સમયમાં વેઠેલાં તમામ સંકટ દર્શાવ્યાં તથા ઉપાય તરીકે પાર્લમેન્ટ પ્રધાન નીમે એ પદ્ધતિ સૂચવાઇ. આ વિષે મળસ્કાથી માંડી મધરાત સુધી ગરમાગરમ

આઇરીશ કતલ.

ચર્ચા ચાલી ને અંતે 'મોટો વાંધો' પાસ થયો. આ વેળા પ્યુરીટન પક્ષ ઉપર હેમ્પડને સખત અંકુશ ન રાખ્યો હોત તો લોહીની છોળો ઉડત.

પ મેમ્બરોને કેદ કરવાનો પ્રયત્ન.

આ વાતને ચાર પાંચ દિવસ થયા ત્યારે રાજા સ્કોટલેન્ડથી પાછો ફર્યો. પોતાને ઘણા મેમ્બરોનો ટેકો મળશે એમ માની તેણે પાર્લમેન્ટના ૫ મેમ્બરો (પીમ, હેમ્પડન, હોલીઝ હેઝલરીંગ ને સ્ટ્રોડ) ઉપર રાજદ્રોહનું તહોમત મુકવા સૂચના મોકલી, તથા વચન આપ્યું કે હું મારી પ્રજાને પુત્રવત્ પાળીશ; પણ પાર્લમેન્ટને તેનો ભરોંસો ન હોવાથી પેલા ૫ મેમ્બરોને રાજાને સ્વાધીન કરવા ના પાડી. બીજે દિવસે ૫૦૦ આદમીની ખાસ પલટન લઇ પેલા ૫ જણને પકડવા રાજા આમની સભામાં ગયો; મકાનમાં દાખલ થતાં એને માલમ પડયું કે તેમની જગ્યા ખાલી છે; તેમને આગળથી જ સલામતી ખાતર લંડન શહેરમાં મોકલી દેવામાં આવ્યા હતા. તે વેળા રાજા બોલ્યો " મારાં પક્ષી ઉડી ગએલા માલમ પડે છે; પણ હું આશા રાખું છું કે તેઓ આવે કે તરત તમે તેમને મારી પાસે મોકલી આપશો; નહિ તો મારે મારી મેળે શોધી કાઢવાં પડશે. આમ બોલી ગુસ્સામાંને ગુસ્સામાં તે ચાલી ગયો.

લંડન, રાજા વિરૂદ્ધ.

ચાર્લ્સને પેલાં ૫ નંગ મળ્યાં નહિં. સદાએ સત્તાવાન એવું લંડન રાજનગર સ્વાતંત્ર્યના પક્ષમાં હતું. તે વેળા હાલની માફક લંડનમાં માત્ર ઓફીસો ને પેઢીઓ નહતી; ત્યાં પુષ્કળ વસ્તી વસતી હતી મોટા વેપારીઓ સુંદર સામાનવાળાં સુંદર ઘરમાં રહેતા; દુકાનદારો પોતાની દુકાનોના મેડાપર રહેતા. વળી દરેક વેપારી મહાજનનું એકેકું સ્વયંસેવક સૈન્ય હતું. આવાં સૈન્યોના સબળ આશ્રયથી પેલા ૫ વીરો પાર્લમેન્ટ સાથે વ્યવહાર રાખી શકતા, અને

એક અઠવાડીઆ પછી તેમને વાજતે ગાજતે થેઇમ્સ નદીને કાંઠે કાંઠે થઇ પાર્લમેન્ટમાં લાવવામાં આવ્યા.

આ વેળા એટલું તો સ્પષ્ટ હતું કે લંડનનું સ્વામિત્વ રાજાએ ગુમાવ્યું હતું. રાજનગર વાસીઓનું વલણ જોઇ બ્હીકનો માર્યો તે હેમ્પટન કોર્ટ ચાલી ગયો, અને રાણી બાળબચ્ચાં જરઝવેરાત આદિ લઇ યુદ્ધ માટે મદદની તજવીજ કરવા નેધરલેન્ડ ગઇ. ૧૬૪૨ માં રાજાએ પોતાનો વાવટો ફરકાવી પ્રજાવિગ્રહ શરૂ કર્યો.

પ્રજા વિગ્રહ. હવેના ૪ વર્ષ દરમ્યાન આખા દેશમાં યુદ્ધ ચાલ્યું. પશ્ચિમ તથા ઉત્તર પ્રદેશ ઘણો ખરો રાજ પક્ષમાં હતો; ને પૂર્વ તથા દક્ષિણના લોકો પાર્લમેન્ટ પક્ષમાં હતા. ઉમરાવોની સભામાંથી ૬૫ મેમ્બરો, તથા આમની સભાના અડધા મેમ્બરો રાજપક્ષમાં હતા. રાજાના ભાણેજ, પ્રખ્યાત રૂપર્ટ કુમારને હયદળનું ઉપરીપદ મળ્યું હતું. રાજપક્ષવાળાઓએ Cavalier કેવેલીઅર (ઘોડેસ્વાર) એવું નામ ધારણ કર્યું હતું. પાર્લમેન્ટ પક્ષમાં આમની સભાના બાકીના મેમ્બરો, વીશેક ઉમરાવો, ઘણાખરા ખેડુત ને વેપારી હતા. વળી જે ગરીબ વર્ગ આ પક્ષમાં જોડાએલો તેમનામાં માથાપર આછા વાળ રાખવાનો રિવાજ હોવાથી તેમને ખીજવવા સામાપક્ષવાળા તેમને (Roundhead) બોડકા કહેતા.

રાજપક્ષની જીત. ૧૬૪૨–૧૬૪૩. શરૂઆતમાં તો રાજાની જીત થઇ. પાર્લમેન્ટના સેનાધિપતિ ઇસેકસની મરજી રાજા સાથે સુલેહ કરવાની હતી. વળી રૂપર્ટના ચુનંદા ઘોડેસ્વારો આગળ પાર્લમેન્ટના 'બકાલીઆ કલાલીઆ' નું શું ચાલે? આ વેળા ચાર્લ્સને લંડનનો કબજો લેવાની તક આવી, ને તેમ કીધું હોત તો યુદ્ધનો અંત આવત; પણ તેણે આ તક સાધી નહિ. તેણે ઓકસફર્ડમાં પડાવ નાખ્યો.

પાર્લમેન્ટ પક્ષની ગેરવ્યવસ્થા તથા બેદિલીથી યુદ્ધ કરવાની પદ્ધતિથી તથા નાયકોમાં સંપ ન હોવાથી, તેમને પહેલાં પહેલાં તો સખત માર ખાધો. યુદ્ધમાં હેમ્પડનને દારૂણ ઘા લાગ્યો જેમાંથી તેનું મોત થયું. મરતાં મરતાં તે બોલ્યો–' પ્રભુ, મારા દેશનું રક્ષણ કરો.' હવે લંડનવાસીઓને અશ્રદ્ધા લાગવાથી પાર્લમેન્ટ ભારે ભયમાં આવી પડી. પણ હવે બાજી પલટાવાની તૈયારી હતી. ભારે પ્રયત્નો વડે એક નવું લશ્કર પાર્લમેન્ટ માટે લડવા તૈયાર થયું ને તેની મદદથી ન્યુબરી આગળ જીત મળી. વળી પીમે મદદ માટે સ્કોટલેન્ડ સંદેશો મોકલ્યો હતો; ત્યાંના લોકોએ વચન આપ્યું કે અમે તમને મદદ આપીએ પણ એક શરતે કે અમારા પ્રેસ્બીટેરીઅન પંથનું રક્ષણ થવું જોઇએ. આ વાત હજુ ચાલે છે એટલામાં તો પીમ ગુજરી ગયો.

ઓલીવર ક્રોમ્વેલ. પરંતુ પીમની જગ્યા લે એવો નેતા ક્યારનો તૈયાર થઇ ગયો હતો. ઓલીવર ક્રોમ્વેલ નામનો દૃઢ સંકલ્પવાળો, આકરા સ્વભાવનો, તથા ઝનુની પુરૂષ કેટલાક વખતથી સ્વદેશનું દુઃખ નિહાળી રહ્યો હતો. હક્કપત્રિકા પાસ થઇ તે વેળા એ હાજર હતો. સ્ટાર ચેમ્બરના જુલમ વિષે તે એક સમયે બોલેલો; અને પ્રજાયુદ્ધ શરૂ થતાં તેણે લશ્કર તૈયાર કરવા માંડયું હતું. પાર્લમેન્ટ પક્ષનું આમથી તેમથી ભેગું થએલું ધાડું ઉત્તમ પ્રકારે કેળવાયલા તથા પૂર જુસ્સાદાર કેવેલીઅર સાથે કદી ટક્કર ઝીલી શકશે નહિ; એ વાતનું ભાન ક્રોમ્વેલને ક્યારનુંએ થઇ ગયું હતું. એટલે તેણે દેશભક્તો તથા ધર્મ ભક્તોમાંથી એક સુંદર લશ્કર ઉપજાવ્યું તથા તેને ઉત્તમ પ્રકારની કવાયત શીખવી ખૂબ પલોટયું. આ સિપાહીઓને ગમે તે ધાર્મિક વિચારો ધરાવવાની છૂટ હતી. સોલ્જર પ્રેસ્બીટેરીઅન છે, કે બેપ્ટીસ્ટ છે, કે ઇન્ડીપેન્ડન્ટ છે તેની ક્રોમ્વેલને લેશ પણ પરવા નહતી; તેને તો ઇશ્વરને ચાહનારા તથા દેશ માટે લડનારાની જરૂર હતી. આ

અખી મહેનતના પરિણામે પીમના મોત પહેલાં ક્રોમ્વેલનું 'વજ્ર પક્ષી' (Ironsides) સૈન્ય રૂપર્ટના હયદળ જેટલુંજ પ્રખ્યાત થયું હતું ને જ્યાં જ્યાં એ લશ્કર લડતું ત્યાં ત્યાં પાર્લમેન્ટની જીત થતી. સેનાધિપતિ ફેરફેક્સ આ લશ્કરની મદદથીજ માર્સ્ટન મુર આગળ ભારે જીત મેળવી શક્યો.

પાર્લમેન્ટ પક્ષની ફતેહ.

ક્રોમ્વેલની વગ હવે બહુ વધી ગઇ. તેને ખાત્રી થઇ કે જ્યાં સુધી પાર્લમેન્ટના સરદારો નિશ્ચયી નહિ બને ત્યાં સુધી યુદ્ધનો અંત આવવાનો નથી. તેણે લશ્કરી કાઉન્સીલને જણાવી દીધું કે લશ્કરની નવેસરથી ગોઠવણ થવીજ જોઇએ, તથા મુત્સદ્દી મેમ્બરો સરદારી કરી રહ્યા છે તેમને બદલે અનુભવી લશ્કરી અધિકારી નીમાવા જોઇએ. આ સલાહને અનુસરી મેમ્બરોએ પોતાની લશ્કરી પદવી છોડી દીધી, લશ્કર નવી ઢબે ગોઠવવામાં આવ્યું, અને ફેરફેક્સ સેનાધિપતિ નીમાયો. ક્રોમ્વેલે પોતાની નવી સેનાવડે નેઇસબી આગળ આબાદ જીત મેળવી. એટલે ચાર્લ્સ ન્હાસી સ્કોટલેન્ડના લશ્કરને શરણે ગયો. પાર્લમેન્ટે આ વેળા રાજાને સુલેહની બે શરત મોકલી કે ૧. વીસ વર્ષ સુધી લશ્કર અમારા તાબામાં સંપૂર્ણપણે રહે, ને ૨. પ્યુરીટનોને તેમની ઢબ મુજબ ઇશ્વર ઉપાસના કરવાની છૂટ થવી જોઇએ, પણ પાર્લમેન્ટમાં પક્ષ પડયા છે તે ચાર્લ્સ જાણતો હોવાથી તેને એમ થયું કે ભેદનીતિથી, એક પક્ષને બીજા સાથે લડાવવાથી, મારી સત્તાનો પાયો હું સબળ કરી શકીશ. આવી વસ્તુસ્થિતિ નિહાળી સ્કોટ લશ્કરે ૪ લાખ પાઉન્ડ લઇ રાજાને પાર્લમેન્ટને સ્વાધીન કર્યો. (૧૬૪૭) પાર્લમેન્ટે તેની સાથે અતિમાનપૂર્વક વર્તન રાખ્યું. અત્યારે પાર્લમેન્ટને લશ્કર વચ્ચે તકરાર ચાલતી હોવાથી તે એમ માનતો હતો કે મને ફરી રાજસત્તા જલદી મળશે. યુદ્ધ ખતમ થએલું હોવાથી પાર્લમેન્ટનો વિચાર એવો હતો કે લેહણા પગારનો છઠ્ઠો ભાગ આપી લશ્કરને રજા આપવી. પણ

લશ્કરની અંદર એવા પુરૂષો હતા કે જેમણે દેશ તથા ધર્મ માટે પુષ્કળ ભોગ આપેલા; તેમણે વિખરાઇ જતાં પહેલાં ત્રણ વચન માગ્યા—૧. ઇચ્છા મુજબ પ્રાર્થના કરવાની છૂટ, ૨. લ્હેણો પગાર, ચુકવી આપવો, ૩. લડાઇમાં મુએલાના બાળબચ્ચાં માટે જોગવાઇ કરવી. લશ્કરને આ વેળા પોતાનાં સર્વોપરિપણાની ખબર હતી. આ વિષે પાર્લમેન્ટમાં તકરાર ચાલતી હતી. ત્યાં એક સરદાર પોતાની ટુકડી લઇ રાજાને હેમ્પટન કોર્ટમાં લઇ ગયો; તેનો ઇરાદો એવો હતો કે રાજાને કબજામાં લઇ લશ્કરનો દોર વધારવો. દરમ્યાન પાર્લમેન્ટ પર લોકો હલ્લા કરવા લાગ્યા, ને તોફાન થશે એવી દહેશત સૌકોઇને લાગી. આ મુશ્કેલી વચ્ચે લશ્કરનો એક વિભાગ લંડન આવ્યો, ને રાજા સાથે સ્વતંત્ર સુલેહ કરવાનું કાર્ય આરંભાયું.

પોતાના રિવાજ મુજબ, ચાર્લ્સ આ બાજુથી સુલેહ કરવાનો ડોળ કરતો, ને બીજી બાજુથી સ્કોટ તથા આયરીશ લોકો સાથે લશ્કરી મદદ માટે ગુપ્ત વ્યવહાર ચલાવતો હતો.

સુલેહના પ્રયત્ન નિષ્ફળ. તેને આપેલા મકાનમાંથી છટકી તે વાઇટના ટાપુમાં ન્હાસી ગયો; પણ ત્યાં તેને પકડી એક મજબુત કિલ્લામાં નજરકેદ કરવામાં આવ્યો. અહીં રહ્યો રહ્યો રાજા સ્કોટ લોકોને ઉશ્કેરવામાં ફતેહમંદ નીવડયો.

એટલે બીજું પ્રજાયુદ્ધ શરૂ થયું. સ્કોટ લશ્કરને ફેરફેક્સ તથા ક્રોમ્વેલે મારી હઠાવ્યું. રાજાની આવી અંદરખાનાની વિશ્વાસઘાતની નીતિની જાણ થતાં લશ્કર તેનાપર બહુ ખીજવાઇ ગયું. તેઓ કહેતા કે રાજા હયાત છે ત્યાં સુધી સુલેહ અશક્ય છે. તેની તપાસ ચલાવવાની વાત નીકળતાં ન્યાયાધીશોએ તથા પાર્લમેન્ટે વિરોધ દર્શાવ્યો; પણ આવી ટેંટેંની લશ્કરને પરવા નહતી,

૨ જું પ્રજાયુદ્ધ ૧૬૪૮.

કારણ કે દેશનું સ્વામિત્વ અત્યારે લશ્કર હસ્તક હતું. એક દિવસે કર્નલ પ્રાઇડ નામનો સરદાર પોતાની પલટન લઇ પાર્લમેન્ટને દરવાજે જઇ ઉભો તથા જે જે મેમ્બરો રાજાની તપાસ ચલાવવા વિરૂદ્ધ હતા તેમને પકડી પકડી બહાર કાઢ્યા. આ કાર્યને લોકો 'પ્રાઇડનો જુલાબ' કહેતા. આમ કરતાં કરતાં ૫૩ મેમ્બરો રહ્યા, તેમણે તપાસ ચલાવવા ૧૩૫ જણનું કમીશન નીમ્યું, જેમાંથી માત્ર ૬૩ આદમીએ હાજરી આપી. આ કમીશન સમક્ષ ૧૬૪૯ માં ચાર્લ્સને ખડો કર્યો. તેના પર જુલમગાર, દેશદ્રોહી, તથા ખૂની હોવાના આરોપ મુકાયા. રાજાએ આ કોર્ટને તુચ્છ ગણી બચાવ કરવાની ના પાડી. ખરું જોઇએ તો આ તપાસ ફારસ સમ હતી. આરોપ સાબીત ઠર્યો ને તેને દેહાંત સજા ફરમાવવામાં આવી. નવ દિવસ પછી પોતાના બે બાળકો ઇંગ્લેંડમાં હતા તેને વ્હાલથી છેલવેલ્લા ભેટી લઇ, રાજા શાંતિથી દૃઢતાપૂર્વક અને નીડરપણે વધસ્તંભ પર ચઢી ગયો; અને કુહાડાના એકકે ઘાએ તેનું શિર ધડથી જુદું કરવામાં આવ્યું. (૧૬૪૯).

રાજાના શિરચ્છેદ વિષે ઇતિહાસકારો શું ધારે છે?

અભાગીઆ ચાર્લ્સનો આવો દયાજનક અંત આવ્યો તે વાત રાજગાદીએ વિરાજનારાઓને ભયંકર ધડારૂપ હતી. પ્રજામતની અવગણના કરવાનું કેવું માઠું પરિણામ આવે છે તે ચાર્લ્સનું જીવન ને મરણ ખુલ્લી રીતે સમજાવે છે. પૂર્વના સમયમાં અન્યાયની લાગણી તાબે થવાની ટેવને લીધે ઝટ શમી જતી હતી; તે સમયમાં જો ચાર્લ્સ જન્મ્યો હોત તો તેના રાજ્યમાં કુદરતી સ્વતંત્રતાનો ભંગ કાંઇક ઓછો થાત. ચાર્લ્સ આટલો બધો આપખુદી બન્યો તેનું કારણ એ છે કે તેની સામેનો વિરોધ વધતો ગયો. એક જુલ્મી કાયદો વિરોધ થતાં તેને બીજું જુલ્મી કાર્ય કરવું પડતું ને એ રીતે તેના જુલમ દિનપર દિન વધતા ગયા.

આવી રીતે રાજાનો દોષ કાઢીએ તેની સાથે તેના મુખ્ય વિરો-

ધીઓના વર્તન વિષે આપણાથી ઢાંક પીછોડો થઇ શકે નહિ. જે ક્ષણથી પ્રજાયુદ્ધ અનિવાર્ય લાગ્યું તે ક્ષણથી તેઓ માનમર્તબો તથા પ્રમાણિકપણાની મર્યાદામાંથી મુકત થયા હોય એમ વર્તતા. તેઓ લોકોને ઉશ્કેરવામાં અસત્ય તથા બદફેલીનો ઉપયોગ કરવા ચુકતા નહિ, ને રાજા કરતાં ઘણે દરજજે વધુ આપખુદી તથા ત્રાસ વર્તાવતા. તેઓ માત્ર શક ઉપર લોકોને સજા કરતા તથા કાયદાને પણ કોરણે મૂકતા. આવી રીતે જે પુરૂષોએ પ્રજાહક્ક તથા ન્યાયને ખાતર પોતાની સમશેર વીંઝેલી તે જ પુરૂષોના અમલમાં પ્રજાહક્ક તથા ન્યાયને તિલાંજલી દેવાએલી.

વળી ચાર્લ્સનું મોત પ્રજાના વેરમાંથી નીપજ્યું તે કહેવું કેવળ અસત્ય છે. પ્રજા તો પોતાની જીત થઇ તેથી સંતુષ્ટ હતી; તે કેદી રાજાના લોહીની તરસી નહતી; તે તો અમુક મર્યાદા નક્કી કરી ચાર્લ્સને ગાદીએ લાવવા પણ રાજી હતી. રાજાનો શિરચ્છેદ કરાવનારા તો થોડા ઉછાછળા, ઉતાવળીઆ અને સત્તા લોભી પુરૂષો હતા. જેઓ રાજાના ન્યાયાધીશરૂપે નીમાએલા તેમાંનાં માત્ર અડધા મહામહા દબાણથી હાજર રહેલા; અને મોતના વોરંટ પર સહી કરતી વેળા ઘણાને દુઃખ થએલું.

પ્રકરણ ૧૯ મું.

સૈન્યસત્તાક રાજ્ય ૧૬૪૯–૧૬૬૦.

રાજાનું મોત થયું એટલે પાર્લમેન્ટમાં રહેલા ૮૦ એક મેમ્બરોના હાથમાં રાજકારભાર આવ્યો. તેમણે ઉમરાવોની સભા રદ કરી, ને જાહેર કીધું કે રાજાની કાંઇ જરૂર નથી; પછી વહીવટ

નવું રાજ્ય સ્થપાયું, ૧૬૪૯.

ચલાવવા ૪૦ આદમીની સમિતિ નીમી; ઈંગ્લેંડનું રાજ્ય×
પ્રજાસત્તાક જાહેર કર્યું. જે લોકો રાજાને સજા કરવાની બાબતમાં
સંમત ન હતા તેઓ હવે રાજ્યમાં ભાગ લેવા લાગ્યા. આગેવાનોમાં
ક્રોમ્વેલ, બ્રેડશો, આયર્ટન આદિ હતા.

મુશ્કેલીઓને તેનું નિવારણ.×

તેમનું કામ ઘણું કઠણ હતું. આખું યુરોપ ચાર્લ્સના ખૂનની વાતથી ત્રાસી પ્રજાકીય નેતાઓથી વિમુખ બન્યું હતું. હેગમાંના અંગ્રેજ એલચીનું ખૂન થયું તથા ત્યાં ચાર્લ્સના પાટવીકુંવરને ઈંગ્લેંડના રાજા બીજા ચાર્લ્સ તરીકે જાહેર કર્યો. સ્પેઇન-માંના એલચીનું પણ ખૂન થયું વળી ભારે કરવેરા, લુટારા તથા બેરોજગારી થએલા સોલ્જરોના જુલમથી પ્રજા ત્રાહિ ત્રાહિ પોકારી ગઇ હતી. આ અશાંતિમાં ઉમેરો કરનારૂં Rogal Image (બાદશાહી મૂર્તિ) નામનું પુસ્તક બહાર પડયું. આ પુસ્તકમાં રાજાની ઇશ્વરભક્તિ તથા સંકટનું આબેહુબ દયાજનક સુંદર વર્ણન કરેલું તેથી લોકો તેને ગાઝીરૂપે લેખવા લાગ્યા, તથા પ્રજાયુદ્ધ પૂર્વેનો જુનો જમાનો ફરી આવે એવી ઇચ્છા ખુલ્લી રીતે દર્શાવવા લાગ્યા. સ્કોટ લોકોએ ૨ જા ચાર્લ્સની આણ ફેરવી. આયર્લેન્ડમાં ઓર્મન્ડના ડયુકે કેથોલીકો, રાજપક્ષવાળા, તથા અલસ્ટરના કેટલાક પ્રોટેસ્ટન્ટને પણ એકત્રિત કરી રાજકુંવર ચાર્લ્સને આમંત્રણ મોકલ્યું. રૂપર્ટ થોડાં વહાણ લઇ અંગ્રેજ વેપારીઓ પર હલ્લા કરવા નીકળી પડયો. આ સર્વ મુશ્કેલીઓને લીધે કાર્યવાહક સમિતિ પાર્લેમેન્ટ વિસર્જન કરતાં તથા નવી ચુંટણી કરતાં બ્હીતી હતી એટલે આ ભાગીતુટી પાર્લેમેન્ટે જેમ

× ઇંગ્લેંડના ઇતિહાસમાં આ રાજ્યને 'પ્રજાસત્તાક' કહેલું છે. વાસ્તવિક રીતે તે પ્રજાની મરજી વિરૂદ્ધ હોવાથી 'પ્રજાસત્તાક' વિશેષણ શોભતું નથી. એ તો સૈન્યસત્તાક રાજ્ય હતું કેમકે રાજ્યના ખરા ધણી સીપાહીઓજ હતા.

ચાલતું હતું તેમ ચાલવા દેવાનો નિશ્ચય કર્યો. સૌથી અગત્યનું કાર્ય આયર્લેન્ડને ઠેકાણે લાવવાનું હતું; એટલે ક્રોમ્વેલને લશ્કર લઇ ત્યાં મોકલ્યો. તે ત્યાં પહોંચ્યો ત્યારે ડબ્લીન સિવાયનો

આયર્લેન્ડ ૧૬૪૯. તમામ પ્રદેશ બંડખોરોના હાથમાં હતો. ત્રણ મહિનામાં તેણે આખો દેશ સર કીધો, પણ આ કામ કરવામાં તેણે રાક્ષસી નિર્દયતા વાપરી; પોતાના સીપાહીઓને હુકમ આપ્યો કે હથિયારબંધ પુરૂષોને ખોળી ખોળીને મારી નાંખો; એક શહેરની અંદર દાખલ થતી વેળા ૨૦૦૦ આદમીને બકરાંની માફક વાઢી નાંખ્યા; કેટલાક માણસોએ એક દેવળમાં આશ્રય લીધો છે એમ માલમ પડતાં તે દેવળને આગ લગાડી. જેઓ શરણે આવ્યા તેમાંના દશમા ભાગનાને ગોળીબારથી ઠાર કર્યા, ને બાકીનાને વેસ્ટ ઇંડીઝ ટાપુમાં ગુલામ તરીકે મોકલી આપ્યા. બીજા એક શહેરમાં આવી જ કત્લે આમ થઈ. આવા આસુરીવેડાથી બીજાં શહેરો ભયભીત થઇ તાબે થયાં એટલે જાનની ખુવારી કંઇક કમી થઇ. આ બધું વાંચતાં આપણને એવો વિચાર આવે કે ક્રોમ્વેલ મહા દુષ્ટ તથા ખૂની હોવો જોઇએ. પણ તેને લોહીનો તરસ્યો કહેવો ઉચિત નથી. તેણે તો ગમે તે ભોગે આરંભેલું કાર્ય વીજળીક ત્વરાથી આટોપવા નિશ્ચય કર્યો હતો. વળી યુદ્ધના કેદીની કતલ અક્ષમ્ય મહા દોષ લેખાય. આ કતલમાં અસંખ્ય પાદરીઓને શોધી શોધીને મારેલા. ક્રોમ્વેલનો અસલ હેતુ જ કેથોલીક પ્રજાનું સત્યાનાશ વાળવાનો હતો. તેના ત્રાસથી કંટાળી ૩૦, ૪૦ હજાર સશક્ત કેથોલીકોએ સ્પેઇન, ફ્રાન્સ, આદિ વિદેશી લશ્કરમાં નોકરી લીધી. વળી રોગથી, યુદ્ધમાં અને કતલમાં મરેલા પુરૂષોનાં બૈરાં છોકરાંને વેસ્ટ ઇંડીઝના ટાપુમાં લઇ જવામાં આવ્યાં. આવી રીતે કેથોલીક પક્ષ કમી થતો હતો ત્યારે ઇંગ્લેંડ ને સ્કોટલેન્ડથી સંસ્થાનીઓ આવે જતા હતા.

આવી અનેક રીતે આયર્લેન્ડને ઠેકાણે લાવતાં ૯ મહિના થયા; દરમ્યાન કાર્યવાહક સમિતિ ઇંગ્લેંડમાં કારભાર કરી રહી હતી. નૌકાની

સરદારી હેન્રી વેઇનને મળી, તેના હાથ નીચે (પાછળથી પ્રખ્યાત નૌકાધિપતિ) બ્લેઇક હતો. મીલ્ટન કવિ કાઉન્સીલનો સેક્રેટરી, ને બ્રેડશો પ્રમુખ નીમાયો.

સ્કોટલેન્ડ ૧૬૫૦.

ટુંક સમયમાં એક નવી મુશ્કેલી ઉભી થઇ. ચાર્લ્સ કુંવર સ્કોટલેન્ડમાં આવી પુગ્યો છે એવા સમાચાર મળ્યા. સ્કોટ લોકોને ધર્મરક્ષણ વિષે વચન આપ્યું એટલે તેઓ ચાર્લ્સ માટે લડવા તૈયાર થયા. આ લશ્કર લઇ ચાર્લ્સ ઇંગ્લેંડ પર ચઢી આવે તો કેટલી ખરાબી થાય તે સમિતિ સારી રીતે સમજતી હતી. ફેરફેક્સને લશ્કરી સરદારી લેવા કહેવામાં આવ્યું પણ તેણે ના પાડી. એટલે ક્રોમ્વેલને આયર્લેન્ડથી બોલાવી સેનાધિપતિ નીમ્યો. તેને લંડનમાં બહુ સારો આવકાર મળ્યો. તેણે સરહદ ઓળંગી અને સ્કોટલેન્ડમાં એનું નામ સંભળાયું એટલે લોકોએ ન્હાસ ભાગ કરવા માંડી, કેમકે તેમણે તેની આયર્લેંન્ડની કીર્તિ વિષે બહુ બહુ સાંભળ્યું હતું. સ્કોટલેન્ડનો દક્ષિણ પ્રદેશ ઉજ્જડ થઇ ગયો. ખોરાક તથા બીજા સાધનોની તંગી લાગવાથી ક્રોમ્વેલને ડન્બાર બંદરે આવવું પડયું. સ્કોચ લશ્કર સામું આવતાં તેની સ્થિતિ ભયંકર થઇ પડી. હવા પાણી પ્રતિકૂળ અને સાધનોના અભાવને સબબે તેના સિપાહીઓમાં માંદગી તથા ભુખમરો ફેલાતાં હતાં; તેથી સારા સંજોગો સાધી તેણે એક દિવસે મળસ્કામાં દુશ્મન પર છાપો માર્યો. થોડો વખત ઝપાઝપી થયા બાદ સ્કોટ લોકો ગભરાટમાં ને ગભરાટમાં જેમ ફાવ્યું તેમ, જ્યાં ફાવ્યું ત્યાં ભાગ્યા. એક કલાકમાં તો કામ ખલાસ થયું; દુશ્મનના ઘણા આદમી માર્યા ગયા તથા કેદ પકડાયા. ક્રોમ્વેલને આવતો દેખી એડીનબરોના દરવાજા ઉઘડયા; છતાં તેને હજુ એક વર્ષ લડવું પડયું. એક નવું લશ્કર ઉભું કરી સ્કોટ લોકોએ ચાર્લ્સનો રાજ્યાભિષેક કર્યો. (૧૬૫૧) ઉત્તર જવાનો રસ્તો ક્રોમ્વેલે ઘેરી લીધાથી ચાર્લ્સે ઇંગ્લેંડ તરફ પ્રયાણ કર્યું. ચાર્લ્સ આગળ ને ક્રોમ્વેલ પાછળ એમ બન્ને લશ્કર ઇંગ્લેંડમાં દાખલ થયાં. અહીં

ચાર્લ્સનો પક્ષ લેવાની કોઇની હિંમત ચાલી નહિ. એક લડાઇ થઈ તેમાં હારી ચાર્લ્સ છુપે વેષે ન્હાસી છુટયો. તેની પુંઠ એટલી સજ્જડ લેવામાં આવેલી કે એક વેળા તેને એક ઝાડ પર ૨૪ કલાક ભુખ્યા તરસ્યા સંતાઇ રહેવું પડયું. ક્રોમ્વેલના સિપાહીઓ આ ઝાડ નીચે થઇ ગયા અને ચાર્લ્સને સલામતીની ખાત્રી થઇ ત્યારે જ તે ઝાડ પરથી નીચે ઉતર્યો. આવાં આવાં અનેક સંકટ ભોગવી તથા સ્કોચ પ્રજાનો અપૂર્વ પ્રેમ અનુભવી તે એક કોલસાના વહાણમાં ફ્રાન્સ ગયો.

હવે ઇંગ્લેંડના નવા રાજ્યને પરરાજ્યો કાયદેસર રાજ્ય તરીકે સ્વીકારવા લાગ્યા. બ્લેઇકે રૂપર્ટને દરિયાઇ લડાઇમાં

નૌકાનો કાયદો; હોલેન્ડસાથે વિગ્રહ. ૧૬૫૨–૧૬૫૩.

હરાવ્યો હતો, અને ડચ લોકો ચાર્લ્સને મદદ આપી રહ્યા હતા, તેથી વેઇને તેમને ફટકો મારવાનો તથા અંગ્રેજી નૌકા વધારવાનો નિશ્ચય કર્યો. આ વેળા દેશ–દેશનો વાહનવેપાર ડચ લોકોના હાથમાં હતો; તેમનો આ ધંધો તોડી પાડી પોતાના હાથમાં લેવા માટે ૧૬૫૧ માં ઇંગ્લેંડે એવો નૌકાનો કાયદો કીધો, કે ઇંગ્લેંડ આવતો તમામ માલ, ઉત્પન્ન કરનાર દેશના વહાણમાં યા તો અંગ્રેજી વહાણમાંજ લાવવો. આ કાયદાથી ડચ લોકોનો ધંધો અંગ્રેજ વહાણવટીઓને મળ્યો. વળી ઇંગ્લીશ ચેનલમાં જે પરદેશી વહાણ આવે તેણે પોતાનો રાજ્યનો વાવટો ઉતારી ઇંગ્રેજ વહાણને સલામી આપવી. આ સવાલની ચર્ચા ચાલતી હતી તે વેળા ટ્રોમ્પની સરદારીવાળો ડચ કાફલો બ્લેઇકની અંગ્રેજી નૌકા સામો ઇંગ્લીશ ચેનલમાં ખડો થયો. બાદ ઝપાઝપી થઇ તેમાં ડચ લોકો જીત્યા એટલે તેમણે અંગ્રેજોને દરિયાપરથી ઝાડી કાઢ્યા છે એમ બતાવવા એક વહાણના સઢ પર એક ઝાડુ બાંધી તે વહાણ આખી ચેનલમાં ફેરવ્યું. પણ આ અભિમાન બહુ ટકયું નહિ; કેમકે પોર્ટલેન્ડ આગળની લડાઇમાં ભારે નુકસાન થવાથી તેમનો સંપૂર્ણ પરાજય થયો. તે દિવસથી આરંભી આજ દિન સુધી ઇંગ્લેંડે દરિયાનું ઉપરીપણું જાળવી રાખ્યું છે. આધુનિક અંગ્રેજ નૌકાની ઉન્નતિ વેઇન તથા બ્લેઇકને ઘણી આભારી છે.

રાજકારભારમાં સડો તથા તે દૂર કરવાના ઉપાય.

આમ બહાર ઇંગ્લેંડનું માન વધતું હતું ત્યારે ઘેર મુશ્કેલી શરૂ થતી હતી. જે ૮૦ માણસો પાર્લમેન્ટને નામે કારભાર કરી રહ્યા હતા તેમને રાજાના મોત પછી પ્રજાને કદી કાંઇ પુછ્યું ન હતું, એટલે તેઓ તેના ખરા પ્રતિનિધિ ન કહી શકાય. આમાંના ઘણા અપ્રમાણિક હતા, અને તેમના પર કોઇપણ જાતનો અંકુશ ન હોવાથી તેઓ ઘણા અન્યાય કરતા, પોતાના મિત્રોને સારી સારી જગ્યા આપતા, રાજપક્ષના તથા પોતાથી જુદા ધર્મપંથના પુરૂષોને કનડતા, તથા કોઇ કોઇ વેળા પોતાના લાભને માટે કાયદાનો દુરૂપયોગ કરતા. ક્રોમ્વેલ સ્કોટલેન્ડથી પાછો ફર્યો ત્યારે તેને ઘણો ગેરકારભાર માલમ પડયો તથા તેનો અંત લાવવા તે વિચાર કરવા લાગ્યો. પોતાની પાસે વફાદાર લશ્કર છે એમ સમજી તેણે પેલા ૮૦ કારભારીને નવી ચુંટણી કરવા કહ્યું; પરંતુ લશ્કરી સરદારોનું ચઢી વાગશે તથા ચાલુ રાજ્યનો નાશ થશે એ બ્હીકથી વેઇન જેવો પુરૂષ પણ આ કાર્યમાં ભય નિહાળી રહ્યો હતો. એટલે કારભારીઓ ચાલુ મેમ્બરોને કાયમ રાખી માત્ર બાકીના માટેની ચુંટણીની દરખાસ્ત લાવ્યા. ક્રોમ્વેલે આ વિષે વાંધો ઉઠાવ્યો. બન્ને પક્ષની સમાધાની કરવા એક કોન્ફરન્સ મળી. આ કોન્ફરન્સનું કામ હજુ ચાલે છે ત્યાં મેમ્બરો પોતાનો ખરડો પાસ કરી રહ્યા છે એવી ખબર મળતાં ક્રોમ્વેલ એક લશ્કરી ટુકડી લઇ ત્યાં પહોંચ્યો; લશ્કરને બહાર ઉભું રાખી પોતે અંદર દાખલ થઇ ચર્ચા સાંભળવા લાગ્યો; પછી બીલ પાસ કરવાની વાત આવી એટલે ઉભો થઇ આમતેમ ફરતાં ફરતાં તેણે તેમનાં ગતકાળનાં સારાં કાર્યનાં વખાણ કર્યાં, તથા તેમના અન્યાય અને સ્વાર્થ પરાયણતાને વખોડયા. તે બોલ્યો,-'બસ, બસ; આ સ્થિતિ હું બંધ કરૂં છું. તમે અહિં વધુ વખત બેસો એ યોગ્ય નથી. તમને પાર્લમેન્ટ કોણ કહે ?' પછી પોતાના સોલ્જરોને બોલાવી તેણે સર્વે મેમ્બરોને બહાર કાઢવા હુ-

કમ કર્યો. પ્રમુખની ગદા લઇ તે કહેવા લાગ્યો, " આ રમ આપણે શું કામ છે ? એને લઇ જાઓ. " મેમ્બરો તો આ જોઈ દીંગ થઇ ગયા; ને વેઇન શિવાય કોઇની બોલવાની તાકા રહી. વેઇને કહ્યું, "આ પ્રામાણિકપણું ન કહેવાય; નીતિ તથા સાધ સચ્ચાઇની વિરૂદ્ધનું આ કાર્ય છે. " છતાં બધાને બહાર કાઢી કો બારણે તાળું વાસ્યું ને ચાવી ખીસ્સામાં મૂકી બીજે દિવસે રાજપક્ષવાળો પાર્લમેન્ટના બારણાં પર એવી મતલબનું પાટીઉં લ ગયો કે " હાલમાં (ફરનીચર) વગરનું આ ઘર ભાડે આપવાનું

ક્રોમ્વેલ દેશરક્ષક. ૧૬૫૩.

પછી ક્રોમ્વેલ અને તેના સરદારોએ લોકોના પ્રતિનિધિ એક સભા ભરી. આમાં સ્કોટલેન્ડ, આય તથા વેઇલ્સના છ છ મેમ્બરો લેવામાં અ થોડાક કાયદા સારા કર્યા પછી મેમ્બરોએ પછી એક એટલા બધા સુધારા સૂચ કારભારીઓ ગુંચવણમાં પડી ગયા; તેથી ૫ મહિનાની બેઠક આ સભાએ પોતાની સત્તા ક્રોમ્વેલને પાછી સોંપી બાદ કાર્ય સમિતિએ ક્રોમ્વેલને દેશરક્ષક નીમવાની સૂચના કરી.

ક્રોમ્વેલના કાનુનો.

આમ રાજાના મુઆ પછી ૫ વર્ષમાં રાજની લગામ ફરી વ્યક્તિના હાથમાં સોંપવી પડી. શરૂઆ તેની સત્તા મર્યાદિત હતી; કેમકે તેના અંકુશરૂપ કાર્યવાહકો જીંદગીભરને માટે ની હતા; અને તેને કાયદા રદ કરવાની સત્તા નહતી. ક્રોમ્વેલને દુશ્મન હતા. રાજપક્ષવાળા, પ્રેસ્બીટેરીઅન માર્ગવાળા, પ્રજાસત્તા વિગેરે વિવિધ કારણોને લીધે તેની વિરૂદ્ધ હતા. તેથી તેનુ ખૂન બળવો જગાવવાના અનેક કાવત્રાં રચાતાં હતાં. ક્રોમ્વેલ માટે તો કહેવું જોઇએ કે તેણે ૧૦ મહિના સુધી ન્યાયી અને સારૂં ચલાવ્યું ને પછી પાર્લમેન્ટ બોલાવી; હોલેન્ડ સાથે ઠીક સુલેહ

તથા ડેન્માર્ક, સ્વીડન, ને પોર્ટુગલ સાથે અંગ્રેજ વેપારને અનુકૂળ કરાર કર્યા; ચાલુ કેળવણીની તપાસ કરી અને ઓકસફર્ડની લાયબ્રેરીમાં લખેલાં તથા છાપેલાં પુસ્તકો ભેટ આપ્યા; તમામ પંથોને (કેથોલીક સિવાય) ન્યાયી નીવડે એવા કાનુનો કર્યા; સામાન્ય પ્રાર્થનાપોથી બંધ કરી. વળી ઇન્સાફ મેળવવાનો ખર્ચ કમી કરવાથી ગરીબોને લાભ થયો. ભારે જમીનમહેસુલ દૂર કરી તેણે ગરીબ ખેડુતોનું કલ્યાણ કર્યું. તેણે સ્કોટલેન્ડ ઇંગ્લેંડને એક કર્યા; સ્કોટ લોકો ક્રોમ્વેલના ૮ વર્ષના રાજયને સુખસંપત્તિના દિવસ માનતા હતા. બાપડું આયર્લેન્ડ કમનશીબ હતું; જેઓ યુદ્ધમાં પકડાએલા તેમને મોત યા દેશનિકાલની સજા થઇ, તથા જેઓએ હથિઆર ઉઠાવેલાં, તેમને સજારૂપે કોનોટના વેરાન પ્રાંતમાં વસવાટ કરવા મોકલ્યા.

૧ લી પાર્લમેન્ટ. ૧૬૫૪.

ક્રોમ્વેલની પહેલી પાર્લમેન્ટ ૧૬૫૪ માં મળી. આમાં કેથોલીક તથા રાજપક્ષ બાદ કરતાં તમામ પ્રજાના પ્રતિનિધિઓ હતા. ક્રોમ્વેલની ખાત્રી હતી કે પાર્લમેન્ટ મારા કહ્યા મુજબ કામ કરશે. આથી પ્રજાસત્તાકીઓ બેચેન દેખાતા હતા. તેમણે ક્રોમ્વેલના કાનુનો વિષે પ્રશ્ન ઉઠાવ્યા, અને વેઇને એક વ્યક્તિને સર્વોપરી અધિકાર આપવા વિરૂદ્ધ ચર્ચા ઉપાડી. ક્રોમ્વેલની આ સમય સુધીમાં એવી દૃઢ માન્યતા થઇ ગઇ હતી કે મને અંગ્રેજ પ્રજાનું રાજ્ય કરવા ઇશ્વરે પ્રેરેલો છે; તેથી તેને પહેલી જરૂર દઢરાઅની જણાઇ, કેમકે નહિ તો રાજપક્ષવાળા જાગે. આ હેતુ લક્ષમાં રાખી તેણે પાર્લમેન્ટ વિસર્જન કરી. દેશના દશ વિભાગ પાડી દરેક પર અક્કેકો લશ્કરી અમલદાર નીમી દીધો. હવે તેનું રાજ્ય લશ્કરી ઢબનું થયું. પોતાના જુના મિત્રો વેઇન તથા બ્રેડશોને પણ તેણે થોડો વખત જેલનો સ્વાદ ચખાડયો. બીજી બાજુએ તેણે ન્યાયાધીશોને સ્વતંત્ર બનાવ્યા; યાહુદીઓને ઇંગ્લેંડમાં વસવાની છૂટ આપી; અને જોર્જ ફોક્સ નામના વણકરે સ્થાપેલા કવેઇકર પંથનું રક્ષણ કર્યું.

પોતાના શરીરપર હુમલો કરનારને સજા કરવા તે ના પાડતો; ને હાલ પોતે રાજમહેલમાં રાજઠાઠથી રહેતો હતો છતાં જાત માટે ધન સંચય કરવા તેણે બીલકુલ પ્રયત્ન ન કર્યો.

તેને જુલમ ગુજારવાની ઇચ્છા નહિ હોય તે સંભવિત છે. ૧૬૫૬ માં પ્રોટેસ્ટન્ટ પ્રજાને પીડવા માટે તેણે સેવોયના ડયુકને ઠપકો દીધો, તેમાંથી સ્પેઇન સાથે યુદ્ધ થયું એટલે ફરી પાર્લમેન્ટ બોલાવવી પડી. તેણે કાર્યવાહક સમિતિના પ્રમાણપત્રકવાળા મેમ્બરોને જ બેસવા દીધા, ને બાકીનાને કાઢી મૂક્યા.

૨ જી પાર્લમેન્ટ. ૧૬૫૬.

આ પાર્લમેન્ટે સલાહસંપથી કાર્ય શરૂ કર્યું. તેણે સલાહ આપી કે ૧. લશ્કરી અમલદારો કાઢી લેવા તથા ૨. ક્રોમ્વેલના બનાવેલા ઉમરાવોની ઉચ્ચ સભા બનાવવી. પછી ક્રોમ્વેલને રાજા થવા કહ્યું, પણ લશ્કર નાખુશ થશે એ બ્હીકથી જ્યારે તેણે રાજપદ સ્વીકારવા ના પાડી, ત્યારે તેને પાદશાહી ઝભ્ભો, રાજદંડ, તથા ન્યાયચિન્હરૂપ તરવાર અર્પણ કરી. પહેલી બેઠકમાં તો ઠીક કારભાર ચાલ્યો, પણ પછી નવા અમીરો બનવાને લીધે તેમની ખાલી પડેલી જગ્યા માટે પ્રજાસત્તાકીઓ ચુંટાઇ આવ્યા. તેમણે અમીરોની સભા સાથે કામ કરવા ના પાડી તથા ખુદ ક્રોમ્વેલ ઉપર આરોપ મૂકવા માંડયા; એટલે તેણે પાર્લમેન્ટ બંધ કરી સ્વતંત્ર રાજ્ય આરંભ્યું.

હાલ તેની સત્તા પૂર્ણ કળાએ પહોંચી હતી. તેના કાફલાએ સ્પેઇનનો જમૈકા બેટ કબજે કર્યો હતો ને તેને ક્રોમ્વેલે આબાદ સંસ્થાનરૂપ બનાવ્યો હતો એનું રાજ્ય એટલું સુદૃઢ થઇ ગયું હતું કે તે ઉથલાવવાની રાજપક્ષવાળાઓને પણ આશા ન હતી. છતાં લોકોનાં દિલ બેચેન હતાં. પ્યુરીટનોનો કડક અમલ તેમને પસંદ નહોતો; મે-પોલ આગળના નાચ, ઘોડદોડની શરતો, મરઘાની લડાઇ,

પ્રજાનો અસંતોષ.

નાટક, મિષ્ટાન્ન ભોજન આદિની મજા બંધ થઇ હતી. ઘણાને રાજા, સ્વતંત્ર પાર્લીમેન્ટ, ઉદાર ગૃહસ્થો, તથા ભવ્ય દરબારના જુના દિવસો યાદ આવવા લાગ્યા. પ્રજાસત્તાક તત્ત્વનો નાશ થવાને લીધે પ્રજા સત્તાકીઓ નારાજ હતા; રાજાની ગાદી બીન–અધિકારી પુરૂષ પચાવી પડેલો હોવાથી રાજપક્ષવાળા તો અસંતુષ્ટ હોયજ. ક્રોમ્વેલે અશક્ય કાર્ય આદર્યું હતું. સાચા સ્વરાજની ઇમારત બાંધવામાં તે પ્રજાનો સહકાર માગી રહ્યો હતો; પણ તેનું ધોરણ સમયાનુસાર ન હોવાથી તે નિષ્ફળ નીવડયો. પોતે આ સ્થિતિ સમજતો હતો. વળી મોત પછી પોતાનું કાર્ય નષ્ટ થશે એ પણ તે સારી પેડે જાણતો હતો. તેના ઉચ્ચ પ્રકારના આપખુદી રાજ્યથી અંગ્રેજ પ્રજાને ઘણા લાભ થયા પણ જે વસ્તુ માટે તેઓ તલસતા હતા તે–ન્યાયનું સર્વોપરીપણું–વસ્તુ ક્રોમ્વેલ તેમને બક્ષી શકયો નહિ.

ક્રોમ્વેલનું મરણ. ૧૬૫૮.

તેને માત્ર ૫૯ વર્ષ થયા હતાં છતાં તેની તબીઅત લથડી હતી. વળી "મારી નાંખવું એ ખૂન નથી" એ નામનું પુસ્તક તેનો વધ કરવાના હેતુથી પ્રસિદ્ધ થયા પછી તેના મનમાં ઘણો ઉચાટ રહેતો, એટલે તે બહુ સાવધ રહેતો; રાત દિવસ પોતાની આસપાસ નાગી તરવારવાળા વિશ્વાસુ અંગરક્ષક રાખતો; બખતર પહેરતો; પોતાનું રહેઠાણ વખતો વખત બદલતો, ને રાતમાં સુવાનો ઓરડો બે ત્રણ વેળા બદલતો. પણ મોત કોઇને છોડતું નથી. તેની માનીતી પુત્રીનું મરણ તેને કારી ઘા સમાન લાગ્યું ને થોડા વખતમાં તે દેવલોક પામ્યો (૧૬૫૮). તેના વિચિત્ર ચારિત્ર્યનો વિચાર કરતાં આપણી સમક્ષ તેના અનેક ગુણદોષ તરી આવે છે. એના કર્મોમાં લોભનો અંશ કેટલો છે, અને ધર્મ તથા દેશભક્તિનો અંશ કેટલો છે એ જાણવું અશક્ય છે. છતાં દેશ સેવામાં સદા તત્પર રહેવાનું માન તેને અવશ્ય ઘટે છે. ઇંગ્લેંડને અધોગતિમાંથી ઉદ્ધારી દેશ પરદેશમાં તેનો માનમરતબો તેણે વધાર્યો હતો. આખા યુરોપની

આવી ક્રોમ્વેલના કદોરામાં હતી. ક્રોમ્વેલ મારફત દુન્યવી સત્તાઓમાં પ્રોટેસ્ટન્ટ પંથ સ્વતંત્રતા મેળવી શક્યો.

મરતી વેળા તેની સત્તા એવી સજ્જડ જામી હતી કે તેના મોટા છોકરા રીચર્ડને વિના વિલંબે તેની જગ્યા મળી. નવી પાર્લમેન્ટ ભેગી થઇ અને કાયદાશાસ્ત્રીઓ નવા દેશરક્ષક પાસે આવી પહોંચ્યા, પણ ઠંડા તથા આળસુ રીચર્ડમાં બાપના ગુણ નહોતા. એની સરદારીથી લશ્કરને સંતોષ વળ્યો નહિ; અને આ દુબળ હાકેમ વિરૂદ્ધ વેઇન ઉઘાડે છોગે બોલવા લાગ્યો. રીચર્ડે લશ્કરની સલાહાનુસાર પાર્લમેન્ટ બંધ કરી; ને લાંબી પાર્લમેન્ટના પેલા ૮૦ મેમ્બરોને બોલાવ્યા, પણ રીચર્ડની જરૂર ન લાગવાથી તેમણે રાજીનામાં આપ્યાં. પાર્લમેન્ટ તથા લશ્કરને ઉપરીપણા વિષે મતભેદ પડયો. રાજપક્ષવાળાઓએ તોફાન મચાવ્યું તેને શમાવી લશ્કર પાર્લમેન્ટના મકાન આગળ ખડું થયું તથા મેમ્બરોને બેસવાની ના પાડી; અને તમામ સત્તા પોતાના હાથમાં લઈ સલામતી માટે એક સમિતિ નીમી.

રીચર્ડ ક્રોમ્વેલ દેશરક્ષક.

આ વ્યવસ્થા બે માસ જ ચાલી. ક્રોમ્વેલે સરદાર મંકને બંદોબસ્ત રાખવા સ્કોટલેન્ડ મોકલ્યો હતો. આ મંક શાંત સ્વભાવનો તથા કાર્યકુશળ પુરૂષ હતો. ક્રોમ્વેલની શરમને ખાતર તે રીચર્ડને વફાદાર રહેત; પરતુ અત્યારે સર્વત્ર અરાજકતા ચાલી રહેલી હોવાથી તેણે બીજા ચાર્લ્સને આણવાનો નિશ્ચય કર્યો. સાઠની સાલના બેસતા વર્ષના દિવસે તેણે ઇગ્લેંડમાં જઇ ઢંઢેરા પીટાવ્યો કે હું સ્વતંત્ર પાર્લમેન્ટ સ્થાપવા આવ્યો છું. વૃદ્ધ સરદાર ફેરફેક્સ દુનિયાથી ફારગ થઈ એકાંતમાં રહેતો હતો, તેને મંક મળ્યો તથા સાથમાં લીધો. અંગ્રેજ લશ્કર મંકને અટકાવવા સામું જતું હતું, પણ તેણે પોતાના જુના સેનાધિપતિ ફેરફેક્સને જોયો એટલે તેઓ સામાપક્ષમાં ભળી ગયા.

સરકાર મંક.

લંડનમાં જઇ મંકે પાર્લમેન્ટ બંધ કરી. નવી ચુંટણી થઇ ને નવી સભા (convertion) ' કામ ચલાઉ સભા ' નામ ધારણ કરી કાર્ય કરવા લાગી. ઈંગ્લૅંડમાં એવો રિવાજ છે કે રાજાના આજ્ઞાપત્રથી ચુંટણી થાય તોજ ચુંટાએલા સભ્યો પાર્લમેન્ટરૂપ બની શકે. આ વેળા રાજા ન હોવાથી સભા પાર્લમેન્ટ નહિ પણ કોન્વેન્શન ગણાઇ. આ સભામાં વધુમતી રાજપક્ષ તથા પ્રેસ્બીટેરીઅનોની હોવાથી તેમણે એકદમ એવો ઠરાવ કર્યો કે રાજા, ઉમરાવો, ને આમ—આ ત્રણ સંસ્થાનું બનેલું અસલના જેવું રાજ્ય ફરી સ્થાપવું, તથા ૨ જા ચાર્લ્સને રાજા થવા આમંત્રણ મોકલવું.

ચાર્લ્સનું આગમન
૧૬૬૦

ચાર્લ્સને મંક સાથે ગુપ્ત વ્યવહાર ચાલતો હોવાથી આ વાતની ખબર પડતાં તેણે જાહેર કીધું કે હું સર્વને ધાર્મિક સ્વાતંત્ર્ય, તથા રાજકીય માફી બક્ષીશ અને લશ્કરને સંતોષીશ. થોડા દિવસમાં તે ઈંગ્લેંડ આવ્યો. લોકો ખુશાલીના પોકાર કરી રહ્યા હતા; રસ્તાપર ફુલ વેરવામાં આવ્યાં હતાં, બન્ને બાજુએ વાવટા તથા ફુલહારથી શણગારાઇ હતી; ફુવારામાંથી પાણીને બદલે શરાબ ઉડી રહ્યા હતો. ફક્ત લશ્કર ગમગીન લાગતું હતું; પરંતુ આનંદઘેલી આખી પ્રજા આગળ તેમનું શું ચાલે? થોડા વખત પછી લશ્કરને રજા આપવામાં આવી, ને તેઓ પોતપોતાને અસલ ધંધે–કારકુની, દુકાનદારી, ખેતી વિગેરે–ગુપચુપ લાગી ગયા. આ સર્વ હર્ષ તથા આનંદપૂર્ણ આવકાર નિહાળી હસતાં હસતાં રાજા બોલ્યો—" હું વહેલો ન આવ્યો તે મારો પોતાનોજ વાંક ભાસે છે, કેમકે મને જેટલા મળે છે તે સો એમજ કહે છે કે મારા પુનરાગમન માટે તેઓ એકે પગે થઇ રહ્યા હતા." છતાં આટલું તો કહેવું પડશે કે પ્યુરીટન લશ્કરે પ્રજાને તોબાહ ન પોકરાવી હોત તો ચાર્લ્સને પાછા આવવાનો વખત આવત કે કેમ તે નક્કી ન કહી શકાય.

પ્રકરણ ૨૦ મું.

પુનઃ સ્થાપન.

૨ જો ચાર્લ્સ–૧૬૬૦–૮૫.

ચાર્લ્સના જેવો આવકાર બીજા કોઇ રાજાને કદી મળ્યો નહિ હોય. અનેક ઉથલપાથલથી નબળી બનેલી અને કંટાળેલી પ્રજા રાજ્યને થાળે પડેલું જોવા ઘણી આતુર હતી. ચાર્લ્સના હૃદયમાં પ્રજાનું હિત

ચાર્લ્સના ગુણદોષ.

વસ્યું હોત તો તે સારો રાજા લેખાત. તે હોંશીઆર, દીર્ઘદર્શી, મળતાવડા સ્વભાવનો ખુશમીજાજી, સમજુ, વિવેકી હતો, છતાં તેને સજ્જન કહી શકાય નહિં. સ્વાર્થી ને આળસુ હોવાથી તથા અત્યાર સુધીની જીંદગીનો ઘણો ભાગ ન્હાસભાગ કરવામાં દેશાન્તરમાં ગાળ્યો હોવાથી તે દેશપ્રત્યેની ફરજનો ઉજાત–ખ્યાલ રાખતો નહિં. આખા રાજ્ય દરમ્યાન તેનું લક્ષ બે બાબત પર હતું. ૧. પોતાની મરજીમુજબનું વર્તન, ને સ્વચ્છંદી મોજ મારવા માટે પુષ્કળ પૈસો, ને ૨ કેથોલીક પંથની પ્રગતિ. તે કાંઇ બહુ ધાર્મિક નહતો; પણ તેનો મનોરથ ફ્રાન્સના ૧૪ મા લુઇના જેવા આપખૂદી થવાનો હતો, ને આ કાર્યમાં કેથોલીકો શિવાય કોણ મદદ આપે? રાજા અને તેનો ભાઇ જેઇમ્સ બહારથી રાજધર્મ પાળતા દેખાતા પણ તેમની કેળવણી કેથોલીક ઢબ મુજબની હતી. મંત્રીઓ પર પાર્લમેન્ટનો અંકુશ રાખવા માટે તથા પોપની સત્તા ઇંગ્લેંડમાંથી રદ કરવા માટે અંગ્રેજ પ્રજા સેંકડો વર્ષોથી મથતી હતી, તેથી પ્રજા તથા રાજાના મત એકએકથી વિરૂદ્ધ હતા.

પણ આ ચાર્લ્સ બાપની પેઠે ખુલ્લી રીતે લડે એવો કાચો ન હતો. તે બહુ ચકોર હોવાથી પોતાના ભાઇ જેઇમ્સને ઘણી વેળા કહેતો કે "ભાઇ, આવું સુખ છોડી આપણે તો ફરી રખડપટ્ટી કરવી નથી." તેના રાજ્યમાં સત્તા એક હાથથી બીજા હાથમાં ને બીજાથી

ત્રીજા પાસે જતી, અને આને પરિણામે કારભારમાં કાંઇ ચોખવટ ન હતી. એક વેળા રાજા મરજીમુજબ વર્તવા મથતો, તો બીજી વેળા પાર્લમેન્ટનું બળ જોઇ લટી જતો. તેનો સ્વભાવ આનંદી ને બેપરવા હોવાથી, તથા ગમે તે વેળા પ્રધાનોનો ભોગ આપીને, તે પોતાની ગાદી સાચવી, મોજીલા વિલાસી પાદશાહના જેવું જીવન ગાળી શક્યો. તેને વિષે એક કવિએ એવું કહ્યું કે "તેણે એકકે નબળું વેણ કાઢ્યું નથી, પણ સાટે એકકે સારૂં કામ કર્યું નથી." આના જવાબમાં રાજાએ હસતાં હસતાં કહેલું કે "કવિનું કહેવું સત્ય છે; કેમકે મારા શબ્દો માટે હું પોતે જોખમદાર છું, પણ મારાં કહેવાતાં કર્મ માટે મંત્રીઓ જવાબદાર છે." તેનો પ્રથમ મંત્રી કલેરેન્ડન હતો. આ પ્રમાણિક પુરૂષ ચાર્લ્સના દેશવટા દરમ્યાન તેનો સલાહકાર હતો. તેનો હવે પછીના ૭ વર્ષનો કારભાર ઉત્તમ પંક્તિનો હતો.

કોન્વેન્શન.

ચાર્લ્સના પુનરાગમન વેળા જે કોન્વેન્શન બેઠી હતી તેણે ૧ લા ચાર્લ્સના ૧૩ મુખ્ય દુશ્મનોને દેહાંત સજા દીધી, ને બીજાઓને કેદ કર્યા. ક્રોમ્વેલ આયર્ટન, ને બ્રેડશોના મુડદાં કબરમાંથી કઢાવી ફાંસીએ લટકાવવામાં આવ્યાં. બાકી બધા પુરૂષોને માફી આપવા વિષે એક કાયદો થયો. બાદ રાજાની ઉપજનો સવાલ ઉપસ્થિત થયો. તે સમયમાં દરબાર, નૌકા, એલચીઓ, તથા ન્યાયાધીશોનો નિભાવ રાજાને શિર હતો. કોન્વેન્શને તેને જીંદગીભર ૧૨ લાખ પાઉંન્ડનુ વર્ષાસન નક્કી કર્યું પણ એવી શરતે કે અમુક પસાયતાં, નજરાણાં, સલામી આદિ લોકોને ત્રાસ ઉપજાવે એવાં ઉઘરાણાં છોડી દેવાં. આ થયા બાદ લશ્કરને રજા આપી કોન્વેન્શન બરખાસ્ત થઇ. પરંતુ ચાર્લ્સને પોતાના રક્ષણ માટે લશ્કરની જરૂર લાગવાથી તેણે મંકના લશ્કરમાંથી ૫૦૦૦ ચુનંદા ઘોડેસ્વાર તથા પાયદળ પોતાના ખર્ચે રોકયા. સ્થાયી ફોજ રાખવાની પદ્ધતિનું આ પ્રથમ પગરણ હતું.

થોડોક વખત તો સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો હતો. રાજાના

પુનરાગમનથી રૈયત એટલી ખુશ થઇ ગએલી કે નવી ચુંટણીવેળા લગભગ બધા મેમ્બરો રાજપક્ષના આવ્યા.

સ્વચ્છન્દી દરબાર. દરબાર ભભકાબંધ થવા લાગ્યો. ક્રોમ્વેલના અમલની ગંભીરતા, ડાવકાઇ તથા લુચ્ચાઇ ભૂલાઇ ગઇ. નાટકો ફરી ચાલુ થયાં, તમામ જાતના તમાશા વધવા લાગ્યા. આવા નિર્દોષ મોજશોખ સાથે જુગાર, છાકટાપણું, કુછંદ આદિ દુર્ગુણો વધી ગયા. હવેના ૫૦ વર્ષ દરમ્યાન સંધ્યાકાળ પછી સ્ત્રીપુરૂષોને ઘર બહાર નીકળવું સલામત નહોતું.

ગામડાં. ગામડાંની સ્થિતિ આના કરતાં ઠીક હતી. ઘણા રાજ પક્ષવાળા પોતાના અસલ ઘરમાં ધીમે ધીમે રહેવા આવ્યા. રાજપક્ષ ને પાર્લમેન્ટ પક્ષ પુરાણા ટંટા ભૂલી જઈ એકમેક સાથે સ્નેહભાવે રહેવા લાગ્યા. નાચરંગ મીજબાની આદિની છૂટ મળવાથી લોકો ખુશ થયા; છુટા થએલા સીપાહીઓ પોતાના અસલ ધંધામાં મચ્યા. ટપાલની ગાડી અઠવાડીઆમાં એક બે વખત જતી છતાં લંદન ને ગામડાંઓ વચ્ચે વ્યવહાર નહિ જેવો જ હતો. એટલે રાજદ્વારી ઝઘડા હોવા છતાં દેશની સ્થિતિ સુધરતી ગઇ. ખાસમાં ખરાબ ભાગ ઉત્તરનો હતો, ત્યાં હથીઆરબંધ લુટારા લુટફાટ કરી રૈયતને કનડતા, ન્યાયાધીશો મજબુત રક્ષક બળવિના જઇ શકતા નહિ, તથા લુટારાને પકડવા માટે શિકારી કુતરા રાખવા પડતા. વાસ્તવિક રીતે આ જમાનામાં રૈયતના જાનમાલ કેટલા જોખમમાં હતા તેનો આબેહુબ ખ્યાલ આવવો મુશ્કેલ છે.

સ્કોટલેન્ડ તથા આયર્લેન્ડ. સ્કોચ સરહદના મુલકમાં વિશેષ તોફાન થતાં. જુની રાજ્યપદ્ધતિ દાખલ થવાથી સ્કોટલેન્ડને પોતાની નોખી પાર્લમેન્ટ મળી. કોવેનન્ટ વાળા પર નિર્દય જુલમ ગુજરવા લાગ્યો. આયર્લેન્ડનું દુઃખ જુદી જાતનું હતું; જેમણે રાજપક્ષ સ્વીકારેલો તેમની જમીન જાગીર ક્રોમ્વેલે જપ્ત કરેલી. એક કાયદો કરી

ક્રોમ્વેલીઆ પાસેથી ત્રીજા ભાગની જમીન લઇ લેવામાં આવી, પણ તેની વહેંચણી સરકારે ફાવે તેમ કરી તેથી અસલ આયરીશ લોકોને બહુ થોડી જમીન મળી.

ઈંગ્લેંડમાં પાર્લમેન્ટે લોડના સમયમાં જે ધર્મવહીવટ ચાલતો હતો તેવો પાછો ચાલુ કીધો. બીશપો ફરી ઉમરાવની સભામાં બેસવા લાગ્યા. પ્રાર્થનાપદ્ધતિમાં થોડા ઘણા ફેરફાર કરી તેનો અમલ થવા લાગ્યો. અહીં સુધી તો બધું ઠીક હતું. પણ ચાર્લ્સે સૌને અંતરનું

ધાર્મિક ધારા

સ્વાતંત્ર્ય બક્ષ્યું હતું છતાં પાર્લમેન્ટને આથી વિરૂદ્ધ મતલબના ધારા કરતાં અટકાવી શક્યો નહિ. સખ્તાઇના કાયદા થવા લાગ્યા. એક કાયદો એવો થયો કે સર્વ સ્થાનિક અધિકારીઓએ કોવેનન્ટનો ઇનકાર કરી અંગ્રેજી ધર્મ મુજબના સંસ્કાર સ્વીકારવા. વળી બીજો કાયદો એવો થયો કે બીશપ પાસે દિક્ષા લે તથા પ્રાર્થના પોથી સ્વીકારે તેને જ ધાર્મિક અધિકારી બનાવી શકાય. આમ કરવા નાકબુલ હોય તેને બરતરફ કરવામાં આવ્યા. એટલે ૨૦૦૦ થી વધુ પાદરીઓ રોજી વિનાના થયા, તેમણે ' સેન્ટર ' નામ ધારણ કરી નવો પંથ સ્થાપ્યો.

આવા પંથને અનુસરવાની છૂટ પણ ન મળી. તેમને માટે એવી મતલબનો ધારો કર્યો કે ખાનગી દેવળમાં ભેગા થઇ પ્રાર્થના કરવાની લોકોને મના છે. વળી બીજો એવો ધારો પણ થયો કે ' ડીસેન્ટર ' પંથી નિશાળમાં શીખવી શકે નહિ, અને કોઇપણ શહેરની આજુબાજુના ૫ માઇલમાં પ્રવેશ કરી શકે નહિ. આવા ધારાથી સેંકડો કુટુમ્બો ઘરવિનાનાં, રોટલાવિનાનાં થઇ ગયાં; તથા ઘણાઓને જેલ સેવવી પડી. જોન બનીઅન નામના મહાપુરૂષને ખાનગી દેવળમાં ઉપદેશ આપવા બદલ ૧૨ વર્ષની કેદ મળી. આ ૧૨ વર્ષ દરમ્યાન તેણે પોતાનું ઉત્તમ આખ્યાન ' ભક્ત પ્રયાણ ' લખ્યું. મીલ્ટન જેવા મહાસમર્થ પુરૂષને પણ ઘડપણમાં સરકારના

મહેમાન થવા વખત આવેલો. 'ભક્ત પ્રયાણ' અને મીલ્ટન કવિના ઉત્તમ કાવ્યો—'સ્વર્ગ પતન' ને 'સ્વર્ગ પ્રાપ્તિ' શુદ્ધ પ્યુરીટન પંથનો આબેહુબ ચિતાર રજુ કરે છે.

આ સમયમાં ઘણા પુરૂષો ધર્મને ખાતર સ્વદેશ ત્યાગી અમેરીકા સીધાવ્યા; ને ચાર્લ્સે જુના દેવા પેટે યા તો પૈસા લઇને વિવિધ પુરૂષોને નવી દુનિયામાં મોટી મોટી જમીન જાગીર આપી. આવા રીતે પ્રખ્યાત કવેકર પંથી વિલિઅમ પેનને ભારે લ્હેણા બદલ મોટી જાગીર મળી. ૧૬૮૨ માં પોતાના પંથના થોડા આદમી× લઇ પેન અમેરીકા ઉપડયો ને ત્યાં પેન્સીલવેનીઆ સંસ્થાન સ્થાપ્યું. આ સંસ્થાનમાં જ લાલ ઇંડીઅનોને પ્રથમ ગોરા સમાન ગણવામાં આવ્યા.

પરંતુ ચાર્લ્સ માત્ર પૈસા ખાઉ ન હતો, તેણે આપેલી એક બીજી સનંદથી તેનું માન ઘણું વધે છે. છેલ્લા પંદર વીસ વર્ષથી

લંડનની રોયલ સોસાયટી.

અમુક પુરૂષોએ 'તર્ક' (Opinions) ના ઝઘડાથી કંટાળી સત્ય શોધવાનો નિશ્ચય કરી એક મંડળ સ્થાપ્યું હતું, આમાં મોટાં મોટા વિજ્ઞાન શાસ્ત્રીઓ જોડાયા; તેમની ઘણી સભા મળતી. આવી કેટલીક સભામાં વિદ્યાવિલાસી ચાર્લ્સ હાજર રહેલો. તેણે તેમને એક સનદ આપી જેથી તેમને 'લંડનની રોયલ સોસાયટી' એવી સંજ્ઞા મળી. આ સમાજમાં આઇઝેક ન્યુટને પોતાની ગુરૂત્વાકર્ષણની શોધ સમજાવેલી. હાલ આ સમાજ દુનિયાના મોટાં મોટાં શ્રેષ્ઠ વિજ્ઞાની મંડળમાં લેખાય છે.

× અમેરીકાના અસલ વતનીની ચામડી કાંઇક રતુમડી હોય છે. વળી જે ગોરા પહેલવહેલા અમેરીકા ગએલા તેઓ એમ જ માનતા હતા કે તે દેશ હિંદુસ્થાન ને ત્યાંના વતની હિંદ વાસીઓ છે. આથી ગોરાઓ અસલ અમેરીકા વાસીઓને 'લાલ ઇંડીઅન' નામથી ઓળખવા લાગ્યા.

ચાર્લ્સના બધા કાર્ય આવાં સારાં હોત તો ઇંગ્લેંડનું કેટલું કલ્યાણ થાત ? કમનસીબે ૧૬૬૨ માં તેણે ત્રણ ભુલ કરી. (૧) તેણે પોર્ટુગલની કુંવરી કેથેરીન વેરે પોતાનું લગ્ન કર્યું, જેની પહેરામણી પેટે મુંબઇ બેટ તથા ટેન્જીઅરનો કિલ્લો તેને મળ્યો.

રાજાની ભૂલ.

પણ આ બાઈ કેથેલીક હતી; વળી મોટી ઉમ્મર થઇ તોપણ તેને પુત્રોત્પત્તિ ન હોવાથી આ લગ્ન અપ્રિય નીવડયું: કારણ કે ચાર્લ્સના સંતાનના અભાવે ગાદી જેઇમ્સને જાય ને જેઇમ્સ કેથોલીક હતો. (૨) વેઇન જેવા બહાદુર, મધ્યમ વિચારના તથા નિ:સ્વાર્થી પુરૂષને તેણે ફાંસીની સજા દીધી; કારણ કે રાજાને મન તે ધાસ્તીકારક હતો. (૩) પછી ક્રોમ્વેલે મેળવેલું વિજય ચિહ્ન રૂપ ડન્કર્ક શહેર ફ્રાન્સને વેચી માર્યાથી અંગ્રેજ પ્રજા ક્લેરેન્ડન પર બહુ રોષે ભરાઇ, કેમકે તેમને મન એવો વ્હેમ વસેલો કે રાજા આ ધન અંગત વિલાસમાં ઉડાવશે.

પછી હોલેન્ડ સાથે યુદ્ધમાં ઉતરવું પડયું. દરિયાઇ સત્તા માટે અંગ્રેજ તથા ડચ લોકોને સદા તકરાર ચાલ્યા કરતી. અમેરીકામાં ડચનું 'ન્યુ આમસ્ટર ડામ' શહેર લઇ અંગ્રેજોએ તેને ન્યુ યોર્ક નામ આપ્યું. મુંબઇ બેટ ઇંગ્લેંડના હાથમાં આવ્યો તે હોલેન્ડને ગમતી વાત ન હતી. ઉપરાંત ચાર્લ્સને અસલથી જ હોલેન્ડ તરફ અણગમો હતો. વેપારના કારણે આફ્રિકાના કિનારા પર અંગ્રેજ તથા ડચ વહાણો વચ્ચે ઝપાઝપી થવાથી આ બે દેશ વચ્ચે યુદ્ધ જાહેર થયું. એક વર્ષ પછી ફ્રાન્સે ડચ પક્ષ લીધો. તમામ લડાઇ દરિયા પર થઇ; ને સેનાધિપતિ જેઇમ્સે લોવેસ્ટોફ્ટ આગળ જીત મેળવી, પણ દુશ્મનની પુંઠ ન પકડી તેણે જીતનો લાભ જતો કીધો. આ લડાઇના ખર્ચ માટે રાજાને પાર્લમેન્ટ પાસે મોટી રકમની માગણી કરવી પડી. લડાઇ સિવાય બીજા કોઇ કાર્યમાં ન વપરાય એ શરતે પાર્લમેન્ટે સાડા બાર લાખ પાઉન્ડ મંજુર કર્યા.

હોલેન્ડ સાથે યુદ્ધ.

દરમ્યાન લંડન શહેર પર ભારે આફત આવી પડી. તે સ
અંદકીના પરિણામે પ્લેગ અસાધારણ નહતો. રાજનગરની ગ
એટલી સાંકડી હતી કે સામસામેના ઘરના
લંડનમાં પ્લેગ. ૧૬૬૫. ભાગ એક બીજાને અડતા હોય એમ
વળી ઘણાખરા ઘરોમાં ભોંય માટીન
અને તે પર સડતું ઘાસ, એંઠા અનાજના
તથા બીજો કચરો પડયો રહેતો; ને જે વર્ષે ઉન્હાળો સખત
તે વર્ષે રોગ ફાટી નીકળતો. પાંસઠના ઉન્હાળામાં હદપાર તાપ
એટલે યુરોપમાં ચાલતા પ્લેગનો ચેપ લંડનને લાગ્યો. આખા ઉ
દરમ્યાન પ્લેગનું જોર દિનપરદિન વધતું ગયું. મહોલ્લે મહોલ્લે
આદમી ટપોટપ મરવા લાગ્યા. એક દિવસે તો ૧૫૦૦
મરણ થયાં; ને ત્રણ અઠવાડીઆની કુલ મરણ × સંખ્યા ર
જેટલી થઇ. પ્લેગના ચિન્હરૂપ લાલ ચોકડી દરેક ઘરપર દે
મુડદાં લઈ જવાનું સરકારી ગાડું રાત્રે પણ ફરતું; "તમારાં
મુડદાં લાવો"–આ અવાજ ઉજ્જડ થઇ ગએલા શાંત મહોલ્લા
રાત્રિને સમયે પણ સંભળાતો. રાજા, રાજપુરૂષો, પાર્લમેન્ટના મે
ડાકટરો, પાદરીઓ આદિ સર્વે પુરૂષો પ્લેગના લત્તામાંથી જ્યાં
ત્યાં ન્હાસી છૂટયા. મરણની ક્રિયા વિધિ કરવા તથા જીવતાને
આપવા ફક્ત રડયા ખડયા પ્યુરીટન ધર્મ ગુરૂઓ માલમ પડતા.

× આ પ્લેગની હકીકત વાંચતાં, વાંચકને ૧૯૧૮ ના
એન્ઝાની વાત કદાચ યાદ આવે. તે સમયે મરણ એટલા બધા
કે મુંબાઇના સોનાપુરમાં મુડદાં બાળવાની જગ્યા ન રહેતી. કે
મુડદાં ૨૪ કલાક અથવા તેથી પણ વધારે પડી રહેલાં. ઘણાને
મદદ નહિ મળેલી. વળી કુલ મરણ સંખ્યા જોઇએ તો યુરોપન
મહાભારત યુદ્ધના ૫ વર્ષ દરમ્યાન બન્ને પક્ષના આદમી મુ
કરતાં પણ વધારે આદમી માત્ર હિંદમાં ૭ સાત મહિનામાં ઉપડી

મુશ્કેલી છતાં બહાદુર મંક તથા બીજા કેટલાક અધિકારીઓ લંડનમાં હાજર રહી લુટફાટ, અરાજકતા આદિ પ્રજાનાં વધારાનાં દુઃખ અટકાવતા.

શીઆળો આવતાં પ્લેગનું જોર શમ્યું. કુલ એક લાખ કરતાં વધુ આદમી મુઆ હશે. અસલ વેપાર તથા સંપતિ એકદમ પાછાં સ્થાપી શકાયાં નહિ. ? અને વળી ડચ યુદ્ધ ચાલુ હતું. એક દરિયાઇ લડાઇ ચાર દિવસ સુધી ચાલી જેમાં બન્ને પક્ષ સરખા ઉતર્યાં.

જાણે હજુ દુઃખનો બોજો ઓછો હોય તેમ, લંડનમાં એક ભઠીઆરાની ભઠ્ઠીમાંથી આગ લાગી. તે વખતના ઘર લાકડાંના તથા ખીચોખીચ બાંધેલા, રસ્તા સાંકડા, પવન કહે કે મારૂં કામ—આવા સંજોગોને સબબે આગ જોતજોતામાં ચોમેર ફેલાઇ ગઇ, તથા ૩ રાત ને ૩ દિવસ સુધી અખંડ રહી, આખરે રાજા, તેનો ભાઇ જેઇમ્સ તથા બીજા કેટલાકની સખ્ત મહેનતથી આગ હોલવાઇ. જે ઓળમાં આગ આવવાની વકી લાગતી, ત્યાંના થોડાં ઘર તોડી પાડયા એટલે આગના ભડકા પ્રસરતા અટકયા. નુકસાન પુષ્કળ થયું; ૧૩૦૦૦ ઉપર ઘર અને ૮૯ મંદિર સળગી ગયાં. સેઇન્ટપોલનું મોટું દેવળ, મોટી મોટી પેઢીઓ, 'એક્સચેઇન્જ' નામનું બજાર, જકાત ઓફીસ, વિગેરે વિશાળ મકાનો આ પ્રચંડ આગના ભોગ થઇ પડયાં.

લંડનમાં આગ. ૧૬૬૬.

તત્કાળ તો આગ ઘણી અલાભદાયી લાગી પણ અંતે તે લાભદાયી નીવડી; કેમકે કામડ કુટીયાં લાકડાંના ઘર બળી જવાથી તથા ઝેરી હવાવાળા પુરાણા કુવા ને ગટરો પુરાઇ જવાથી નવી ઢબના નવાં ઇંટના ઘર બંધાયા, પ્લેગના રહી ગએલા જંતુઓની જડ ગઇ, અને ચોખ્ખું પાણી લાવવાનો સારો બંદોબસ્ત થયો.

આ સઘળી મુશ્કેલીઓ વચ્ચે ઇંગ્લેન્ડનને નૌકા સુધારવા પાર્લમેન્ટ પાસે પૈસા માંગવા પડયા. પણ દ્રવ્યનો દુરૂપયોગ થાય છે એવો

માનભંગ,ક. સજડ સંશય થવાથી તેમણે આગલા નાણાંનો હિસાબ તપાસવા એક સમિતિ નીમવાનો આગ્રહ કર્યો. આ વાત ચાર્લ્સને ઠીક ન લાગવાથી તેણે પૈસા વિના ચલાવી લેવા નિશ્ચય કરી સુલેહ આદરી. હજુ સુલેહની વાત ચાલેછે ત્યાં ડચ નૌકાધિપતિ ડી રૂટરે ૬૦ વહાણ લઈ બંદર પર બંદર સર કરી છેક થેઈમ્સ નદીમાં આવી ત્યાંનો વ્યવહાર બંધ પાડયો, ૩ મન્વાર બાળી મૂકી, ને ખુદ રાજનગરને ધ્રુજાવી ગયો. આ માનભંગથી પ્રજા ઘણી ચીડાઈ ગઇ, ને ક્લેરેન્ડન તેમના ગુસ્સાનો ભોગ થઇ પડયો. સુલેહનું કામ પુરૂં થયું કે તરત તેનાપર રાજદ્રોહનો આરોપ મુકાયો. તે ફ્રાન્સ નાઠો ને મરતાં સુધી ત્યાંજ રહ્યો. તેણે 'મોટા બંડનો ઇતિહાસ' એ નામનો અમુલ્ય ગ્રંથ લખ્યો છે. તેની પુત્રી જેઇમ્સ વેરે પરણી હતી.

ક્લેરેન્ડનની પડતીથી રાજપક્ષની બહુમતી પાર્લમેન્ટમાં તુટી ગઇ. હવેથી ચાર્લ્સ પોતાની મરજી મુજબ કાર્ય કર્યો ગયો, ને પાર્લમેન્ટને હક્કડ ખવડાવવા પોતાથી બનતું કરતો.

કબાલ. કેટલાક વખતથી 'પ્રીવીકાઉન્સીલ' માંના રાજાના માનીતા પુરૂષો એક સમિતિ રૂપ બેસતા, આ સમિતિને 'કબાલ' એવું નામ મળ્યું, ને તે હાલની 'કેબીનેટ'–પ્રધાનમંડળના મુળ રૂપ છે. અજબ ઘટના એવી બની કે પહેલી કબાલના પ્રધાનના નામ clifford, Arling ton, Buckingham, Ashley Lauderdalc હતા; તેના પ્રથમ અક્ષર લઇ ભેગા મુકીએ તો Cabal શબ્દ બનતો. આવતા ૬ વર્ષ દરમ્યાન આ પાંચ પુરૂષો રાજાના મુખ્ય સલાહકાર હતા. તેઓ પ્રજાને મન એટલા અકારા થઇ ગયા કે કબાલનો અર્થ આજ પર્યન્ત 'ચંડાળ ચોકડી' થાય છે.

તેઓ ચાર્લ્સના ગુપ્ત વર્તનના ભોગરૂપ હતા. થોડા વખતથી ૧૪

અવરનું ગુપ્ત કરારનામું. ૧૬૭૦

મો લુઇ નેધરલેન્ડ (સ્પેઇનની માલીકીનો દેશ) ઉપર તરાપ મારી રહ્યો હતો. ૧૬૬૮ માં તે એટલો બધો આગળ વધ્યો કે હોલેન્ડ ગભ-રાયું અને હોલેન્ડ સ્વીડન અને ઇગ્લેંડ એ ત્રણ પ્રોટેસ્ટન્ટ રાજ્યોએ મળી 'ત્રિરાજ્ય સંધિ' બનાવી; એટલે લુઇને સુલેહ કરવી પડી. દરમ્યાન આ મિત્રમંળના પ્રતિકાર્ય માટે તે ચાર્લ્સ સાથે ગુપ્ત મસલત ચલાવતો હતો. પાર્લમેન્ટ કેથોલીકોને ન્યાય આપવાની બાબતમાં તથા ફ્રાન્સનો પક્ષ લેવાની વાતમાં રાજાની સમજાવી સમજી નહિ. એટલે ચાર્લ્સ ગુસ્સે થયો. બન્ને રાજા વચ્ચે ડોવર આગળ ગુપ્ત કરારનામું થયું જેમાં ચાર્લ્સ કેથો-લીક તરીકે જાહેર થવા, ને ડચ વિરૂધ્ધ ફ્રાન્સને મદદ આપવા બંધાયો; અને લુઇ દરવર્ષે ૩ લાખ પાઉન્ડનું પેન્શન આપવા, તથા અંગ્રેજ પ્રજા રાજા વિરૂધ્ધ બંડ જગાવે તો લશ્કરી મદદ મોકલવા કબુલ થયો. આ કરારની ઉપર ઉપરની ખબર માત્ર બે પ્રધાનને હતી; અંદર શી વિગત છે તેની તો તેમને પણ ખબર ન હતી. ૧૬૭૧ માં પાર્લમેન્ટ પાસેથી ચાર્લ્સે નૌકા માટે નાણાં મેળવ્યા અને પછી પાર્લમેન્ટને પોણા બે વર્ષ સુધી મોકુફ રાખી.

રાજાનું દેવાળું.

વિશ્વાસઘાતથી આગળ વધી હવે રાજા અસત્ય ને અપ્રમાણિક-પણાનું આચરણ કરવા લાગ્યો. અંગ્રેજ ચોકસી તથા શરાફોનો એવા રિવાજ હતો કે પોતાને ત્યાં વ્યાજે મૂકેલાં પ્રજાના નાણાં તેઓ સર-કારને ધીરે તથા વ્યાજ સાથે વસુલ લે. ૧૬૭૨ માં સરકારને માથે ૧૩ લાખ પાઉન્ડનું આવું દેવું હતું. તે વેળા રાજાએ એવો હુકમ કાઢયો કે આ દેવાનાં નાણાં પાછા નહિ મળે, એટલે પ્રજા ચોંક થઇ ગઇ. આથી રૈયત પર ભારે સંકટ આવી પડયું કારણકે તેમના પૈસા ચોકસીઓએ ધીરેલા હોવાથી તે ખોટા થવાનો (પાછા નહિ મળ-વાનો) સંભવ હતો. આ પૈસા ૧૬૮૮ પછી ૩ જા વિલિઅમના સમયમાં પાછા અપાએલા.

હોલેન્ડ સાથે યુદ્ધ.

આ અન્યાયનો ઘા હજુ તાજો હતા ત્યાં રાજાના ભાઈ જેઈમ્સ (યોર્કના ડ્યુક) જાહેર રીતે કેથોલીક ધર્મ પાળવા લાગ્યા; અને કેથોલીક તથા ડીસેન્ટર માર્ગ વિરૂદ્ધના ધારા રદ કરનારૂં જાહેરનામું રાજાએ પ્રસિદ્ધ કર્યું. વળી લુઈનો છડેચોક સાથ કરીને તેણે હોલેન્ડ વિરૂદ્ધ યુદ્ધ જાહેર કર્યું. પહેલાં તો એમ લાગ્યું કે હોલેન્ડ હારી જશે પણ પ્રખ્યાત વીર વિલિઅમના હાથમાં તેની લગામ હોવાથી તેણે બંધ× તોડી દેશમાં દરિયાની રેલ આવવા દીધી એટલે દુશ્મનને પાછું હઠવું પડયું.

કબોલનો અંત.

ફરી નાણાંની તંગી જણાતાં રાજાને પાર્લમેન્ટ બોલાવવી પડી. પાર્લમેન્ટે ધર્મ છૂટનું જાહેરનામું એકદમ પાછું ખેંચી લેવા સલાહ આપી, અને કસોટીનો કાયદો કર્યો, જેથી દરેક સરકારી અધિકારીને જાહેરમાં કહેવું પડતું કે હું કેથોલીક સિદ્ધાન્ત માનતો નથી; અને તેમને રોજ ધર્મના સંસ્કાર ગ્રહણ કરવા પડતા. આ કાયદાની રૂએ જેઈમ્સને પોતાનું નૌકાધિપતિ-પદ ત્યાગવું પડયું તથા કલીફર્ડ ને આર્લીંગટનને પ્રધાનપદ પરથી ખસવું પડયું. વળી એશલીને રાજા સાથે તકરાર થઈ એટલે 'કબોલ' નો અંત આવ્યો. તેમના વહી-

---

× "વાંચનારને ખબર હશે કે હોલેન્ડ દેશની ઘણીખરી જમીન દરિયાની સપાટીથી કાંઈક નીચી છે; અને વચમાં ઉંચી જગાઓ ઉપર શહેર વસેલાં છે, તેમાં દરિયાનું પાણી પેસી ન જાય તે માટે ઠેકાણે ઠેકાણે બંધ બાંધી લીધા છે. જો આ બંધ ન હોય તો હોલેન્ડના ઘણા ભાગમાં દરિયો દરિયોજ થઈ રહે. જ્યારે રક્ષણના તમામ ઉપાય નિષ્ફળ નીવડે ત્યારે ડચ લોકો આ બંધ તોડી દેશને ડુબાવવાની યુક્તિ કરે છે."

વટ દરમ્યાન થએલા અન્યાયોને લીધે તેઓ લોકોને અકારા થઇ પડયા હતા. આ પછી એશલી (હવે શેફ્ટસ બરીનો અર્લ) રાજા વિરૂદ્ધ કાર્ય કરવા કમ્મર કસી તૈયાર થયો. તેણે પાર્લમેન્ટમાં પોતાની આગેવાની હેઠળ ' વિરોધ પક્ષ ' ઉભો કર્યો ને તે દિવસથી 'વિરોધ' ને ' સરકાર ' એવા બે પાર્લમેન્ટના પક્ષની શરૂઆત થાય છે, ને આ પદ્ધતિ હાલ પણ ચાલુ છે.

ડેન્બી.

ચતુર ચાર્લ્સ પોતાના રિવાજ મુજબ પાર્લમેન્ટનો સબળ નિશ્ચય નિહાળી લટી ગયો; ડેન્બીને પ્રધાન નીમી તેણે હોલેન્ડ સાથે સુલેહ કરી. (૧૬૭૪) બદલામાં પાર્લમેન્ટે ઠીક રકમ આપી. વળી જેઇમ્સની કુંવરી મેરી તથા હોલેન્ડના વિલિઅમનું લગ્ન ગોઠવવા તેણે ડેન્બીને હા પાડી. આ લગ્નથી પ્રજા ખુશ થઇ, કેમકે વરકન્યા બન્ને પ્રોટેસ્ટન્ટ માર્ગી હતા, અને જેઇમ્સ અપુત્ર હોવાથી તેના પછી મેરી ગાદી વારસ હતી.

પણ આ સઘળો વખત ચાર્લ્સ લુઇ સાથે છુપી ખટપટ ચલાવી રહ્યો હતો. ૧૬૭૫ માં તેને લગભગ સવાલાખ પાઉન્ડનું પેન્શન મળ્યું, ને બદલામાં તે લુઇની સલાહ સિવાય સંધિ વિગ્રહ ન કરવા બંધાયો. ૧૬૭: માં પાર્લમેન્ટ તરફથી ફ્રાન્સ સાથે લડાઇ કરવાનું દબાણ થતાં તેણે બીજો ખાનગી કરાર કર્યો, જેથી પાર્લમેન્ટ બંધ કરે તો તેને ૨૪૦૦૦ પાઉન્ડ મળે એમ નક્કી થયું.

ટાઈટસ ઓટસ.

આ તમામ વાત ગુપ્ત હતી છતાં પ્રજાને એવો અણવિશ્વાસ આવી ગએલો કે રાજા આપણું હિત જોખમમાં નાંખવા ચુકશે નહિ; ને એક વિચિત્ર વાતથી આખું ઈંગ્લેંડ થરથરી ઉઠયું ટાઇટસ ઓટસ નામનો એક નીચ માણસ પોતાના સ્વાર્થને અંગે જેસ્વીટ હોવાનો ડોળ કરી કહેવા લાગ્યો કે કેથોલીક લોકો રાજાનું

ખૂન કરી કેથોલીકનું રાજ્ય સ્થાપવા એક દારૂણ તર્ક કરી રહ્યા છે. તે આ વાત એક મેજીસ્ટ્રેટને કહી આવ્યો, ને આ મેજીસ્ટ્રેટનું ટુંક વખતમાં ખૂન થયું એટલે લોકોને મન એમ વસી ગયું કે નક્કી, કેથોલીકાએ જ આ ખૂન કર્યું હોવું જોઇએ, અને પાર્લમેન્ટ મળતાં આ વાતની તપાસ કરવા એક સમિતિ નીમાઇ. એકાદ શકમંદ કાગળ આ સમિતિના હાથમાં આવવાથી તઓ પુષ્કળ ગભરાયા ને સારા ઇંગ્લેંડમાં એવી સચોટ ભીતિ ફેલાઇ ગઇ કે જેઇમ્સ સિવાયના તમામ કેથોલીકોને પાર્લમેન્ટમાંથી પગ કાઢવામાં આવ્યો. તે દિવસથી ૧૫૦ વર્ષ સુધી પાર્લમેન્ટમાં કેથોલીકોનું નામ ન રહ્યું. ઓટસની કીર્તિ વધી, અને ચાડીનો ધંધો ઠીક લાગવાથી તે તથા તેના જેવા બીજા અનેક હરામખોરો કેથોલીક વસ્તી ઉપર અનેક ખોટ તહોમત મૂકવા લાગ્યા. લોર્ડ સ્ટેફર્ડ નામના પ્રમાણિક ઉમરાવને પોતાનું નિર્દોષપણું જાહેર કરવા છતાં ફાંસી દેવામાં આવી. આવી દશા ઘણાની થઇ. આ કાર્યમાં શૈફ્ટસબરીનો હાથ હતો; તેણે બળતાંમાં ઘી હોમવાને પોતાથી બનતું કર્યું કેમકે તેને ડેન્બી પર દ્વેષ હતો.

ડેન્બીની પડતી. દરમ્યાન યુરોપમાં સુલેહ થવાથી ચાર્લ્સની વધુ ગરજ લુઇને રહી નહિ, એટલે ચાર્લ્સનું ફ્રેન્ચ પેન્શન બંધ થયું. ફ્રાન્સમાં રહેતા ઇંગ્લીશ એલચી મોન્ટેગ્યુને ડેન્બી સાથે આદવેર હોવાથી તેણે આ પેન્શન સંબંધના કાગળ પાર્લમેન્ટને બતાવ્યા. આ કાગળમાં ડેન્બીની સહી હતી તથા રાજાની લખેલી એક નોંધ હતી. ઇંગ્લેંડનો રાજા ફ્રાન્સનું પેન્શન ખાય તે વાત તો છેક નામોશી ભરેલી કહેવાય; એટલે તુરતાતુરત ડેન્બી પર રાજદ્રોહનો આરોપ મુકાયો; પરંતુ વધુ ભોપાળાં બહાર ન પડે એ હેતુથી રાજાએ પાર્લમેન્ટ વિસર્જન કરી.

પ્રજા હવે છેક ભયભીત બની હતી એટલે નવી પાર્લમેન્ટ ૧૬૭૯ માં મળતાં વેંત જ ડેન્બીને ટાવરમાં કેદ કર્યો. વળી જેઇમ્સ કેથેલીક હોવાથી કદી ગાદીએ ન આવી શકે એવી જાતની દરખાસ્ત થઇ. ચાર્લ્સને બ્હીક લાગવાથી તેણે જેઇમ્સને દેશ બહાર મોકલ્યો અને પાર્લમેન્ટ બંધ કરી. આ પાર્લમેન્ટ ફક્ત બે મહિના ચાલી પણ તે દરમ્યાન એક ઘણું અગત્યનું કામ થયું. ૧૨૧૫ ના મહાન પટાના સમયથી જે જે અંગ્રેજને પકડવામાં આવે તેને 'હેબીઅસ કોર્પસ' નો હક્ક હતો પણ ન્યાયાધીશો તથા રાજાઓ આ હક્ક મરજી મુજબ રદ કરતા હતા. ચાર્લ્સના વિરોધ છતાં, શેફ્ટસબરીની હેબીઅસ કોર્પસ વિષેની દરખાસ્ત પાસ થઇ. આથી અસલ કાયદો સ્પષ્ટ શબ્દોમાં ફરી ઘડાયો તથા એના સંબંધમાં જે અન્યાય હતા તે દૂર કરવામાં આવ્યા.

હેબીઅસ કોર્પસ કાયદો.

દરમ્યાન જેઇમ્સનો ગાદી હક્ક રદ કરવા વિષેનો ઝઘડો ચાલતો હતો. આમની સભામાં 'બાતલ બીલ' પાસ થયું, પણ ઉમરાવોની સભામાં હોંશીઆર હેલીફેક્સના વિરોધને લીધે તે પાસ ન થયું. હેલીફેક્સ મધ્યમ વિચારનો પુરૂષ હોવાથી નબળા પક્ષમાં ભળી બન્ને પક્ષનું સમતોલપણું જાળવવા, પ્રયાસ કરતો. અત્યારે પાર્લમેન્ટ જેઇમ્સની કુંવરી મેરીને ચાર્લ્સ પછી ગાદી આપવા ઇચ્છતી હતી. શેફ્ટસબરી મન્મથના ડયુકને ગાદી અપાવવા મથતો હતો. આ મન્મથ ચાર્લ્સની માનીતી રાખનો દીકરો હતો. હેલીફેક્સને લાગ્યું કે આવી ઢીલચાલથી દેશને ભારે નુકશાન નીપજશે. મન્મથ ખૂબસુરત તથા લોકપ્રિય હતો, પણ રાજા પોતાના ભાઇની તરફેણમાં મક્કમ રહ્યો, અને મામલો ગંભીર માલમ પડતાં તેણે પાર્લમેન્ટ બંધ કરી.

હેલીફેક્સ અને મન્મથ.

એટલે બે તોફાની પક્ષ ઉભા થયા, ૧. શેફ્ટસબરીનો પક્ષ

તેમણે જેઇમ્સનો હક્ક ડુબાડવા, વિષે અરજી કરી; ને ૨. આ અરજીના વિરોધીઓ. આ બે પક્ષ એક બીજાને 'વ્હીગ' ને 'ટારી' કહેવા લાગ્યા. પાછળથી પ્રજાપક્ષ વ્હીગ, અને રાજપક્ષ ટોરી કહેવાયો.

૧૬૮૧ માં ચાર્લ્સે પોતાની છેલ્લી પાર્લમેન્ટ બોલાવી. 'વ્હીગો' ને એમ લાગેલું કે કેથોલીક રાજ્ય સ્થાપવા કાવત્રાં થાય છે, એટલે તેઓ પાર્લમેન્ટમાં જતી વેળા હથિઆરબંધ આદમી જોડે લાવ્યા. આ કાર્યથી તેમની બાજી બગડી. કદાચ બીજો પ્રજા વિગ્રહ થશે કે શું એવો ડર લોકોને લાગ્યો. રાજાએ એવી દરખાસ્ત મૂકી કે મારા પછી જેઇમ્સ રાજ-નામ ધારણ કરે અને તેની દીકરી મેરી તેના વતી કારભાર કરે. આ દરખાસ્ત ઘણાએ વધાવી લીધી એક અઠવાડીઆ પછી તેણે અણુચિંતી એકદમ પાર્લમેન્ટ બંધ કરી, ને બાકીના રાજ્ય દરમ્યાન પાર્લમેન્ટ વિના નીભાવ્યું.

શેફ્ટસબરીની પડતી.

ચાર્લ્સની જીત સંપૂર્ણ થઇ. તેના કટ્ટા દુશ્મન શેફ્ટસબરી પર રાજદ્રોહનો આરોપ મુકાયો. શેફ્ટસબરીને હોલેન્ડ ન્હાસી જવું પડયું, જ્યાં તે એક વર્ષમાં મરણ પામ્યો. પડતાં પડતાં શેફ્ટસબરી ભલભલાને પાડતો ગયો. મન્મથના મિત્રો રસેલ, ઇસેક્સ, ગ્રે, હાવર્ડ આદિએ એક મંડળ બનાવ્યું હતું. આ મંડળનો હેતુ બંડ ઉઠાવવાનો હતો કે કેમ તે અનિશ્ચિત છે. કમનશીબે આ મંડળ બહારના કેટલાક ઉછાંછળા પુરૂષોએ ચાર્લ્સ તથા જેઇમ્સનું 'રાઇ હાઉસ' આગળ ખૂન કરવા યુક્તિ રચી, ને તે વાત બહાર પડી ગઇ. વ્હીગ આગેવાનો તદન અજ્ઞાત હતા છતાં રાજાના કાયદા શાસ્ત્રીઓ એ આ તકનો લાભ લઇ તેમની તપાસ ચલાવી. ઇસેક્સે ટાવરગઢમાં આત્મઘાત કર્યો, અને રસેલ ને સીડનીને મોતની સજા થઇ

હવે ટોરીપક્ષનું ચઢી વાગ્યું. જેઇમ્સ સ્કોટલેન્ડના કોવેનાન્ટરોને

ઠેકાણે કરવામાં થોડા વખતથી રોકાએલો હતો. તે પાછો આવ્યો એટલે તેને નૌકાધિપતિની જગા પાછી મળી, તથા કાઉન્સીલમાં બેસવાની છૂટ મળી. વ્હીગ પક્ષના ઘણા શહેરોના પટા છીનવી લેવામાં આવ્યા. અને કેટલાક વ્હીગ આગેવાનો પર અનેક પ્રકારના જુલમ થયા. વિલિઅમને મદદ ન કરવા માટે ચાર્લ્સને ફરી લુઇ તરફથી પેન્શન મળવા લાગ્યું. ચાર્લ્સના હાથમાં હવે ૯૦૦૦ નું સ્થાયી લશ્કર ઈંગ્લેંડમાં, અને ૬ પલટન પરદેશમાં હોવાથી તેની સ્થિતિ સુદૃઢ હતી. આ વખતે પાદરીઓ પણ એવો ઉપદેશ કરતા કે રાજાની આજ્ઞાનું ચુપચુપ પાલન કરવું એ સૌની ફરજ છે. ચાર્લ્સની સંપૂર્ણ આપખુદી સ્થપાએલી જણાતી હતી, એટલામાં મોતે તેને ઝડપી લીધો. (૧૬૮૫) મરતી વેળા તેણે છુપી રીતે કેથોલીક સંસ્કાર પ્રમાણે વિધિ ક્રિયા કરાવી. પછી પોતાના દરબારી તથા બીશપોને બોલાવી હસતાં હસતાં કહ્યું કે 'ગૃહસ્થો, દિલગીર છું કે મને મરતાં આટલી વાર લાગે છે.'

ચાર્લ્સના ગુણદોષ. આ રાજ્યની સમાપ્તિ કરતા પહેલાં આપણે આ રાજાના મુખ્ય ગુણ દોષની તુલના કરી લઇએ. તેના કુટુમ્બનાં દારૂણ દુઃખ. પિતાનું દયાજનક મરણ, તેના પંડનાં લાંબો વખત પહોંચેલાં સંકટો તથા રખડ પટ્ટી,—આ સર્વથી તે પ્રજાનો વહાલો થઇ પડયો. કુદરતે તેને ઉત્તમ શક્તિઓ તથા આનંદી સ્વભાવ બક્ષ્યાં હતાં. તમામ જાતના સુખ દુઃખનો તેને પાકો અનુભવ થએલો; તથા વરેહ તરેહના સ્ત્રીપુરૂષોના સમાગમમાં તે આવેલો. ઘણી નાની ઉમ્મરે તેને રાજમહેલ છોડી દેશનિકાલ, ફકીરી, ને જોખમનું જીવન ખેડવું પડેલું. ઉપર ઉપરથી મીઠા દરબાર જેવા દરબારીઓમાં કેટલી તુચ્છતા, કેટલો વિશ્વાસ ઘાત, કેટલી કૃતઘ્નતા વસે છે. તેનો કડવો અનુભવ આ રાજાને મળી ચુકયો હતો. વળી ગરીબના ઝુંપડામાં તેને પકડવા માટે મોટાં ઈનામો જાહેર થએલાં, જ્યારે તેને આશરો આપનારાને

મોતની સજા જાહેર કરવામાં આવેલી, તેને સમયે ઝુંપડામાં વસતા તથા નોકરીઆદ પુરૂષોએ તેને આશ્રરો આપેલો, ગુપ્ત રાખવામાં મદદ કરેલી, તથા તેની તરફ માનપૂર્વક વર્તન રાખેલું.

સત્તાધારીઓના ચારિત્ર તથા પરરાજ્યનીતિ જોઈએ તો આ રાજ્ય અધમપંકિતમાં લેખાય. પણ તે દરમ્યાન થએલા કાર્ય સામું નજર કરીએ તો તે ઉત્તમ પંકિતનું ગણાય. ચાર્લ્સના ઘણાખરા પ્રધાનોના મ્હોંમાં ફ્રાન્સે સોનેરી ડુચા માર્યા હતા.

ચાર્લ્સની રાજનીતિ તપાસતાં તે બડો ચકોર, ચતુર, તથા સમયાનુસારી માલમ પડે છે. લાગ જોઈ એક વેળા પોતાનો કક્કો ખરો કરતો તો બીજી વેળા પાર્લમેન્ટનું રાખતો. ફ્રાન્સને પણ થપ્પડ મારવામાં તેણે મણા રાખી નહિ; ને બાતલ બીલ વેળા જે ખુબીદાર વર્તન તેણે આદર્યું તે એની હોંશીઆરી તથા ભાઈ પ્રત્યેનો પ્રેમ સૂચવે છે. તેનો મુખ્ય દોષ એ હતો કે તેને વિલાસ, મોજશોખ આદિ બહુ પ્રિય હતાં, પણ આ દોષ રાજાઓમાં અસાધારણ ન લેખાય.

પ્રકરણ—૧૦ મું.

રાજ્ય વિપ્લવ.

રજો જેઇમ્સ. ૧૬૮૫-૮૮.

વિલિઅમ ને મેરી-૧૬૮૯-૧૭૦૫.

ચાર વર્ષની ટુંક મુદતમાં અંતરનો ચોખ્ખો કોઈ રાજા પોતાની નરી જીદ, તથા વચનભંગથી સમસ્ત પ્રજાનો વિરોધ કેવી રીતે વહોરી

શકે છે તે જેઇમ્સનું ટુંક રાજ્ય પુરવાર કરે છે. જે સંજોગોમાં, જે પુરૂષો વચ્ચે, ચાર્લ્સ ચાલાકીથી ૨૫ વર્ષ

જેઇમ્સનું ચારિત્ર્ય. વાહવાહ રાજ્ય કર્યું, તેજ સંજોગોમાં ને તેજ પુરૂષો વચ્ચે જેઇમ્સ ત્રણ વર્ષ કારભાર ચલાવી શકયો નહિ. તેનો હક્ક રદ્દ કરવા કેવા પ્રયાસ થયા હતા તે આપણે વાંચી ગયા, છતાં તેણે વચન આપ્યું કે હું કાયદેસર સ્થપાએલા ધર્મ તથા રાજ્ય નીભાવીશ, ત્યારે હરેક જણને સંતોષ થયો ને તેને રાજા તરીકે વધાવી લીધો, ઘણા લોકો એમ ધારતા કે નવો રાજા ભલે કેથોલીક છે. છતાં તે ઇંગ્લેંડના ધારા પ્રમાણે રાજ્ય કરવાનું વચન આપે છે. તો તે પાળશે જ. કદાચ પ્રથમ રાજાનો વિચાર પોતાનું વચન પાળવાનો હશે. પણ હઠીલો, સાંકડા મનનો, ધર્માંધ હોઇ તે દરેક સવાલની એકજ બાજુ જોતો ને તેથી તે સ્વતંત્ર પ્રજાપર અમલ ચલાવવા તદ્દન નાલાયક નીવડયો. જો તેનામાં એના ભાઇની આવડતનો એક શતાંશ પણ હોત તો આ સમો એવો હતો કે તે સુખેથી ચાહે તેમ રાજ્ય કરી શકત, અને હેમ્પડન વિગેરેના પ્રયત્નો મિથ્યા જઇ ઇંગ્લેંડમાં આપ અખ્તીયારી રાજ્યનું જોર બહુ વધી પડત. પણ ઇંગ્લેંડના સારા નશીબે એવો ધર્માંધ, દુરાગ્રહી, અને સમય વિરોધી હતો કે ચતુર ચાર્લ્સે માંડેલી બાજી સઘળી ઉથલી ગઇ ને ત્રણ વર્ષમાં પદભ્રષ્ટ થઇ એણે પ્રજાસ્વાતંત્ર્યને અડગ પાયા ઉપર આણી મૂકયું.

સૌને ખબર હતી કે જેઇમ્સ કેથીલીક પંથી છે. તેણે પોતાનો ધર્મ શાંતિથી પાળ્યો હોત, કેથોલીક પ્રજામાટે ધર્મછૂટ માંગી હોત તો તેની તમામ પ્રજા ખુશીને સુખી થાત, પણ તેને આથી આગળ વધવું હતું. કેથોલીકોને રાજ્યની મુખ્ય જગ્યા મળે માટે તેને કસોટીનો કાયદો રદ કરવો હતો; હેબીઅસ કોર્પસ કાયદાથી પોતાના વિરોધીને કેદ કરવામાં અટકાયત આવતી હતી તે તેને કાઢી નાંખવો હતો, તથા ઇંગ્લેંડમાં કેથોલીક માર્ગનો પ્રચાર કરવો હતો.

તેને સમજ ન હતી કે રાજપધ્ધતિ નષ્ટ કર્યા સિવાય આ વસ્તુ બનવી અશક્ય હતી. ' આ પાર કે પેલે પાર ' નો સિધ્ધાન્ત તેને બહુ પસંદ હતો.

રાજાનાં આપખૂદી ક.ચો.

રાજ્યાભિષેક થતાં પહેલાંજ તેણે પોતાના ખાનગી દેવળના બારણાં ખોલાવ્યાં; બીશપોને કહી દીધું કે કોઈ પણ પાદરીએ કેથોલીક પંથ વિરૂધ્ધ ઉપદેશ ન આપવો. પ્રોટેસ્ટન્ટ-પ્રતિજ્ઞા ન લેવા માટે જેઓ જેલમાં સડતા હતા. તેમને છૂટા કર્યા. આ કાર્ય સારૂં હતું કારણ કે એથી નિર્દોષ બીચારા ૧૨૦૦ કવેકરો,ને તેથી બમણા કેથોલીકો છૂટા થયા. પણ આમાં તેણે પાર્લમેન્ટની કે કાયદા શાસ્ત્રીઓની સલાહ લીધી ન હોતી. જેઇમ્સની આવક હજુ મંજુર થઇ ન હતી. જકાતની ઉપજ રાજાને મળે એવો રિવાજ હતો, એટલે ગીલ્ફર્ડ પ્રધાને એમ સૂચવ્યું કે જકાત ઉઘરાવી પાર્લમેન્ટ મળે ત્યાં સુધી અનામત રખાવવી; પણ જેઇમ્સે એમ કહ્યું કે જેમ માજી રાજાને મળતી હતી તેમ મને પણ બારોબાર મળવી જોઇએ.

ચુંટણી વેળા એવી તદબીર થએલી કે ઘણાખરા મેમ્બરો રાજપક્ષના જ આવે. એટલે વગર મુસ્કેલીએ રાજાને માટે વાર્ષિક ૧૯ લાખ પાઉન્ડ જીંદગી ભરના મંજુર થયા. દેશમાં આ વેળા બળવો જગેલો હોવાથી મેમ્બરો પોતાની વફાદારી દર્શાવવામાં એક એકની હરીફાઇ કરી રહ્યા હતા. રાઇ હાઉસનું કાવત્રું નિષ્ફળ ગયા બાદ જે વ્હીગ લોકો હોલેન્ડ ન્હાસી ગએલા તેમણે ચાર્લ્સના મોત પછી મન્મથને ઇંગ્લેંડ જવા તથા પ્રજાને ઉશ્કેરવા વિષે આગ્રહ કર્યો. મન્મથની ઇચ્છા નહોતી, પણ ઘણુંજ દબાણ થવાથી એમ નક્કી કરવામાં આવ્યું કે આર્ગાઇલે સ્કોટલેન્ડ જઇ કોવેનાન્ટરોને તૈયાર કરવા ને મન્મથે ઇંગ્લેંડને પશ્ચિમ કિનારે ઉતરવું. આર્ગાઇલ

પહેલો પહોંચ્યો અને કેમ્પબેલો તેની મદદે તૈયાર થયા; પણ જે નેતાઓ એની સાથે હોલેન્ડથી આવ્યા હતા તેમણે એની સામગ્રીમાં બહુ દખલ નાંખી; અને રાજાના લશ્કરને આર્ગાઇલના આગમનની જાણ થયાથી તે તૈયાર થયું. વળી કોવેનાન્ટરોમાંના ઘણા ડરતા હતા; એટલે આર્ગાઇલનું લશ્કર વીખરાઇ ગયું તથા તેને પકડી એડીનબરો લઇ જઇ ફાંસીએ ચઢાવવામાં આવ્યો. મરતાં પહેલાં તેણે પોતાના સાથીઓના નામ આપવા ઠેઠ સુધી હિમ્મતથી ના પાડેલી. જેઓ આ બળવામાં સામેલ હતા તેમને સખત સજા થઇ; ઘણાને ગુલામ તરીકે અમેરીકામાં વેચવામાં આવ્યા.

મન્મથ તથા આર્ગાઇલનું બંડ. ૧૬૮૫.

મન્મથે પહેલાં તો ફત્તેહ મેળવી. પશ્ચિમ પ્રદેશમાં તેનું માન બહુ હોવાથી તેને જોતાં જ લોકો તેના પક્ષમાં જોડાયા. થોડા વખતમાં તો ૧૫૦૦ આદમી તેની મદદે આવ્યા; અને ટોન્ટન શહેરમાં તે વિજેતા રૂપે રોપભેર દાખલ થયો, ત્યારે વાવટા, ફુલહાર વિગેરે વડે મહોલ્લા શણગારવામાં આવેલા, અને જુવાન બાળાઓની એક ટુકડીએ તેને બાઇબલ તથા તરવારની બક્ષિસ આપી. તેના પક્ષમાં નીચ વર્ગ વિશેષ હતો. મધ્યમ વર્ગ તથા પાદરીઓ બધા રાજપક્ષમાં હતા, ને એમ માનતા કે પ્રોટેસ્ટન્ટ રાજાની જરૂર હોય તો મેરી ને વીલી અમ ક્યાં નથી? મન્મથે ઢંઢેરામાં એમ કહેલું કે હું સ્વતંત્ર પાર્લમેન્ટ સ્થાપવા આવ્યો છું; છતાં પોતે રાજા કેમ ન હોય એમ ટોન્ટનમાં દાખલ થયો તેથી ઘણાને માઠું લાગ્યું. દરમ્યાન રાજાનું લશ્કર તેની સામું ઝપાટા બંધ આવતું હતું. એટલે તે પાછો હઠયો. સેજમુર આગળ લડાઇ થઇ તેમાં તેણે હાર ખાધી. બે દિવસ પછી તે એક ખાડામાં ભુખ્યો પાખ્યો પડેલો જડી આવ્યો. તેને લંડન લઇ જઇ ફાંસી દેવામાં આવી. તેણે જીવતદાન માટે જેઇમ્સના બહુ કાલાવાલા કર્યા. પણ જેઇમ્સના પાષાણ હૃદયને પીગળાવવા તે અસમર્થ નીવડયો. સેજમુરની

લડાઇ ઇંગ્લેંડની ભૂમિ પરની છેલ્લી લડાઇ છે. આ લડાઈ લડવામાં બે પ્રખ્યાત પુરૂષો હતા,-૧. ચર્ચીલ (પાછળથી માર્લબરોનો ડયુક) રાજ લશ્કરમાં, ને ૨. ડેનીઅલ ડીફો (રોબીન્સન ક્રુઝોનો કર્તા મન્મથના પક્ષમાં.

કર્કના ઘેટાં. બળવાનો અંત તો આવ્યો, પણ તેના દારૂણ વેરના દિવસ આવવાના હતા. કર્ક નામના હૃદય શૂન્ય, પશુસમ આદમીને સેજમુર આગળના પ્રદેશનો વહીવટ સોંપવામાં આવ્યો. એના સીપાહીઓ કટાક્ષમાં " કર્કના ઘેટાં " કહેવાતા. કેમકે તેમના વાવટાપર ચિન્હ ઘેટાનું હતું, ને તેઓ વિકરાળ વરૂ સમ લોહીના તરસ્યા હતા. કર્કના હુકમથી આ સીપાહીઓ કેદીઓને હારબંધ ઉભા રાખી પછી ભયંકર ક્રૂરતાથી ફાંસીએ લટકાવતા અને તેમના શરીર બળતા ડામરમાં બળતાનાંખતા. આથી પણ વધુ ખરાબ સમો તો હજુ આવવાનો બાકી હતો. પશુપણામાં કર્કને પણ રચી જાય

જેફ્રીસના જુલમ. એવો જજ જેફ્રીસ ચાર બીજા ન્યાયધીશ લઈ બળવાખોરોની તપાસ ચલાવવા આવ્યો. આ પાપી પુરૂષે ક્રૂર કર્મો વડે પોતાની કાળી કીર્તિ અમર કરી છે. તેનું હૃદય કસાઇથી પણ બુરૂં. વજ્રથી પણ સખ્ત. ને ચંડાળ થી પણ ભુંડું હતું. પોતાની ' ખુની સેશન ' દરમ્યાન ૩૨૦ ને ફાંસી મળી તથા ૪૧ ને વેસ્ટ ઇંડીઝમાં ગુલામ તરીકે વેચાવાની સજા થઇ. સમરસેટ પરગણામાં કોઇ પણ રસ્તો યા ગામ મુડદાં વિનાનું રહ્યું નહિ; નહિ. તથા નિશાળે અગર મંદિરે જતાં ઘણાં બાળકો પોતાના બાપનું કે ભાઇનું ડોકું રસ્તામાં પડેલું દેખતા. એક ભલા બીશપે જેઇમ્સને દયા લાવવા વિનવ્યો. પણ વ્યર્થ. રાજાએ આ કાર્યો પસંદ કર્યા. બે બંડખોરોને દયાભાવથી સંતાડવા માટે એલીસ લીલ નામની ઉદાર બાઇને શિરચ્છેદની સજા થઇ.

જે લોકો ગુપ્ત રીતે જેફ્રીસને લાંચ આપી જતા તેમને સજા ન થતી. આ જજ એવી બડાસ મારતો કે છેલ્લાં ૬૦૦ વર્ષોમાં એવો કોઇ જજ થયો નથી કે જેણે મેં કીધી તેટલી સજા કરી હોય.

રાજાનો કેથોલીકો માટે પક્ષપાત.

આ બંડનો સંજોગ સાધી જેઇમ્સે પોતાના લશ્કરમાં ૧૦૦૦૦ આદમી ઉમેરી દીધા. કેટલાક કેથોલીકોને સરદાર બનાવ્યા. ગીલ્ફર્ડ તથા હેલીફેક્સે રાજાને સલાહ આપી કે પાર્લમેન્ટને આપેલા વચનનો ભંગ કરો ના. પણ ફ્રાન્સ સાથે પેન્શનની જોગવાઇ થયેલી હોવાથી તથા પોતાનું લશ્કર મજબુત હતું તેથી તેને કોઇની પરવા ન હતી. હેલીફેક્સને બરતરફ કરી તેણે સન્ડરલેન્ડને નીમ્યો; ગીલ્ફર્ડ ગુજરી જવાથી તેની જગા જેફ્રીસને આપી. આથી કાઉન્સીલમાંનો તમામ વિરોધ નાબુદ થયો. મુખ્ય મંત્રી જેફ્રીસ રાજહક્કનો ચુસ્ત હિમાયતી તથા પોષક હતો.

આજ સમયે લુઇએ એડીક્ટર ઓફ નેન્ટીઝ રદ કરી પોતાના દેશમાંથી પ્રોટેસ્ટન્ટ પંથનો પગ કાપવા માંડયો. તેણે તમામ પ્રોટેસ્ટન્ટ મંત્રીઓને દેશનિકાલ કર્યા તથા કેથોલીક દેવળમાં ગેરહાજર રહેનારાઓની મારકાપ કરવા લશ્કરી પલટન મોકલી. આ લશ્કરી ત્રાસ એટલો ક્રૂર તથા બેશરમી હતો કે પુષ્કળ સાવચેતી રાખતાં છતાં ૨ લાખથી વધુ પ્રોટેસ્ટન્ટ ફ્રેન્ચો આજુબાજુના પ્રોટેસ્ટન્ટ દેશોમાં ન્હાસી છુટયા. ઇંગ્લેંડમાં આવેલામાંના કેટલાક પાદરી થયા, થોડા લશ્કરમાં જોડાયા, અને આખા સ્પીટલફીલ્ડ પરગણામાં રેશમ-વણાટ કરનારા ફ્રેન્ચ પ્રોટેસ્ટન્ટો વસ્યા. આવી રીતે ઉત્તમ પ્રકારની ઉદ્યોગી, કારીગરી-કુશળ તથા ધનિક રૈયતને પરદેશ કાઢી મુકવામાં લુઇ કારણરૂપ થયો.

કેથોલીક રાજાના પ્રોટેસ્ટન્ટો પરના આવા વિના-કારણના જુલમની હકીકત સાંભળી અંગ્રેજ પ્રજા ચોંકી ગઇ. પણ લોકોની

લાગણી પારખવામાં બુઢ્ઢો જેઇમ્સ આ કાર્યથી ખુશ થયો. પાર્લમેન્ટે તેને કાયદા વિરૂધ્ધ કેથોલીક અધિકારીઓ નીમવા માટે ઠપકો આપ્યો. તેણે પાર્લમેન્ટને સામો ઠપકો આપી કહ્યું કે 'તમારા રાજા પર પણ તમને વિશ્વાસ નથી?' ઉમરાવોએ તેને ચોખ્ખું સંભળાવી દીધું કે તમે તમારી મરજીથી કસોટીનો ધારો રદ કરી શકશો નહિ. આવી ચર્ચા વધુ ન ચાલે એ હેતુથી રાજાએ પાર્લમેન્ટ મોકુફ રાખી. આ પાર્લમેન્ટ ફરી મળવા પામીજ નહિ, કારણ કે તેને વખતો વખત બરખાસ્ત કરી, છેવટે બે વર્ષ પછી વિસર્જન કરી. પોતાને ટેકો આપે તો પાર્લમેન્ટને ચાલવા દેવાનો જેઇમ્સનો ઇરાદો હતો, પણ આ મુજબ થવા પામ્યું નહિ.

કોફી-ગૃહો.

આવી રીતે જાહેરમાં થતો વિરોધ તેણે અટકાવ્યો, છતાં લોકોની જીભ બંધ કરવા કોણ સમર્થ થઇ શકે? આ સમયમાં લંડનનાં કોફી-ગૃહોમાં ઘણા લોકો દરરોજ ભેગા થતા. ક્રોમ્વેલના વખતમાં એક તુર્કી વેપારીએ પહેલું કોફીગૃહ ખોલ્યું ને પછી આવા ગૃહ આખા લંડન શહેરમાં ઝટ વધી ગયાં. દરેક આદમી પોતાના ખાસ કોફી-ગૃહમાં જઇ પોતાના ખાસ મિત્રોને મળતો, તથા સાહિત્ય, ધર્મ, રાજનીતિ, ગપગોળા આદિની વાતો કરતાં કરતાં કોફી પીતા ને ધૂમ્રપાન કરતા નામાંકિત કોફી-ગૃહો તો નાની નાની પાર્લમેન્ટ સમાન બન્યા, તેથી તેમની અસર એટલી બધી વધી ગઇ કે રાજા ચાર્લ્સે તેમને બંધ કરવા મથન કર્યું હતું, પણ લોકોના બુમરાણને લીધે કોફીગૃહો ફરી ચાલુ થયાં, અને ત્યાં લોકો દરરોજ રાજાના વિચિત્ર વર્તન વિષે વિવેચન કરતા.

પરંતુ જેઇમ્સને લોકમતની પરવા થોડી હતી. પાર્લમેન્ટ મોકુફ કર્યા પછી તેણે કાયદા રદ કરવાની રાજસત્તા વિષે કાયદા શાસ્ત્રીઓની સલાહ પુછી. ૪ જણાએ હિમતપૂર્વક કહ્યું કે આ બાબતમાં

પાર્લમેન્ટની સંમતિ સિવાય તમને કશી સત્તા નથી. આ ચારને વિદાય કરી તેમની જગાએ રાજાએ વધુ કહ્યાગરા આદમી નીમ્યા. સર એડવર્ડ હેઇલ્સિ કેથોલીક હતો છતાં ડોવરનો ગવર્નર હતો એટલે તેની તપાસ ચાલી. તપાસ દરમ્યાન તેણે કહ્યું કે રાજાએ પોતાની સત્તા વાપરી મને કસોટીના ધારામાંથી મુક્ત કર્યો છે, એટલે કોર્ટે તેની તરફેણમાં ચુકાદો આપ્યો.

આ ફારસ સમ તપાસ પછી રાજા પ્રોટેસ્ટન્ટ પાદરીઓને કાઢી તેમની જગાએ કેથોલીકોને દૃઢતાથી ગોઠવવા લાગ્યો; અધિકારીઓને ખાનગીમાં બોલાવી તે પુછતો કે તમે કસોટીના કાયદા વિરૂદ્ધ મત આપશો કે તરફેણમાં? જો તે વિરૂદ્ધ કહે તો તેની જગા જતી. ખુદ એના સાળાને પણ આ દુઃખ વેઠવું પડયું; મોટા સાળા ક્લેરેન્ડનને આયર્લેન્ડથી પાછો બોલાવી તેની જગાએ લોર્ડ ટીરકોનેલ નામના કેથોલીકને નીમ્યો; ને નાના શાળા લોર્ડ રોચેસ્ટરને ખજાનચીની ઉંચી પદવી પરથી બરતરફ કર્યો; પ્રીવીકાઉન્સીલમાં પણ ચાર પાંચ કેથોલીક ઉમરાવોને દાખલ કર્યા.

વળી ગતકાળમાં તિરસ્કાર પામેલી હાઈ કમીશન કોર્ટ તેણે ફરી ચાલુ કીધી, ને આ કોર્ટ માટે જેફ્રીસ તથા બીજા ૬ ન્યાયાધીશો નીમ્યા. લંડનના બીશપ કોમ્પટને ડો. શાર્પ નામના પુરૂષને અમુક વ્યાખ્યાન આપવા સંબંધમાં પકડવા ના પાડી; એટલે આ અદાલતે તે બીશપને બરતરફ કર્યો.

ધર્મછૂટનું જાહેરનામું.

રાજા તથા પરદેશી એલચી માટે નવાં કેથોલીક દેવળો બંધાયાં, અનેક પ્રકારના સાધુઓ લંડનમાં વસવા લાગ્યા તથા સેવોયમાં જેસ્વીટોએ+ એક નિશાળ ખોલી. પરંતુ જેઇમ્સ પણ હવે સમજ્યો કે લોકો ગુસ્સે થયા છે. શહેરમાં તોફાન થવા

+ ધર્મસુધારણાની વાત યુરોપમાં ચાલી રહી હતી તે વેળા

લાગ્યાં. બંડ થાય તો તેને ઉગતું ચાંપી દેવા માટે લશ્કર જુક્તિથી ગોઠવવામાં આવ્યું. પછી તેણે 'ડીસેન્ટરો'ની મદદની આશા રાખી ધર્મછૂટનું જાહેરનામુ બહાર પાડયું, જે મુજબ કેથોલીક તથા ડીસેન્ટર ચાહે તેમ ઇશ્વર–ઉપાસના કરી શકે તથા કોઇપણ જાતની કસોટી સિવાય સરકારી અધિકાર ભોગવી શકે. ડીસેન્ટરપક્ષના વિચારવંત નેતાઓ પામી ગયા કે રાજાનો અંતિમ હેતુ કેથોલીક પક્ષને ચઢાવવાનો છે એટલે જે વરદાન આપવાનો તેને અધિકાર ન હતો તે સ્વીકારવાની તેમણે ના પાડી.

વાસ્તવિક રીતે જોતાં તે પ્રજા સ્વાતંત્ર્યના ધારા નાશ કરે જતો હતો. ભલા ને શાણા પોપે તેને શાંત તથા ધીરા થવાની સલાહ લખી મોકલી, લુઇએ તેને સાવધાનીથી કાર્ય કરવાની શિખામણ દીધી; તેની કેથોલીક પ્રજાએ પણ તેને કાયદેસર રાજ્ય કરવા વિનવ્યો; પણ આ સર્વ વ્યર્થ નીવડયું. કારણ કે તે પોતાના સલાહકાર ફાધર પીટરની અક્કલે ચાલતો. તે એમ માનતો હતો કે જો હું દઢતાથી કામ કર્યે જઇશ તો લોકોને ખાત્રી થશે કે હું તેમનું હિત ચાહું છું અને આખરે તેઓ નમશે.

બાદ તેણે યુનીવર્સીટીમાં માથું માર્યું; ક્રાઇસ્ટ ચર્ચ કોલેજના વડા તરીકે ડો. માસી નામના કેથોલીકને નીમ્યો; એક સાધુને વિદ્યા–પદવી આપવા ના પાડવા માટે કેમ્બ્રીજના ડો. પેચલને બરતરફ કર્યો; તથા મોડલીન કોલેજવાળાઓએ પ્રમુખ તરીખે ડો. પાર્કર

'જીસસનો સમાજ' યા 'જેસ્વીટ' નામની એક સંસ્થા સ્થાપવામાં આવેલી. તેનો ઉદ્દેશ એ હતો કે ધર્મમાં પ્રોટેસ્ટન્ટોએ નવો પંથ કાઢયો તેમ ન કરતાં જુના ધર્મમાંજ રહી દોષ દૂર કરવા. દરેક જેસ્વીટે આદર્શ જીવન ગાળવું તથા બને તેટલી સામાજીક સેવા કરવી એ આ સંસ્થાના મુખ્ય હેતુ હતા. જેસ્વીટોની નીશાળો એવી સુંદર ચલાવવામાં આવતી કે ઘણા પ્રોટેસ્ટન્ટો પણ પોતાના બાળકોને ત્યાં મોકલતા. હાલ મુંબઇમાં સેંટ ઝેવીઅર સ્કુલ છે તે આ પંથની જ.

નામના કેથોલીકને ચુંટવા ના પાડી તેથી તેમને કાઢી મૂકયા; એક મહિના પછી પાર્લમેન્ટ વિસર્જન કરી, ને નવી ચુંટણીની તૈયારી થવા લાગી. જેમ્સે તમામ સ્થાનીક અધિકારીઓને ખબર મોકલાવી કે જેઓ કેથોલીક તરફેણના હોય તેમને ચુંટાવવા માટે મહેનત કરવી. છેવટે લોકલાગણી છેક તુચ્છ ગણી તેણે પોપના એલચીને ભારે ભભકાથી દરબારમાં આવકાર આપ્યો.

ઈંગ્લેંડના નેતાઓને હવે એમ લાગ્યું કે કોઇ તાત્કાળિક ઉપાય નહિ કરવામાં આવે તો દેશમાં આપઅખત્યારી હદપારની થઇ જશે; માટે ઇંગ્લેંડની પ્રજાના હક્ક તથા સ્વાતંત્ર્યનું રક્ષણ કરવા વિલિઅમ મદદ કરશે કે કેમ તે નક્કી કરવા કેટલાક આદમી સંદેશા લઇ હોલેંડ ગયા. વિલિઅમને તો ભાવતું હતું ને વૈદે કહ્યું તેના જેવું થયું. જેઇમ્સનો બળવાન મિત્ર લુઇ નાના સરખા હોલેન્ડને ધ્રુજાવી રહ્યો હતો. વિલિઅમને એવી આશા હતી કે ઈંગ્લેંડ મારા કબજામાં આવે તો લુઇને સુંઠનો સ્વાદ ચખાડું; પણ તે બે કારણોને લીધે ખંચાતો હતો; ઇંગ્લેંડના તમામ પક્ષ મદદ કરશે કે કેમ તે વિષે ખાત્રી ન હતી; ને ૨ જ્યાં સુધી ફ્રેન્ચ લશ્કર નેધરલેન્ડ પર ઝઝુમી રહ્યું હતું ત્યાં સુધી પોતે હોલેન્ડ કેવી રીતે છોડી શકે? થોડા મહિના પછી તેનો રસ્તો સાફ થયો. જર્મની સાથે લુઇને લડાઇ થવાથી ફ્રેન્ચ લશ્કર તે બાજુ રોકાયું ને વિલિઅમ ત્રાસમાંથી છૂટો થયો.

દરમ્યાન ઈંગ્લેંડમાં મોટા બનાવ બન્યા હતા. રાણીને ઘણે વર્ષે કુંવર સાંપડયો, રાજાની ઉમ્મર થવાથી કોઇને કુંવરની આશા નહતી. લોકો એમ મન વાળી બેઠેલા કે આ જુલમી અમલના દિવસ જેઇમ્સની સાથેજ જશે; પણ હવે આ કુંવરના જન્મથી તેમની આશા નિષ્ફળ થઇ. રાજાને આનંદ થયો ને પ્રજા નિરાશ થઇ. કેટલાક તો આ કુંવર રાણીજાયો છે એવું માનતા ન હતા; ને એમ જ કહેતા કે કોઇ બાળક ગુપ્ત રીતે મહેલમાં મંગાવી, તેને રાજકુંવર ઠોકી બેસાડયો છે.

સાત બીશપો.

આ બાળકના જન્મ પહેલાં જેઇમ્સે ધર્મછૂટનું જાહેરનામું બહાર પાડયું તથા તમામ પાદરીને તે જાહેરનામું વાંચી સંભળાવવા હુકમ કર્યો, આ જાહેરનામું ગેર-કાયદેસર હતું ને પાદરીઓ તેને ધર્મ વિરૂદ્ધ માનતા હતા. એટલે ૭ બીશપોએ (આમાં કેન્ટરબરીના આર્કબીશપ સેન્કોફ્ટ પણ હતા) એક અરજી મોકલી રાજાને વિનવ્યો કે પાદરીઓના અંતરના અવાજ વિરૂદ્ધ આ કામ તેમની પાસે ના કરાવો. રાજા આથી બહુ ગુસ્સે થયો. ઘણાખરા પાદરીઓએ જાહેરનામું વાંચ્યું નહિ, ને જ્યાં વંચાયું ત્યાંથી લોકો ઉઠી ચાલતા થયા. જેઇમ્સના ક્રોધનો હવે પાર રહ્યો નહિ. પેલા ૭ બીશપોને સરકાર વિરૂદ્ધ અરજ કરવા બદલ ફીતુરના આરોપ માટે અદાલતમાં તપાસ કરવાનો હુકમ નીકળ્યો. તેમણે જામીન આપવાની ના પાડી તેથી તેમને ટાવર-ગઢમાં મોકલ્યા.

હવે છેવટ આવતાં પ્રજાનું પોત પ્રકાશ્યું. થેઇમ્સ નદીમાં એક વહાણમાં બેસાડી પેલા બીશપોને ટાવરગઢ તરફ લઇ જતા હતા તે વેળા લોકોનું જબરદસ્ત ટોળું ભેગું થયું તથા તેમને દુવા દીધી. આખું ઇંગ્લેંડ જાગ્રત થયું.

તપાસનો દિવસ આવતાં ધર્મભાવથી મોટા મોટા વકીલો બચાવપક્ષ માટે હાજર થયા; અદાલતના મકાનથી માઇલના માઇલ સુધીનો રસ્તો ચીકાર ભરાઇ ગયો હતો. જ્યુરીની મરજી હોત તો પણ બીશપોને અપરાધી ઠેરવવાની તેની મગદુર નહતી. "બીન અપરાધી" એ ચુકાદો જયુરીના મુખમાંથી નીકળ્યો. તે વેળા પ્રજાનો આનંદ અનેક રીતે પ્રદર્શિત થયો. આ વેળા જેઇમ્સ લશ્કરી છાવણી આગળ હતો; ત્યાં મોટો અવાજ સંભળાયો; એટલે તેણે પુછ્યું કે આ અવાજ શાનો છે ? ત્યારે એક સરદારે ઉત્તર આપ્યો કે કાંઇ નહિ સાહેબ; એ તો બીશપોને છોડી મૂકયા તેથી સોલ્જરો

ખુશ થાય છે. " તમે આને 'કાંઇ નહિ' સમજો છો ? તેમને આ માટે વધુ દુઃખ સહેવું પડશે." ચાર મહિનામાં રાજાને માલમ પડયું કે વધુ દુઃખ બીશપોને નહિ પણ પોતાનાજ કર્મમાં હતું.

વિલિઅમને આમંત્રણ.

બીશપોને છોડયા તે જ દિવસે અનેક પક્ષના આગેવાનોની સહીવાળું આમંત્રણ લઈ નૌકાધિપતિ હર્બર્ટ હોલેન્ડ ગયો. હવે ઇંગ્લેંડની નાડ વિલિઅમના હાથમાં આવવાથી તેણે જાહેરનામું બહાર પાડયું કે હું, મેરીના ધણી તરીકે, સ્વતંત્ર તથા કાયદેસરની પાર્લમેન્ટ સ્થાપવા લશ્કર લઇ ઇંગ્લેંડ આવું છું. આ જાહેરનામું આખા ઇંગ્લેંડમાં ઝટ પ્રસરી ગયું.

હવે ભરોંસે ભુલેલા જેઇમ્સને ફાળ પડી એટલે ઉતાવળો ઉતાવળો પોતાના દુષ્કાર્યો દૂર કરવા તે મંડી પડયો. પ્રપંચી સંડરલેન્ડને પ્રધાનપદપરથી દૂર કર્યો, યુનિવર્સિટિમાં કાઢી મુકેલા ગૃહસ્થોને ફરી નીમ્યા, શહેરોના રદ કરેલા પટા ફરી આપ્યા, અને કાઉન્સીલમાંથી ફાધર પીટરને બરતરફ કર્યો. પરંતુ રાઇના પહાડ રાતે વહી ગયા હતા. વિલિઅમ ૧૩૦૦૦ આદમી સાથે ટોરબે બંદરે ઉતર્યો, થોડા દિવસમાં ઉમરાવો તથા ગૃહસ્થો તેને જઈ મળ્યા. આ સમાચારથી જેઇમ્સને કાંઇ ખાસ આઘાત થયો નહિ. તે ધારતો હતો કે ચઢાઇ થશે તો ઉત્તર પ્રદેશમાં થશે. એટલે તેણે તે દિશામાં પોતાનું લશ્કર રવાના કરી દીધું હતું. હવે આ લશ્કરને પશ્ચિમ તરફ બોલાવવું પડયું. જેઇમ્સના વિચાર વિલિઅમને ઘેરી તેનો ઇંગ્લેંડના બીજા પ્રાંતો સાથેનો વહેવાર અટકાવવાનો હતો. તે એમ માનતો હતો કે મારૂં લશ્કર મોટું છે એટલે દુશ્મનને એકજ ધાએ નાશ કરી શકીશ. સોલ્સબરી આગળ તે પોતાના લશ્કરને મળ્યો; પણ તેને આ સમયે માલમ પડયું કે જેને તે આજદિન સુધી મિત્ર માની રહ્યો હતો તે સર્વે તેનો ત્યાગ કરી દુશ્મનદળમાં જઇ મળ્યા હતા.

જેમ્સનો માનીતો ચર્ચીલ (પાછળથી માલબરોનો ડયુક) તથા બીજા ઘણા સરદારો પોતપોતાની ટુકડીઓ લઇ વિલિઅમના સાથમાં ભળ્યા; અને સ્થાનિક અધિકારીઓએ પણ પ્રોટેસ્ટન્ટ સાથ સ્વીકાર્યો. ખુદ જેમ્સની નાની દીકરી આન બાપ પાસેથી ન્હાસી છૂટી; અને સર્વથી તજાએલા આ અભાગીઆ જેમ્સે લંડન આવી રાણી તથા કુંવરને ફ્રાન્સ મોકલ્યાં અને પોતે પણ ઉપડવાની તૈયારીમાં હતો, પરંતુ કેટલાક માછીઓ તેને ઓળખી જવાથી વિલિઅમ પાસે લઇ આવ્યા. ચતુર વિલિઅમ તરત ચેતી ગયો કે ટાઢે પાણીએ ખસ જાય એના જેવું એક નહિ. આ હેતુથી તેણે જેમ્સ પરનો પેરો ઢીક ઢીક રખાવ્યો. ગભરાએલો બેબાકળો બનેલો જેમ્સ આ લાગ જોઇ ફ્રાન્સ છટકી નાઠો. જતાં પહેલાં તેણે ચુંટણી વિષેના પોતાની સહીવાળા લેખિત આજ્ઞાપત્રનો નાશ કર્યો, ને મોટી રાજ–સીલ થેઇમ્સમાં નાંખી દીધી. તેનું ધારવું એવું હતું કે ઇંગ્લેંડમાં અંધેર કારભાર ચાલે તો ફ્રેન્ચ લશ્કરની મદદવડે જીત અવશ્ય મળે. લુઇએ તેને સારો આવકાર આપ્યો તથા તેના કુટુમ્બના વાસ માટે પોતાનો એક ખાસ મહેલ આપ્યો.

રાજ્યવિપ્લવ ૧૬૮૮.

આ રીતે જરા પણ રક્તપાત સિવાય આ મહાન્ રાજ્ય વિપ્લવનું કાર્ય પાર પડયું. દુનિયાના અનેક દેશોમાં અનેક વેળા રાજ્યમાં ભારે ઉથલપાથલ થઇ હશે, પણ આ અઠયાસીનો અંગ્રેજી વિપ્લવ તો અપૂર્વજ છે. રાજવહીવટના મુખ્ય સિદ્ધાન્ત શ્રેષ્ઠ હતા, એટલે નવી રાજપદ્ધતિની કશી જરૂર નહતી. જરૂર ફક્ત પ્રજાહક્કને સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરવાની હતી જેથી ભવિષ્યમાં રાજાપ્રજાનો ઝઘડો જાગે નહિ. રાજાપ્રજાનો ઘણા વર્ષોથી ચાલતા ઝઘડાનો નિશ્ચિત અંત આવ્યો. આ ઝઘડો ચાર ચાર રાજ્ય દરમ્યાન ચાલ્યો; ફીતુર, રાજદ્રોહના આરોપ, બંડ, લડાઇ, ઘેરા, કતલે આમ આદિ આને લીધે થએલા. એક વેળા રાજા જીતશે તો બીજી વેળા પ્રજા જીતશે એવી વકી

લાગતી. આ બધા વર્ષો દરમ્યાન ઇંગ્લેંડનું અડધું બળ બીજા અડ-ધાને વશ કરવામાં રોકાએલું. આ મહાન્ વિગ્રહ ખતમ થયો તે આ રાજવિપ્લવનું કામ.

જેઇમ્સના ગયા પછી થોડા કલાકમાં વિલિઅમ રાજમહેલમાં આવી પુગ્યો. લંડનમાં, ઠેકઠેકાણે અંગ્રેજ સ્કોચ તથા ડચ સીપાહીઓ ગોઠવવાથી શાંતિ જળવાતી હતી. ઉમરાવોની સભા મળી. આમની સભા તો હતી જ નહિં; એટલે રાજા ચાર્લ્સના સમયમાં જે મેમ્બરો હતા તેવાની સભા ભરી; તથા લંડનના સ્થાનિક અધિકારીઓને પણ બોલાવ્યા. આવી રીતે બનેલી સભાએ વિલિઅમને કામચલાઉ અધિકાર સોંપ્યો તથા ચુંટણી માટે આજ્ઞાપત્ર કઢાવ્યાં. ૧૬૮૯ માં કોન્વેન્શન ભેગી થઇ, ને ઘણી ચર્ચા થયા બાદ એમ નક્કી થયું કે વિલિઅમ મેરીને રાજારાણી જાહેર કરવા અને રાજકારભાર એકલા વિલિઅમને સોંપવો.

હક્કપત્રિકા

આ કાર્ય કરતાં પહેલાં કોન્વેન્શન રાજસત્તાની મર્યાદા નક્કી કરવા ઇચ્છતી હતી કે જેથી ભવિષ્યમાં ઝઘડા ન થાય. તેમણે હક્કપત્રિકાનો ખરડો ઘડયો. આમાં કાયદાના નાશ માટે પ્રયાસ કરવા સારૂ જેઇમ્સને ઠપકો આપ્યા પછી તેમણે દર્શાવ્યું કે કમીશન કોર્ટ ગેર-કાયદેસર છે, રાજા કાયદાને રદ યા બંધ કરી શકે નહિ, પાર્લમેન્ટની મંજુરી સિવાય પૈસા ન ઉઘરાવે ને સ્થાયી લશ્કર ન રાખે; મેમ્બરોની ચુંટણી સ્વતંત્ર થવા દેવી જોઇએ; પાર્લમેન્ટમાં દરેક મેમ્બરને બોલ-વાની સંપૂર્ણ છૂટ હોવી જોઇએ; પ્રજાના દુઃખનું નિવારણ કરવા તથા અસલ કાયદાને મુજબતી આપવા પાર્લમેન્ટ વખતો વખત ભરાવી જોઇએ. જ્યુરી (પંચ) પ્રામાણિકપણે નીમાવી જોઇએ; હદ-બારના દંડ ને ક્રૂર અસાધારણ સજા બંધ થવી જોઇએ; કોઇપણ કેથોલીક ઇંગ્લેંડની રાજગાદીપર બેસી શકે ન હ. કોન્વેન્સને કહ્યું કે

આ સર્વ અંગ્રેજ લોકોના પરંપરાથી ચાલ્યા આવતા હક્ક છે ને આ શરતે અમે વિલિઅમમેરીને મુગટ સોંપીએ છીએ. જો મેરીનું મોત થાય તો વિલિઅમ એકલો રાજ્ય કરે, ને તેના પછી આન ગાદીએ આવે એ પણ નક્કી થયું.

૩ જો વિલિઅમ. ૧૬૮૯-૧૭૦૨

જેઇમ્સ આયર્લૅન્ડમાં વિલિઅમનો રાજ્યાભિષેક તો થયો પરંતુ તે જાણતો હતો કે લડયા સિવાય મારો છૂટકો નથી; લુઇ જેઇમ્સનો મિત્ર છે તથા ઇંગ્લૅંડમાં વિઘ્ન ઉપસ્થિત કરી મને હેરાન કરવા બહુ આતુર છે, કેમકે એમ બને તો હું ફ્રાન્સ વિરૂદ્ધ લડવા ઇંગ્લૅંડ બહાર આવુંજ નહિ. લુઇએ આવા હેતુથી જેઇમ્સને આયર્લૅન્ડ જવા પૈસા તથા લશ્કર આપ્યું. આયર્લૅન્ડનો કેથોલીક ગવર્નર ટીરેકોનેલ તેને મદદ કરવા ૨૦૦૦૦ આદમી સાથે તૈયાર હતો. હજુ તો વિલિઅમનો રાજ્યાભિષેક થવાનો છે ત્યાં તો જેઇમ્સને ડબ્લીનમાં સારો આવકાર મળ્યો.

અને ઇંગ્લૅંડમાં પણ તમામ લોકોએ વિલિઅમને રાજા તરીકે સ્વીકાર્યો નહતો. પુનઃ સ્થાપનના સમયથી પાદરીઓ પ્રજાને એમ શીખવી રહ્યા હતા કે રાજા ઇશ્વરી હક્કથી રાજ કરે છે અને તેની આજ્ઞા સૌએ ચુપચુપ પાળવી જોઇએ. અત્યારે જેઇમ્સ વિરૂદ્ધ બંડ ઉઠયું હતું ને પાર્લમેન્ટે વિલિઅમને પસંદ કર્યો હતો. માટે તમામ મેમ્બરો તથા અધિકારીઓને વિલિઅમને વફાદાર રહેવાના સોગંદ લેવાનું કહેવામાં આવ્યું. કેન્ટરબરીના આર્કબીશપ તથા પેલા ૭ માંના ૫ બીશપો અને બીજા ઘણા પાદરીઓએ ના પાડી. આ લોકોનું નામ 'નોન-જ્યુરર' પડયું; તેમને ધીરજથી સમજાવવામાં આવ્યા, પણ વિલિઅમના નામની પ્રાર્થના કરવા તેમણે ના પાડી એટલે તેમને બરતરફ કરવામાં આવ્યા. આ લોકો,

કેથોલીકો તથા જેઇમ્સના મિત્રો જેકોબાઈટ કહેવાવા લાગ્યા; તેમણે રાજ્ય વિરૂદ્ધ અનેક તર્કટો કર્યાં. તેઓ વિલિઅમને બીનહકદાર માનતા.

સ્કોટલેન્ડ.

સ્કોટલેન્ડમાં જુદા જ કારણથી તોફાન થયાં. લાંબા વખતથી પીડા પામતા કોવેનાન્ટરોએ વિલિઅમને રાજા તરીકે સ્વીકાર્યો, અને વળી અંગ્રેજી ધર્મના પાદરીઓને હાંકી કાઢયા. દેશની સ્થિતી વ્યવસ્થિત થઇ ત્યારે સ્કોચ પાર્લમેન્ટમાં વધુમતિ કોવેનાન્ટરોની હતી. એટલે વિલિઅમ મેરી રાજારાણી જાહેર થયાં. પણ જેઇમ્સના અસલના સાથી વાઇકાઉન્ટ ડન્ડીએ હાઇલેન્ડમાંની બહાદુર પ્રજાને લડાઇ માટે તૈયાર કરી.

ગ્લેન્કોની કતલ. ૧૬૯૨.

સરદાર મેકે ડન્ડીની સામે ગયો. કીલીક્રેન્કી આગળ હાઇલેન્ડ વાળાનો સંપૂર્ણ જય થયો પણ અહીં તેમના વીર સરદાર ડન્ડીનું મોત નીપજ્યું; એટલે ધણીવિનાના ઢોરની માફક હાઇલેન્ડવાળા પાછા પોતાના પ્રદેશમાં ચાલી ગયા, ને યુદ્ધ સમાપ્ત થયું. બે વર્ષ પછી એક અતિ બેશરમ બનાવ બન્યો. તમામ હાઇલેન્ડ સરદારોને નવારાજાને વફાદાર રહેવાના સોગંદ લેવા ૧૬૯૨ ના જાનેવારી ૧ લી પહેલાં બોલાવેલા. ૩૧ મી ડીસેમ્બર સુધીમાં ગ્લેન્કોના મેકડોનલ્ડ સિવાયના બધા સરદારો સોગંદ લઇ ગયા. ગ્લેન્કોનો આયન મેકડોનલ્ડ બરફ તથા બીજી અનિવાર્ય કુદરતી અડચણોને લીધે વખતસર પહોંચી શક્યો નહિ. છતાં સ્થાનિક અધિકારીઓએ તેને સોગંદ લેવાની રજા આપી તથા રોકાણના કારણ વિષે પ્રમાણપત્ર આપ્યું. પરંતુ મેકડોનલ્ડના લોહીના તરસ્યા એના દુશ્મનોએ આ તકનો લાભ લઇ રાજાને આડું અવળું સમજાવી મેકડોનલ્ડની આખી જાતને જડમૂળથી કાપી નાંખવાના વોરંટપર સહી લીધી. આ વોરંટના બળસહિત મેકડોનલ્ડના વંશપરંપરાના દુશ્મન કેમ્પબેલો ગ્લેન્કો તરફ

રવાના થયા. આ સીપાહીઓ અહીં થોડો વખત મિત્રભાવથી રહ્યા; તેમની સારી પરોણાચાકરી થઇ. એક દિવસે લાગ જોઇ પ્હો ફાટતાં પહેલાં આ મહેમાનો ઉઠયા તથા ઉંઘતા નિર્દોષ મેકડોનલ્ડો ઉપર ગોળીબાર ચલાવ્યો; તેમનાં ઘરબાર સળગાવી મૂકયાં, ઢોરઢાંખર મારી નાંખ્યાં, યા ન્હસાડી મૂકયા. આ કાર્ય માટે મુખ્ય ગુન્હેગાર મેકડોનલ્ડના કટ્ટા દુશ્મન બ્રેડલબેઇન ને ડાલ્રીમ્પલ છે; પણ રાજા કાંઇ નિરપરાધી ન કહેવાય. આવા વોરંટપર સહી કરતાં પહેલાં હરકોઇ રાજાની ફરજ છે કે તે વિષે ચોકસ તપાસ કરવી. આ કતલ દુષ્ટ તથા વિશ્વાસઘાતક હતી, અને એના યોજકોને ઘટતી સજા ન કરવા માટે વિલિઅમ દોષિત છે. વિલિઅમના ચારિત્રમાં આ વસ્તુ કાળા ડાઘ સમ છે.

આયર્લેંન્ડમાં વિગ્રહ.

દરમ્યાન આયર્લેંન્ડમાં પ્રજા વિગ્રહ ચાલી રહ્યો હતો, એક બાજુ અસલ આયરીશ પ્રજા, ને બીજી બાજુ પાછળથી વસેલા પ્રોટેસ્ટન્ટ અંગ્રેજ તથા સ્કોચ લોકો ઈંગ્લેંડ જીતવા ખાતર જેઇમ્સ આયર્લેંન્ડ આવ્યો હતો; આયરીશ પ્રજા એમ માનતી હતી કે તે કેથોલીક પંથ નીભાવવા તથા તેમની અસલ જમીન પાછી અપાવવા આવ્યો છે. ટીરકોનલે દક્ષિણના તમામ પ્રોટેસ્ટન્ટોનાં હથિઆર મુકાવી દીધાં હતાં; પ્રોટેસ્ટન્ટોને ખુનની બ્હીક લાગી એટલે ઘણા ઈંગ્લેંડ ભાગી ગયા. ઉત્તરમાં તેમનું જોર વધુ હોવાથી તેઓ એનીસ્કીલન ને લંડનડેરીમાં એકત્ર થયા. જેઇમ્સ ત્યાં આવ્યો ત્યારે તેણે લંડનડેરીના દરવાજા બંધ દીઠા. તે શહેર અંદર ૩૦૦૦૦ પ્રોટેસ્ટન્ટોએ આશરો લીધો હતો; ત્યાંનો ગવર્નર જેઇમ્સને શરણે થવા તૈયાર હતો પણ શહેરીઓ ને સીપાઇઓ એવા ઝનુની હતા કે ગવર્નરને ન્હાસવું પડયું. ઘેરો ૧૦૫ દીવસ સુધી ચાલ્યો. કોઇપણ બાજુથી અંદર સાધન ન જઇ શકે એવી જોગવાઇ બહારવાળાએ કરી હતી. વિલિઅમે ઘેરો છોડ-

વવા અંગ્રેજ કાફલો મોકલ્યો; પણ તેનો સરદાર કર્ક બહુ જોખમમાં ઉતરવા તૈયાર ન થયો. અંદર સેંકડો લોકો ભૂખ, રોગ, મોત આદિથી મરવા લાગ્યા; થોડા દિવસ તો તેમણે ઘોડાનું માંસ ખાવામાં લીધું, પછી તો તે પણ ઘટી ગયું. તમામ સાધન ખતમ થઇ ગયાં હતાં, છતાં વીર શહેરીઓ નમણું આપવાની સાફ ના પાડતા.

છેવટે ઈંગ્લેંડથી કર્કને સખ્ત હુકમ મળ્યો કે તમારે ઘેરો છોડાવવો જ જોઇએ. કેટલાક સાહસી નરરત્નો પોતાનાં વહાણ લઇ અંદર સાધન પહોંચાડી આવ્યા. એ દિવસ પછી આયરીશ લશ્કર થાક્યું, ને ઘેરો ઉઠાવી પાછું ગયું. એની સ્કીલન આગળ પણ આયરીશ પક્ષની હાર થઇ. એટલે ઉત્તરનો પ્રદેશ જેઇમ્સના ત્રાસથી મુક્ત થયો.

પરંતુ ડબ્લીનમાં હજુ જેઇમ્સની આણ ફરતી હતી. પૈસા ઘટવાથી, તેણે પિત્તળના પાઉન્ડ, શીલીંગ પાડવા માંડયા. તેના નામે આયરીશ પાર્લમેન્ટે વિલિઅમવાળા માટે સખત ધારા કર્યા. સંસ્થાની રૂપે વસેલા અંગ્રેજોની જમીન જપ્ત થયેલી જાહેર કરી. પણ આ ધારાની કાંઇ અસર થઇ નહિ, કેમકે વિલિઅમ પંડે આયર્લૅન્ડમાં આવ્યો.

દરમ્યાન વીલીઅમ ઈંગ્લેંડને શાંત અને સુખમય હાલતમાં આણવા મથી રહ્યો હતો. ડેન્બી, હેલીફેક્સ આદિ બુદ્ધિશાળી પુરૂષોને તેણે પ્રધાનપદ આપ્યાં, પાર્લમેન્ટે ઘણાં ઉપયોગી કાર્ય કર્યાં. ધર્મછૂટના કાયદાથી ડીસેન્ટરોને સુખ થયું. પણ કેથોલીકના દુ:ખનું નિવારણ થયું નહિ, કેમકે પ્રજાને તેમના પ્રત્યે હજુ હડહડતો વેરભાવ હતો. રાજાને ૧૨ લાખની ઉપજ આપવામાં આવી. આ સમયથી માંડી આજ દિન સુધી સરકારી ખર્ચ માટે દર વર્ષે મંજુરી લેવી પડે છે, એટલે વર્ષમાં એકવાર તો પાર્લમેન્ટ મળે જ મળે.

વળી પાર્લમેન્ટને લશ્કરની સત્તા મળી. લુઇ જેઇમ્સને ખુલ્લી રીતે મદદ કરી રહ્યો હતો. એટલે લશ્કર રાખ્યાવિના છૂટકો ન હતો. ૧૬૯૦ માં આયર્લેન્ડમાં મોટું ફ્રેન્ચ લશ્કર ઉતર્યું ત્યારે વિલિઅમને એમ લાગ્યું કે સારૂં લશ્કર લઇ જેઇમ્સ સાથે આયર્લેન્ડની ભૂમિપર મુકાબલો કરવો ? આવશ્યક છે. એટલે બોઇન નદી આગળ આ બન્ને રાજા (સસરો જમાઇ) સામસામા આવી ચઢયા. તેમાં વિલિઅમનો સંપૂર્ણ જય થયો, ને જેઇમ્સ ફ્રાન્સ ન્હાસી ગયો. છતાં આયરીશ લોકો તાબે થયા નહિ.

બોઇન નદીની લડાઇ.

૧૬૯૧ માં ફ્રેન્ચ સરદારી હેઠળ તેઓ ફરી હાર્યા. પછી લીમરીકના કિલ્લામાં ભરાઇ તેમણે અચ્છો બચાવ કર્યો. પરંતુ તમને ધાર્મિક બાબતમાં છૂટ આપશું, ફ્રાન્સ જવું હશે તો સુખેથી જવા દઇશું, આવાં આવાં વચનોથી ભોળવી તેમને વશ કરવામાં આવ્યા. લગભગ ૧૪૦૦૦ આયરીશ સીપાઇ ફ્રાન્સ ગયા તથા લુઇની નોકરીમાં તેમણે અમર નામના મેળવી. આયર્લેન્ડમાં હવેના ૧૦૦ વર્ષમાં લડાઇ થઇ નહિ, પણ જે પ્રોટેસ્ટન્ટના હાથમાં સત્તા આવી તેમણે તેનો દુરૂપયોગ કર્યો. લીમરીક આગળ આપેલાં વચન તોડયા તેથી કથોલીકોના દિલમાં કટ્ટો વેરભાવ જાગ્રત રહ્યો.

બોઇનની જીત પછી વિલિઅમને ઇંગ્લેંડ આવવું પડયું, કેમકે ફ્રાન્સ સાથેના યુરોપી યુદ્ધમાં એની બહુ જરૂર હતી. ૧૬૯૦ માં ઇંગ્લેંડ, જર્મની, સ્પેઇન, હોલેન્ડને ઓસ્ટ્રીઆ ભેગાં થઇ લુઇ વિરૂદ્ધ મહા ઐકય ઉઠાવ્યું. પણ તેઓ એટલા ધીમા હતા તથા ફ્રેન્ચ લશ્કર એવું બળવાન હતું કે ઘણો વખત સુધી તો લુઇ ફાવ્યો, જે દિવસે વિલિઅમે બોઇનની જીત મેળવી તેને આગલે દિવસે ફ્રેન્ચ નોકાએ ડચ તથા અંગ્રેજના સંયુકત કાફલા પર ઇંગ્લીશ ચેનલમાં બીચીહેડ આગળ હુમલો કર્યો, અંગ્રેજ નૌકાધિપતિએ અદેખાઇને

લીધે ડચ લોકોને બરાબર મદદ ન કરી તેથી ફ્રેન્ચો સંપૂર્ણ વિજય મેળવી શકયા; પછી. કાંઠાપરનાં બે ચાર ઇંગ્લીશ ગામડાં બાળી મૂકયાં. ફ્રેન્ચ લોકો એમ માનતા હતા કે ઈંગ્લેંડમાં જેઇમ્સ–પક્ષવાળા બંડ ઉઠાવશે., પણ ઈંગ્લેંડના કિનારા પર પરદેશીના દર્શન માત્રથી તમામ અંગ્રેજો વિલિઅમ–પક્ષમાં ભળ્યા, તથા નાણાં, માણસ આદિની મદદ છૂટથી આપવા તૈયાર થયા. ૧૬૯૨ માં વિલિઅમને હોલેન્ડ જવું પડયું.

વિલિઅમ અપ્રિય. તે ગયો એટલે કેટલાક જેઇમ્સ પક્ષવાળાઓ કાવત્રાં કરવા લાગ્યા. જેઇમ્સના જાલીમ જુલમનો અંત આણવામાં વિલિઅમ ઉપયોગી થએલો છતાં અંગ્રેજ પ્રજાને તેને માટે ખરો સ્નેહભાવ ન હતો; કેમકે તે થોડાબોલો, અતડો, કડક મીજાજી ને અંગ્રેજોને મન પરદેશી હતો. ઈંગ્લેંડનું રાજ્ય ઠીક કરતો, છતાં તેનું મન મુખ્યત્વે યુરોપી યુદ્ધમાં રોકાએલું રહેતું હોલેન્ડના રક્ષણના યુદ્ધમાં પૈસા ખરચવા અંગ્રેજોને ગમતા ન હતા. મેરી પણ જીવતા બાપની ગાદીએ આવવાથી શરૂઆતમાં અકારી થઈ પડેલી; પણ પાછળથી તેની નમ્રતા ને નિઃસ્પૃહાને લીધે તેણે લોકોનો સ્નેહ સંપાદન કર્યો.

લાહોગની જીત. મોન્સ આગળ વિલિઅમની હાર થતાં કેટલાક જેકોબાઇટ જેઇમ્સ સાથે મસલત કરવા ટોરીપક્ષને સમજાવવા લાગ્યા. ચર્ચિલ, રસેલ આદિ જેઇમ્સપક્ષમાં ભળવા તૈયાર હતા. પણ રસેલ લડશે નહિ એમ ધારી ફ્રેન્ચ નૌકા ઈંગ્લીશ ચેનલમાં દાખલ થઇ ત્યારે રસેલનું દેશાભિમાની લોહી ઉછળી આવ્યું. રાજભક્તિ કરતાં દેશ ભક્તિ શ્રેષ્ઠ ઠરી, ને તે બોલ્યો “ એમ ન માનતા કે આ રસેલ પોતાના દરિયામાં ફ્રેન્ચોને જીતવા દેશે ” તે બરાબર સચોટ લડયો

ને લાહોગ આગળ જીત પામ્યો તેણે ૧૫ ફ્રેન્ચ વહાણુ બાળી મૂક્યાં. આ લડાઇમાંથી ઘવાયલા ખલાસીઓ પાછા આવ્યા ત્યારે તેમને માટે હાસ્પિતાલ બનાવવા મેરીએ પોતાનો ગ્રીનીચનો મહેલ અર્પણ કર્યો. ૧૮૬૫ સુધી અહી હાસ્પિતાલ રહી, પણ ત્યાર પછીથી આ મકાનમાં 'રોયલ નેવલ કોલેજ' બેસે છે.

પ્રજાકીય દેવું.

આમ ફ્રાન્સના હલ્લાથી ઇંગ્લેંડ વિલિઅમ સાથે વધુ સજડ સંકળાયું. લાગલગટ પાંચ છ વર્ષ સુધી વિલિઅમે લડાઇને લીધે પરદેશ સેવ્યા, પાર્લમેન્ટને જ્યારે સમજ પડી કે આવી રીતે લડવાથી તે એક રીતે જેઇમ્સને ઇંગ્લેંડ આવતો અટકાવે ત્યારે તેને દ્રવ્ય પુરૂં પાડવા પાર્લમેન્ટે મહા મહેનત કરી. આ કામ સ્હેલું ન હતું, કારણ કે હવે પહેલાંની માફક દબાણથી લોન ભરાવાતી નહિ. ૧૬૯૨ માં તીજોરી ખાલી હતી, ને લડાઇ માટે દ્રવ્યની જરૂર હતી; રાજા ચાર્લ્સે કરેલું ચોકસીઓનું દેવું હજુ ઉભું હતું. આ મુશ્કેલીમાં ચાર્લ્સ મોન્ટેગ્યુ નામના બુધ્ધિશાળી પુરૂષે એક રસ્તો સુઝાડયો. ધનિક લોકોને ૧૦ લાખ પાઉન્ડ સરકારને ધીરવા સૂચના કરવી, અને તે બદલ સરકારે તેમને વાર્ષિક વ્યાજ આપવું—આવી યોજના તેણે પાર્લમેન્ટને વિસ્તારથી સમજાવી અમલમાં મુકાવી. આ દેવું આજ દિન સુધી વધતું ગયું છે, ને હાલ તે છે. જ્યાં સુધી તમામ પ્રજાકીય દેવું રદ ન થાય ત્યાં સુધી મુદલ કદી પાછું અપાવાનું નહિ, પણ વ્યાજ એટલું નિયમિત અપાય છે કે ઘણા લોકો પોતાની પૈસા આવી સલામત રીતે રોકવા તૈયાર હોય છે, પરંતુ કોઇ માણસને મુદલ પાછી લેવી હોય તો તે શેરદલાલ મારફત પોતાની લોન વેચાવે એટલે બજાર ભાવ લેખે તેને રોકડા નાણાં મળે.

નવું નવું હોવાથી આ રાજ્યમાં પ્રજાકીય દેવું બહુ વધ્યું નહિ. ૧૬૯૪ માં પેટર્સન નામના સ્કોચ મહાપુષે બીજી યોજના સૂચવી:—

સરકારે શાહુકારો પાસે ૧૫ લાખ પાઉન્ડની લોન લેવી ને લ્હેણુ-દારોને એક પટો આપી પ્રજાકીય બેન્ક બનાવવા દેવી; આનું નામ 'બેન્ક ઓફ ઇંગ્લેંડ' રાખવું તથા તેને સરકારનું તમામ નાણાં કામ સોંપવું અને સરકારી નાણાનું વ્યાજ તેને લેવા દેવું. આ બેન્ક પાછળથી ઘણી ફતેહમંદ નીવડી. તમામ સરકારી પૈસાની આપ લે તેની મારફતે થાય છે, ટંકશાળમાં વાપરવાની સોના ચાંદીની લગડી ત્યાં જ રહે છે, પ્રજાકીય દેવાનું વ્યાજ તે આપે છે ને જરૂર પડે તો પાર્લમેન્ટને નાણાં ધરે છે. આ બેન્કનું કામ એવું ધમધોકાર ચાલે છે કે હાલ તેમાં ૧૧૦૦ કારકુન કામ કરે છે તથા તેમના, પગાર ને પેન્શન પેટે દરવર્ષે ૩ લાખ પાઉન્ડ ખર્ચાય છે. તેની નોટ આખી દુનિયામાં સ્વીકારાય છે.

પાર્ટીથી રાજ્ય ચલાવવાની રૂઢી.

આ સમયે વ્હીગ ને ટોરી પક્ષોને મતભેદ વધી ગયો હતો; પ્રધાન મંડળનાં જે કામ બળવાન પક્ષને નાપસંદ હોય તેને માટે તે પક્ષ બહુ હેરાન-ગતી આપતો. આ મુશ્કેલી દૂર કરવા વિચક્ષણ સંડરલેન્ડે રાજાને એક રસ્તો બતાવ્યો કે બળવાન સરકાર બનાવવા માટે બળવાન પક્ષમાંથી પ્રધાનો નીમવા. હાલ પણ આ પધ્ધતિ અમલમાં છે. અમુક મહાકાર્ય વિષે પ્રધાનો પાર્લમેન્ટમાં બહુમતી ન મેળવી શકે તો તેમને રાજીનામું આપવું પડે છે; અને સામા પક્ષમાંથી રાજા નવા પ્રધાન નીમે છે. આ લોકો પણ કારભાર ન ચલાવી શકે તો પાર્લમેન્ટ વિસર્જન કરી નવી ચુંટણી કરવામાં આવે છે. આ રીતે પ્રધાનો પાર્લમેન્ટના નેતા, પ્રજાના ચુંટેલા પ્રતિનિધિ તથા રાજાના નોકર પણ બને છે.

ત્રિવાર્ષિક કાયદો.

વીલીઅમને પાર્લમેન્ટ સાથે પુષ્કળ તકરાર થતી છતાં તેના વખતમાં ઘણા સારા ધારા થયા. દરત્રણ વર્ષે નવી પાર્લમેન્ટ ચુંટવી જોઇએ એવી મતલબનો 'ત્રિવાર્ષિક કાયદો' પસાર થયો. છાપેલાં પુસ્તકો

ને ચોપાનીઆં સરકારી અધિકારી પાસે પાસ કરાવવા પડતાં તે રિવાજ બંધ કરવામાં આવ્યો, અને હવેથી કોઇપણ માણસ સરકારની યા બીજા કોઇની અંગત નિંદા સિવાય ચાહે તે છાપી શકે એવો ધારો થયો. આનું એક શુભ પરિણામ આ આવ્યું કે અનેક ન્યુસ્પેપરો આ વેળા જન્મ પામ્યાં ? ને તેથી આખા ઇંગ્લેંડની પ્રજાને શહેરોની હકીકત મળવા લાગી.

બીજા એક કાયદાથી રાજદ્રોહના ગુન્હેગારને બચાવ માટે વકીલ લાવવાની છૂટ મળી, તથા તેની વિરૂદ્ધ જે જે આરોપ મુકાયા હોય તેની નકલ આપવાનું નક્કી થયું એટલે હવે વેઇન, સ્ટ્રેફર્ડ, રસેલ, સીડનીની માફક બચાવ સાંભળ્યા શિવાય કોઇને સજા થઇ શકે નહિં. ન્યાયાધીશોને ચોક્કસ પગાર આપવાનું નક્કી થયું; તથા તેમણે ખોટું કામ કર્યું એમ પુરવાર થાય, યા પાર્લમેન્ટની બન્ને સભાની મરજી હોય તો જ તેમને બરતરફ કરી શકાય. જેઇમ્સની માફક રાજા પોતાની સત્તાથી ન્યાયાધીશોને હવે કાઢી શકે નહિં. આથી ન્યાય નિર્મળ થવા લાગ્યો.

બીજો નવો સુધારો ચલણી નાણાં વિષે હતો. ૨ જા ચાર્લ્સના સમય સુધી ચાંદીનું પતરૂં કાતરી સીક્કા બનાવાતાં, પછી આકાર બરાબર બનાવી તે પર હથોડીથી છાપ પાડવામાં આવતી. આ પદ્ધતિ અપૂર્ણ હોવાથી લુચ્ચા લોકો સીક્કાને સ્હેલાઇથી કાપી ચાંદી કાઢી લેતા. આમ દિન પર દિન સિક્કા ન્હાના થતા ગયા.

ચલણી નાણું સુધર્યું.

ઘણી વાર એવું બનતું કે ૫૦ શીલીંગ લઈ બેન્કમાં જાય તો તેની કિંમત માત્ર ૨૫ શીલીંગ અંકાતી. આના ઉપાય તરીકે રાજા ચાર્લ્સના વખતથી સીક્કાની કીનારી પર કાપા કાપા અથવા અક્ષર પાડવા માંડયા, જેથી કાપી લેવાનું બની શકે નહિં. પણ જુના સિક્કા ચાલુ હોવાથી બદમાશો નવા સિક્કા ગાળી નાંખતા અથવા ફ્રાન્સ મોકલી

હતા. આ બાબત એવી ગંભીર થઇ પડી કે મોન્ટેગ્યુ, સોમર્સ, લૉક, ન્યુટન આદિ સમર્થ વિદ્વાનોએ ભેગા થઇ ઠરાવ કર્યો કે જુનો સિક્કા તમામ ખેંચાવી લઇ નવા સિક્કા પુષ્કળ પડાવવા. ન્યુટનને ટંકશાળનો વડો નીમ્યો અને નવી પદ્ધતી ૧૬૯૬માં દાખલ કરી. શરૂઆતમાં મુશીબત નડી, પણ અંતે દરેકને પોતાના દ્રવ્યની પુરેપુરી કિંમત મળી; ને સરકારની ખોટ પુરવા બારીના કાચ દીઠ કર નાંખવામાં આવ્યો. આ કર, અનેક બ્હાનાં બતાવી, ઠેઠ ૧૮૫૧ સુધી અમલમાં રહેલો; ને આ અરસામાં બંધાએલા ઘર જોઇએ તો તેમાં બારીઓ થોડી ને કાચ ન્હાના માલમ પડે છે.

વીલીયમના ન્યાયી અને ડહાપણભર્યા રાજ્યમાં આવા લોકોપયોગી સુધારા થતા હતા તે વેળા તેના અંગત મુશ્કેલી ભારે હતી.

રાજાનાં અંગત દુઃખ.

રાણી મેરી શીતળાના રોગમાં ગુજરી ગઇ તેથી તેના દિલને સખત આઘાત લાગ્યો. વળી જેઇમ્સ પક્ષવાળાએ આનો લાભ લઈ તેને પદભ્રષ્ટ કરવા યત્ન કર્યો. લોકો બંડ ઉઠાવે તો લુઇએ મોટું લશ્કર મોકલવાનું વચન આપ્યું. ૧૬૯૬માં કેટલાક જણાએ એવો વિચાર કર્યો કે વીલીઅમ શિકારમાંથી પાછો ફરે તે વેળા તેનું ખુન કરવું. નશીબજોગે એક કેથોલીક ગૃહસ્થે વીલીઅમને વેળાસર ચેતાવ્યો. કાવત્રાંબાજોને પકડી સજા કરવામાં આવી. તથા ફ્રેન્ચ હુમલાની ખબર પડતાં પ્રજા વધુ વફાદાર થતી ગઈ. નામુરની જીતથી વીલીઅમ લોકપ્રિય બન્યો હતો અને પ્રજાને હવે શ્રદ્ધા બેસવા લાગી કે તે ફ્રેન્ચ યુદ્ધનો સારો અંત લાવશે. તેના ખુનની વાતથી લોકો તેને વધુ ચ્હાવા લાગ્યા. પાર્લમેન્ટ તરફથી એક રક્ષક-મંડળ થયું, જેમણે પ્રતિજ્ઞા લીધી કે રાજાનું ખુન થાય તો તેનું વેર લેવું ને આનને ગાદીએ બેસાડવી. આ મંડળમાં હજારો જોડાયા.

૧૬૯૭માં યુદ્ધ ખતમ થયું અને લુઇએ રીસ્વીક (હોલેન્ડમાં)

આગળ સુલેહ પર સહી કરી. આ મુજબ તેણે સ્ટ્રાસ્બર્ગના કિલ્લા સિવાયનો તમામ જીતેલો પ્રદેશ અસલ માલીકને

રીસ્વીકની સુલેહ.

સોંપી દેવો, વીલીઅમને ઇંગ્લેંડના રાજા તરીકે સ્વીકારવો, તથા ઇંગ્લીશ રાજને ફરી કદી ન હેરાન કરવાનું વચન આપવું એમ નક્કી થયું. આઠ આઠ વર્ષના લાંબા યુદ્ધ પછી આખરે સુલેહના દુર્લભ દર્શન થયાં; તે ઉજવવા દેવળોમાં પ્રાર્થના થઇ, અને પ્રજાનો આનંદ દર્શાવનારા સરઘસ, વાવટા, હોળી, રોશની આદિ નજરે પડતાં હતાં. લંડનની મોટી આગમાં બળી ગએલું સેંટ પોલનું દેવળ, જે સર ક્રીસ્ટોફર રેન ફરી બાંધી રહ્યો હતો, તે આ વેળા પહેલીવાર ઉપયોગમાં લેવામાં આવ્યું.

પણ આ સુલેહને ંગે રાજાને કડવી નિરાશા થઇ. કેમકે પાર્લમેન્ટે લશ્કર તથા નૌકા ઘટાડી નાંખ્યાં. બીજે વર્ષે ડચ ગાર્ડઝ (રક્ષક) ને વિદાય કરવા, તથા આયર્લેન્ડમાં ડચ લોકોને આપેલી જમીન પાછી લઈ લેવા દબાણ થયું. રાજા બહુ બળવાન થઇ જાય અથવા તેની પાસે મોટું લશ્કર થાય એ વિષે હજુ પણ પાર્લમેન્ટને બ્હીક લાગતી. આવા અણવિશ્વાસ તથા કૃતઘ્નતાથી વીલીઅમને બહુ દુઃખ થયું તથા એક બે વાર તો તેણે રાજપાટ છોડી હોલેન્ડ ચાલી જવાની ધમકી પણ આપી. પણ આખરે તેણે ડહાપણ વાપરી પાર્લમેન્ટને નમતું આપ્યું, અને સાથે સખત ચેતવણી આપી કે તમે ઇંગ્લેંડના રક્ષણની બરાબર જોગવાઈ કરતા નથી.

લુઇએ હાલ સુલેહ કરી તેનું આંતરીક કારણ એ હતું કે પોતાની મુરાદ તે બીજી રીતે પાર પાડવા ઇચ્છતો હતો. આ વાત વીલીઅમ જાણતો હતો પણ પાર્લમેન્ટને તેની

સ્પેઈનનો પ્રશ્ન.

કશી ખબર ન હતી. વાત એ હતી કે સ્પેઇનનો રાજા ચાર્લ્સ નબળો ને મંદુડીઓ હોવાથી તે

ઝાઝું જીવે એવી આશા ન હતી. તે અપુત્ર હતો, ને વળી સ્પેઇન, ને પલ્સ, સીસીલી, મીલન, નેધરલેન્ડ, દક્ષિણ અમેરીકા આદિ વિશાળ પ્રદેશનો માલીક હતો. તેનો સબળ હક્કદાર વારસ કોઇ નહોતો. ત્રણ રાજા તેના સગામાં હતા—૧. બાવેરીઆનો રાજકુમાર જોસફ, ૨ ઓસ્ટ્રીઆનો કુંવર ચાર્લ્સ ને ૩. લુઇનો પૌત્ર ફીલીપ. લુઇને ખાત્રી હતી કે મારા પૌત્રને આવું મોટું રાજ્ય મળે તે યુરોપ સાંખશે નહિં; એટલે આ રાજ્યનો એક ભાગ મળે એ હેતુથી વીલીઅમ સાથે તે તે કરાર કરવા માગતો હતો. હવે અનુકૂળ શરતો મેળવવા વીલીઅમને મજબુત લશ્કરની જરૂર હતી; ને આ કારણથી તે પાર્લમેન્ટના કાર્યથી ચીડાઇ ગયો હતો; છતાં પોતાથી બનતું કર્યું. સ્પેઇનના રાજ્યના ભાગલા વિષે બે તહનામાં થયાં; પહેલામાં એવું હતું કે જોસફને રાજ્ય સોંપવું અને બીજા બે હક્કદારને થોડો થોડો મુલક આપવો; પણ જોસફનું મોત થવાને લીધે બીજું તહનામું કરવું પડયું, સ્પેઇન ને નેધરલેન્ડ ચાર્લ્સને આપવાં, ને બાકીનો મુલક ફીલીપને આપવો એમ નક્કી થયું. લુઇને આ નિર્ણય પસંદ ન હતો, છતાં બને તેટલો લાભ લેવા તે રાજી હતો. આ તહનામાં ગુપ્ત હતાં અને તે વિષે સ્પેઇનના પ્રધાનોને પુછાયું પણ ન હતું. અમારા દેશના અમારી રજા વિના ભાગ પડયા એવું તેમને માલમ પડયું ત્યારે તેમના ગુસ્સાનો પાર રહ્યો નહિં. તેમણે પોતાના રાજા પાસે વસીઅત નામું કરાવી એમ ઠરાવ્યું કે આખું રાજ્ય ફીલીપને મળે. લુઇએ હવે શું કરવું ? અસલ તહનામાને વળગી રહેવું કે આ વસીઅતનામાને ? ભક્ષ્ય, બહુ મોટું હતું. વીલીઅમના લશ્કરને રજા આપફ્ી છે એવી બાતમી તેને મળી હતી. એટલે તેણે આખા તહનામાનો ભંગ કરી પોતાના પૌત્રને સ્પેઇનનો રાજા બનાવ્યો.

અંગ્રેજ પાર્લમેન્ટને એમ લાગ્યું કે આ સવાલને ઇંગ્લેંડ સાથે શું લેવા દેવા ? સ્પેઇનના ભાગલાના સવાલમાં માથું મારવા માટે તેઓ વીલીઅમ પર ખુબ ચીડાયા. પરદેશ માટે તેઓ યુદ્ધમાં ઝંપ-

લાવવા તૈયાર ન હતા તેમને મન તો વધુ અગત્યનો સવાલ ઇંગ્લંડના રાજ્યવારસાનો હતો. આનનો એકનો એક કુંવર ગુજરી ગયો એટલે તેમણે રાજ્યવારસાનો કાયદો કરી નક્કી કર્યું કે આનના મોત-પછી ગાદી હેનોવરની સોફીઆ તથા તેના બાળકોને મળે. આ સોફીઆ ૧ લા જેઈમ્સની પ્રપૌત્રી હતી તથા પ્રોટેસ્ટન્ટ માર્ગ પાળતી હતી. આ કાયદાથી મળેલા હક્કની રૂએ જ હાલના રાજા રાજ્ય કરે છે.

યુદ્ધનાં બીજ

પરંતુ તેમને ઝટ માલમ પડ્યું કે ભવિષ્યની મુશ્કેલીનું નિવારણ કરવા જતાં વર્તમાન મુશ્કેલી રહી ગઇ. ગયા યુદ્ધનો અંતિમ હેતુ ફ્રાન્સને હવે પોતાના નેધરલેન્ડમાંથી વેગળું રાખવાનો હતો, ને પ્રપૌત્રને નામે લુઇ ત્યાંના કિલ્લાઓ પર ફ્રેન્ચ સૈન્ય મુકી રહ્યો હતો. છતાં પાર્લમેન્ટ લડવા તયાર ન હતી; તેમણે ઇંગ્લેંડ, હોલેન્ડ, ઓસ્ટ્રીઆ વચ્ચે, લુઇને નેધરલેન્ડની બહાર કાઢવાની, ત્રિરાજ્ય સંધિમાં જોડાવા મંજુરી આપી. જેઈમ્સ સ્ટુઅર્ટ ફ્રાન્સમાં ૧૭૦૧ માં મરણ પામ્યો અને તેના પુત્રને લુઇએ ઇંગ્લેંડના ૩ જા જેઇમ્સ તરીખે સ્વીકાર્યો એવા સમાચાર મળ્યા ત્યારે લુઇ બહુ બળવાન થાય તો ઇંગ્લેંડને કેટલું જોખમ થાય તેનો ખ્યાલ હવે એકાએક અંગ્રેજ પ્રજાને થયો. ઇંગ્લેંડનો રાજા કોણ થાય તે પ્રશ્નમાં સરમુખત્યારી કરનાર લુઈ કોણ? આ બીના લોકો સમજ્યા એટલે લડાઇ જાહેર કરવા પ્રજાએ હોહા કરી મુકી. ચાલુ ટોરી પાર્લમેન્ટ બંધ કરી નવી પાર્લમેન્ટ બોલાવી, તેણે યુદ્ધની સામગ્રી માટે મનમાન્યાં નાણાં મંજુર કર્યાં.

આ વેળા નાદુરસ્ત તબીએતની લીધે વીલીઅમ સરદારી કરી શકે એમ નહોતું. તેણે આગલી લડાઇઓમાં ચર્ચીલ (હવે માર્લબરોનો અર્લ) ની લશ્કરી શક્તિ નીહાળી હતી એટલે તેને સેનાધિપતિ પદ

સોપ્યું. પણ લડાઇ જાહેર થતાં પહેલાં વીલીઅમ ગુજરી ગયો. ઇ. સ. ૧૭૦૨ આ શાંત ગંભીર પુરૂષે ઇંગ્લેંડ માટે આટલું કર્યું છતાં બદલામાં તેને ઉપકાર બહુ થોડો મળ્યો.

વિલિઅમના ગુણ દોષ આદિ.

આ મહા પુરૂષને બચપણથીજ દુઃખમય જીવન ગાળવું પડેલું; અને તે અનુભવથી એનો સ્વભાવ, બુદ્ધિ આદિ બરાબર ઘડાયાં હતાં. વાત ગુપ્ત રાખવાની કળા તો તેનામાં ન્હાનપણથી જ હતી. ભલભલા પુરૂષો તેની પાસેથી અનેક સવાલ પુછી બાતમી કઢાવવા ઇચ્છે તો પણ તે જરાપણ અમલની વાત બ્હાર પાડે નહિં. ધર્મ સંબંધમાં તેની મુખ્ય માન્યતા ભાગ્યાધીનતા વિષે હતી. તેની અનેક પ્રસંગો વેળા ખાત્રી થઇ હતી કે દુનિયામાં દરેક વસ્તુ વિધિના નિર્માણ કર્યા મુજબ જ થાય છે. તેને લશ્કરી અનુભવ બહુ થોડો હતો ને તેથી તે ઘણી વેળા હારતો. એક વેળા તે એમ બોલેલો કે "ફ્રેન્ચ સરદાર કોન્ડીના હાથનીચે મને બે ત્રણ લડાઇનો અનુભવ મળે તો તે માટે હું મારી જાગીરનો મોટો ભાગ આપવા તૈયાર છું." તેની હિંમત અપૂર્વ હતી; લડાઇમાં અનેક પ્રકારનાં દુઃખ દરદ થાય, ઉછળતા તોફાની દરિયામાં થઇ જવું પડે, તો પણ તે નાહિમ્મત બનતો નહિં. ખુન થવાની બ્હીકથી વજ્રકાય ક્રોમ્વેલ જેવાને પણ ભારે અસર થએલી; પણ આવી બ્હીક વીલીઅમને તુચ્છ ભાસતી.

હેનોવર વંશ.

હેનોવર રાજાઓની વંશાવળી

- ૧ લો જેઇમ્સ
  - ઇલીઝાબેથ
    - સોરીઆ (હેનોવરના રાજા વેરે પરણી હતી)
      - ૧ લો જ્યોર્જ (હેનોવરનો રાજા)
        - ૨ જો જ્યોર્જ (હેનોવરનો રાજા)
          - ફ્રેડ્રીક (બાપની હયાતીમાં મરણ પામ્યો)
            - ૩ જો જ્યોર્જ (હેનોવરનો રાજા)
              - ૪ થો જ્યોર્જ
              - ફ્રેડ્રીક
              - ૪ થો વીલીઅમ
              - એડવર્ડ (કેન્ટનો ડ્યુક)
                - વીક્ટોરીઆ
                  - વીક્ટોરીઆ (જર્મનીના મહારાજા વેરે પરણી)
                  - ૭ મો એડવર્ડ
                    - ૫ મો જ્યોર્જ
                  - આર્થર (કોનોટના ડ્યુક)
              - અર્નેસ્ટ ઓગસ્ટ (હેનોવરનો રાજા)

પ્રકરણ ૨૨ મું.

સ્ટુઅર્ટ વંશનો અંત:

રાણી આન ૧૭૦૨-૧૭૧૪.

કાયદેસર આન ગાદીએ આવી. તેના ઓરમાન ભાઈ જેમ્સને ખાત્રી થઈ ગઇ કે હવે ગાદી માટે ફાંફાં મારવા નકામા છે. ફ્રેન્ચ દરબારમાં તેને ૩ જો જેમ્સ કહેતા; ઈંગ્લેંડમાં તેને 'પાખંડી' કહેતા. સ્કોટલેન્ડમાં તેનો પક્ષ લે એવા ઘણા હતા પણ તેમનાથી કશું થાય એમ ન હતું.

'ભલી રાણી આન'નું અંગ્રેજ પ્રજામાં પુષ્કળ માન હતું. તે ધીરી, હઠીલી પણ દયાળુ ને સ્નેહાળ હતી. ઇલીઝાબેથની માફક પ્રજા પર તેનો ચાહ ઘણો હતો, અને તેના દિલમાં પ્રજાનું હિત વસતું. તેના ખાસ સલાહકારમાં માર્લબરો તથા તેની સ્ત્રી હતાં. માર્લબરોની સ્ત્રી રાણીની ન્હાનપણની બ્હેનપણી હતી. આ રાજ્યમાં ઝઘડો રાજા-પ્રજાનો મટી વ્હીગ-ટોરી વચ્ચે થયો.

માર્લબરો.

વ્હીગપક્ષને ફ્રાન્સ સાથે યુદ્ધ કરવું હતું; ટોરીપક્ષને માત્ર ઇંગ્લેંડનું રક્ષણ કરી બેસી રહેવું હતું. માર્લબરો મધ્યમ પ્રકારનો ટોરી હતો, પણ પોતે લશ્કરી સરદાર હોવાથી તેને યુદ્ધ બહુ પ્રિય હતું. ગોડોલ્ફીન પ્રધાન પણ યુદ્ધની તરફેણમાં હતો. આ પુરૂષોની વગ હવેના ૮ વર્ષ દરમ્યાન પ્રધાન મંડળમાં સર્વોપરી હતી.

રાણીને નામે યુદ્ધ જાહેર થયું. માર્લબરો નેધરલેન્ડ ગયોને લીજ લીધું. લુઇની સામે હોલેંડ ઇંગ્લેંડ, ઓસ્ટ્રીઆ, પ્રશીઆ, સેવોય આદિ હતા. યુદ્ધ એકી વખતે ચાર સ્થળે-નેધરલેંડ, સ્પેઇન, ઇટલી, અને જર્મનીમાં-ચાલ્યું. માર્લબરોનું કામ એવું ગજબ હતું કે એક વાર તો

સાંભળનાર માનેજ નહિં ? તે ફ્લેન્ડર્સ ને સ્પેઇનમાંની વ્યૂહરચના રચતો; મિત્રમંડળના જુદાજુદા પ્રધાનો સાથે તેની મસલત ચાલતી જ હોય; વળી રાજનીતિમાં ભાગ લેવા તથા લોકોનો જુસ્સો કાયમ રાખવા તે ઇંગ્લેંડ પણ જતો. તેના દોષ પણ પુષ્કળ હતા. લોભી હોઇ સ્વમાનનું ખરૂં ભાન તેને નહતું. રાજ્યવિપ્લવ વેળા તેણે પોતાના જુના મિત્ર જેઇમ્સને ત્યજી દીધો હતો, અને વીલીઅમ ગાદીએ આવ્યા પછી જેઇમ્સ સાથે ગુપ્ત વ્યવહાર રાખવા પણ તે ચુકતો નહિ. આવા કાર્યથી તે વિશ્વાસપાત્ર ન ગણાતો. રાજખટપટમાં તે કુશળ હતો; અને વેલીંગ્ટન પહેલાના અંગ્રેજ સરદારોમાં તે ઉત્તમ લેખાય છે. તે શાંત ખટપટી, લડાઇના મેદાનપર દયાળુને બીલકુલ નીડર હતો. આખા યુરોપમાં લડતા દરેક લશ્કરને શું શું કરવું તે સંબંધી તે ઝપાટાબંધ અને વખતસર સૂચના મોકલતો. પહેલાં બે વર્ષમાં તો મિત્રમંડળ બ્હીકણુ તથા અસંપી હોવાથી તે યુદ્ધનો અટકાવ કર્યા ઉપરાંત કશું કરી શકયો નહિં.

આ બે વર્ષ દરમ્યાન ડીસેન્ટરો (વ્હીગ પક્ષના) ને પાર્લમેન્ટમાંથી દૂર કરવા એક ધારો સૂચવવામાં આવ્યો. તેઓ અત્યારસુધી જગા લેતી વેળા અંગ્રેજ રાજધર્મના સંસ્કાર કબુલ રાખતા, ને પછી પોતાના દેવળમાં જતા, તે રિવાજ આ ધારાથી બંધ થતો હતો. આમની સભામાં આ દરખાસ્ત પાસ થઈ, પણ ઉમરાવોએ ૧૭૧૧ સુધી મચક ન આપી. ૧૭૧૧ માં તેમને એ દરખાસ્ત પાસ કરવી પડી. ત્યારથી માંડી સો એક વર્ષ સુધી દરવર્ષે ડીસેન્ટરોને અધિકારમાં રાખવા માટે પાર્લમેન્ટને રજા આપવી પડતી. ૧૭૦૪ માં ટોરીપક્ષને ખુશ કરવા ખાતર માર્લબરોએ રાણીને એવી સલાહ આપી કે વરસુનીઆ આદિ કર જે અસલ પોપને મળતા ને અત્યારે રાજાને મળતા તે હવે પછી દેવળના કાર્યમાં ખરચવા. આજે પણ આ દ્રવ્ય ગરીબ પાદરીને મદદ કરવામાં વપરાય છે.

દરમ્યાન મિત્રમંડળની ઢીલથી માર્લબરો કંટાળ્યો હતો. બુધ મોટું લશ્કર લઇ યુજીનના ઓસ્ટ્રીઅન લશ્કર સાથે લડવા ઇચ્છતો હતો. આ વિચારથી કેટલું નુકસાન નીપજે તે માર્લબરો તરત સમજી ગયો; એટલે પોતાની ઇચ્છા કોઇને દર્શાવ્યા વિના તે વીએના તરફ સીધાવ્યો. યુજીનને તે બ્લેન્હીમ આગળ મળ્યો; અને આ સંયુકત લશ્કર વડે તેણે અજીત ગણાતા ફ્રેન્ચ લશ્કરના દસ અગીઆર આની ભાગને તારાજ કર્યું.

બ્લેન્હીમની જીત.

આ જ સમયે નોકાધિપતિ રૂકે જીબ્રોલ્ટરનો મજબુત કિલ્લો સર કર્યો. માર્લબરો અંગ્રેજ પ્રજાને દેવસમાન તથા ફ્રેન્ચને કદ્રા કાળ સમાન થઇ પડયો. પાર્લમેન્ટે તેની અપૂર્વ સેવા બદલ તેને જાગીર બક્ષી જ્યાં તેણે એક ભવ્ય મહેલ બંધાવ્યો. ૧૭૦૫ ની ચુંટણી વેળા પ્રજા યુદ્ધની તરફેણમાં હોવાથી ગોડોલ્ફીન તથા માર્લબરોને વ્હીગ બહુમતી મળી શકી.

જીબ્રાલ્ટર સર.

૧૭૦૬ માં માર્લબરોનો રામીલીઝ આગળ મહાવિજય થયો. ઓસ્ટ્રીઆના શહેનશાહે તેને નેધરલેન્ડનો સુબો થવા કહ્યું પણ અંગ્રેજ અને ડચ લોકોનો વિરોધ જોઇ તેણે ના પાડી. સ્પેઇનમાં પીટર બરો નામના અંગ્રેજ સરદારે જીત મેળવી તથા ૫ મા ફીલીપને હાંકી મુકી ઓસ્ટ્રીઆવાસી ચાર્લ્સને રાજા બનાવ્યો. બધી બાજુએ હાર ખાધાથી લુઇને સુલેહની ઝંખના થવા લાગી; ચાર્લ્સને સ્પેઇન તથા નેધરલેન્ડ આપવા તે તૈયાર થયો. આ શરતે સુલેહ થવી જોઇતી હતી. પણ અંગ્રેજ પ્રજાને યુદ્ધની લ્હે લાગી હતી અને વ્હીગપક્ષને એવી બ્હીક હતી કે લડાઇનો અંત આવ્યો તો આપણી સત્તા જરૂર ચાલી જવાની એટલે સુલેહના કાર્યમાં તેમણે પથરો નાંખ્યો તથા પોતાના અંગત

વ્હીગ પક્ષ સુલેહની વિરૂદ્ધ.

સ્વાર્થને ખાતર દુશ્મનને ઉશ્કેરી નિષ્ફળ યુદ્ધમાં નિર્દોષ માણસોનું લોહી રેડાવ્યું તથા દ્રવ્યનો ખોટો વ્યય કરાવ્યો. હાલ ઇંગ્લેંડનો વેપારવણજ ઠીક ચાલતો હોવાથી તે આવો બોજો ઉઠાવી શક્યું. સંપત્તિની વૃદ્ધિ થવાથી પ્રધાનોને લોન ભરાવવામાં જરાએ અડચણ ન નડતી, અને પ્રજાકીય દેવું સાડા પાંચ કરોડે પહોચ્યું, આ દેવું પ્રજા ને સરકાર વચ્ચે એક જાતની ગાંઠરૂપ હતું. સરકાર નબળી પડે તો તેને ઉથલી જવાનો ભય રહે ને તેમ થાય તો પ્રજાના પૈસા ડુબે માટે સરકારને સબળ બનાવવા પ્રજા પોતાથી બનતું કરતી. આ વિચાર ૧૭૦૮ માં પ્રજા બરાબર સમજી ગઈ. આ સાલમાં રાજપા- ખંડી જેઇમ્સે ફ્રેન્ચ લશ્કર સાથે સ્કોટલેન્ડમાં ઉતરવાનો પ્રયાસ કરેલો પણ તેમાં તે ફાવ્યો નહિ. પણ આ કાર્યથી નીપજેલી ફાળને લીધે પ્રજાકીય દેવાનો બજારભાવ ચાદ પંદર ટકા બેસી ગયો.

પરંતુ બેન્ક ઓફ ઇંગ્લેંડ સરકાર તથા વેપારીઓને ઘણી સહાય કરતી. અસલના ચોકસીઓની પેઢી કરતાં આ બેન્કની સલા- મતી એટલી બધી, ચોક્કસ હતી, કે તેની સાથે વ્યવહાર રાખવાથી વેપારીઓની શાખ વધતી. શહેરોની અગત્યતા વધતી ગઇ. વેસ્ટ ઇંડીઝ સાથેના વેપારથી બ્રીસ્ટલ બંદર ઘણું વધી ગયું; મેન્ચેસ્ટર, શેફીલ્ડ આદિમાં વસ્તી વધતી ગઇ. અને લંડનના પ્લેગ અને આગ પછી ઘણા વેપારીઓ લીવરપુલ જઇ વસ્યા હતા તેથી તે મોટું શહેર લેખાવા લાગ્યું હતું. એક દુઃખની વાત એ હતી કે નાના નાના વતનદારોનો વર્ગ નષ્ટ થતો હતો. આ લોકો પોતાના વંશ- પરંપરાના વતન ભોગવતા તથા ખેતીથી ગુજરાન કરતા. પણ હવે પુષ્કળ પડતર જમીન વાડવડે ઘેરી લીધાથી ખેતીમાં ઝાઝો કસ રહ્યો નહિ; વળી પૈસાદાર થએલા વેપારીઓ જમીનજાગીર ખરીદવા એટલા આતુર હતા કે ખેડુતને જમીન વેચી પૈસા વેપારમાં રોકવા વધુ લાભદાયક થઇ પડયા. આવી રીતે આ સાદા, મજબુત કાઠાના

અને સ્વતંત્ર મીજાજના મધ્યમ વર્ગના ખેડુતો જે આટલા બધા વર્ષોથી દેશના સ્તંભરૂપ હતા તે દેશમાંથી અદૃશ્ય થવા લાગ્યા.

સ્કોટલેન્ડ-ઇંગ્લેંડ-નો સંયોગ.

૧૭૦૭માં ઈંગ્લેંડ અને સ્કોટલેન્ડને એક કરવામાં આવ્યા. અત્યાર સુધી આ બે દેશ વચ્ચે જતા આવતા માલ ઉપર ભારે જકાત લેવાતી. સ્કોટલેન્ડ ગરીબ દેશ, અને તેને વધુ વસ્તુ પરદેશથી લાવવાની હોવાથી ત્યાંની પ્રજાને આ જકાત બોજા સમ હતી; એટલે તેઓ બેચેન થવા લાગ્યા. વળી ડેરીઅન સંસ્થાનની સ્કોચ યોજના નિષ્ફળ બનાવવા માટે તેઓ અંગ્રેજો પર બહુ ગુસ્સે થયા; ને તેમણે ૧૭૦૩ માં ઠરાવ કીધો કે આન રાણીના મોત પછી સ્કોટલેન્ડ માટે જુદો રાજા નીમવો. આ વિચાર અમલમાં મુકાયો હોત તો તેનું પરિણામ ભયંકર નીવડત, કેમકે બે જુદા રાજા થવાથી અસલની માફક તેઓ અવશ્ય લડી મરત. એટલે અંગ્રેજોએ સરહદ આગળથી જતા માલ ઉપરની જકાત કાઢી નાંખવા કબુલ કર્યું પણ એવી શરતે કે સ્કોટ લોકોએ પોતાની સ્વતંત્ર પાર્લમેન્ટ રદ કરી ઇંગ્લેંડની પાર્લમેન્ટમાં પ્રતિનિધિ મોકલવા. પહેલાં તો સ્કોટલોકો આમ કરવા ખુશી નહોતા પણ પાછળથી ૧૭૦૭ માં બન્ને દેશ તરફથી નીમાએલા એક કમીશને એમ કબુલ કર્યું કે સ્કોટ લોકોને પ્રેસ્બીટેરીઅન ધર્મ છૂટથી પાળવા દેવો, તેમના રીત રિવાજ તથા કાયદા કાનુન અખંડીત રહેવા દેવા, પણ તેઓ પોતાની પાર્લમેન્ટ કાઢી નાંખી તેને બદલે ૪૫ મેમ્બર આમની સભામાં ને ૧૬ ઉમરાવોની સભામાં મોકલે. આ સંયોગના કાયદાથી બન્ને દેશ એકત્રિત થયા ને તેનું નામ ગ્રેટ બ્રિટન રાખવામાં આવ્યું. યુનીઅન જેકના વાવટા પર ઇંગ્લેંડની સેન્ટ જ્યોર્જની ચોકડી અને સ્કોટલેન્ડની સેન્ટ એંડ્રુઝની ચોકડી ભેળી કરવામાં આવી. આજે આ બન્ને પ્રજાના લાભાલાભ, પ્રજાતત્ર અને શુભેચ્છા સમાન થવાથી તેઓ ભ્રાતૃભાવે એકમેક સાથે વર્તે છે. :આવી રીતે જે બે દેશ વચ્ચે સેંકડો

વર્ષો દરમ્યાન નિરંતર ઝઘડા ટંટા ચાલ્યા કરતા તેઓ ૧૭૦૭ થી એક થયા અને આબાદીમાં દિનપરદિન વધતા ગયા.

સ્કોટલેન્ડની આ સુંદર છબી પરથી નજર ફેરવી આયર્લેન્ડની છબી તરફ જોતાં દિલને ક્લેશ થાય છે. અહીં

આયર્લેન્ડનાં દુઃખ.

આપણે વાંચી ગયા તે મુજબ લીમરીકના વચન પળાયા નહતા અને હારેલા કેથોલીકો તરફ ઇંગ્લેંડનું હવેના ૫૦ વર્ષનું વર્તન અતિક્રૂર હતું. નવાનવા ફોજદારી કાયદા કરીને પાદરીઓ પર ત્રાસ વર્તાવવામાં આવ્યો, કેથોલીકોને લાંચની લાલચથ‍ા અથવા ભણવાના સાધન લઇ લેવાની બ્હીકથી પ્રોટેસ્ટન્ટ બનાવાતા. અને આ સર્વ ઉપરાંત આયર્લેન્ડના વેપાર હુન્નરને હાનીકારક કાયદાથી લોકો છેક મરણીઆ થયા, તથા તેમણે લુચ્ચાઇ ને તોફાનની કળા કેળવી. આ નીતિના માઠાં પરિણામ હજુ પણ અંગ્રેજોને નડે છે.

આ સઘળો વખત યુરોપી યુદ્ધ ધીરે ધીરે ચાલતું હતું. માર્લબરોને નવી ત્રણ જીત મળી હતી–ઓડી નાર્ડ,

માર્લબરોના નવી જીત.

લીલ, ને માલપ્લાકેટ. હવે ફ્રાન્સ હાંરી ગએલું હોવાથી લુઇએ ૧૭૦૯માં સુલેહનો સંદેશો કહાવ્યો, ને આ વેળા પણ ઓસ્ટ્રીઆને ઇંગ્લેંડે ના પાડી. આ અંગ્રેજ પ્રધાનોની ભૂલ હતી; ને લશ્કરના જીંદગીભરના સેનાપતિપણાની માંગણી કરવામાં માર્લબરોની વધુ ગંભીર ભૂલ હતી. ક્રોમ્વેલના સમયથી લશ્કરી સત્તાવાળા મહાપુરૂષની અંગ્રેજ પ્રજાને બહુજ બ્હીક લાગતી; અને વળી લોકો લાંબી લડાઇથી અને બ્હીગ કારભારથી કંટાળ્યા હતા.

આ વેળા ડૉ. સેશેવરલ નામના ટોરી પાદરીએ ઇશ્વરી હક્ક તથા રાજવિરોધમાં રહેલા દુષ્ટપણા વિષે એક

ડૉ. સેશેવરલ.

વ્યાખ્યાન આપ્યું. વ્હીગોને એમ લાગ્યું કે આ વ્યાખ્યાન વીલીઅમને આનના હક્ક ઉપર હુમલા

રૂપ છે; અને પ્રધાનમંડળે ડૉ. સેશેવરલ પર રાજદ્રોહનો આરોપ મુક્યો, ને તેને અપરાધી ઠેરવ્યો; પણ પ્રજા તેના તરફ હોવાથી તેને ૩ વર્ષ સુધી ઉપદેશ આપવાની મના જેવી સાધારણ સજા થઇ; તથા તેનું ભાષણ જાહેરમાં બાળી નાંખવાનો હુકમ થયો. આમાં પ્રજાની મુર્ખાઈ હતી, છતાં તે અત્યારે ગમે તે કારણે વ્હીગ પ્રધાનો સાથે લઢવાઢ કરવા માંગતી હતી. ડૉ. સેશેવરલને છોડી મુકવામાં આવ્યો ત્યારે લોકોના ટોળાં તેનો જય પોકારતા તેની પાછળ ગયા તથા તેમણે પોતાનો આનંદ અનેક રીતે પ્રદર્શિત કર્યો.

રાણીને પ્રજામાટે શુભ લાગણી હતી; અંતરથી તેનું વલણ ટોરી તરફ હતું; અને વળી આજ સમયે માર્લબરોની સ્ત્રી સાથે તેને તકરાર થઈ. હાર્લી ને સેન્ટ જોન નામના ઉત્તમ વક્તાઓ પાર્લેમેન્ટમાં માર્લબરોની ઝાટકણી કરતા હતા; અને સ્વીફ્ટ નામનો વિદ્વાન લેખક પોતાના વિરોધી લેખથી તેમને મદદ કરતો. એક વેળા ચાલુ યુદ્ધના ખર્ચ વિષે તેણે લખ્યું કે '૬૦ લાખ પાઉન્ડ રોકડા હતા તે અને ૫ કરોડ દેવું કરીને અપાયા ! આ મોટા મિત્રોએ તો આપણું ધાણું કાઢી નાંખયો !,' માર્લબરો અંગત સ્વાર્થ ખાતર લડાઇ લંબાવે જાય છે એવી મત્તલબના આરોપ તેનાપર મુકાવા લાગ્યા. ૧૭૧૦ માં રાણીએ પ્રધાનમંડળને વિદાય કર્યું ને હાર્લી (ઓક્સફર્ડનો અર્લ)તથા સેન્ટ જોન (વાઇ કાઉન્ટ બોલીંગબ્રોક) ને નવા પ્રધાન નીમ્યા. નવી ચુંટણી થઇ તેમાં ટોરીપક્ષનું બળ વધ્યું. માર્લબરોની જગા ઓર્મંડના ડયુકને મળી. પ્રજાના પૈસાનો દુરૂપયોગ કર્યો એવું તહોમત પણ માર્લબરો પર મુકાયું; તેની સ્ત્રીને રાણી સાથે અણબનાવ થઇ ચુકયો હતો એટલે તે પરદેશ ગયો.

માર્લબરોનાગુણદોષ. આ મહાપુરૂષના જીવનનું ટુંક પુનરવલોકન અત્રે અસ્થાને ન ગણાય. રાજા જેઇમ્સની સહાયથી તથા પોતાના અસાધારણ લશ્કરી ગુણોને લીધે તે ઝપાટા બંધ ઉન્નતિ કરી શકયો. તેની

શક્તિના દર્શનનું ખરેખરૂંસ્થળ યુદ્ધભૂમિજ હતું. સ્વભાવે શાંત ને ગંભીર હોવાથી અમે તેવા મોટા સાહસ તે ખેડતો; છતાં તેની બુદ્ધિ ને ડહાપણુ આવા સાહસમાં દેખાયા વિના ન રહેતાં ને આથીજ તે સદા જય મેળવતો. થાક ઉજાગરો ટાઢ તરસ આદિ સ્હેવાની શક્તિ તેનામાં અપાર હતી. તેના સુંદર દેખાવ ને મીઠી વાણીને લીધે તે હરકોઇના મન હરી લેતો. પરંતુ તે મહાલોભી, શઠવૃત્તિવાળો, બહો સ્વાર્થી હતો. જેઇમ્સની તેણે તનતોડ સેવા કરેલી પણ તે સ્વાર્થી મતલબથી, કાંઇ નિર્મલ ભાવથી નહિં. પોતાની ગરજ સરી રહી એટલે જેઇમ્સનું પાસું નરમ નીરખી તે વીલીઅમ સાથેની ખટપટમાં સામેલ થયો. વીલીઅમે ગાદીએ આવ્યા પછી તેને માર્લબરોનો અર્લ એવો ખિતાબ બક્ષ્યો. પરંતુ જે પુરૂષ જેઇમ્સના આટઆટલા ઉપકાર એક ક્ષણુમાં ભૂલી ગયો તે પુરૂષ વીલીઅમને વફાદાર ક્યાંથી નીવડે ?વીલીઅમના આખા રાજ્ય દરમ્યાન માર્લબરોએ જેઇમ્સપક્ષવાળા સાથે ખટપટ કરેલી. તેની વહુને આનરાણી સાથે પુષ્કળ સ્નેહ હતો. સારા જેનીંગ્સ (માર્લબરોની વહુ) બહુ ચતુર હતી તેથી આન પાસે ચાહે તે કરાવી શકતી.

માર્લબરોના ગયા પછી ટોરીપક્ષે સુલેહનું કામ હાથમાં લીધું.

યુટ્રેકટનું કરાર-નામું.

૧૭૧૩ માં યુટ્રેક્ટ આગળ કરાર થયા. ૭ વર્ષ પૂર્વે સલાહ કર્યાથી જે લાભ બ્રીટન મેળવી શકત તે હાલ મળે એમ નહતું. સ્પેઇન તથા ફ્રાન્સની ગાદી એકત્ર ન કરવી એ શરતે ફીલીપને સ્પેઇન તથા અમેરીકા (સ્પેઇનની માલીકીનો ભાગ) મળ્યા; ઓસ્ટ્રીઆને મીલન, નેપલ્સ, તથા નેધરલેન્ડઝ મળ્યા; ડચ લોકોને પોતાની સરહદ પરની કિલ્લાની હાર મળી; બ્રીટનને જીબ્રાલ્ટર, માઇનોર્કા, નોવા સ્કોશીઆ મળ્યા. આન તથા હેનોવર વંશને ઈંગ્લેંડના હક્કદાર રાજ્યકર્તા તરીકે સ્વીકારવા તથા રાજપાખંડીને મદદ ન આપવા લુઇએ વચન આપ્યું. વળી બ્રીટનને સ્પેઇનના

સંસ્થાનો સાથે નીગ્રો ગુલામના વેપારનો ઇજારો ૩૦ વર્ષ માટે મળ્યો; ને દક્ષિણ સમુદ્રમાં દરવર્ષે એક વેપારી વહાણ મોકલવાનો ઇજારો પણ મળ્યો.

રાણીનું મરણ. આન માંદીસાજી ચાલતી હતી. તેના પછી કોણ ગાદીએ આવશે તેનો સૌ કોઇ વિચાર કરવા લાગ્યા. સોફીઆ ગુજરી ગઇ હતી, એટલે તેનો પુત્ર જ્યોર્જ હક્કદાર વારસ બન્યો હતો, જ્યોર્જ જર્મન હોવાથી અંગ્રેજી ભાષા બીલકુલ બોલી શકતો નહિ એટલે જેઇમ્સ પક્ષવાળા એમ ધારતા હતા કે રાજપાખંડીની આણ ફેરવવામાં ફત્તેહ મળશે. બોલીંગબ્રોક તથા ઓકસફર્ડ જેવા પ્રધાન પણ આ વિષેની મસલતમાં સામેલ થયા કેમકે તેમને એવી દહેશત હતી કે જ્યોર્જ વ્હીગ લોકોનો પક્ષ લેશે. એક દિવસ કાઉન્સીલમાં ઓકસફર્ડ તથા બોલીંગબ્રોકને સખત બોલચાલ થવાથી રાણીને બહુ લાગી આવ્યું, ને બે દિવસમાં આ આઘાતને પરિણામે તે ગુજરી ગઇ. (૧૭૧૪) આર્ગાઇલ, સમરસેટ, શ્રુઝબરી આદિ નેતાઓએ ભેગા થઇ લંડન તથા પોર્ટસ્મથમાં લશ્કર ગોઠવી દીધું અને જ્યોર્જની આણ ફેરવી.

સ્ટુઅર્ટ ઇતિહાસનું ટુંક અવલોકન. જે સંકટમય સમયમાં સ્ટુઅર્ટ રાજાઓએ આપખૂદી માટે સતત પ્રયાસ કરેલા અને પાર્લમેન્ટ તથા પ્રજાએ તેમનો વિરોધ કરેલો તે સમયને આપણે વટાવી ગયા છીએ. આ ઝુંબેશ જે લગભગ સો વર્ષ ચાલ તેનો અંત એ આવ્યો કે પાર્લમેન્ટની સત્તા પહેલાંના પ્રમાણમાં વધી, અને જ્યોર્જના રાજ્યમાં હજુ વધશે તે આપણે જોઇશું. રાજા અંગ્રેજીમાં ચાલતી ચર્ચા ન સમજે, એટલે તેણે પ્રધાનમંડળમાં બેસવું છોડી દીધું; અને તેનું પ્રમુખસ્થાન પ્રધાનોમાં જે નેતા હોય તેણે લેવા માંડયું. તે દિવસથી

વડો પ્રધાન ખરો કર્તા હર્તા બન્યો છે. પરંતુ રાજા વિનાના રાજ્ય અખતરો કરવા પ્રજા ઇચ્છતી નહતી અને તેથી તે વંશપરંપરા રાજાને વળગી રહેતી. લોકો સારીપેઠે સમજતા હતા કે મર્યા રાજ્ય, જેમાં રાજા પ્રધાનોને પસંદ કરે અને કોઇ પણ એક પને બહુ સત્તાવાન થતો અટકાવે છે, તે ઉત્તમ તથા સહિ સલામત

આ સૈકામાં પ્રજાની બુદ્ધિ સંપત્તિ ધીમે ધીમે ચુપચુપ વિક પામી રહી હતી. દેશ વધુ ધનવાન બનતો ગયો એટલે વધુ લોકે પોતની બુદ્ધિ ખીલવવા જેટલો અવકાશ મળ્યો હતો. વળી સમયના પ્રધાનોએ, વિદ્વાનોને પેન્શન તથા સારી જગ્યા આપી, વિદ પોષી હતી. મીલ્ટન, ન્યુટન, લોક, એડીસન આદિ સમર્થ પંડિતો સરક નોકરીમાં હતા. ન્યુસપેપરનો પ્રચાર આ સમયમાં ઠીક થયો હતો; સાહિ પણ ઠીક ખીલ્યું હતું. સાહિત્યના પ્રચારથી લોકોમાં મતમતાન્તર અગત્ય તથા ધર્મ છૂટની લાગણી થવા લાગી હતી. અગત્યના પ્રશ્ન પ્રમાણિક મતભેદ હોઇ શકે અને આવો મતભેદ તિરસ્કારપાત્ર એ વિચારનું ઝાંખું દર્શન પ્રજાને થયું હતું. આપણે અંગ્રેજ પ્રજા બાલ્યાવસ્થાનો ઇતિહાસ પૂર્ણ કર્યો છે ને હવે આપણે ૧૮ સદીમાં દાખલ થઇ તે પ્રજાની જુવાનીનું નિરીક્ષણ કરીએ.

વિભાગ ૬ ઠો.

બ્રિટિશ રાજ્યની વૃદ્ધિ.

પ્રકરણ ૨૩ મું.

આંતરિક શાંતિ તથા પરદેશમાં વિજય તેથી મળેલી મજબુતાઇ.

આન રાણીના મુઆ પછી, ગાદી વારસ ૧ લો જ્યોર્જ પોતાના દીકરા સાથે ગ્રીનીચ બંદરે ઉતર્યો. પરદેશી હતો છતાં તેને પ્રજાએ સારો આવકાર આપ્યો કારણ પ્રજાનો અવિગ્રહ (શાંતિ) તથા સારા રાજવહીવટની જરૂર હતી. પાછલા ઇતિહાસમાં આપણે જોયું કે

જ્યોર્જનાં લક્ષણ.

૨ જો જેઇમ્સ ફ્રાન્સ ન્હાસી ગયો ત્યાર પછીના ૨૫ વર્ષ દરમ્યાન બે ભારે યુદ્ધ થએલાં, ૧. ૧૬૮૯ થી ૧૬૯૭ જે વેળા વીલીઅમને ઘણોખરો વખત દેશ બ્હાર રહેવું પડેલું. ને ૨. ૧૭૦૨ થી ૧૭૧૩ જે વેળા વીર માર્લબરોએ અનેક વિજય મેળવી પોતાની કીર્તિ દુનિયામાં અમર કરેલી. બ્રિટનને આ યુદ્ધમાં દાખલ થવાના બે કારણ હતાં, ૧ હોલેન્ડની રક્ષા કરવા. ને ૨. ફ્રાન્સ સ્ટુઅર્ટ વંશને ઇંગ્લેંડમાં ન ઝમાવી શકે તેવી વ્યવસ્થા કરવા. આ લડાઇનો કુલ ખર્ચ એટલો બધો થએલો કે ૧૬૯૨માં શરૂ થએલું પ્રજાકીય દેવું ૨૨ વર્ષમાં લગભગ ૪ કરોડ પાઉન્ડ જેટલું થઇ ગયું. હવે લોકોને એવો રાજા જોઇતો હતો કે જે પાલમેન્ટ તથા પ્રધાન મંડળને સરળ કારભાર કરવા દે, ને જે વિદેશી વિગ્રહમાં [illegible] ખેંચીને પાછા આવવાની તક જ ન આપે.

જ્યોર્જ આવા જ પ્રકારનો આદમી હતો તેની ઉમ્મર ૫૪ વર્ષની થઇ હતી; તે કામમાં ધીરો તથા દેખાવે બેડોળ હતો; અને તેને ઇંગ્લેંડ કરતાં હેનોવર પર વધુ પ્રીતિ હતી. પરંતુ શુભ દાનતનો

હોવાથી તે સુવ્યવસ્થિત રાજ્ય માટે પોતાથી બનતું કરી છુટતો; ને પ્રધાનોના કામમાં દખલ ન નાંખતો, તેનું સ્વાભાવિક વલણ વ્હીગપક્ષ તરફ હતું. કેમકે તે પક્ષે એને રાજગાદી અપાવી હતી; ને ઇંગ્લેંડમાં પગ મુકતાં પહેલાં જ તેણે ટોરી પ્રધાનોને વિદાય કર્યા. નવી પાર્લમેન્ટમાં વ્હીગપક્ષની બહુમતી હતી, તેથી જેકોબાઇટ સાથે છુપી રીતે ભળવા માટે ઓક્સફર્ડ, બોલીંગબ્રોક ને ઓર્મન્ડ ઉપર રાજદ્રોહના તહોમત મુકાયાં. ઓક્સફર્ડને બે વર્ષ સુધી ટાવરગઢમાં કેદ કરવામાં આવ્યો, ને બોલીંગબ્રોક તથા ઓર્મન્ડ ફ્રાન્સ ભાગી ગયા.

હજુ સ્ટુઅર્ટનો પક્ષ લેનારા ઇંગ્લેંડમાંથી સાવ નાબુદ થયા ન હતા. તેથી પ્રજામાં અસ્વસ્થતા ઘણો વખત રહી. દેશમાં મોટાં હુલ્લડો થવાથી ૧૭૧૫માં એક કાયદો કરવામાં આવ્યો જે સંભળાવ્યા બાદ જો કોઇ ટોળું શાંતિથી વિખરાઇ ન જાય તો અધિકારીઓ પોતાનું બળ વાપરી તેમને વીખેરી શકે ને તેમાં કોઇને નુકસાન નીપજે તેનું જોખમ તેમને શિર નહિં.

પંદરનો બળવો

સ્કોટલેન્ડ તથા ઉત્તર ઇંગ્લેંડમાં બળવો વધુ ગંભીર થયો. માર નામના ઉમરાવની સરદારી હેઠળ સ્કોચ હાઇલેન્ડરો અને ડર્વેન્ટવોટરના હાથ નીચે અંગ્રેજ જેકોબાઇટો તૈયાર થઇ ગયા. તેમની વિરૂદ્ધ આર્ગાઇલને મોકલવામાં આવ્યો. તેણે બન્ને લશ્કરને એકે એક હરાવ્યા અને બે મહિનામાં બળવાનો અંત આણ્યો. રાજપાખંડી નિરાશ થઇ ફ્રાન્સ ગયો; માર પણ ફ્રાન્સ ન્હાસી છુટયો; ડર્વેન્ટવોટરને ફાંસીની સજા થઇ. આ તોફાન તથા બળવાથી લોકોને સરકારની સખ્તાઇની જરૂરની ખાત્રી થઇ. ૧૭૧૬ માં એક કાયદો કરવામાં આવ્યો જે મુજબ રાજા એકની એક પાર્લમેન્ટને વધુમાં વધુ ૭ વર્ષ સુધી રાખી શકે. આજે પણ આ કાયદો અમલમાં છે.

દરમ્યાન ઇંગ્લેંડનો કટ્ટો શત્રુ ૧૪ મો લુઇ ૭૧ વર્ષ રાજ કરી ૧૭૧૫માં ગુજરી ગયો, તેનો પ્રપૌત્ર ૧૫મા લુઇના નામથી ૬૦ વર્ષની ઉમ્મરે ગાદીએ આવ્યો. એટલે ૨૦ વર્ષ સુધી ફ્રાન્સ તરફની કનડગત ઇંગ્લેંડને રહી નહિં. ફ્રેન્ચ કારભારીએ બ્રિટન ને હોલેંડ સાથે મૈત્રી કરી તથા હેનોવર વંશને મદદ કરવા વચન આપ્યું. સ્પેઇને સીસીલી પર તરાપ મારી તેથી બ્રીટન ને ફ્રાન્સે સ્પેઇન સાથે યુદ્ધ જાહેર કર્યું. સર જ્યોર્જ બીન્ગે સ્પેનીશ નૌકાને હરાવ્યું અને પછી થોડા વખતમાં સ્પેઇનને નમવું પડયું.

લુઇનું મરણ.

હવે ઘેર તેમજ બ્હાર શાંતિ થવાથી બ્રિટિશ પ્રજાનું લક્ષ વેપાર તરફ વળ્યું. યુદ્ધો દરમ્યાન પણ વેપાર વધતો જતો હતો. બ્રિટિશ વેપારીઓ તુર્કસ્તાન. ઇટલી, સ્પેઇન, પોર્ટુગલ, હોલેંડ, જર્મની, રશીઆ, નોર્વે, સ્વીડન અમેરીકા, તથા ઇસ્ટ ઇંડીઝ સાથે વેપારી સંબંધ વધારી રહ્યા હતા. ૧૭૧૩માં યુટ્રેકટનું તહનામું થયું તેથી સર્વત્ર શાંતિ પ્રસરી અને વેપારનું કાર્ય સરળ થઇ પડયું. જે લોકોએ ભૂતકાળના તોફાની સમયમાં પૈસા સંગ્રરી રાખેલા તેમણે હવે પોતાનું દ્રવ્ય વેપારમાં રોક્યું. અનેક ધંધા કરનારી, (કારખાના, ખાણુ, વ્હાણુ. વેપાર આદિ) કંપનીઓ ઉભી થઇ. આમાં સૌથી નામાંકિત સાઉથસી કંપની (દક્ષિણ મહાસાગરની કંપની) ૧૭૧૧માં દક્ષિણ અમેરીકા સાથે વેપાર કરવાના હેતુથી ઉભી થએલી; તેના ડીરેક્ટરોએ (ચાલકો) એવા મોટા નફા દર્શાવેલા કે જો પ્રધાન મંડળ અમુક ખાસ હક્ક અમારી કંપનીને બક્ષે તો તેના બદલામાં આખું પ્રજાકીય દેવું અમે પતાવી શકીશું. આ જ કાર્ય માટે બેંક ઓફ ઇંગ્લંડે માગણી કરી; ને આ બે હરીફ હરાજીમાં રસાકસી પર આવી જઇ ખુબ વધ્યા. આખરે ૧૭૨૦માં સાઉથસી કંપનીને ૭૫ લાખ પાઉન્ડ ધીરવાનું સરકારે ઉપર જણાવેલી શરતે નક્કી કર્યું.

વેપાર વધે છે.

સારા સારા વેપારીઓ તો સમજતા હતા કે આટલો અઢળક નફો મળવો અશક્ય છે. સેબટ વાલ્પોલ નામના સમજુ પુરૂષે પાર્લમેન્ટમાં આ વિષે વાંધો ઉઠા-

દક્ષિણ મહાસાગરનો પરપોટો.

વેલો. પણ તેનું બોલ્યું નિષ્ફળ ગયું. આખું ઇંગ્લેંડ આ કંપનીના શેર ખરીદવા ગાંડુ ઘેલું થઇ ગયું. ગામડા વાસીઓ જમીન જાગીર વેચી સાટી રોકડ પૈસા શેરની ઉથલપાથલ કરવામાં વાપરવા લાગ્યા. શરાફ, ડાકટર, વકીલ, પાદરી, રાંડીરાંડ સ્ત્રી, સૌ કોઇ આ કંપનીના શેર દમ બાંધીને લેવા લાગ્યા. પરિણામે ૧૦૦ પાઉન્ડના શેરનો ભાવ ૧ હજાર જેટલો બોલાયો. આ સિવાય, બીજી કેટલી ધુતારી કંપની આ પ્રજાકીય ઘેલછાનો લાભ લેવા ઉભી થઇ, ને શેર બજાર ભારે જુગાર ગૃહ બની ગયું. છેવટે સાઉથસી કંપનીના ડીરેકટરોને એમ લાગ્યું કે આવી નાની નાની કંપની આપણી કંપનીને ધોકો પહોંચાડશે; તેથી તેમણે કેટલીક કંપનીના ભોપાળાં ખોલ્યાં; ને આ કાદવમાં હાથ નાંખ્યાથી તેમને પોતાને તેના છાંટા ઉડયા. જ્યાં એક વેળા પ્રજાનો વિશ્વાસ ઉઠયો ને તે બરાબર તપાસ કરવા લાગી, ત્યાં માલમ પડયું કે સાઉથ સી કંપનીનો કહેવાતો ગંજાવર નફો મળવો ખરેખર અશક્ય જ છે. શેરના ભાવ ૧ હજારથી ઉઠયા ૧૩૫ ને પછી તો છેક ગગડી ગયા. સેંકડો સ્ત્રીપુરૂષો પાયમાલ થઇ ગયા. લોર્ડ સ્ટેનહોપ નામનો પ્રધાન આ અણચિંત્યા સમાચાર સાંભળી હેબકમાં ને હેબકમાં મરણ પામ્યો. બીજો પ્રધાન, લોર્ડ સંડરલેન્ડ, રાજીનામું આપી ખસી ગયો; ને પ્રજાએ જે વોલપોલ એકલાએ પાર્લમેન્ટમાં અસલ વિરોધ ઉઠાવેલો તેને પ્રધાન બનાવવા પોકાર ઉઠાવ્યો.

રાજાએ ડહાપણ વાપરી પ્રજાની ઇચ્છાનુસાર વોલપોલની સર-

વોલપોલ વડો પ્રધાન.

દારી હેઠળ નવું પ્રધાનમંડળ બનાવ્યું. વોલપોલે બેંક ઓફ ઇંગ્લેંડની આર્થિક મદદથી લોકોની ત્રાહિ કાંઇક દૂર કરી. હવેના ૨૦ વર્ષ દરમ્યાન વોલપોલ સૌથી આગળ પડતો પુરૂષ

હતો. વડા પ્રધાન તરીકે વોલપોલ પહેલો જ હતો. જે પદવી આજ દિન સુધી રાજા પ્રધાન મંડળમાં લેતા તે પદવી હવે વોલપોલને મળી. વોલપોલ ગામવાસી હોવાથી ઝાઝું ભણ્યો નહોતો; તેણે કોઈ મોટા સુધારા કર્યા નથી. વળી પાર્લમેન્ટના મેમ્બરોને લાંચ આપી પોતાનું ધાર્યું કરતો એવો આરોપ તેના પર મુકાય છે. એના ગુણ જોઈએ તો એ સરળ મગજનો, વ્યવહારૂ, સામાન્ય બુદ્ધિવાળો પુરૂષ હતો, ને સમય વિચારી કામ કરતો. દેશની સ્થિતિ અસ્થિર હોવાનું તેને ભાન હતું, ને આના કારણ બે હતાં, ૧. કેથોલીક ને ડીસેન્ટર વિરૂદ્ધના કાયદાના કડક અમલથી આ પક્ષવાળા બહુ ઉશ્કેરાએલા હતા, ને ૨. કેટલાક ગામવાસી ટોરી ગૃહસ્થોની ઇચ્છા સ્ટુઅર્ટોને ગાદી અપાવવાની હતી.

વોલપોલ ગામવાસી હોવાથી પોતાના પક્ષમાં રસેલ, કેવેન્ડીશ, વિગેરે મોટા મોટા વ્હીગ કુટુમ્બોને લઇ શક્યો. આ ઉમરાવોની ઇચ્છા હેનોવર વંશ નીભાવવાની હતી. વળી તેમના હાથમાં ઘણા મતદારો હોવાથી ધારે તેને તેઓ પાર્લમેન્ટમાં મેમ્બર તરીકે મોકલતા. ઉપરાંત ઓલ્ડ સેરમ જેવા નષ્ટ થએલા શહેરો જ્યાં કોઇનો વાસ પણ ન હોય યા ગણ્યાં ગાંઠયાં કુટુમ્બ વસતાં હોય ત્યાં પૈસા વેરનારને અથવા લાગવગવાળાને મત મળતા. આવી રીતે અડધા ઉપરના મેમ્બરો પ્રજાના ખરા ચુંટાએલા પ્રતિનિધિ નહિં પણ સરકારના નીમેલા માણસો આવતા. એટલે વોલપોલને જોઇએ તેવી, કહે તેમ કરે એવી, આમની સભા થતી.

આ સત્તાનો સદુપયોગ કરી તેણે દેશમાં સર્વત્ર શાંતિ પ્રસરાવી ફ્રેન્ચ સાથે દોસ્તી કર્યાથી રાજપાખંડીને ઠંડો પાડયો; કેથોલીકને ડીસેન્ટર વિરૂદ્ધના કાયદા રદ તો ન કર્યા પણ એવી જોગવાઇ કરી કે એ કાયદાનો અમલ થાય જ નહિ. આ વેળા જેકોબાઇટ પક્ષ તરફથી એક નાનુંશું છમકલું થએલું. આયર્લેન્ડ સારૂ લગભગ ૧ લાખ પાઉન્ડની

કિંમતના ફાર્ધિંગ ને હાફ્પેન્સના સિક્કા પાડવાનું કંટ્રાક્ટ વુડ નામના અંગ્રેજ લુહારને સોંપ્યાથી આયર્લેન્ડમાં મુશ્કેલી જાગી. આયરીશ પાર્લેમેન્ટે એવો વાંધો ઉઠાવ્યો કે આવા સિક્કાથી અમારા દેશને નુકસાન થશે. સ્વીફ્ટ નામના સાક્ષરને વોલપોલ તરફ તિરસ્કાર હોવાથી તેણે સાત કાગળ (Drapiers letters) છપાવી બળતામાં-ઘી હોમ્યા જેવું કર્યું. આયરીશ પ્રજા પુષ્કળ ઉશ્કેરાઇ ગઇ. પરંતુ વોલપોલે ડહાપણ વાપરી પેલા હાફ્પેન્સ પાછા ખેંચી લીધા એટલે સૌ સારાં વાનાં થયાં. આવી રીતે તે શાંતિ જાળવતો તથા લોકોને દઢ સરકારની કદર કરવાનું શીખવતો. રૈયતને પણ એમ થયું કે આવા પ્રકારનો કારભાર હોય તો જ જીવનયાત્રા શાંત બની શકે.

૧૭૨૭ માં હેનોવરમાં રાજા જ્યોર્જ પોતાની ગાડીમાં બેઠાં બેઠાં મગજે લોહી ચઢી જવાથી એકાએક ગુજરી ગયો. એના પછી એનો છોકરો બીન મુશીબતે ગાદીએ આવ્યો. આ નવા રાજાને વોલપોલ નાપસંદ હોવા છતાં બહુ ઉપયોગી લાગવાથી તેને વડા પ્રધાન તરીકે ચાલુ રાખવામાં આવ્યો. એટલે રાજો બદલાયા છતાં દેશપર કાંઇ ખાસ અસર થઇ નહિ.

૨ જો જ્યોર્જ ૧૭૨૭-૧૭૬૦.

પોતાના બાપની માફક આ રાજા પણ પક્કો જર્મન હતો. તે અંગ્રેજી બોલી શકતો. તે હઠીલો ને તામસી હતો. ઘણી વખત હેનોવરના લાભ સાચવવામાં તે બ્રિટનનો ભોગ આપી દેવાની ઇચ્છા કરતો; પરંતુ બુનીઆત તથા શાણી રાણી કેરોલીન ઉપર તેને બહુ મમતા હોવાથી તેના કહ્યા પ્રમાણે વર્તતો. રાણીએ વોલપોલને પ્રધાનપદ પરથી ભ્રષ્ટ થવા દીધો નહિ. પાછળથી આ રાજ્યના છેવટના ભાગમાં મહાન્ પીટ (પાછળથી લોર્ડ ચેથમ) ના હાથમાં રાજની

લગામ આવી. આ રાજ્ય ઈંગ્લેંડના ઇતિહાસમાં કીર્તિકર ગણાય છે તેનું કારણ એ જ કે રાજા અનેક રીતે દોષપૂર્ણ છતાં તેનો કારભાર કાબેલ પ્રધાનના હાથમાં હતો. તાજુબીની વાત તો એ છે જે આ બન્ને પુરૂષો જ્યોર્જને અણગમતા હતા.

વોલપોલના સુધારા.

હવેના ૧૦ વર્ષમાં નોંધવા લાયક બહુ ઓછું બન્યું. વોલપોલ પોતાની કરકસરથી પ્રજાકીય દેવું કમી કરવા મથી રહ્યો હતો. તેણે ઘણી આયાત નિકાસ પરની જકાત કાઢી નાખી. સંસ્થાનોને પરદેશ સાથે વેપાર ન કરવા દેવો એ મૂર્ખાઇ છે. તે રહસ્ય પહેલો સમજનાર વોલપોલ જ હતો. તેણે જ્યોર્જીઆ અને કેરોલીના નામના સંસ્થાનોને યુરોપમાં ચોખા મોકલવાની છૂટ આપી. યુરોપમાં ઇટાલી ને ઇજીપ્તના હલકા ચોખાને બદલે કેરાલીનાના સારા ચોખા વપરાવા લાગ્યા. આથી સૌને ફાયદો થયો. ઉપરાંત તેણે બંદર પર ઉઘરાવાતી જકાત કમી કરવા યત્ન કીધા; આને બદલે આંત્રિક દાણ વસુલ કરવાની યોજના રચી. આ કાર્યમાં તે ફત્તેહમંદ નીવડયો હોત તો ઘણી દાણચોરી બંધ થાત, લંડન દુનિયાની સર્વ પ્રજા માટે ખુલ્લું બંદર થાત, ને બ્રિટિશ વેપાર ખેવડાત. પણ પ્રજાજન આ યોજનાનું રહસ્ય સમજ્યા નહિ. તેમણે એમ વિચાર્યું કે જકાત ઉઘરાતદાર આપણી દુકાને ઉઘરાણી કરતા આવે એ તો અસહ્ય કહેવાય! એટલે વિરોધી હિલચાલ એટલી બધી વધી પડી કે વોલપોલે પોતાની યોજના પાછી ખેંચી લીધી. આવી રીતે વોલપોલ પોતાનો મોભ્ભો ટકાવી શકયો. પણ છેવટે તેણે એક એવી ભૂલ કરી દીધી કે જેથી ઘણીવાર લોકપ્રિય પ્રધાનોને નુકસાનમાં ઉતરવું પડે છે. એને સત્તાનો અતિશય લોભ હોવાથી તથા બીજાના હાથમાં સત્તા જાય તે એનાથી દેખ્યું જાય એમ નહતું તેથી તેના પ્રધાનમંડળમાંથી તમામ ઉત્તમ પુરૂષો આસ્તે આસ્તે ખસી ગયા.

પરિણામે વિરોધપક્ષ બહુ બળવાન થયો ને તેના આગેવાન રૂપે પુલ્ટની, કાર્ટેરેટ, ને ચેસ્ટરફીલ્ડ જેવા ધરખમ પુરૂષો હતા; ઉપરાંત જુવાનીઆમાં ઉત્તમ વકતા તથા તનમનથી કામ કરનાર વિલિઅમ પીટ હતો. આ પક્ષે 'દેશભક્ત' નામ ધારણ કર્યું, ને વોલપોલની અવિગ્રહનીતિ ને લાંચ રૂશ્વતની પદ્ધતિ વિરૂદ્ધ જબરો પોકાર ઉઠાવ્યો. તેમને પાટવીકુંવર (જેને રાજારાણી સાથે અણબનાવ હતો) ની હુંફ હતી છતાં વોલપોલ તેમનો સવિનય તિરસ્કાર કરતો. જ્યારે તેઓ દેશભક્તિ, સ્વમાન વિગેરેની મોટી મોટી વાતો કરતા ત્યારે વોલપોલ તેમને હસી કાઢી કહેતો કે–' આ લોકોમાં ધીમે ધીમે અક્કલ આવતી જશે, ને પછી તેઓ આ સર્વ ભુલી જશે." પોતાની ચિવ્વટથી વોલપોલ પ્રધાનપદ ઠેઠ ૧૭૩૯ સુધી જાળવી શક્યો; આ સાલમાં સ્પેઇન સાથે ઝઘડો જાગવાથી તેની પડતી શરૂ થઇ.

કુટુંબી કરાર. વાસ્તવિક રીતે જોતાં વેપાર તથા સંસ્થાનોની બાબતમાં ફ્રાન્સ તથા બ્રિટનને એક બીજાની અત્યંત અદેખાઇ હતી; ને તેથી તેમને એક બીજાનો ભય નિરંતર રહેતો. ૧૭૩૩ માં ૧૫ મા લુઇએ સ્પેઇન સાથે 'કુટુંબી કરાર' Family Compact કર્યા જે મુજબ સ્પેઇનનો દક્ષિણ અમેરીકાનો વેપાર બ્રિટન પાસેથી લઇ ફ્રાન્સને સોંપવો, ને ફ્રાન્સ સ્પેઇનને જીબ્રોલ્ટર જીતવામાં મદદ કરે એમ નક્કી થયું. આ મસલતની તે સમયે તો કોઇને જાણ થઇ નહિ, પણ આથી બ્રિટન ને ફ્રાન્સ વચ્ચે દુનિયાના વેપાર તથા સંસ્થાનો મેળવવા માટે એક લાંબા ઝઘડાનું મંડાણ થયું.

જેન્કીન્સના કાન વિષેનું યુદ્ધ. સ્પેઇનને બ્રિટન સાથે લડવાનું બ્હાનું કાઢવું કાંઇ કઠણ નહતું. યુટ્રેકટના તહનામા વેળા એમ નક્કી થએલું કે દરવર્ષે દક્ષિણ સમુદ્રમાં બ્રિટનનું એક ૬૦૦ ટનનું વહાણ જઇ શકે. આ વહાણની શરત બરાબર પળાતી

નહતી. ઠેઠ સુધી એક જ વહાણુ જતું પણ બીજાં નાનાં નાનાં વહાણુ નજીકમાં ફર્યા કરતાં. મોટા વહાણુમાંથી દિવસ દરમ્યાન થોડો ઘણો માલ ઉતરતો એટલે રાત્રે પેલાં નાનાં વહાણો પોતાનો માલ તેમાં ભરી દેતા. આ રીતની લુચ્ચાઇથી એક કરતાં વધુ વહાણુ જેટલો માલ ઉતારવામાં આવતો. આ સિવાય દાણચોરીથી કેટલોક બ્રિટિશ માલ અમેરીકાના સ્પેનીશ બંદરોમાં ઉતરતો. આવી લુચ્ચાઇ અટકાવવા સ્પેઇનવાળા દરીઆ પર ફરતાં વહાણોની જપ્તી લેતા. આમ કરતાં ઘણી વાર તોફાન થતાં; ને કુટુમ્બી કરાર થયા પછી તો વધુ સખત તોફાન થવા લાગ્યાં. બ્રિટિશ લોકોને પુષ્કળ ક્રોધ ચઢયો. ૧૭૩૮ માં જે. કીન્સ નામના એક કપ્તાને પાર્લમેન્ટ સમક્ષ ફરીઆદ કરી કે સ્પેઇનવાળાઓએ મારા કાન કાપી નાંખ્યા–ને તેમણે આપણા લોકોને તથા રાજાને ગાળો દીધી. આ હકીકતની સત્યતા વિષે ઘણો સંશય છે. વોલપોલે શાંતિ જાળવવા પોતાથી બનતું કર્યું. પણ 'દેશભક્તો' એ જેન્કીન્સના કાનની વાતનો ઉપયોગ કરી દેશને ખુબ ઉશ્કેર્યો, ને વોલપોલને મરજી વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરવાની ફરજ પડી. લડાઇ જાહેર થયાથી લોકોને આનંદ નીપજ્યો તે દર્શાવવા જ્યારે ઘંટ વગાડવામાં આવ્યા ત્યારે વોલપોલે કહ્યું કે "હમણાં ભલે ઘંટ વગાડે (ring પણ ટુંક વખતમાં તેઓ હાથ ઘસતા (wring) થઇ જશે."

તેનું કહેવું ખરૂં હતું; પણ તેણે રાજીનામું આપી યુદ્ધપક્ષ વાળાને કારભાર સોંપવો જોઇતો હતો. યુદ્ધની શરૂઆત ઠીક ન થઇ એટલે રૈયત વોલપોલનો દોષ કાઢવા લાગી. વળી

વોલપોલની પડતી ૧૭૪૦ માં એક મોટું યુદ્ધ ચાલ્યું તેથી સાથે આ યુદ્ધ મિશ્રિત થઇ ગયું. આ સાલના શિયાળામાં સખત હીમ પડવાથી પાક ખરાબ ઉતર્યો એટલે ઇંગ્લેંડ ને આયર્લૅન્ડ મહાસંકટમાં આવી પડયાં. પાંઉનો ભાવ ઘણો વધી ગયો; ને સરકારનો દોષ કાઢવામાં સદા તત્પર પ્રજાએ વોલપોલ વિરૂદ્ધ

હાહાકાર મચાવ્યો. બેતાળીશમાં ખુબ કંટાળી તેને રાજીનામું આપ્યું. અસલના રિવાજ મુજબ તેના દુશ્મનો તેને રાજદ્રોહી ઠેરવવા માંગતા હતા પણ હજુ તેના મિત્ર ઘણા હતા એટલે તેને ઓર્ફર્ડનો અર્લ એવો ખિતાબ તથા વર્ષે ૪૦૦૦ પાઉન્ડનું પેન્શન મળ્યું. અત્યાર સુધીની ઇંગ્લેંડની તવારીખમાં મુખ્ય પ્રધાનની પદવી પરથી ઉતરતી વેળા સજાને બદલે ખિતાબ મળ્યો હોય તો વોલપોલને જ. આ વસ્તુ સિદ્ધ કરે છે કે સત્તા વ્યક્તિગત મટી આખી આમની સભાના હાથમાં આવવા લાગી હતી. પૂર્વે કોઇપણ અપ્રિય પ્રધાનને કાઢવાનો એકજ રસ્તો હતો ને તે તેને રાજદ્રોહી ઠરાવ્યાર્થી. પણ હવે રાજલગામ આમની સભાને હાથ આવવાથી પ્રધાનને દૂર કરી શકાય ને વળી તેને કરેલી સેવા બદલ ખિતાબ આપી ઉમરાવોની સભામાં મોકલી શકાય એવું શુભ વર્તન આદરવામાં આવ્યું.

વોલપોલની પડતી સાથે છેલ્લા ૨૫ વર્ષથી ચાલતી ફ્રાન્સ સાથેની અવિગ્રહ નીતિનો અંત આવ્યો. નવું પ્રધાન મંડળ જ્યોર્જની ઇચ્છા મુજબ વર્તવા તૈયાર હતું, એટલે કે

ઓસ્ટ્રીઆની ગાદી વિષેનો વિગ્રહ

હેનોવરના રક્ષણાર્થે યુરોપી યુદ્ધમાં સામેલ થવાની તરફેણમાં હતું. આ યુદ્ધ સળગ્યું કેવી રીતે તે જોઇએ. મહારાજા ૬ ટ્ઠો ચાર્લ્સ અપુત્ર હોવાથી તેણે યુરોપના મોટાંરાજ્યોને (Pragmatic Sanction) બાદશાહી ફરમાન નામના ખત પર સહી કરવા સમજાવ્યા, જેની રૂએ ચાર્લ્સનું વિશાળ રાજ્ય તેની છોકરી મેરીઆ થેરેસાને મળે. પણ ૧૭૪૦ માં તેનું મોત થયું ત્યારે બ્રિટન ને હોલેન્ડ સિવાય સહી કરનારામાંના કોઇપણ તે કબુલાત મુજબ વર્તવા તૈયાર ન હતા. પ્રશીઆ વાળા ફ્રેડરીકે સાઇલેશીઆ પ્રાંત લઇ લીધો; બાવેરીઆએ ઓસ્ટ્રીઆની માંગણી કરી, તેમાં ફ્રાન્સ તથા સ્પેઇને તેને ટેકો આપ્યો. મેરીઆ થેરેસા પોતાના હકને માટે કમ્મર કસીને પુષ્કળ લડી, ને આ યુદ્ધ (War of Austrian Succession) લગભગ

૯ વર્ષ ચાલ્યું. બળતુલા માટે થએલા યુદ્ધનો આ યુદ્ધ એક ભાગ લેખી શકાય. બળતુલાના સિદ્ધાન્તનો પાયો એ છે જે રાજ્યસંધિઓ એવી ખુબીથી ગોઠવાય કે સામસામાં પાસાં સમતોલ રહે. જો એકાદ રાજ્ય અતિબળવાન થઇ પડતું હોય તો બીજાં રાજ્યોએ તેના વિરૂદ્ધ એક્કો કરી નિર્ભય બનવું. સંધિ વિગ્રહ કરતી વેળા સગપણ પ્રીતિ, કે ન્યાયાન્યાય કરતાં બળતુલા ઉપર જ વધારે નજર રાખવી. અને જે પલ્લું ભારે થઇ જવા આવેલું માલુમ પડે તેને તો હલકું જ પાડવું."

આ યુદ્ધમાં જોડાવાને બ્રિટનને બ્હાનું એ હતું કે તેણે પાદશાહી ફરમાન પર સહી કરી હતી. રાજા જાતે લડાઇમાં ઉતર્યો તથા ૧૭૪૨ માં તેણે ડેટીન્જનની લડાઇમાં ફ્રેન્ચોને હરાવ્યા. આથી વેલપોલ જે દૂર કરવા માંગતો હતો તે આગળ આવ્યું. ડેટીન્જનનું વેર વાળવા ફ્રાન્સે છોટા રાજપાખંડીને (રાજા જેઇમ્સનો પૌત્ર) ૧૫૦૦૦ ના લશ્કર સાથે ઇંગ્લેંડ મોકલ્યો; પણ રસ્તામાં તોફાન જાગવાથી તે ઇંગ્લેંડ પહોંચી શકયો નહિં. બીજે વર્ષે ફ્રેન્ચ સરદાર માર્શલ સેકસે અંગ્રેજો ને ફોન્ટેનોય આગળ હરાવ્યા અને છોટો રાજ પાખંડી સ્કોટલેન્ડમાં ઉતર્યો.

પીસ્તાળીસનું બંડ.

પ્રથમ તો એમ લાગ્યું કે વેલપોલનું કરેલું કારવેલું સઘળું ધુળમાં મળશે. છોટો રાજપાખંડી ચાર્લ્સ ખુબ સુરત બહાદુર ને ભરજુવાન હતો; તેની મદદે હાઇલેન્ડરો ટોળે થયા. દોઢેક હજારનું લશ્કર થયું એટલે તે એડીનબરોમાં દાખલ થયો ને પોતાના બાપ બડા રાજપાખંડીને રાજા જાહેર કર્યો. તેની સામે ઇંગ્લેંડથી લશ્કર આવ્યું પણ તેને તેણે પ્રેસ્ટનપેન્સ આગળ કાપી નાંખ્યું. ફાંકડો ચાર્લ્સ હવે આખા સ્કોટલેન્ડનો ધણી થઇ પડયો, ને દોઢ મહિના પછી તેણે ઇંગ્લેંડ પર ચઢાઇ કરી.

અહીં અંગ્રેજ પ્રજાએ બન્ને જયોજના રાજ્યમાં શાન્તિનાં ફળ ચાખ્યાં હતાં, ને ફરી લડવા વઢવા તે રાજી ન હતી. લોકો કુંવર તથા તેના લશ્કરને જોવા ભેગા થયા પણ આ ઉપરાંત કાંઇ થયું નહિ. થોડા વખતમાં સરદારોને લાગ્યું કે અંગ્રેજી લશ્કર પુષ્કળ છે તેથી તેમણે કુંવરને પાછા ફરવા સલાહ આપી. ફૅાકર્કની લડાઇમાં કુંવરની જીત થઇ પણ કલોડન આગળ તેના લશ્કરે સખત માર ખાધો. આ પછીના પાંચ મહીના ચાર્લ્સને સ્કોટલેન્ડના ઉચ્ચ પ્રદેશમાં રખડવું પડયું. તેને શોધી કાઢવા માટે અનેક આદમી નીકળી પડેલા પણ તેના મિત્રોએ, ખાસ કરીને ફલોરા મેકડોનલ્ડ નામની બાઇએ, તેને ગુપ્ત રાખેલો. આખરે તે ફ્રાન્સ પાછો ફર્યો.

સ્ટુઅર્ટોની છેવટ. સ્ટુઅર્ટ વંશને લાવવાનો આ છેલ્લો પ્રયાસ હતો. બડો પાખંડી ૧૭૬૬ માં ગુજરી ગયો, ને છોટો ૧૭૮૮ માં રોમમાં મરણ પામ્યો. કંબરલેન્ડ નામના સરદારે હાઇલેન્ડરોને હેરાન કરવામાં પુષ્કળ ક્રૂરતા દર્શાવી; ત્રણ સ્કોચ ઉમરાવોના ડોકાં ઉડાવ્યાં; ઉમરાવોની પોતાની ટોળીપરની સત્તા છીનવી લીધી, જેથી લોકો રાજાના સીધા સંબંધમાં આવ્યા. હથીઆર રાખવાની તથા પોતાનો ખાસ પોશાક પહેરવાની હાઇલેન્ડરોને મના થઇ. આથી તેઓ ઘણા વખત સુધી દુઃખી તથા અશાંત રહ્યા. ૧૨ વર્ષ પછી આ હાઇલેન્ડરોની પલટન બનાવવાની યુક્તિ અમલમાં મૂકાઇ. પિટે તેમને યુદ્ધમાં લડવા મોકલ્યા; તે દિનથી આજ સુધી તેમણે પરાક્રમ તથા વફાદારી માટે ઉત્તમ નામના મેળવી છે.

ધાર્મિક ઉપદેશકો. આ બધા યુદ્ધો તથા બળવાથી દેશ હેરાન હેરાન થઇ રહ્યો હતો તે સમયે આપણને ધર્મ યા ધર્માધિકારી વિષે ભાગ્યે જ કાંઇ હકીકત મળે છે. વોલપોલની ઝંખના દેશને શાંતમય બનાવવાની

હતી; સમાજના ઉત્તમ વર્ગમાં ધર્મ નીતિ અદૃશ્ય થઇ પડયાં; ગામવાસી પાદરીઓ ઘણાખરા જેકોબાઇટ હોવાથી રાજદ્વારી બાબતમાં પડી ગયા, ને જેમ જેમ તેમની સંખ્યા વધતી ગઇ તેમ તેમ તેઓ વધુ દુરાચરણી થતા ગયા. આ દયાજનક ને શોકજનક સ્થિતિને પરિણામે વ્હાઇટફીલ્ડ તથા વેસ્લી નામના બે પાદરીઓ દેવળમાં તેમજ બહાર વ્યાખ્યાનો આપવા લાગ્યા. મજુર વર્ગ, ને શહેરોનો કંગાળ ગરીબવર્ગ આ નીતિના ભાષણ સાંભળવા મેદાનોમાં ટોળે થતાં. જે કામ દેવળોએ વિસારે મૂક્યું હતું તે સમાજસુધારણાનું કાર્ય આ બે મહાપુરૂષો લઇ બેઠા. તેમના ચેલાઓ 'મેથોડીસ્ટ' તથા 'વેસ્લીઅન' નામથી હજુપણ પ્રખ્યાત છે. તેમનું ઉત્તમ કાર્ય એ હતું કે તેમણે અંગ્રેજી દેવળોમાં જાગ્રતિ આણી અને પાદરીઓને શહેરોમાં ને ગામોમાં કામ કરતા બનાવી દીધા.

એ-લા-શાપેલનું તહનામું.

હવેના ૮ વર્ષ દરમ્યાન રાજનીતિ શાંતિમય રહી. હેન્રી પેલ્હામ નામનો કાબેલ પુરૂષ વડો પ્રધાન હતો, તેણે દૃઢતાથી તથા ભલી રીતે રાજ્યવહીવટ ચલાવ્યો. ૧૭૪૮ માં એ-લા-શાપેલમાં તહનામું થયાથી યુરોપી યુદ્ધનો અંત આવ્યો. આનું ખર્ચ બ્રિટનને બેસુમાર થએલું ને તેના બદલામાં પૃથ્વીપ્રદક્ષિણા કરવા તથા સ્પેઇનના વ્હાણ લુટવા નીકળેલો એન્સન ૧૦ લાખ ડોલર (અમુક દેશોમાં વપરાતો એક સીક્કો) જેટલો માલ લુટી લાવ્યો તે સિવાય બીજી કાંઇ પ્રાપ્તિ થઇ નહિ. પરંતુ આથી સ્ટુઅર્ટ તરફના ભયનો અંત આવ્યો અને ગ્રેટબ્રિટનની દરીઆઇ સત્તા વધી.

નવી ઢબનું પંચાંગ.

૧૭૫૧ માં યુવરાજ ફ્રેડરીક ગુજરી જવાથી તેનો બાળકુંવર જ્યોર્જ ગાદી વારસ બન્યો. આજ વર્ષે વર્ષના દિવસ ગણવાની નવી પદ્ધતિ અમલમાં આવી. કેથોલીક દેશોમાં તો આ પદ્ધતિ ૧૫૦ વર્ષ પૂર્વે દાખલ કરવામાં આવી હતી. જુની પદ્ધતિ

મુજબ દર ૪૦૦ વર્ષે ૩ દિવસ વધારે ગણાઇ જતા. આ ભૂલ દુરસ્ત કરવા દર સો વર્ષે એક દિવસ કપાય છે; ને લાગલગટ આમ ત્રણ સદી સુધી થયા પછી ચોથી સદીમાં દિવસ કપાતો નથી. એટલે પેલા ૩ દિવસની ભૂલ આવે નહિ. બ્રિટને અત્યાર સુધી સુધારો ન કીધેલો હોવાથી અત્યારે ૧૧ દિવસનો ફેર પડી ગયો હતો. ફ્રાન્સને જર્મનીમાં જે દિવસે ૧૪ મી સપ્ટેમ્બર આવે તે દિવસે ઇંગ્લેંડમાં ૩ જી થાય. ૧૭૫૨ માં આ ૧૧ દિવસ ઉડાવી દેવા તથા નવી ગણત્રી-પદ્ધતિ શરૂ કરવાનો ઠરાવ થયો. કેટલાક અજ્ઞાન લોકો એમ સમજ્યા કે આથી તેમને ૧૧ દિવસની ખોટ ગઇ. તેમણે તોફાન પણ મચાવ્યાં. વળી વર્ષની શરૂઆત માર્ચની ૨૫ મીએ થતી તેને બદલે જાનેવારી ૧ લીથી રાખી.

ઇસ્ટ ઇન્ડીઆ કંપની

આ ૮ વર્ષ (૧૭૪૮-૧૭૫૬) દરમ્યાન બ્રિટનની અંદર શાંત હતી, પરંતુ વિદેશમાં ફ્રાન્સ સાથે યુદ્ધ ચાલી રહ્યું હતું. ઇલીઝાબેથ રાણીએ એક અંગ્રેજ વેપારી મંડળને હિંદ સાથેના વેપાર માટે પટો આપ્યો હતો. (ઇ. સ. ૧૬૦૦) તે મંડળે આ ૧૫૦ વર્ષમાં હિંદમાં ઠીક ઝમાવટ કરી હતી. તેમણે ત્રણ ખૂણે ત્રણ કોઠી નાંખી હતી, ૧. સુરત ને મુંબાઇમાં ૨. મદ્રાસમાં, ને ૩. કલકત્તામાં. આ ત્રણે સ્થળોએ અકેકેક ગવર્નર ને થોડું લશ્કર રખાતું. આ વેપારીઓ સ્થાનિક નવાબોને પોતાના વપરાશની જમીનનું વાષિક મહેસુલ ભરતા. આ મંડળ ઇતિહાસમાં ઇસ્ટ ઇંડીઆ કંપનીના નામથી મશહુર છે.

હિંદમાં ફ્રેંન્ચ લોકોની પણ એક કંપની હતી. તેમનું થાણું પોન્ડીચેરીમાં હતું. આ બે કંપની એકબીજાની ઇર્ષ્યા કરતી; અને યુરોપમાં એ પ્રજા વચ્ચે યુદ્ધ થતું ત્યારે હિંદમાં પણ તેઓ લડતા. ફ્રેન્ચોએ મદ્રાસ સર કર્યું પણ એલા શાપેલની સુલેહ થતાં તે અંગ્રેજોને

પાછું સોંપ્યું. ૧૭૪૮ માં મોગલ બાદશાહ તથા દક્ષિણના નીઝામ ગુજરી જવાથી તેમની ગાદી માટે ઝઘડા મચ્યા આ સમય અનુકૂળ જોઇ દેશીઓની ફાટફુટ વધારી, લોભી ડુપ્લી દક્ષિણ હિંદનો માલીક થવા ઇચ્છતો હતો.

અંગ્રેજો માટે સમય એવો કટોકટીનો આવી ગયેલો કે તેમને મદ્રાસમાંથી ન્હાસવું પડશે એવી દહેશત હતી. આ મુશ્કેલીનું નિવારણ કરનાર રોબર્ટ કલાઇવ નામનો કારકુન હતો. હિંદમાં અંગ્રેજી સામ્રાજ્યનો પાયો નાખનાર આ પુરૂષ હતો. ડુપ્લીએ પાછળથી પુષ્કળ પ્રયાસ કર્યો છતાં તેની ગએલી સત્તા તે ફરી મેળવી શક્યો નહિ. ફ્રેન્ચ સરકારે તેને બોલાવી લીધો, ૧૭૫૪ માં સુલેહ થઇ, ને થોડા સમય માટે શાંતિ થઇ.

અમેરીકામાં અંગ્રેજ તથા ફ્રેન્ચ.

આમ હિંદમાં આ બે પ્રજા વચ્ચેનું યુદ્ધ શમ્યું ત્યાં બીજી દિશામાં ઝઘડો શરૂ થયો. ૧૭૫૪માં અમેરીકામાં ઝપાઝપીનો આરંભ થયો. ઉત્તર અમેરીકામાં અંગ્રેજોનાં ૧૩ આબાદ સંસ્થાન હતાં. આ બધા પૂર્વ કિનારા પર હતા. તેમની ઉત્તરે ફ્રેન્ચ સંસ્થાનો હતાં. વાયવ્ય ખુણામાં લાલ ઇંડીઅનો વસતા હતા; નૈરૂત્યમાં ફ્રેન્ચ સંસ્થાન હતું. ઘણો વખત સુધી દેશીઓના મુલકના નિમિત્તે તકરાર થતી. એલીધાની પર્વતની પશ્ચિમના તમામ પ્રદેશ માટે ફ્રેન્ચ લોકો હક્ક દર્શાવતા હતા, ને તેમણે તે પ્રદેશમાં વસતા અંગ્રેજોને કાઢી મૂક્યા. આનું વેર વાળવા અંગ્રેજોએ નોવા સ્કોશીઆમાં વસતા ફ્રેન્ચોને હાંકી કાઢયા. ૧૭૪૯માં હેલીફેક્સ નામનું બ્રિટિશ સંસ્થાન સ્થપાયું; ને અંગ્રેજો ઓહીઓ નદીને કાંઠે કાંઠે આગળ વધ્યા, અને એક કિલ્લો બાંધવા માંડયો. એટલે ફ્રેન્ચ ગવર્નર ડુકવેસ્નેએ મોટું લશ્કર મોકલી અંગ્રેજોને ત્યાંથી પાછા હઠાવ્યા ને પોતે ફોર્ટ ડુકવેસ્ને નામનો કિલ્લો બંધાવ્યો. ૨૨ વર્ષનો ભરજુવાન જ્યોર્જ વોશીંગટન આ કિલ્લો સર કરવા ગયો પણ પોતાનું લશ્કર બહુ નાનું હોવાથી તે ફત્તેહમંદ

થયો નહિ. હવે મોન્ટકામ નામનો નવો ફ્રેન્ચ ગવર્નર આવ્યો. તેની ઇચ્છા એવી હતી કે ડુકવેસ્નને, નાયેગરા, ટીકોન્ડરોગા, આ ત્રણે કિલ્લા વચ્ચેનો તમામ મુલક તાબે કરવો, જેથી પશ્ચિમ બાજુમાં અંગ્રેજોનો પગ થાય જ નહિ. આ વાતની ખબર પડતાં બ્રિટિશ સરકારે ગંભીર સ્થિતિ જોઇ સરદાર બ્રેડોકને ૨૦૦૦ આદમી સાથે અમેરીકા લડવા મોકલ્યો. કમનશીબે બ્રેડોક અમેરીકાના જંગલમાં થઇ જતો હતો તે વેળા ઝાડીમાં સંતાઇ રહેલા ફ્રેન્ચ તથા લાલઇંડીઅનોએ તેના ૭૦૦ આદમી કાપી નાંખ્યા ને જાતે પણ મરણ પામ્યો. હવે બ્રિટન તથા ફ્રાન્સને લડયા સિવાય આરો ન હતો.

સાત વર્ષનું યુદ્ધ.

વળી યુરોપમાં પણ યુદ્ધ ચાલુ થઇ ગયું હતું. ઍ-લા-શાપેલની સુલેહ થઇ ત્યારથી મેરીઆ થેરેસા પોતાનો સાઇલેશીઆ પ્રાન્ત મેળવવા ઝંખના કરી રહી હતી, ને પ્રશીઆના ફ્રેડરીકને માલમ પડયું કે ફ્રાન્સ, સ્વીડન, રશીઆ, સેક્ષની તેને મદદ કરવા તત્પર હતા. બાહોશ ને દીર્ઘદર્શી ફ્રેડરીકે પ્રથમ સેક્સની વિરૂદ્ધ લડાઇ જાહેર કરી ને બ્રિટનની મદદ મેળવી; તેથી બન્યું એવું કે એક બાજુ બ્રિટન ને પ્રશીઆ, ને બીજી બાજુ ફ્રાન્સ, ઓસ્ટ્રીઆ, રશીઆ, ને સેક્ષની. આ બે પક્ષો વચ્ચે ' ૭ વર્ષનું જંગ ' એ નામનું તુમુલ યુદ્ધ થયું.

માઇનોર્કા દુશ્મનોને કબજે.

બ્રિટન બીલકુલ તૈયાર ન હતું; લશ્કર તરફ બેપરવાઇ વધી ગએલી, ને લડાઇમાં ઉતારી શકાય એવી ફક્ત ત્રણ ટુકડી હતી. ફ્રાન્સ ઇંગ્લેંડપર હુમલો લાવશે એ વિચારથી પ્રજા ભયભીત બની ગઇ, અને નવો પ્રધાન, ન્યુકેસલનો ડયુક, (હેન્રી પેલ્હામનો ભાઇ; પેલ્હામના મોત પછી એનો ભાઇ નીમાયો હતો) નબળો તથા આવા કઠણ પ્રસંગે કારભાર ચલાવવા નાલાયક હતો. યુદ્ધ જાહેર થતાં પહેલાં ફ્રેન્ચોએ માઇનોર્કા સર કર્યું હતું, તે માટે

નૌકાધિપાત બીંગને ૧૦ મન્વાર સાથે મોકલવામાં આવ્યો; પરંતુ દુશ્મનનું બળ વિશેષ માલમ પડવાથી તે પાછો હઠયો. આ સમાચારથી પ્રજા ક્રોધાયમાન બની ને આ ક્રોધથી ડરી જઇ ન્યુકેસલે વચન આપ્યું કે બીંગની લશ્કરી અદાલતમાં તપાસ કરીશું. બીજે વર્ષે તપાસ ચાલી; કોર્ટે એવો ચુકાદો આપ્યો કે કાયદાની રૂએ બીંગ અપરાધી છે પણ નૈતિક દૃષ્ટિથી જોતાં તે બીનગુન્હેગાર છે; માટે તે ક્ષમાને પાત્ર છે. છતાં બીંગને ગોળીબારની સજા કરવામાં આવી.

કલકત્તાની અંધારી કોટડી.

માઇનોર્કાની ખોટનું દુઃખ હજુ વિસારે પડયું નહતું ત્યાં તો હિંદના ત્રાસદાયક સમાચાર મળ્યા. સુરાજુદ્દૌલા નામના બંગાળાના નવાબને અંગ્રેજો સાથે કલહ થવાથી એના હુકમથી એના માણસોએ ૧૪૬ અંગ્રેજોને કેદ કર્યા, ને ઉન્હાળાના સખ્ત તાપના વખતમાં આખી રાત એક અંધારી કોટડીમાં પૂરી રાખ્યા, જેનું ક્ષેત્રફળ ૪૦૦ ચોરસ ફુટ પણ નહતું, ને જેમાં હવા અજવાળા માટે બે જાળીઆં હતાં. છૂટકારાને માટે હવાતીઆ મારતા તથા ઘુમરાણ કરતા આ કેદીઓને ગુંગળાઇ મર્યા સિવાય છુટકો નહતો. બીજે દિવસે સ્હવારે માત્ર ૨૩ જણા જીવતા માલમ પડયા. આ વાત + જો ખરી હોય તો તે નિર્લજ્જ તથા મહાક્રૂર ગણાય.

+ કલકત્તાની અંધારી કોટડી વિષે અત્યારે ઘણા પુરૂષો એમ માને છે કે તે હોલ્વેલ નામના અંગ્રેજની કલ્પેલી હોય કે સત્ય હોય તે નિર્ણય હાલ કરવો મુશ્કેલ છે. પરંતુ આ બનાવના જેવા જ બલ્કે તેથી પણ વધુ વિકાળ બનાવ અંગ્રેજોના હાથથી ૨૦ મી સદીના ત્રીજા દસકામાં બનવા પામ્યો છે તે વિષેની નોંધ અત્રે લેવી આવશ્યક લાગે છે. ૧૯૨૧ ના મોપલા રમખાણ દરમ્યાન પકડાએલા સો થી વધુ કેદીઓને ભારખાનાના બંધ ડબ્બામાં (ક્ષેત્રફળ ૧૮×૯ ફુટ) પૂરી લઇ જવામાં આવ્યા હતા. કેદીઓ સ્ટેશને સ્ટેશને પાણી માટે બહુ

બ્રિટનની સ્થિતિ ૧૭૫૬-૫૭ માં બહુ કફોડી હતી. ફ્રેડરીક પોતાનો ટકાવ દુશ્મનો વિરૂદ્ધ મહા મહા મુશીબતે કરતો હતો; કંબરલેન્ડે ફ્રેન્ચોને હેનોવરનો કબજો લેવાની કબુલાત આપી હતી; અને કેનેડામાં ફ્રેન્ચો સર્વત્ર વિજય મેળવી રહ્યા હતા; હિંદમાં અંગ્રેજોના ખૂન થયાના સમાચાર ઈંગ્લેંડમાં આવી પહોંચ્યા હતા. આથી ચેસ્ટરફીલ્ડ જેવા રાજનીતિજ્ઞ મહાપુરૂષે પણ એક વેળા ટીકા કરી કે હવે પ્રજા રૂપે આપણું દુનિયામાં માન નથી.

પણ સંજોગો પલટાવાની તૈયારીમાં હતા. આ સમયે દેશભક્ત પક્ષનો આગેવાન વિલિઅમ પીટ મેદાનમાં આવ્યો. દેશ પ્રેમ, નિખાલસપણે બોલવાની ટેવ, અન્યાય સામેનો વિરોધ (દાખલા તરીકે બીંગની તપાસ વખતે તેને સજા કરવા વિરૂદ્ધ પીટ પુષ્કળ બોલેલો)—આ ગુણોથી

વિલિયમ પીટ.

તેણે લોકોનાં મન હરી લીધાં હતાં. પરંતુ હેનોવર વિરૂદ્ધના ભાષણો કરવાને કારણે તે રાજાનો અણમાનીતો હતો. ૧૭૫૬ માં વડા પ્રધાન ડેવનશીઅરે પીટને સેક્રેટરી-ઓફ-સ્ટેઇટ તરીકે નીમ્યો, પણ રાજાએ તેને ટુંક વખતમાં રૂખસદ આપી. પરિણામે પ્રધાનમંડળ તુટી ગયું; અને ન્યુકેસલને માથે પ્રધાનમંડળ બનાવવાનું કામ આવી પડતાં તેણે રાજાને સાફ સાફ કહી દીધું કે પીટ વિના મારો કારભાર ચાલી શકશે નહિ. જ્યોર્જને નમવું પડયું ને મહાન પીટ ૪ વર્ષ સુધી કેબીનેટમાં રહ્યો. ન્યુકેસલ વડો પ્રધાન હતો ને સરકાર પક્ષ બાજુ મત આપવા મેમ્બરોનાં મ્હોં પુરવા વગેરેનું કામ કરતો, છતાં વાસ્તવિક સત્તા પીટની હતી. પીટ કહેતો કે મારી ખાત્રી છે કે "હું ઇંગ્લેંડનો ઉદ્ધાર કરી શકીશ, ને મારા સિવાય બીજા કોઇમાં તે શક્તિ નથી." આવી અડગ

બહુ બુમો પાડતા છતાં તેમને એક છાંટો પાણી પણ અપાયું નહિ; કેટલાકે તો પોતાના કપડાં નીચોવી તેમાંથી નીકળતાં પરસેવાના ટીપાં ચુસ્યાં. કલાકની મુસાફરી પછી ડબ્બો ઉઘાડતાં માલમ પડયું કે અંદર ૬૫ લાસો પડી હતી.

આત્મ શ્રદ્ધાને લીધે જ ચાર વર્ષની ટુંક મુદતમાં તે બ્રિટનને છેક પતિત સ્થિતિમાંથી ઐશ્વર્યની ઉન્નત ભૂમિએ લાવી શકયો. તે ભીજાજી દૂષીલો ને નગુરો હતો પણ સાથે તેનામાં નિઃસ્વાર્થ; દેશપ્રેમ, અપૂર્વ હિંમત આદિ ઉંચા ગુણ હતા. જાત માટે ધનસંચય કરવાની તેની સાફ ના હતી, ને આને લીધે તે સ્વદેશની સારી સેવા બજાવી શકયો.

૧૭૫૭ માં તેના હાથમાં સત્તા આવી, ને ટુંક વખતમાં તેણે આખા દેશના સ્વયંસેવક સૈન્યને (Militia) વ્યવસ્થિત કરી દીધું, નૌકા સૈન્ય મજબુત બનાવ્યું, તથા હાઇલેન્ડરોની પલટન બનાવી. કંબરલેન્ડે હેનોવર આપી દેવા સંબંધી દુશ્મન સાથે કબુલાત કરી હતી તેનો પીટે સજ્જડ અસ્વિકાર કર્યો; કંબરલેન્ડને પાછો બોલાવી લેઇ તેની જગાએ ફર્ડીનાન્ડ નામના ચાલાક સેનાપતિને નીમ્યો. ફ્રેડરીકને મદદ માટે ૭ લાખ પાઉંડ મંજુર થયા, અને આમ તાજું બળ મળવાથી તેણે ફ્રેન્ચ તથા જર્મનોને હરાવ્યા; પછી ઓસ્ટ્રીઆની એક મોટી સેનાને હરાવી. આવા અનેક વિજય તથા આટઆટલા દુશ્મન સામે ટક્કર ઝીલવાની અપૂર્વ હિંમ્મતને લીધે જ તે મહાન્ ફ્રેડરીક એ નામે પંકાયો, ને પોતાના દેશને છુંદાતો અટકાવી શકયો.

પીટે યુરોપી યુદ્ધમાં નવા પ્રાણ રેડયા છતાં તેનું ખાસ લક્ષ અમેરીકા તરફ હતું કેમકે ત્યાં બ્રિટનને વધુ લાભાલાભ થવાનો સંભવ હતો.

કેનેડાનું યુદ્ધ. સંસ્થાનીઓ પાસે તેણે એવી માંગણી કરી કે કવીબેક ને મોન્ટ્રીઅલપર હુમલા કરવા તથા પશ્ચિમનો પ્રદેશ જીતવા તમે સ્થાનિક લશ્કર ઉભાં કરો. વળી તેમની સહાનુભૂતિ મેળવવા તેણે ઇંગ્લેંડથી મોકલેલા સરદાર અને સંસ્થાની સરદાર બન્નેને સરખી પાયરીના લેખ્યા. બ્રિટનથી દારૂગોળો, હથીઆર, ખોરાક વિગેરે સાધનો તથા નવી ઉભી કરેલી હાઇલેન્ડ પલટન તેણે મોકલ્યાં; મુખ્ય સેનાધિપતિ એબરક્રોમ્બીને બનાવ્યો અને તેના હાથ નીચે નૌજવાન હુશીઆર પુરૂષો, (આમ્હર્સ્ટ, વુલ્ફ,

જેવા) પસંદ કર્યા; નૌકાસૈન્યની સરકારી બોસ્કાવેનને સોંપી, ને કેને-ડાવાસી ફ્રેન્ચોને દરિયા માટે મદદ ન મળે એવી વ્યવસ્થા કરવા સૂચવ્યું.

હવેનાં ત્રણ વર્ષમાં કેનેડામાં બહુ બનાવ બન્યા. ૧૭૫૮ માં લુઇબર્ગ ને કેઇપ બ્રીટનવાળો ફ્રેન્ચ પ્રદેશ અંગ્રેજોએ જીતી ઘીધો; ફોર્ટ ડુકવેસ્ને સર કરી તેનું નામ પીટસબર્ગ (પીટ ઉપરથી) પાડયું. ટીકા-ન્ડરોગા આગળ લોર્ડ હાઉ મરણ પામ્યો ને એબરક્રોમ્બીએ હાર ખાધી; પણ ૧૭૫૯ માં ટીકોન્ડરોગા, ને નાયેગરા અંગ્રેજોએ ફરી જીતી લીધા.

દરમ્યાન ફ્રેન્ચ સરદાર મોન્ટકામને ફ્રાન્સથી જુજ મદદ મળતી હતી છતાં તે કવીબેક જાળવી રહ્યો હતો. અંગ્રેજ સરદાર વુલ્ફે કવીબેક આગળ છાવણી નાંખી હતી. સેઇન્ટ લોરેન્સ નદીના ડાબા કાંઠાપર આવેલા ઉંચા ખડકોપર કેનેડાનું મુખ્ય શહેર કવીબેક આવેલું છે; તેની પાછલી બાજુએ સેઇન્ટ ચાર્લ્સ નામની બીજી નદી છે. ૧૭૫૯ માં વુલ્ફ પોતાનું લશ્કર વહાણમાં બેસાડી સેઇન્ટ લોરેન્સ નદીવાળી બાજુએ આવ્યો; તોપનો મારો ચલાવ્યો, હુમલો કીધો, કેટલાક આદમી ગુમાવ્યાં પણ વુલ્ફ ક્વીબેકપર કશી અસર કરી શકયો નહિ. હતાશ તથા તાવવાળો હોવાથી તેને એમ લાગ્યું કે હાલ તુરત તો કવીબેકની વાત પડતી મૂકવી જોઇશે, પરંતુ તે એક દિવસે ઉત્તર કાંઠે ફરતો હતો તે વેળા તેની નજર એક સાંકડા ઉભા રસ્તા × પર પડી. આ કઠણ રસ્તાનો ઉપયોગ રાત્રિના સમયે કરવાનો તેણે નિશ્ચય કર્યો. તમામ

કવીબેક સર.

× અહીં કવીબેક પતનની વાત વાંચીએ છીએ તેના જેવીજ એક વાત ભારતના ઇતિહાસમાં બની છે. શિવાજી મહારાજનો વિખ્યાત સરદાર તાનાજી જે વેળા સિંહગઢનો કિલ્લો સર કરવા ગએલો ત્યારે અહીં વર્ણવ્યા જેવાજ સંજોગો હતા. જુઓ શ્રી શિવાજી છત્ર-પતિ' (પાનું ૧૭૮–૧૭૯).

તૈયારી કર્યા બાદ વુલ્ફે પોતાના બબ્બે આદમીને ચઢવા કહ્યું; ને પોતે ગ્રે કવીનું લખેલું legy (શોક ગીત) નામનું કાવ્ય ગાવા લાગ્યો. ગાતાં ગાતાં.

'The paths of glory lead but to the grave'

(જયશ્રીના માર્ગ અવશ્ય સ્વધામમાં લઇ જાય છે)

એ લીટી આગળ તે થંભ્યો ને બોલી ઉઠયો કે કવીબેક લેવા કરતાં મને આ કાવ્યના લેખક થવું વધુ પસંદ છે. પ્હો ફાટતાં તેનું લશ્કર ઉપર ચઢી રહ્યું ને આશ્ચય ચકિત મોન્ટ કામ તેમને હઠાવવા સ્હામો ધસી આવ્યો. ફ્રેન્ચોએ ધસારો કર્યો એટલે અંગ્રેજોએ તેમના પર ગોળીનો વરસાદ વરસાવ્યો. મોન્ટકામ પોતાના સિપાહીને હિંમત આપવા લાગ્યો; પરંતુ બાનઅનુભવી ને શીખાઉ હોવાને લીધે તેઓ અંગ્રેજોના હુમલા આગળ ટકી શક્યા નહિ. વુલ્ફને સખત ઘા લાગવાથી તે એક સરદારના ખોળામાં પડયો હતો. તે વેળા તે સરદાર બોલી ઉઠયો–"એ...નાઠા." વુલ્ફે પૂછ્યું–" કોણ ? " આનો જવાબ સાંભળ્યા પછી તે બોલ્યો–"ઇશ્વરનો આભાર ! હું સુખે મરૂં છું. " વીર મોન્ટકામ પણ ઘા લાગેલા હોવાથી મરણ પામ્યો. જ્યારે તેણે પરિણામ સાંભળ્યું ત્યારે તે બોલ્યો, " ઠીક; ક્વીબેક દુસ્મનના હાથમાં જતું જોવા હું જીવવાનો નથી. " જે જગા પર આ બે ભડ સરદારોએ પોતાની ફરજ બજાવવાં પ્રાણ છોડયા ત્યાં એક સ્મરણ સ્થંભ ઉભો કર્યો છે ને તેના પર આ બન્ને મહાપુરૂષોના નામ કોતર્યા છે. લડાઇ એક વષ વધુ ચાલી; પરંતુ કેનેડામાં ફ્રેન્ચ સત્તાનો નાશ તો ક્વીબેક પતન સાથેજ થયો. આમ અંગ્રેજોએ કેનેડા દેશ જીત્યો.

યુરોપી વિજય. પીટના ચુનંદા સરદારોની ચાલાકી તથા વિજયને લીધે આ સૌ સારાં વાનાં થયાં એટલે તેને મગરૂર થવાનો પ્રસંગ આવ્યો. વળી આજ વર્ષમાં યુરોપમાં પણ અંગ્રેજોની જીત થતી ગઇ. મીન્ડન આગળ ફ્રેન્ચો હાર્યા; તથા લેગોસ (પોર્ટુગલમાં) બંદર આગળ અંગ્રેજ નોકાએ દુસ્મનના ૫ વહાણ ડુબાડયા. નોકાપતિ હોકે ક્વી-

બેરોન બે આગળ ફ્રેન્ચ નૌકાને હરાવી. આ સમય વિષેના એક લેખમાં પ્રખ્યાત વોલપોલના પુત્ર હોરેસ વોલપોલે લખ્યું છે કે 'અમારે દર સ્હવારે પુછવું પડતું કે આજે કયાં જીત થઇ છે ? કેમકે નહિં તો એકાદી જીત ચુકી જવાની ધાસ્તી રહેતી."

દુનિયાની બીજી બાજુથી આ આ સમયે સમાચાર મળ્યા કે બ્રીટનને બીજું એક સ્થાન પ્રાપ્ત થયું છે,

પ્લાસીનું યુદ્ધ. કલાઇવે ૧૭૫૭ માં પ્લાસીના યુદ્ધમાં સુરાજુદૌલાને હરાવ્યો તથા તેની જગાએ મીરજાફરને નવાબ બનાવ્યો. વળી આયર કુટે વોન્દીવોશ આગળ ફ્રેન્ચોનો પરાજય કર્યો. (ઇ સ. ૧૭૬૦) આથી અંગ્રેજોનું બળ હિંદમાં જામ્યું. હવે પછી આ ભૂમિમાં અંગ્રેજોની પ્રતિષ્ઠા વધી ને ફ્રેન્ચોની ઘટી.

દરમ્યાન બ્રિટનમાં જ્યોર્જ રાજા દેવલોક પામ્યા. તેની પાછળ તેનો પૌત્ર ૩ જો જ્યોર્જ ગાદીએ આવ્યો.

રાજાનું મરણ નવો રાજા સુલેહ કરવા ઇચ્છતો હતો, ને પીટને યુદ્ધ ચાલુ રાખવું હતું. આમની સભા લખલુટ ખર્ચ તથા નિરંતર યુદ્ધથી કંટાળી હતી. આ સ્થિતિમાં, બુદ્ધિમાં વોલપોલને પણ ટપી જનાર પીટે પોતાના મત વિરૂદ્ધ કામ કરવા કરતાં ખસી જવું વધુ પસંદ કર્યું. તેની જગા ૧૭૬૧ માં બ્યુટને સોંપાઇ. પીટનો વિચાર ખરો પડયો, કેમકે ફક્ત ત્રણ મહિનામાં સ્પેઇન સાથે યુદ્ધમાં ઉતરવાનો વખત આવ્યો. આ લડાઇ એક વર્ષ ચાલી ને જે લશ્કર તથા નૌકા પીટે ઉત્તમ બનાવેલાં તેમણે ફ્રાન્સ તથા સ્પેઇનને હરાવી અનેક વિજય મેળવ્યા બ્યુટે ફ્રેડરીકને નાણાંની મદદ આપવા ના પાડી; પણ રશીઆની મદદથી તેણે મેરીઆ થેરેસા સાથે ખાસ સંધી કરી, જે મુજબ તેને સાઇલેશીઆ પ્રાંત પચ્યો. આખરે ૧૭૬૩માં પેરીસમાં તહનામું થયું, ને સાત સાત વર્ષથી ચાલતું કાતિલ યુદ્ધ બંધ પડયું. બ્રીટનને અમેરીકામાં કેનેડા, ફ્લોરીડા, આદિ મળ્યા, અને હિંદમાં રાજસત્તા મળી.

પ્રકરણ ૨૪ મું.

અમેરીકન સંસ્થાનોની સ્વરાજ પ્રાપ્તિ.

૩ જો જ્યોર્જ. ૧૭૬૦-૧૮૨૦.

પ્રથમ વિભાગ-૧૭૬૦-૧૭૮૪.

બ્રિટન, પ્રતાપી

હવે ઇંગ્લેંડનું રાજ્ય ઘણું પ્રતાપી બન્યું હતું. હવેથી બ્રિટન યુરોપના મહારાજ્યોમાં લેખાવા લાગ્યું. ઘણા વર્ષથી વિદેશ વસતા એક મિત્રને હોરેષ્યસ વોલપોલે લખ્યું છે કે "તમે તમારા પોતાના દેશને ઓળખી શકશો નહિં; તમે ગયા ત્યારે તે એક નાનો સરખો, ખુણે પડેલો બેટ હતો; આજે તે સારી દુનિયાના નાક રૂપ બન્યો છે." બીજી બાજુ જોઇએ તો ૩ જા જ્યોર્જને પ્રતાપી રાજ્યનો વારસો મળ્યો, પણ તેની પૂર્વેના બે રાજાઓના સમય દરમ્યાન રાજાની સત્તા ઘણી ઘટી ગઇ હતી. ૨જા જ્યોર્જે એક વખત કહેલું કે ઇંગ્લેંડમાં તો પ્રધાનો રાજા છે.' અને આ પ્રધાનો મોટા મોટા વ્હીગ કુટુમ્બના હતા; આ કુટુમ્બો મારફત અડધા પાર્લમેન્ટના મેમ્બરો ચુંટાતા, ને જ્યારે પોતાને મત જોઇએ ત્યારે દ્રવ્ય વેરવાથી તેઓ બાકીના મત મેળવી શકતા. વળી આ પ્રધાનો રાજાના જેવા દરબારો પણ ભરતા, અને સરકારી નોકરી યા બીજી મહેરબાનીના ઉમેદવારો આવા દરબારોમાં હાજરી આપતા. આમ, બીના એવી બનેલી કે પાર્લમેન્ટમાં પ્રજાનું ખરૂં પ્રતિનિધિત્વ નહતું; ને તેના પર રાજાની બહુ સત્તા ન રહી. આ રાજ્યના પહેલા ૨૦ વર્ષમાં મુખ્ય બાબત, રાજાના પોતાની સત્તા પાછી મેળવવાના સતત પ્રયત્નો તથા તે સંબંધી પ્રજાનો વિરોધ એ છે.

ઘોગીય જાગૃતિ.

દરમ્યાન પ્રજાજીવનમાં ભારે ફેરફાર થવાનો સમય આવી લાગ્યો હતો કારણ કે શાસ્ત્રીય શોધખોળનો યુગ જે હમણાં જ શરૂ થતો હતો તેના પરિણામે મહેનતના કામમાં યંત્રો આવવા લાગ્યા તથા હુન્નર ઉદ્યોગ એટલી ઝડપથી વધ્યા કે ૫૦ વર્ષમાં જ્યાં અસલ કંઇ નહતું ત્યાં મોટા મોટા શહેર વસ્યાં. ૧૭૬૧ માં (Flyshultle) ફટકાની શાળની શોધથી વણકર પહેલાં કરતાં એવડું કામ કરતાં થઇ ગયા. પછી કાંતવાના બે સંચા નીકળ્યા; (Power-loom) સંચાની શાળ નીકળી. અભણ મજુરો ટોળે થઇ ઘણી વેળા આ સંચા તોડી નાંખતા તથા મીલો સળગાવી મૂકતા, છતાં ટુંક વખતમાં કાંતવા વણવામાં અણુહદ ફાયદો થયો. પછી લોઢું ઓગાળવામાં ખાણમાંથી નીકળેલા કોલસા કામ લાગે તે સિદ્ધાન્ત હાથ લાગ્યો; ૧૭૬૯ માં વોટ નામના ગૃહસ્થે વરાળથી ચાલતુ યંત્ર બનાવ્યું. આથી લોખંડના અનેક કારખાના ઉત્તરમાં કોલસાની ખાણની પાડોશમાં ઉભાં થયા; હુન્નર ઉદ્યોગમાં ઇંગ્લેંડ ઝપાટાબંધ વધતું ગયું. હવે રહી માત્ર એક મુશ્કેલી ને તે સામાન લઇ જવા લાવવાની; ને આ મુશ્કેલી નહેરો દાખલ કરવાથી દૂર થઇ.

આ જંગી ઉદ્યોગીય જાગૃતીના પરિણામે વસ્તી પુષ્કળ વધી ને અનાજના ભાવ ઘણા વધી ગયા. તે સમયે, હાલની માફક, પરદેશથી અનાજ આવતું નહતું કારણ કે આયાત અનાજ પર સખત જકાત હતી. એટલે ૧૭૬૦-૬૪ સુધીના ૫ વર્ષમાં અનાજનો ભાવ સરાસરી એક ક્વોર્ટરના ૩૦ શીલીંગ, બીજા ૫ વર્ષમા આ ભાવ વધી ૪૫ શીલંગ થયો, ને આ પ્રમાણે ૫૦ વર્ષ સુધી ભાવ વધ્યો ગયો. જે ખેડુતો ઉત્તમ ખેતી કરી જાણતા તેઓ કમાયા. પડતર જમીનને વાડ કરી તેમાં વાવેતર કરવા લાગ્યા. જમીનને વાડ કરવા વિષેના ૭૦૦ કાયદા ૧૭૬૦ થી ૧૭૬૪ સુધીમાં કરવામાં આવ્યા. આથી કેટલીક રીતે ફાયદો થયો; જમીનની ખેડ સારી થવા માંડી

ને રસ્તા સુધરવાથી લુંટારાના ગુપ્ત રહેઠાણોનો નાશ થયો. બીજી બાજુ જોઇએ તો જે પડતર જમીનમાં ગરીબ કામદારો પોતાના ઢોર ચરાવતા તે હવે રહી નહિં; વળી અન્ન વસ્ત્ર મોંઘા થવાથી તેઓ ૧૦૦ વર્ષ પહેલાં જેવા સુખી નહતા. ધનિક વધુ ધનિક થતા ચાલ્યા ને ગરીબની ગરીબાઇ વધતી ગઇ, ને આ ગતિ આજે પણ ચાલુજ છે. ઇલીઝાબેથના સમયમાં જે ગરીબીનો કાયદો ઉપયોગી હતો તે આજે ઉદ્યોગી કામદારોને બોજારૂપ થઇ પડયો કેમકે તેમને લુચ્ચા રખડેલ ને આળસુ બદમાશોના પેટ ભરવા કરવેરા ભરવા પડતા.

હવે દેશનો મુખ્ય ધંધો ખેતી ન હતો. કારીગર વર્ગ, વેપારી વર્ગ, ને ખાણમાં કામ કરનારા પુષ્કળ વધી ગયા. જકાત, વેપારી કોલકરાર, કરવેરા આદિ પ્રશ્ન તમામ પ્રજાને અગત્યના થઇ પડયા. આવી બાબતોનું નિરાકરણ પાર્લમેન્ટમાં થઇ શકે, ને પાર્લમેન્ટમાં જોર જમીનદારોનું હતું. આ કારણને લીધે જ પાર્લમેન્ટમાં થએલા ધારા વિરૂદ્ધ આ સમયે ભારે પોકાર ઉઠતા ને ઘણીવાર હુલ્લડ પણ થતાં.

જ્યોર્જનાં લક્ષણ.

પ્રથમ તો રાજા ને પ્રધાનો વચ્ચે ઝઘડો થયો. જ્યોર્જ ગાદીનશીન થયો ત્યારે તેણે નિશ્ચય કરેલો કે હું સ્વતંત્ર ભૂપતિની માફક કામ કરીશ. એની મા (જર્મન રાજકુંવરી) ની ઝંખના એ હતી કે મારા દીકરાના હાથમાં તમામ રાજસત્તા આવે ને તે પ્રજા સાથે પિતા-પુત્રનો સંબંધ રાખે. આ બાઇનું એક સૂત્ર એ હતું કે 'બેટા જ્યોર્જ, તું ખરો રાજા થજે.' ને આ સલાહ મુજબ ચાલવા જ્યોર્જે પોતાના ૬૦ વર્ષના લાંબા રાજ્ય દરમ્યાન પ્રયાસ કર્યા. તે સાદો, ધાર્મિક, તથા શુદ્ધ દાનતનો પુરૂષ હતો. પોતાની રાણી તથા બાળબચ્ચાં પર તેનો પ્રેમ ઘણો હતો. શાર્લોટ રાણી તથા ૧૫ છોકરાં સહિત તેનું જીવન શાંતિમય હતું. તેને ચિત્તભ્રમનો રોગ હતો અને આ રોગની અસર દરમ્યાન તે અપૂર્વ ધીરજ રાખતો. આ

ગુણોને લીધે પ્રજાનો ભાવ એને માટે ઘણો હતો. પરંતુ આ સર્વ સાથે કમભાગ્યે સાંકડા મનનો, અજ્ઞાત, જીદ્દી, તથા આપખૂદી હોવાથી તેણે ઘણી ગંભીર ભૂલ કરેલી. રીતભાત સુધારવાનો, પ્રજાને ધર્મનિષ્ઠ કરવાનો, ને લોકોમાં વફાદારીનો ગુણ ખિલવવાનો તેણે પીટનને ફાયદો કીધો. પણ આ સાથે પાર્લમેન્ટને પોતાના કાબુમાં લેવા માટે તે છ ચોક લાંચનો ઉપયોગ કરતો, આયર્લેન્ડને ન્યાય આપવાની બાબતમાં વિરૂદ્ધ થયો, ગુલામી વેપારને ટેકો આપતો, ને આવી નીતિના પરિણામે અમેરીકાનાં સંસ્થાન તેણે ગુમાવ્યાં.

રાજમિત્રો. ગાદીએ આવતાં તેનું પહેલું કાર્ય પીટને રૂખશદ આપી પોતાના શિક્ષક બ્યુટને વડો પ્રધાન બનાવવાનું હતું. તેની મુરાદ ફ્રાન્સ સાથે સંધી કરવાની હતી; કેમકે ફ્રાન્સ સાથે સંધી થાય તો તેના હાથ યુદ્ધમાંથી છુટા થાય. એટલે વ્હીગપક્ષને મરજી મુજબ દબાવી શકે. ટોરી પક્ષે હવે સ્ટુઅર્ટના પુનરાગમનની તમામ આશા ત્યાગી હતી; ને તેઓ ઈંગ્લેંડની ભૂમિમાં જન્મેલા આ શુદ્ધ અંગ્રેજ રાજાને મદદ કરવા રાજી હતા. માનચાંદ તથા પદવીઓ બક્ષવાના રાજહક્કનો ઉપયોગ કરી તેણે 'રાજમિત્રો' નામનો એક પક્ષ સ્થાપ્યો. હેન્રી ફોક્ષ નામનો બાહોશ પણ ખોટું કામ કરતાં ન ખંચાય એવો પુરૂષ બ્યુટના પ્રધાન મંડળમાં સામેલ થયો, ને તેણે વચન આપ્યું કે ફ્રાન્સ સાથે સુલેહ કરવાની બાબતમાં હું બહુમતી મેળવી આપીશ. આ કાર્યમાં તેને ફત્તેહ મળી. ૧૭૬૨ માં ૮૨૦૦૦ પાઉન્ડ જેવી મોટી રકમ છુપી સેવા ખાતાના લાંચ વિભાગમાં ખર્ચાઇ; તથા પીટનો વિરોધ છતાં ૩૧૯ વિરૂદ્ધ ૬૫ મતે સલાહ કરવી એમ નક્કી થયું.

બ્યુટનું રાજીનામું. પરંતુ લોર્ડ બ્યુટની સત્તા વધુ વખત ટકી નહિં. તે સ્કોટલેન્ડનો વતની હતો, ને ૧૭૪૫ ના બળવા પછી અંગ્રેજોને સ્કોચ લોકો પર અણવિશ્વાસ હતો. વળી તે રાજમાતાનો માનીતો હતો તે વાત

પ્રજાને પસંદ નહતી. તેણે વ્હીગ પ્રધાનોના નીમેલા નાના મોટા તમામ સરકારી નોકરોને બરતરફ કર્યા, તથા પ્રજામત વિરૂદ્ધ સાઇડર નામના દારૂપર કર નાંખ્યો. ઘણો વખત સુધી તો અંગરક્ષકો સિવાય તે શહેરમાં ફરી શકતો નહિ, ને છેવટે પ્રજાવિરોધ અસહ્ય થવાથી તેણે ગભરાઇને રાજીનામું આપ્યું.

ગ્રેનવીલનો કારભાર.

તેની જગ્યા જ્યોર્જ ગ્રેન્વીલે લીધી, તે પણ બહુ ફાવી શક્યો નહિં કારણ કે તે સહેલાઇથી રાજાની હાએહા કરે એવો નહોતો. જાતે પ્રમાણિક તથા શુદ્ધ હૃદયનો હોવા છતાં તેને હાથે ઇંગ્લેંડમાં તેમજ અમેરીકામાં હોળી સળગી. તેની પહેલી મુશ્કેલી માટે તે ભાગ્યે જ દોષિત ગણી શકાય. પાર્લમેન્ટ બંધ કરતી વખતે રાજાએ જે ભાષણ કરેલું તેની સખત ટીકા 'નોર્થબ્રીટન' નામના ન્યુસપેપરના ૪૫ મા અંકમાં બહાર પડેલી. આ પેપરનો અધિપતિ વીલ્કીસ નામનો દમવગરનો પણ લોકપ્રિય આદમી હતો; આ વીલ્કીસ આઇલ્સબરી તરફથી પાર્લમેન્ટનો મેમ્બર હતો. ગ્રેન્વીલે આ પેપરના લેખકો, છાપનારા, તથા પ્રકાશકોને પકડવા માટે મોઘમ વોરંટ કાઢ્યો, જેને પરિણામે વીલ્કીસ ને તેના ૪૮ આદમીને કેદ કરવામાં આવ્યા. હેબીઅસ કોર્પસ કાયદાની રૂએ વીલ્કીસ છૂટો થયો, ને પછી તેણે પાર્લમેન્ટના મેમ્બરને પકડવા માટે તથા મોઘમ (નામ વગરનો) વોરંટ કાઢવા માટે સરકાર ઉપર દાવો માંડયો. મુકદમો ચાલતાં તેની જીત થઇ; પરંતુ પાલમેન્ટે બદનકશી માટે તેના સામે દાવો માંડયો. આ દાવા ફુવી ને લીધે હેલાળે ચઢેલી પ્રજાએ હુલ્લડ કર્યાં. 'વીલ્કીસ અને સ્વતંત્રતા'—આવો પોકાર લોકો કરતા; અને રાજા તથા રાજમાતાની બદનકશીવાળા લેખ એટલા બધા પ્રસિદ્ધ થયા કે ૨૦૦ છાપનારા પર દાવો મંડાયો. પછી એક ખાનગી દ્વન્દ્વ યુદ્ધમાં ઘાએલ થઇ વીલ્કીસ ફ્રાન્સ ચાલી ગયો કેમકે પાર્લમેન્ટે તેને દેશનિકાલની સજા ફરમાવી હતી. તે દિવસથી મોઘમ વોરંટ કદી નીકળ્યાં નથી.

આ તોફાન સમાપ્ત થયું એટલે તરતજ ગ્રેન્વીલની બીજી ગંભીર ભૂલ થઇ, ને તેથી અમેરીકન સંસ્થાનો સાથેના ટંટાનો આરંભ થયો. ઘણા કાળથી સંસ્થાનોનો કારભાર સંસ્થાનીઓજ ચલાવતા. બ્રિટિશ પ્રધાન મંડળ આ બાબતપર ઘણું ઓછું લક્ષ રાખતું. એક જણે રમુજમાં કહેલું તેમ ગ્રેન્વીલે "અમેરીકાથી આવતા સરકારી કાગળ પત્ર ધ્યાનપૂર્વક વાંચવા માંડયા તેથીજ અમેરીકા ખોયું." સંસ્થાનો બ્રિટન સાથેજ વેપાર કરી શકે એ બેવકુફ સિદ્ધાન્તનો ભંગ ઘણા વખતથી થતો હતો; અને સ્પેનીશ અમેરીકા સાથેના વેપારથી સંસ્થાનો પુષ્કળ કમાએલા. ગ્રેન્વીલે આ રિવાજ બંધ કરવાનો નિશ્ચય કર્યો વળી છેલ્લા ૭ વર્ષના યુદ્ધમાં બહુ ખર્ચ થએલો હોવાથી તે એવી દરખાસ્ત લાવ્યો કે અમેરીકા માટે સ્ટેમ્પનો કાયદો કરવો જે મુજબ મુકદમાના તમામ કાગળો ઉપર સ્ટેમ્પ લગાડવા જોઇએ. આ કાર્યથી સંસ્થાનીઓ બહુ ક્રોધે ભરાયા. તેમના લાભાર્થે જે યુદ્ધ થએલું તેના ખર્ચનો હિસ્સો તેઓ આપે એ તો ન્યાયની વાત હતી; પણ તેમનો એવો રિવાજ હતો કે તેમના કર તેઓ પોતે જ નક્કી કરે; ને આ કર વિષેની વાત જો સંસ્થાની સભામાં મુકાઇ હોત તો તેઓ ખુશીથી જોઇતાં નાણાં ઉધરાવી આપત. તેમણે સ્ટેમ્પનો કાયદો રદ કરવા અરજી મોકલી, તેમાં તેમનું કાંઇ વળ્યું નહિ ને ૧૭૬૫ માં તે કાયદો પાસ થયો. પરિણામ એ નીપજ્યું કે અમેરીકનોએ બ્રિટિશ માલનો બહિષ્કાર કર્યો, જેથી બ્રિટનના ઘણા ધંધા પાયમાલ થયા.

અમેરીકન યુદ્ધનાં બીજ.

આ જ સમયે રાજાને ચિત્તભ્રમનો પ્રથમ આઘાત થયો. ટુંક વખતમાં તે સાજો થયો, પછી તેણે (Regency) રાજરક્ષણની જોગવાઇ કરવા વિષે ઇચ્છા દર્શાવી જેથી ભવિષ્યમાં પોતાની માંદગી વેળા રાજ–રક્ષક કામ કરી શકે. રાજ રક્ષણના ખરડામાં તેણે પોતાની માનું નામ ન જોયું એટલે તે બહુ નાખુશ થયો, અને ગ્રેન્વી-

હને ખસવું પડયું. નવા પ્રધાન લોર્ડ રોકીંગહામે સ્ટેમ્પનો કાયદો રદ કરવા નિશ્ચય કર્યો; ને પીટ માંદો હતો છતાં પાર્લમેન્ટમાં ખાસ હાજર રહ્યો ને આગ્રહપૂર્વક બોલ્યો કે 'પાર્લમેન્ટમાં સંસ્થાનીઓનું હિત જોનાર કોઇ પ્રતિનિધિ નથી, તેથી બ્રીટનને તેમના પર કર નાંખવાનો અધિકાર નથી; આ કારણને લીધે આખો સ્ટેમ્પ ધારો સંપૂર્ણપણે તથા વિના વિલંબે રદ થવો જ જોઇએ.' આ સૂચના મુજબ કાર્ય થયું; રાજાએ પીટને બોલાવી પ્રધાન થવા કહ્યું; અને ડયુક ઓફ ગ્રાફટનને વડો પ્રધાન બનાવ્યો.

ચાહ આદિ પર જકાત.

પીટ ને 'અર્લ ઓફ ચેથ્રમ' એવો ખિતાબ મળવાથી તે ઉમરાવ વર્ગમાં લેખાવા લાગ્યો ને તેથી તેનું અસલ માન લોકોમાં કાંઇક કમી થયું. વળી નાદુરસ્ત તબીએતને લીધે તેનાથી કામ ઉપર પુરતું ધ્યાન અપાતું નહિ. એની ગેરહાજરીમાં ટાઉનશેન્ડે અમેરીકામાં જતી ચાહ, કાચ, સીસું, ચિત્રકામમાં વાપરવાના રંગ, ને કાગળ ઉપર જકાત નાંખવા વિષેનો નવો ધારો પસાર કીધો. ટાઉનશેન્ડનો મત એવો હતો કે સ્ટેમ્પનો કાયદો રદ કરવામાં પાર્લમેન્ટે પોતાની નિર્બળતા જતાવી છે. આ નવી જકાતથી અમેરીકામાં નવી ઝુંબેશ ચાલી. છતાં સંસ્થાનીઓને પોતાના અસલ દેશપર પ્રેમ હોવાથી હજુ એક પણ તોફાન બનવા પામ્યું ન હતું.

વીલ્કીસનાં તોફાન.

ઇંગ્લેંડમાં પાર્લમેન્ટને પ્રજા સાથે ટંટો ઉભો થયો. ૧૭૬૮ માં પેલો વીલ્કીસ પરદેશથી પાછો આવ્યો એટલે મીડલ ઇસેક્સના સ્વતંત્ર (બીજા સ્થળોના પ્રમાણમાં) મતદારોએ એને મત આપી મેમ્બર બનાવ્યો. આ હકીકત સાંભળી રાજા એટલો બધો ખીજવાયો કે તેણે પ્રધાનોને આ સ્થિતિ અટકાવવા દબાણ કીધું. એટલે જે

બદનક્ષી માટે વીલ્કીસને ફ્રાન્સ ભાગવું પડેલું તે ગુન્હાસર એને પરહેજ કરવામાં આવ્યો. લંડનમાં ગંભીર રમખાણ થયાં. લોકોનું ટોળું ઘેરઘેર ફરી દરેક જણ પર દબાણ કરતું કે તમારે વીલ્કીસની ચુંટણીના માનાર્થે બે દિવસ રોશની કરવી. ઓસ્ટ્રીઅન એલચીને એના પલંગ પરથી ઘસડી કાઢી તેના બુટના તળીઆપર '૪૫ મો અંક' એ શબ્દ ચાકવડે લખવામાં આવ્યા.

વીલ્કીસને 'કીંગ્સ બેન્ચ' નામની જેલમાં પૂર્યો હતો, ત્યાં લોકોએ એવો દરોરો પાડયો કે રિવાજ મુજબ હુલ્લડનો ધારો વાંચી સંભળાવી ગોળીબાર કરવો પડયો. કેટલાકના જાન ગયા. તથાપિ પાર્લમેન્ટે ઠરાવ કર્યો કે વીલ્કીસ મેમ્બર તરીકે બેસી શકે નહિં. આ ચેતવણી રૂપ ઠરાવ છતાં પ્રજાએ તેને ઉપરા ઉપરી ચાર વખત ચુંટયો ત્યારે પાર્લમેન્ટે જોસમાં આવી પોતાની સત્તા બ્હારનું કામ કર્યું. આ મોટી ભૂલ ગણાય. વીલ્કીસના હરીફ લટ્રેલને માત્ર ૨૯૬ મત (વીલ્કીસના ૧૧૪૩) મળ્યા હતા છતાં પાર્લમેન્ટે તેને રીતસર ચુંટાએલો જાહેર કીધો. મતદારોના હક્ક ઉપર આ સીધી તરાપ કહેવાય, કેમકે જો પાર્લમેન્ટ સ્વતઃ મેમ્બરો ચુંટી શકે તો પછી ધારા બંધારણમાં પ્રજાનો કોઇ જાતનો અવાજ રહ્યો નહિં. આથી લોકો એટલા બધા ઉશ્કેરાઇ ગયા કે રાજા પાર્લમેન્ટમાં જતો હતો તે વેળા તેનું જાહેર અપમાન થયું; ને જ્યારે વીલ્કીસને જેલમાંથી છોડવામાં આવ્યો ત્યારે કોટવાલની હવેલી ઉપર ત્રણ ત્રણ ફુટ ઉંચા અક્ષરનો બનાવેલો Liberty (સ્વાતંત્ર્ય) શબ્દ ટાંગ્યો હતો; ને વીલ્કીસને 'આલ્ડરમેન' બનાવ્યો.

૧૭૭૧ માં ફરી પાર્લમેન્ટ ને પ્રજા વચ્ચે બીજો ઝઘડો થયો તેમાં વીલ્કીસને પ્રજાનો જય થયો. ૧૬૯૫ ની સાલથી છાપખાનાને સ્વાતંત્ર્ય મળેલું હોવાથી છાપાં વધ્યા જતાં હતાં. એકલા લંડનમાં ૧૭ પત્રો પ્રગટ થતાં. પાર્લમેન્ટની અંદરની વાતો પ્રસિદ્ધ કરવાની

મનાઇ છતાં ઘણા અગત્યનાં ભાષણો ઘણા પત્રોમાં નિયમીત છપાતાં. તે વેળા પાર્લમેન્ટમાં રીપોર્ટરોને દાખલ કરતા ન હતા તેથી ન્યુસ્પેપરની હકીકત ખોટી, એકપક્ષી, તથા ઘણીવાર મેમ્બરોને અપમાન કારક પણ આવતી. આથી આમની સભાએ પેપરોને બંધ કરવાનો નિશ્ચય કર્યો; ને પ્રમુખે ૮ છાપનારાને પરહેજ કરવાનો હુકમ કાઢયો. આમાંના બે પુરૂષોએ સ્થાનિક અદાલતનો આશ્રય લીધો; એમની તપાસ વીલ્કીસ તથા બીજા એક ઓલીવર નામના આલ્ડરમેન આગળ ચલાવવામાં આવી, તથા આખરે તેમને બીનઅપરાધી ઠેરવી છોડી મૂકવામાં આવ્યા. બીજા એક મારટીન નામના છાપખાના વાળાએ મેજીસ્ટ્રેટની સહી વગરનું વોરંટ લાવવા બદલ લાવનાર સખ્સને પોલીસમાં સ્વાધીન કીધો.

હવે આમની સભા અને રાજનગર વચ્ચે તોફાની મામલો ઉત્પન્ન થયો. લોર્ડ મેયર (કોટવાલ) તથા ઓલીવરને ટાવરગઢમાં કેદ કીધા; લોકોએ ટોળે વળી એમની જય પોકારી; ને દોઢ મહિના પછી તેમને છોડયા ત્યારે આખા લંડન શહેરમાં રોશની કરવામાં આવી. દરમ્યાન પેલા છાપનારા છૂટા રહ્યા હતા. આ બાબતમાં પ્રજામતની જીત થઇ એમ કહી શકાય કેમકે તે વખતથી પાર્લમેન્ટની હકીકત નિયમીત છપાય છે ને તેમાં કોઇ આડે આવ્યું નથી. પરિણામે સારાં સારાં વર્તમાનપત્રો જન્મવા લાગ્યા. થોડા વર્ષમાં મોર્નીંગ ક્રોનીકલ, મોર્નીંગ પોસ્ટ, ટાઇમ્સ આદિ પેપરોએ દેખાવ દીધો. ૧૭૭૪ માં મીડલ ઇસેક્સે ફરી વીલ્કીસને ચુંટયો; આ વેળા એને સભામાં બેસવા દેવામાં આવ્યો. ૧૭૮૨ માં આમની સભાએ કબુલ કર્યું કે લટ્રેલની બાબતમાં સભા વચમાં પડેલી તે ભૂલ હતી, ને તેને લગતું લખાણ સભાના દફ્તરમાંથી છેકી નાંખ્યું.

સંસ્થાનીઓની બેદિલી.

આ વર્ષો દરમ્યાન અમેરીકામાં પ્રજાકીય લાગણી બ્રિટન વિરૂદ્ધ વધુ સખત થતી હતી. ૧૭૭૦ માં લોર્ડ નોર્થ વડો પ્રધાન થયો તે રાજા કહે તે પ્રમાણે કરવા તૈયાર હતો. હવે સ્વાર્થી ખુશામતીઆ પુરૂષો રાજાના દરબારમાં ટોળે થતા અને જ્યો-

ર્જને એમ લાગવા માંડયું કે હવે હું ખરો રાજા થયો. અમેરીકા ધણી થવાનો તેનો અસલ નિશ્ચય વધુ દૃઢ થયો ને પ્રજા તથા ર્લેમેન્ટની આ બાબતમાં સહાનુભૂતી મળી. અંગ્રેજો સદા એમ નતા આવેલા કે સંસ્થાનો આપણી બાપીકી મીલ્કત છે. જે મા સોએ નવા પ્રદેશમાં પોતાના ઘરબાર કરવામાં મહા મહા દુઃખ ઠેલાં તેમનો આ પ્રદેશપર પ્રથમ હક્ક છે, એ બાબત સૌ ભૂલી જતા. સ્વાર્થને આંખ હોતી નથી. અત્યારે સંસ્થાનો મ્મર લાયક પુત્રની સ્થિતિમાં હતા; એટલે અમેરીકાનું કારભ કરવાનો હક્ક તેમનો હતો. પરંતુ આ રહસ્ય સમજનાર બર્ક ને ધમ જેવા મહા પુરૂષો વીરલા હતા. ૧૭૭૦ માં લોર્ડ નોર્થ ચ સિવાયની વસ્તુ પરની જકાત કાઢી નાંખી. ચાહની જકાતની ઉ નહિ જેવી હતી (વાર્ષિક ૩૦૦ પાઉન્ડ) છતાં પોતાનો અધિ દર્શાવવા પુરતી જ એ જકાત ચાલુ રાખેલી. જે દિવસ લંડન આ નિર્ણય થયો તે જ દિવસે બોસ્ટનમાં શહેરીઓ તથા સોલ્જ (બ્રિટિશ) વચ્ચે ઝપાઝપી થઇ; ને કેટલાક લોક માર્યા ગયા. સમાચાર ઈંગ્લેંડમાં પહોંચ્યા ત્યારે સરકાર જો શાણી હોત તો સ શકત કે સંસ્થાનીઓને વિના કારણે પજવવાનો આ સમય ન હ

બોસ્ટન બંદરે ચાહ દરિયામાં પધરાવી.

આટ આટલી બ્રિટનની કનડગત છતાં બે ત્રણ વર્ષ તો તોફાન થયું નહિ. ચાહ પર જકાત નાંખવા બ્રિટને દુરાગ્રહ કરેલો હોવાથી અમેરીકનો ચાહનો બહિષ્કાર કર્યો; ને તેથી ઇસ્ટ ઇંડી કંપનીને ભારે નુકસાન થયું. એટલે ઇગ્લીશ બંદરે લેવાતી ચાહ ઉપરની જક બંધ કરી પણ અમેરીકન બંદરે તો કાયમ રાખી. ઇંડીઆ કંપન બળજોરીથી અમેરીકામાં ચાહ ઉતારવાનો પ્રયાસ કીધો ને ૧૭૭૩ છેવટના ભાગમાં બોસ્ટન બંદરે પુષ્કળ માલ આવ્યો. અમેરીકનોએ ચ નહિં આવવા દેવાનો નિશ્ચય કરેલો હોવાથી, વહાણ બંદરમાં દા ચ્યાં એટલે લાલ ઇંડીઅનનો વેષધારી ચાળીશ પચાશ માણસો

હાણુપર ચઢી ગયા, કુહાડીથી પેટી ઉઘાડી, ને તમામ ચાહ દરીઆમાં નાંખી દીધી. આ અપરાધની સજા રૂપે નોર્થે બોસ્ટન બંદર બંધ કર્યું (એટલે ત્યાંનો વેપાર બંધ થાય); માસાચુસેટસ પ્રાંતનો પટો રદ કર્યો, ને ત્યાંના કારભાર માટે એક કાઉન્સીલ નીમી.

અમેરીકામાં પ્રથમ કોન્ગ્રેસ.

હવે યુદ્ધ તો ટરી ચુકયું; જો કે ખરી શરૂઆત થતાં એક વર્ષ વહી ગયું. અમેરીકાનો પ્રખ્યાત ફીલસુફ તથા દરબારી ફ્રેન્કલીન આ ઝઘડો પતાવવાના હેતુથી ઇગ્લેંડ ગએલો તે પણ ત્યાંથી નિરાશ થઇ પાછો ફર્યો. ૧૭૭૪ માં જ્યોર્જીઆ સિવાયના સંસ્થાનોમાંથી ચુંટાએલા ૫૫ પ્રતિનિધિઓની એક સભા ભરાઇ ને તેમાં એવો ઠરાવ થયો કે માસાચુસેટસના હક્ક પાછા ન સોંપાય ત્યાં સુધી ગ્રેટબ્રિટન સાથેનો તમામ વેપાર બંધ કરવો. બીજો ઠરાવ લશ્કરી વ્યવસ્થા વિષે થયો કેમકે લડાઈ એકાએક થતાં લશ્કરની જરૂર પડે. તો પણ રાજા એકનો બે થયો નહિં. ૧૭૭૫ માં પાર્લેમેન્ટે જાહેર કર્યું કે માસાચુસેટસના વતનીઓએ બળવો જગાવ્યો છે. ને તેથી નવા કાયદાનો અમલ કરવા આવેલા ગેઇજ નામના ગવર્નરે કોન્કોર્ડમાંના સંસ્થાનીઓના હથીઆર ગૃહનો નાશ કરવા લશ્કર મોકલ્યું એટલે પહેલી લોહીની છોળો ઉડી. એક નાનીશી ખેડુત તથા કામદારોની મક્કમ પલટન આ સરકારી લશ્કરને આગળ વધતું અટકાવવા રસ્તો ઘેરી ઉભી; અને લેક્ષીંગટન આગળ સરકારી લશ્કરને પાછું વાળ્યું. અહા આગળ આ બહાદુર ખેડુતોના પરાક્રમના કીર્ત્તિસ્મરણાર્થે એક સ્મારક* ૬૦ વર્ષ પછી બંધાયું હતું.

---

* "એક વેળા આ (કોન્કોર્ડ) નદી ઉપર કમાન–આકારે આવી રહેલા ટામડકુટીઆ પુલ પાસે ખેડુતોની ધજા એપ્રીલ માસની મંદમંદ લહેરોથી ફરકતી હતી; ને અહીં લશ્કર આકારે ખડા થઇ તેમણે જે ગોળી બાર કરેલી તેનો પ્રચંડ અવાજ સારી દુનિયામાં સંભળાયો હતો."—આ મતલબની ઇમર્સન કવિની કવિતા આ સ્મારકપર કોતરાવી છે.

હવે પછી બ્રિટનને અમેરીકા વચ્ચે ૮ વર્ષ સુધી અમેર

અમેરીકન યુદ્ધ. ૧૭૭૫-૧૭૮૩.

યુદ્ધ ચાલ્યું. અમેરીકાએ જ્યોર્જ વે ટનને સેનાધિપતિ નીમ્યો. આ મહાપુરૂષે તાનું ઝવેરાત ૨૧ વર્ષ પૂર્વે પીટસબ઼ કરતી વેળા દાખવ્યુ હતું; ત્યાર બાદ તેણે નેક સંકટ સહન કર્યાં. હાર યા જીત બન્ને વેળાએ તે શાંત આત્મશ્રદ્ધાળુ રહેતો, તથા પોતાના લશ્કરના હિત ખાતર, ર ની મુક્તિ માટે પોતાના સર્વસ્વનો ભોગ તેણે આપ્યો. "યુદ્ધ હેલો, સુલેહમાં પહેલો, પોતાના દેશબન્ધુના હૃદયમાં પહેલો" આ વીર વોશીંગ્ટન પોતાનું ચાલ્યું ત્યાં સુધી તો બ્રિટનને રહ્યો, પછી ન છૂટકે તે યુદ્ધમાં ઝુમ્યો ને ૧૭૮૯ માં તે સ્વતં એલા યુનાઇટેડ સ્ટેટસનો પ્રથમ પ્રમુખ થયો.

વોશીંગટનની વાતમાં આપણે બહુ આગળ નીકળી યુદ્ધની વાતપર હવે આવીએ. વોશીંગ્ટન પોતાનું લશ્કર હ રણક્ષેત્રમાં પહોંચ્યો ત્યાર પહેલાં બંકર હીલની લડાઇ લડાઈ હતી, જેમાં સંસ્થાનીઓ હાર્યા પરંતુ હારતાં હારતાં પણ દુશ પોતાની બહાદુરી પ્રત્યક્ષ સાબીત કરી દીધી. બીજે વર્ષે બ્રીટી શ્કરે કેનેડાપરનો સંસ્થાનીઓનો હુમલો પાછો વાળ્યો; પણ બાજુએ લોર્ડ હાઉએ બોસ્ટનને ઘેરો ઘાલેલો તે ઉઠાવવાની વોશ ફરજ પાડી. ધીમે ધીમે સંસ્થાનીઓએ અડગ નિશ્ચય કર્યો કે ટનથી વદન છૂટા થવું ને જ્યારે તેમને માલમ પડ્યું કે બ્રિટન ર્મન લશ્કરનો ઉપયોગ કરતાં પણ શરમાતું નથી ત્યારે આ તેમના હૃદયમાં કોતરાઇ ગયો, તેમની રગેરગમાં વ્યાપી ગયો.

સ્વાતંત્ર્ય ખત.

૧૭૭૬ માં જોન આડમ્સ, ફ્રેન્કલીન, શેરમન આદિ મોટા ઉત્સાહી નેતાઓની આગેવાની હેઠળ અમે કોન્ગ્રેસે ઠરાવ કર્યો કે એકત્રિત થએલાં સંસ સ્વતંત્ર રાજ્ય થવાં જોઇએ; અને વર્જી વાળા જેફરસને સ્વાતંત્ર્ય ખત તૈયાર કર્યો જેની છેવટ આ પ્રમાણે

"અમે કોન્ગ્રેસમાં ભેગા થએલા યુનાઇટેડ સ્ટેટસના પ્રતિનિધિઓ અમારા હેતુની સત્યતા વિષે પરમાત્માને સમક્ષ રાખી જાહેર તથા પ્રસિદ્ધ કરીએ છીએ કે આ યુનાઇટેડ સ્ટેટસ સ્વતંત્ર રાજ્ય છે, ને પોતાના હક્કે કરીને સ્વતંત્ર થવાં જ જોઇએ."

બીજે વર્ષે બરગોઇન સરદારનું બ્રિટિશ લશ્કર સારા ટોગા આગળ ઘેરાઇ ગયું અને તાબે થયું; ને ફ્રાન્સ જે ગયા યુદ્ધનું વેર લેવા તથા અંગ્રેજોને હલકા પાડવા આતુર હતું તેણે સંસ્થાનીઓ સાથે મૈત્રી કરી.

ચેધમનું મરણ

લોર્ડ ચેધમે (પીટ) ઘણા વખત પર આ ભવિષ્ય ભાખેલું; ઉમ્મર તથા રોગને લીધે નબળો પડી ગએલો છતાં સસ્થાનીઓના દુઃખનું સંપૂર્ણ નિવારણ થાય તે વિષે ખાસ આગ્રહ કરવા તે પાર્લમેન્ટમાં આવ્યો પણ તેની સર્વ મહેનત વ્યર્થ ગઇ. ફરા બે મહિના પછી સભા ભરાઇ ત્યારે વૃદ્ધ ચેધમ અમેરીકાને શાંત પાડવા તથા ફ્રાન્સ જેવા કટ્ટા દુશ્મનને ખોખરૂં કરવા વિષે સભાને સમજાવવા ઉભો થયો. આનો રીચમંડે જેવો તેવો ભાંગ્યો તુટયો જવાબ વાળ્યો. ચેધમે પ્રત્યુત્તર આપવા ઉભા થવા માંડયું પણ તેનાથી બોલાયુ નહિ ને મૂર્છા ખાઇ ભોંયપર પડયો. એક મહિનામાં તેનું મોત થયું એટલે સમાધાનીની આશાનો અંત આવ્યો.

જીબ્રોલ્ટરનો ઘેરો.

હવેના ૪ વર્ષ બ્રિટન માટે મહા દુઃખના હતા. ૧૭૭૯ માં એની વિરૂદ્ધ ફ્રાન્સ સાથે સ્પેઇન પણ સામેલ થયું, તથા જીબ્રોલ્ટરને ઘેરો ઘાલ્યો. ઇલીઅટે ત્રણ ત્રણ વર્ષ સુધી જીબ્રોલ્ટરનો બચાવ કર્યો; પછી તેણે દુશ્મનના વહાણો અગ્નિમય ગોળી છોડી બાળી મુકયા ૧૭૮૦ માં રશીઆ સ્વીડન તથા ડેન્માર્કે ભેગા થઇ નક્કી કર્યું કે બ્રિટિશ લોકોને પરદેશી વહાણની જડતી લેતાં અટકાવવા, ને આ બાબતમાં પ્રશીઆ ને હોલેન્ડ પણ સામેલ થયા.

આ તો કહી પરદેશની મુશ્કેલી પણ ઘર આગળની :
કાંઇ ઓછી ન હતી. અમેરીકાના યુદ્ધમાં
આયર્લેન્ડ. લવા માટે આયર્લેન્ડમાંથી લશ્કર ઉઠાવી
હતું; ને આયર્લેન્ડમાં ફ્રેન્ચ હુમલાની
હોવાથી ત્યાંની પ્રજાએ દેશના રક્ષણ કાજે સ્વયંસેવક સન્ય તૈયા
આ સૈન્ય સપાટાબંધ વધીને એક લાખ જેટલું થયું. આવું મોટું
કીય સૈન્ય આયર્લેન્ડમાં હસ્તી ધરાવે તે ઈંગ્લેંડને કેમ પાલવે?
કે આ પ્રજાના વેપારપર ઘણા વખતથી ઇંગ્લેંડે દુઃખદાયક
મુકેલા એટલે આયર્લેન્ડવાળાને બ્રિટન માટે કાંઈ ખાસ પ્રેમ ન
બ્રિટનને બ્હીક લાગી કે આયર્લેન્ડ અમેરીકાના જેવું કરે તો?
વક્તા હેન્રી ગ્રેટને આયરીશ પાર્લમેન્ટમાં દરખાસ્ત મુકી કે આય
પોતાનો માલ મરજી પ્રમાણે પરદેશ ચડાવવાનો હક્ક હોવો જ
તમામ બાજુથી સંકડામણમાં આવી પડેલા નોર્થે તેમને મા
તથા કાચ માટે આ હક્ક આપ્યો.

ખુદ ઈંગ્લેંડમાં અશાંતિ ઓર રીતે પ્રગટ થઇ. ૧૭૭૮ માં
મેન્ટે કેથોલીક વિરૂદ્ધના થોડાક કાયદા રદ કર્યા. આથી હડહડતા
સ્ટન્ટોને દુઃખ થયું; ને લોર્ડ જ્યોર્જ
ગોરડનનાં તોફાન નામનો ધર્માંધ પુરૂષ ૬૦૦૦૦ આદમીના ટો
સરદારી લઇ પાર્લમેન્ટમાં ફરીઆદ કરવા
આ અવ્યવસ્થિત ટોળાએ ઉમરાવની સભાનું અપમાન કર્યું તથા
આમની સભાની ઓસરીમાં ધુસી ગયા; ને જ્યારે ધક્કા મારી કાઢ્યા
જ તેઓ સભાની બહાર નીકળ્યા; પાછા ફરતાં તોફાન થયું; ને
ચાર દિવસ સુધી રાજનગરમાં અરાજકતા રહી. કેથોલીક દવળો સળ
મુક્યાં; તથા દારુના એક કારખાનામાં ટોળું ધુસી ગયું ને તેને
લગાડી. આ આગના ભડકામાં કેટલાએ પીધેલા હુલ્લડખોરો ર
મુઆ. પછી ૧૦ હજાર સોલ્જરની મદદ આવી ત્યારે શાંતિ થઇ

લોર્ડ કોર્નવોલીસ દુશ્મનને શરણે

લોર્ડ નોર્થનું રાજ્ય દિનપર દિન અકારૂં થતું જતું હતું. એક બાજુ લડાઇના લખલુટ ખર્ચ, બીજી બાજુ વેપાર બંધ. પેન્શન તથા રૂશ્વતમાં ખરચાતા હદપારના નાણાં વિષે બર્કે પાર્લમેન્ટમાં સરકારને સખત ઝાટકા મારેલા. ૧૭૮૧ માં અમેરીકામાં બ્રિટિશ લશ્કર પર ભયંકર સંકટ આવી પડયું. વોશીંગટનના બંદોબસ્તને લીધે લોર્ડ કોર્નવોલીસ પોતાના ૪૦૦૦ સૈનિકો સાથે એવો ઘેરાઇ ગયો કે તેને જમીન માર્ગે કાંઇ પણ સાધન મળી શકે નહિં; ને જળમાર્ગે ફ્રેન્ચ નૌકાએ ઘેરી લીધો; એટલે તેને શરણે જવું પડયું.

વરસાઇલ્સનું તહનામું.

દુશ્મન દળના બળથી ગ્રેટબ્રિટન છેક છુંદાઇ જશે એમ ભાસતું હતું. નોર્થ દુઃખમાં ને દુઃખમાં એકવાર બોલી ઉઠયો કે-બાજી તમામ ખતમ થઇ ગઇ. ને ૧૭૮૨ માં તેણે રાજીનામું આપ્યું. નવા પ્રધાનોએ આયર્લૅન્ડને ઝટ શાંત કરવા પોયનીંગ * કાયદો રદ કાધો; તથા અમેરીકા, ફ્રાન્સ ને સ્પેઇન સાથે સુલેહની તજવીજ કરવા લાગ્યા. પરંતુ આ વાત કાંઇ સહેલ ન હતી; કેમકે સ્પેઇનની દાઢ જીબ્રોલ્ટર પર હતી, ફ્રાન્સને બંગાળાની લાય લાગી હતી ને આ બન્ને સ્થળો બ્રિટનને અતિ ઉપયોગી હતા. બ્રિટનના સદ્ભાગ્યે નૌકાપતિ રોડનીએ ફ્રેન્ચ નૌકાને દરીઆઇ લડાઇમાં સજડ હરાવ્યું; ને થોડા મહિનામાં દુશ્મનને જીબ્રોલ્ટરનો ઘેરો ઉઠાવવો પડયો. આ વિજયથી બ્રિટનના પગમાં કાંઇક જોસ આવ્યું. ૧૭૮૩ માં વરસાઇલ્સ (ફ્રાન્સમાં) ની સુલેહ થઇ જેથી ફ્રાન્સને કશું મળ્યું નહિં;

---

* આ કાયદાની મતલબ એવી હતી કે દરેક આયરિશ પાર્લમેન્ટ બોલાવતાં પહેલાં તે શા કારણોથી બોલાવવામાં આવે છે, તથા તેની અંદર કયાં કયાં કામ થવાના છે તે વિષે રાજાની કાઉન્સીલને ખબર કરી તેમની રજા લેવી જોઇએ. આવી પરવાનગી સિવાયની પાર્લમેન્ટમાં થએલું કાર્ય રદ બાતલ લેખાય.

સ્પેઇનને માઇનોર્કા ને ફ્લોરીડા મળ્યાં; અને ભૂમધ્ય સમુદ્રની ચાવી સમાન જીબ્રાલ્ટર બ્રિટને રાખવું એમ નક્કી થયું. અમેરીકા સાથે એવી શરત થઇ કે કેનેડા નોવાસ્કોશીઆ, તથા ન્યુફાઉન્ડલેન્ડ બ્રિટનના કબજામાં રહે, અને યુનાઇટેડ સ્ટેટસની સ્વતંત્રતા બ્રિટન કબુલ રાખે. બળવાન સંસ્થાન ઉપર જબરાઇથી કર નાંખવા વિષેના જ્યોર્જના તથા તેના પ્રધાનોના આગ્રહ પૂર્વક પ્રયાસોનું આવું આકરૂં પરિણામ નીપજ્યું. જો તેમણે સંસ્થાનીઓને રીતસરની છૂટછાટ આપવા જેટલું ડહાપણ વાપર્યું હોત તો કદાચ અમેરીકા આજે પણ બ્રિટિશ મહારાજ્યમાં હોત. આ વખતથી સ્વતંત્ર બનેલા સંસ્થાનોનો ઇતિહાસ ગ્રેટ બ્રીટનથી નોખો થાય છે. છતાં ત્યાંના સ્ત્રી પુરૂષોના દિલમાં અસલ દેશ માટે પ્રેમ છે; ને બ્રિટન પણ પોતાની કુખમાં પાકેલી આ બળવાન પ્રજા માટે અભિમાન ધરાવે છે.

કુકની સફરો. આમ એક બાજુથી અમેરીકા બ્રીટનના હાથમાંથી સરતું હતું તે વેળા બીજી બાજુ તેને માટે નવાં સંસ્થાન તૈયાર થતા હત ૧૭૬૮ માં રોયલ સોસાયટી તરફથી કેપ્ટન કુક પેસીફીક મહાસાગરમાં આવેલા ટાહિટી બેટમાં સૂર્યના બિંબપર શુક્રના ક્રાંતિવેધની નિરીક્ષા કરવા ગએલો. અહીંથી પાછા ફરતાં કુક ન્યુઝીલેન્ડ ગયો; આ ભૂમિમાં તેણે થોડાં બીઆં વાવ્યાં અને કેટલાંક ડુક્કર રખડતાં મુકી દીધા, ને પછી તે ઓસ્ટ્રેલીઆ ગયો. અહીં અગ્નિ ખુણાના પ્રદેશમાં ફરી હરી તેણે બ્રીટીશ વાવટો ફરકાવ્યો ને તેનું નામ ન્યુ સાઉથ વેલ્સ પાડ્યું. બાદ હવાઇ ટાપુમાં તેનું ખુન થયું. ૧૭૮૭ માં એવો ઠરાવ થયો કે ન્યુ સાઉથ વેલ્સમાં કાળાપાણીની સજાવાળાને રાખવા ને પીટે બીજે વર્ષે ૮૫૦ (સ્ત્રી પુરૂષ) ગુન્હેગારોને ત્યાં મોકલ્યા. શરૂઆતમાં આ લોકોને પુષ્કળ દુઃખ વેઠવાં પડ્યાં, ઘણીવાર તેમને ખાધા વગર ચલાવવું પડતું; તેઓ ગુન્હેગાર હતા છતાં તેમણે આ નવા દેશના વસવાટ વિષે જે સેવા બ્રિટનની બજાવી છે તે વિસરાય

એવી નથી. તેમના પરિશ્રમને પરિણામે જ અત્યારે ત્યાં બ્રિટનનું આબાદ સંસ્થાન થઇ શક્યું છે.

હિંદમાં બ્રિટિશ રાજ્યની વૃદ્ધિ.

દરમ્યાન હિંદમાં અંગ્રેજો પોતાની સત્તાના દોરને લીધે દેશીઓને દમવામાં, તથા પૈસા ઓકાવવામાં કશી મણા રાખતા નહિં. આવા અન્યાય ને જુલમ વિષે ફરીઆદ એટલી બધી વધી ગઇ કે ૧૭૭૩ માં બ્રીટીશ સરકારને વચમાં પડયું. વોરન હેસ્ટીંગ્સ ગવર્નર–જનરલ નીમાયો. તેણે પોતાના ૧૧ વર્ષના અમલ દરમ્યાન સારી માઠી અનેક રીતે હિંદમાં બ્રીટીશ રાજ્યનો પાયો મજબુત કર્યો. એના દુષ્કૃત્યો માટેનો મુકદ્દમો ઇંગ્લીશ પાર્લમેન્ટમાં ૭ વર્ષ સુધી ચાલેલો. તેનો મુખ્ય વિરોધી બર્ક હતો. આખર તેને બીનઅપરાધી ઠરાવી છોડી મુકેલો.

હિંદમાંના અંગ્રેજ રાજ્યની આવી આડકતરી તપાસના પરિણામે ઇંગ્લેંડના વિચારશીલ પુરૂષો હિંદી બાબત પર ધ્યાન આપવા લાગ્યા આમની સભામાં આ વેળા બે ભડ રાજનીતિજ્ઞો હતા; એક બાજુ ચેથમનો પુત્ર નાનો પીટ ને બીજી બાજુ એનો પ્રતિપક્ષી ફોકસ (પાછળથી લોર્ડ હોલેન્ડ) ફોકસમાં અંગત દુર્ગુણો કેટલાક હતા; છતાં તેની તીવ્ર બુદ્ધિ, ઉચ્ચ કાર્યદક્ષતા, બોલવાની છટા, સ્વદેશપ્રેમ, અન્યાય ને જુલમ તરફ વિરોધ આદિ ગુણોને લીધે તેણે પોતાની કીર્તિ અમર કરી છે. તેણે હિંદના કારભાર વિષે એક કાયદો રજુ કર્યો, પણ તે ઉમરાવ–સભામાં પાસ થયો નહિં. આજ વિષય પરનો પીટનો ખરડો પસાર થયો. પીટના કાયદાથી રાજદ્વારી બાબતમાં ઇસ્ટ ઇંડીઆ કંપની ઉપર કાબુ રાખવા તથા ભારતવાસીઓના રક્ષણાર્થે બ્રિટીશ પ્રધાનોનું બનેલું બોર્ડ ઓફ કંટ્રોલ નીમાયું. તે સમયથી હિંદ બ્રીટીશ મહારાજ્યનો ભાગ વસ્તુતઃ બન્યું,

પ્રકરણ ૨૫ મું.

ફ્રેન્ચ રાજ્ય વિપ્લવ.

૩ જો જ્યોર્જ, ભાગ-૨. ૧૭૮૪-૧૮૨૦.

૧૭૮૪ની સાલ બ્રીટન માટે અગત્યની છે કેમકે પીટ જેવા બડા રાજનીતિજ્ઞની સરદારી હેઠળ તે વર્ષમાં એક ધરખમ પ્રધાનમંડળ નીમાયું. પીટ પહેલો અધિકારી મંડળમાં દાખલ થયો ત્યારે તેની ઉમ્મર ફકત ૨૪ વર્ષની હતી, ને ફોકસના પક્ષવાળા એને 'નાદાન બાળક' કહી હસી કાઢતા. તે વેળા તેમને ખ્યાલ ન હતો કે આ 'નાદાન બાળક' જ ૧૭ વર્ષ સુધી ઇંગ્લેંડના વડા પ્રધાનપદને શોભાવશે. પાર્લમેન્ટમાં પીટની બહુમતી પણ ન હતી, ને ૫ વખત તો સભામાં એની હાર થએલી છતાં પ્રજામત પોતા તરફ છે એ ખાત્રીથી તે કમર કસી તૈયાર થયો. મોટ મોટા વ્હીગ કુટુંબોમાં પ્રચલિત લાંચ રૂશ્વતનો રિવાજ તોડી પાડવાની એને આશા હતી. તેનો વિચાર રાજકારભારમાંના દોષ તથા અનાચાર નાબુદ કરવાનો હતો. તેની ધારણા સાચી નીવડી કેમકે નવી ચુંટણી વેળા (૧૭૮૪) તેને મોટી બહુમતી મળી; ને આઠ વર્ષની શાંતિ દરમ્યાન તેણે પ્રજા માટે મોટાં મોટાં કામ કર્યા.

પીટ, વડો પ્રધાન

૧૭૭૬ માં આડમ સ્મિથ નામના મહાપુરૂષે પોતાનું Wealth of Nations 'પ્રજાઓની સંપત્તિ' નામનું પ્રખ્યાત પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું. તેમાં તેણે એવા સિદ્ધાન્ત રજુ કર્યા હતા કે ૧. દરેક માણસને જાત મહેનતથી બને તેટલું કમાવાની છૂટ હોવી જોઇએ, ૨. દેશવિદેશના વેપારને અંકુશિત બનાવનારા કાયદા નુકસાન કરે છે. આ પુસ્તકનો અભ્યાસ પીટે કરેલો હતો તેથી તેણે ચાહ ને દારૂ પરની જકાત ઓછી કરી, ને કર ઉઘરાવવાનું કામ બહુ સરળ

કરી નાખ્યું. આથી દાણુ ચોરી કરવાની ઇચ્છા ઘટી ગઇ; વેપારીઓ રીતસરની જકાત ભરી પોતાનો માલ ખુલ્લી રીતે લાવવા લાગ્યા, ને રાજની આવક એટલી બધી વધી કે તે બીજા ઘણા જુલમી વેરા કાઢી નાંખી શક્યો. આથી પણ આગળ વધી, તેની મરજી બ્રિટન ને આયર્લૅન્ડ વચ્ચેનો વેપાર સાવ નિરંકુશ કરવાની હતી; પરંતુ આયર્લૅન્ડની પાર્લમેન્ટે તેનું નિરંકુશ વેપાર વિષેનું બીલ સ્વીકાર્યું નહિં. બ્રિટિશ તથા આયરીશ વેપારીઓને પરસ્પર પુષ્કળ ઇર્ષ્યા હતી; વળી ઇંગ્લેંડ આયર્લૅન્ડની સ્થિતિ જુદી હતી; ઇંગ્લેંડનો મુખ્ય ધંધો હુન્નર ઉદ્યોગનો હતો, આયર્લૅન્ડમાં ખેતી મુખ્ય હતી. એટલે ઇંગ્લેંડનો ન્યાય આયર્લૅન્ડને પાલવે એમ ન હતું. તેથી ગ્રેટન જેવા આયરીશ નેતાઓએ પીટની સલાહ કબુલ રાખી નહિં. પછી બ્રીટન ને ફ્રાન્સ વચ્ચે એક વેપારી સંધી પીટ કરી શક્યો જે મુજબ બન્ને દેશો વચ્ચે જતી આવતી ઘણી વસ્તુ પરની જકાત બન્ને દેશોએ કાઢી નાંખી.

પીટની પ્રધાનગીરીના આરંભના જેવી આબાદાની ઇંગ્લેંડે ઘણા વખતથી અનુભવી ન હતી. અમેરીકા સાથેનો ઝઘડો ખતમ થયો હતો, વેપાર ધમધોકાર ચાલતો હતો, બ્રીટીશ પ્રજાકીય દેવું કમી. માલ માટે હિંદ રૂપી નવું બજાર ખુલ્લું થયું: યંત્રો વ્યવહારમાં દાખલ થયાથી માલ ઘણી ઝડપથી બનવા લાગ્યો, ને કારખાનામાં ઘણા લોકોને રોજી મળી. વળી કરકસર ને પ્રમાણિકતાને કારણે પીટ પ્રજાકીય દેવું કમી કરી શક્યો. સરકારના આવક જાવકના હિસાબ પ્રસિદ્ધ કરવાની રૂઢી તેણે દાખલ કરી; લોન લેવાની જ્યારે જરૂર પડતી ત્યારે તે જાહેરાતમાં રીતસર વ્યાજે તથા વ્યાજબી ભાવે લોન લેતો; પહેલાંના સમયમાં પ્રજાનું દ્રવ્ય સરકારી અધિકારી હોઇયાં કરતાં તે બદી તેણે યથાશક્તિ અટકાવી. વળી ચુંટણી વેળા જે ગોટાળા ચાલતા હતા તેનો અંત આણવા તેણે એક સુધારા બીલ પણ તૈયાર કરેલું. આ બીલની મતલબ એ હતી કે અસલ મોટાં હોવાને લીધે જે સ્થાનોને મત

આપવાનો અધિકાર હતો પરંતુ જ્યાં હવે વસ્તી જુજ થઇ ગઇ હતી તેવાં સ્થાનોના મત રદ કરવા; અને જે સ્થાનમાં પાછળના સમયમાં વસ્તી વધી ગએલી ત્યાં મત હોય તો સંખ્યા વધારવી, ને ન હોય તો નવા આપવા. પરંતુ આવા વિચાર પાર્લમેન્ટ જેરવી શકે એમ ન હતું કેમકે જે પુરૂષોના ખીસ્સા ચુંટણી વેળા તર થતા તથા જેઓ મનમાન્યા મેમ્બરો મોકલવાની શક્તિ ધરાવતા તેઓએ સખત વિરોધ ઉઠાવ્યો; અને સામાન્ય પ્રજા ખાધે પીધે પહેરવે ઓઢવે સુખી હતી એટલે તેને ચુંટણી વિષે તલભાર ચિંતા ન હતી. આ વેળા એમ લાગતું હતું કે આ સુખ-શાંત-સંપત્તિનો યુગ ઘણો વખત ટકશે. રાજાને ચિત્તભ્રમ ફરી થઇ આવ્યો; પરંતુ ટુંક મુદતમાં તે સાજો થયો. પીટના કારભારમાં પ્રજા પોતાને નિર્ભય માનતી હતી, ને તે કોઇ પણ પ્રકારનો ફેરફાર કરવા ઇચ્છતી ન હતી. તદ્દન અણધારી દિશામાંથી આફતનું વાદળ હમણાં તેના પર આવી પડશે એવો તેને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. પરંતુ ૧૭૮૯ માં ફ્રેન્ચ રાજ્ય વિપ્લવ પ્રગટ્યો, ને આખું યુરોપ તે સમાચાર સાંભળી ચોંક થઈ ગયું. આને લીધે આખા યુરોપમાં પચીશ પચીશ વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું ને આખો ખંડ ઉપર તળે થઇ ગયો.

ફ્રેન્ચ રાજ્યવિપ્લવ

ઘણા દિવસથી યુરોપની તમામ પ્રજામાં એવા વિચાર પ્રવેશ પામ્યા હતા કે સરકાર જેટલી રાજા તથા ઉમરાવોના લાભ માટે છે તેટલીજ મધ્યમ વર્ગ તથા ગરીબ વર્ગના હિત માટે છે. આ લાગણી સંતોષવા બ્રિટનમાં વખતોવખત સમયાનુસારી સુધારા થતા ગએલા પરંતુ ફ્રાન્સમાં છેલ્લા ૧૫૦ વર્ષથી લોકોપર જુલમ દિનપર દિન વધતો ગયેલો. ત્યાં કાયદા એવા અન્યાયી હતા કે કરવેરાનો બોજો ખેડુત તથા મજુરવર્ગને માથે પડતો; ને ધનિક વર્ગ ઉમરાવ વર્ગ આદિ તેમાંથી મુક્ત રહેતા. અમીર ઉમરાવો રાજાના દરબારમાં જ પડી રહેતા, ને પોતાની જાગીરના જરાએ સંભાળ ન

રાખતા, શિવાય કે પોતાના ખેડુતો પાસેથી દમીને બને તેટલા પૈસા કઢાવવા. મજુરોને પોતાના જાગીરદાર માટે તેની જમીન તથા રસ્તા પર દરવર્ષે ઘણા રોજ મફત કામ કરવું પડતું. ખેડુતોના ઝુંપડા તથા ખેતરોની ખરાબી થવા લાગી. ઉપરાઉપરી દુકાળથી તેમના દુઃખમાં ઉમેરો થયો. મોટાં શહેરોમાં એક બાજુ અનીતિ અનાચાર તથા ઉડાઉપણું ને બીજી બાજુ અત્યંત દયાજનક ગરીબી નજરે પડતી. ફ્રાન્સ દેશ પ્રતિદિન ગરીબાઇમાં ડુબતો જતો હતો.

આખરે આ દુઃખોનું નિવારણ કરવાના મંગળમય હેતુથી ૧૬ મા લુઇ રાજાએ મહાસભા બોલાવી; પણ આથી તો અસંતોષ એકત્રિત થયો. મહાસભામાં આમપક્ષ આગળ પડયો ને તેમણે 'મહાસભા'ને ફેરવી 'પ્રજાકીય સભા' કરી નાંખી (એટલે કે રાજા તથા ઉમરાવોને બાતલ કર્યા) ને તમામ સત્તા પોતાના હાથમાં લઇ લીધી. પેરીસમાં હુલ્લડ શરૂ થયું; બાસ્ટીલની જંગી જેલ તોડીને શહેરનો કારભાર કરવા એક વિપ્લવ પક્ષનું મંડળ નીમાયું. થોડા માહના પછી ટોળે થએલા લોકો રાજાને વરસાઇલ્સના રાજમહેલમાંથી લઇ આવ્યા ને તેને પેરીસમાં ત્રણ વર્ષ સુધી નજરકેદી તરીખે રાખ્યો. બાણુની સાલમાં ઓસ્ટ્રીઆ અને પ્રશીઆએ લુઇને ફરીથી ગાદીએ બેસાડવાના હેતુથી ચઢાઇ કરી પણ ફ્રેન્ચ લશ્કર બહુ બળવાન હોવાથી તેમનું કાંઇ ફાવ્યું નહિં; અને ઉશ્કેરાએલા લોકોએ જેટલા રાજપક્ષના માણસો હાથમાં આવ્યા તેમની કતલ કરીને અંતે ૧૭૯૩ માં રાજારાણીને પણ ગીલટીનપર× ચઢાવી તેમના જાન લીધા.

× ગીલટીન, કાગદીઓ કાગળના થોકડા કાપવા જે સંચો વાપરે છે, તેના જેવું યંત્ર છે. સજા પામેલા માણસનું માથું ગાળામાં મુકાવી પછી સ્ક્રુ ફેરવવામાં આવે છે એટલે ઉપરથી મોટી છરી જેવી ધારવાળી વસ્તુ નીચે ઉતરે છે તથા પેલા અપરાધીનું ડોકું ધડથી જુદું કરે છે. મોટા કતલખાનામાં પણ આવાંજ યંત્ર વપરાય છે.

બર્કનાં લખાણની અસર

આટલો વખત તો આ સર્વ તમાશો બ્રીટન શાંતિથી આઘે રહ્યું રહ્યું જોતું હતું. ફ્રેન્ચ પ્રજાએ સ્વાર્થીને પાપી ઉમરાવોની વિરુદ્ધ બળવો ઉઠાવ્યો એ સમાચાર સાંભળી, પહેલાં તો ઘણા અંગ્રેજો રાજી થયા હતા. ફોક્સ આ રાજવિપ્લવ કીર્તિકર તથા મંગળમય માનતો હતો, ને પીટને પણ પ્રારંભમાં તો એમ લાગ્યું કે આ સર્વ અશાંતિ ટુંક વખતમાં દૂર થઇ ફ્રાન્સ આપોઆપ થાળે પડશે; ને તેથી આ પરદેશની હીલચાલમાં તે માથું મારવા તૈયાર ન થયો. પરંતુ બર્કને પહેલેથીજ જ્ઞાન થઇ ગએલું કે અંકુશ દૂર થવાથી આગળ ઉપર માઠાં પરિણામ આવવાં જોઇએ; ને તેના ભાષણ તથા લખાણથીજ બ્રિટન જાગ્રત થયું ને ભય નીહાળી શક્યું. વિપ્લવ પક્ષવાળાની જીકર દિનપરદિન વધતી ગઇ ઓસ્ટ્રીઅનોને હરાવ્યા, સેવોય તથા નાઇસ નગર સર કીધાં, ને પછી હોલેન્ડ પર હુમલો લઈ જવા તેઓ એકકે પગે દીસતા હતા. હોલેન્ડનું રક્ષણ કરવા બ્રિટન કોલથી બંધાએલું હતું; એટલે હવે તાણમાં પીટે પોતાનો વિરોધ પ્રગટ કર્યો, ને ફ્રાન્સે બ્રીટન, હોલેંડ, ને સ્પેઇન સામે જંગ જાહેર કીધો.

ફ્રાન્સ સાથે યુદ્ધ.

હવેના નવ વર્ષ બ્રીટનને પ્રજાસત્તાક ફ્રાન્સ સાથે લડાઇ ચાલી; તે દરમ્યાન બીજાં યુરોપી રાજ્યો એકવાર આ પક્ષમાં તો એકવાર પેલા પક્ષમાં દાખલ થઇ ભારે ગુંચવાડો ઉપસ્થિત કરતા. પ્રથમ તો બ્રિટન, સ્પેઇન, હોલેન્ડ, ઓસ્ટ્રીઆ ને પ્રશીઆએ એકો કર્યો; ને આ મિત્રમંડળની લડાઇના ખર્ચનો મોટો ભાગ બ્રિટનને આપવો પડયો. શરૂઆતમાં તેઓનું બીલકુલ ફાવ્યું નહિં. ૧૭૯૪ માં લોર્ડ હાઉએ ફ્રેન્ચ નૌકાને હરાવ્યું, પણ જમીનપર સર્વત્ર ફ્રેન્ચો વિજયી થયા. ૧૭૯૫માં તેમણે આમસ્ટર્ડામ શહેર જીત્યું તથા ડચ

હલ્લો સર કર્યો; હોલેન્ડનો મુખી રાજપ્રતિનિધિ ન્હાસી ગયો એ-એટલે ડચ લોકો ફ્રેન્ચને મળી ગયા ને પ્રજાસત્તાક રાજ્ય સ્થાપન કર્યું. પ્રશીઆનો રાજા જે અત્યારસુધી બ્રિટનને પૈસે લડતો હતો તે ખસી ગયો. વળી સ્પેઇનને બ્રિટિશ નૌકાની ઈર્ષ્યા થવાથી તે પણ ફ્રાન્સને મળી ગયું આજ સમયે બ્રિટને કેઇપ ઓફ ગુડ હોપ, સીલોન, ને મલાક્કામાં આવેલાં ડચ સંસ્થાન કબજે લીધાં. આ કાર્યથી ફ્રેન્ચોના હાથમાં જતા પોતે બચ્યા તેથી ડચ સંસ્થાનીઓ ખુશ થયા.

હવે બ્રિટનના સાથમાં માત્ર ઓસ્ટ્રીઆ રહ્યું, ને આને લડાઇના ખર્ચ પેટે ૪૫ લાખ પાઉન્ડ જોઇતા હતા. સુલેહ થઇ શકે તો કરવા પીટ રાજી હતો કારણકે લડાઇમાં થતાં નુકસાન તથા ખર્ચને સબબે બ્રિટનને પુષ્કળ દુઃખ વેઠવું પડતું હતું. લડાઈને હજુ ત્રણ વર્ષ તો થવાના હતા ત્યાં તો દેશનો પુષ્કળ પૈસો પરદેશ ઘસડાઇ જવાથી બ્રિટનની સુખસંપત્તિ અટકી પડી; ને આ સમે જો બેંક ઓફ ઇંગ્લેંડને કાગળની ચલણી નોટ કાઢવાનો અધિકાર ન મળ્યો હોત તો ઘણી નાની બેંકોને નાણાંની તંગીને લીધે દેવાળું કાઢવાનો વખત આવત. બુદ્ધિશાળી પીટે, આવી અપૂર્વ મુશ્કેલી નીહાળી, બેંક આફ ઇંગ્લેંડને ૧ પાઉન્ડ કરતાં વધારેની રકમ માટે નોટ કાઢવાની સત્તા આપી. આ સત્તા ૨૨ વર્ષ સુધી અમલમાં રહી. વળી આ વર્ષોમાં કર બેહદ વધી ગયા, વેપાર છેક મંદ પડી ગયો, ને બે વર્ષ ઉપરાઉપરી પાક ખરાબ થવાને લીધે ભયંકર દુકાળ પડયા. રાજા ગાડીમાં બેસી લંડનમાં ફરવા નીકળતો ત્યારે લોકો પાછળ દોડતા ને "ખાવાનું લાવો, ખાવાનું લાવો" એમ બુમ પાડતા. શીતુરો વધી પડયાં, ઠેર ઠેર હુલ્લડ થવા લાગ્યા, તોફાની સભાઓ જ્યાં ત્યાં ભરાતી, તથા રાજ્યવિરૂદ્ધના લખાણો પુષ્કળ લખાતાં. બર્મીંગહામ શહેરમાં વસતા ડૉ. પ્રીસ્ટલી નામનો પુરૂષ ફ્રેન્ચો તરફ દિલસોજી ધરાવે છે એમ માલમ પડતાં લોકોએ તેનું ઘર બાળી મુક્યું.

બીજી બાજુએ કેટલાંક કામદાર મંડળ ફ્રેન્ચ વિપ્લવ પક્ષ તરફ સહાનુભૂતિ દર્શાવતા માલમ પડયાથી

પીટની સખ્તાઇ. પીટ ભયભીત બન્યો ને તેથી તેણે સખ્તાઇ અખત્યાર કીધી. હેબીઅસ કોર્પસ કાયદાનો અમલ બંધ કરવામાં આવ્યો, જેથી બીન તપાસે કોઈ પણ માણસને પકડી જેલમાં પુરી શકાય. બાદશાહી વિરૂદ્ધનું ટોમ પેઇનનું પુસ્તક Rights of man પ્રસિદ્ધ કરવા બદલ એક બુકસેલરને સજા થઇ: બીજાને સુધારા વિષેના ચોપાનીઆ માટે જેલ મળી; ને કેટલાક પુરૂષો પર પાર્લમેન્ટ વિરૂદ્ધ પ્રજાને ઉશ્કેરવા માટે રાજદ્રોહનો આરોપ મુકાયો, પણ કોર્ટે તેમને છોડી મુકયા.

આટલેથી સંકટ કાણ્ડની સમાપ્તિ થતી નથી. ફ્રેન્ચ લોકોએ આયર્લેન્ડપર હુમલો લાવવા પ્રયાસ કર્યો. કાયદાની રૂએ આયર્લેન્ડની પાર્લમેન્ટમાં કેથોલીકને ચુંટાવાનો હક્ક ન હતો

આયર્લેન્ડમાં સંકટ એટલે લગભગ તમામ મેમ્બરો પ્રોટેસ્ટન્ટ હતા; તેમાં કેથોલીક પ્રજા યા ખેડુત વર્ગનું હિત જોનારા દેશભક્તો બહુ ઓછા હતા; પરિણામ એ આવ્યું કે આ લોકોએ હુલ્લડ કીધાં ને એક પ્રકારનો પ્રજા વિગ્રહ શરૂ થયો. આયરીશ આગેવાનોએ (રોવન, ટોન, તથા લોર્ડ ફીટઝ જીરોલ્ડ) ફ્રેન્ચોની મદદ માંગી; એવી કબુલાત થઇ કે એક ફ્રેન્ચ લશ્કર આયર્લેન્ડ પર હુમલો કરે. ૧૭૯૬ માં ૩૮ વહાણનો ફ્રેન્ચ કાફલો આયર્લેન્ડ આવવા નીકળ્યો તે ધારેલે સ્થાને પહોંચ્યો હોત તો ભારે ખરાબી થાત; પણ અંધારામાં એક મોટું વહાણ ડુબી ગયું; વળી સરદારની રાહ જોઇ કાફલો થંભી રહ્યો પણ સરદારને તોફાન નડવાથી તે આવી શકયો નહિં. એટલે આ કાફલો નિષ્ફળ નીવડી પાછો આવ્યો.

આ સર્વ સંકટ જોઇ પીટ સુલેહ કરવા આતુર થયો, તથા ફ્રેન્ચ સરકાર સાથે સરત નક્કી કરવા પ્રયાસ કરવા લાગ્યો. પરંતુ પેરીસ

નગરમાં તાજા વિપ્લવો બનતા હતા; અને સર્વત્ર અખંડિત વિજયોથી ફુલાએલા ફ્રેન્ચોએ સરદાર નેપોલીઅને જીતેલા બેલ્જીઅમ, હોલેન્ડ, તથા ઇટલીના થોડા ભાગ પાછા સોંપવાની ના પાડી. વળી તેઓ ડચ, ફ્રેન્ચ, તથા સ્પેનીશ કાફલાનો સંયુક્ત હુમલો બ્રીટનના ઇંગ્લીશ ચેનલમાંના નૌકાનો નાશ કરી ઇંગ્લેંડને નિરાધાર કરવાની યોજના કરી રહ્યા હતા. આથી બ્રિટનને યુદ્ધ જારી રાખવું રહ્યું યા તો પોતાના વેપાર તથા સત્તાનો ભોગ આપવો રહ્યો. આ કટોકટીની વેળાએ દુશ્મનને હરાવવા પીટે નાણાંની માંગણી કરી ત્યારે વેપારીઓ તથા ધનિક વર્ગે ઝપાટાબંધ પોતાનું દ્રવ્ય દેશની સેવામાં રજુ કર્યું.

હવે ઇલીઝાબેથના સમયથી નામાંકિત થએલા બ્રીટીશ નૌકાને દેશને ભયમાંથી મુક્ત કરી પોતાનું પાણી બતાવવાનો પ્રસંગ આવ્યો; ને આ પ્રસંગે તેણે પ્રત્યક્ષ કરી આપ્યું કે બ્રિટિશ ખલાસીઓનો અસલ જુસ્સો જેવો ને તેવો કાયમ હતો. ડચ કાફલો નીકળે તે પહેલાં નૌકાપતિ જર્વીસ, નેલ્સનને લઇ, નીકળ્યો તથા

બ્રિટિશ નૌકાનો વિજય

સ્પેનીશ કાફલાને હરાવી કેડીઝ બંદરે રવાના કરી આવ્યો. હજુ ફ્રેન્ચ ને ડચ નૌકાની ખબર લેવી બાકી હતી. પવન પ્રતિકૂળ હોવાથી આ બે કાફલા ભેગા થઇ શક્યા નહિં એટલું ઠીક થયું; બ્રીટનના ખલાસીઓએ સ્પીટહેડ તથા નોર આગળ બળવો ઉઠાવ્યો. આ લોકોને પેટ પુરતું ખાવા મળતું નહિં, પગાર થોડો મળતો, તથા તેમના પર સખ્તાઇ થવાથી તેઓએ બંડ જગાવ્યું. અધિકારીઓએ આ દુઃખ દૂર કર્યાં ને સખત પગલાં લઇ બળવો શમાવી દીધો. થોડાક આગેવાનોને સજા કરી એટલે બીજા આદમી કામ પર ચઢી ગયા, ને થોડા સમય પછી આ જ પુરૂષોએ ડચ કાફલાને હરાવ્યો.

આ દરિયાઇ જીતથી બ્રિટિશ નૌકાના નાશની વાત વિસારે પડી. ફ્રેન્ચોએ ઓસ્ટ્રીઆ સાથે અલગ સુલેહ કરી, ને તેઓ હવે પોતાના

એકલા પડેલા દુશ્મન બ્રિટનનો ભુક્કો કાઢવા આતુર હતા. ફ્રેન્ચનો પ્રતાપી તથા જગજાહેર સેનાધિપતિ નેપોલીઅન ઇંગ્લેંડ પર હુમલો લઇ જવાની તૈયારીનો ડોળ ઘાલી અંદરખાનેથી ઇજીપ્તના માર્ગે હિંદુસ્થાન જવાની બાજી ગોઠવી રહ્યો હતો. એના મનમાં એમ હતું કે ત્યાં અંગ્રેજોને સતાવવાનું ઠીક પડશે. વળી પરદેશમાં જય મેળવી મહાન વિજેતા રૂપે સ્વદેશ પાછો ફરે તો ફ્રાન્સમાં પોતાની રાજસત્તા પણ દૃઢ થઈ શકે એ ખ્યાલ પણ તેને હતો.

નેલ્સન.

આ રંગનો ભંગ કરનાર ઇંગ્લેંડનો ઉત્તમ નૌકાપતિ વીર નેલ્સન હતો. ૧૩ વર્ષની ઉમ્મરે તે નૌકા સૈન્યમાં જોડાયો હતો ત્યારથીજ તે ધંધા પર તેનું સંપૂર્ણ લક્ષ હતું. લાંબા અનુભવ પછી ૪૦ વર્ષની ઉમ્મરે અત્યારે બ્રિટનના મહા સમર્થ દુશ્મનની પાછળ પડવાનું કામ તેને માથે આવ્યું. બબ્બે મહિના સુધી નેપોલીઅનના કાફલાનો પત્તો મેળવવા તેણે બહુબહુ મહેનત કરી; આખરે ૧૭૯૮ માં નાઇલ નદીના મુખ આગળ અબુખકર બે માં તેનો પત્તો લાગ્યો ફ્રેન્ચ લશ્કર પોતાને નિર્ભય તથા સલામત માનતું હતું; કેમકે નેલ્સન તેમની પુંઠ લઇ ઠેઠ આફ્રીકા સુધી આવશે એ વિચાર તેમને ક્યાંથી આવે? નેલ્સને પોતાના વહાણ તેમના તરફ મોકલ્યા તથા પ્રખ્યાત નાઇલની દરિયાઇ લડાઇમાં જીત મેળવી. હવે ફ્રેન્ચ વહાણોનો નાશ થવાથી નેપોલીઅનનું લશ્કર ઇજીપ્તની ભૂમિપર સાધન વિનાનું થઇ ગયું એટલે નેપોલીઅને સીરીઆ પ્રાંત જીતવાનો નિશ્ચય કર્યો. રણમાં થઇ તે જાફાપર હુમલો લઇ ગયો ને પછી એકરને ઘેરો ઘાલ્યો. પરંતુ અહીં તુર્ક લોકોએ, સર સીડની સ્મીથની મદદથી, મજબુત ટક્કર લીધી તથા તેને પાછો હઠાવ્યો. પાછા ઇજીપ્તમાં જઇ તેણે અબુકર આગળ તુર્કોને હરાવ્યા; ને પછી યુરોપમાં ફ્રેન્ચોનો પરાજય થાય છે એવા માઠા સમાચાર સાંભળી પોતાનું લશ્કર બીજા સરદારોને સોંપી પોતે ફ્રાન્સ ગયો. ત્યાં ૧૭૯૯ માં એ કોન્સલ

(મેજીસ્ટ્રેટ) નીમાયો; બાદ તેણે ઓસ્ટ્રીઆને મેરેન્ગોની લડાઇમાં હરાવી લુનેવીલ આગળ સુલેહ કરવાની ફરજ પાડી.

હવે બ્રિટન ફરી એકલું રહી ગયું કારણ કે રશીઆ જે થોડા વખતથી મિત્ર રૂપે હતું તેની સાથે હાલમાં વહાણની ઝડતી લેવાના હક્ક વિષે તકરાર થઇ; ને બાલ્ટીકમાં નવું યુદ્ધ શરૂ થયું. વળી પીટ પ્રધાન પદથી ખસી ગયો હતો, એ બીજી વિટંબણા હતી.

૧૭૯૬ માં ફ્રેન્ચોની આયર્લેંડના હુમલાની વાત નિષ્ફળ ગઇ ત્યારથી તે દેશમાં અશાંતિ ઘણી વધી ગઇ

આયરીશ બળવો. હતી; છેવટે ૧૭૯૮ માં વ્યવસ્થિત બળવો થયો. પણ બળવાખોરોને ન્હસાડવામાં આવ્યા તથા તેમની છાવણીનો કબજો લેવાયો એટલે બળવાનો અંત આવ્યો. આ પછી પણ એક નાની ફ્રેન્ચ પલટન મેયો બંદરે ઉતરેલી તેને લોર્ડ કોર્નવોલીસે હરાવી. ફીટઝ જીરોલ્ડ મરાયો ને ટોનને ફાંસી દેવામાં આવી. પણ એટલું તો હવે સ્પષ્ટ થયું કે સ્વતંત્ર પાર્લમેન્ટના કારભાર નીચે આયર્લેન્ડ કદી શાંત રહેવાનું નથી. પીટે આયરીશ પાર્લમેન્ટ કાઢી નાંખવાનો નિશ્ચય કર્યો; ને સંયોગનો કાયદો કરી બ્રીટીશ પાર્લમેન્ટમાં આયરીશ મેમ્બરોને સ્થાન આપ્યું (સ્કોટલેન્ડ માટે ૧૭૦૭ માં થયું હતું તેવી રીતે). પુષ્કળ લાંચવડે, તથા માનચાંદખિતાબ આદિ છૂટે હાથે વેરવાથી પીટ આ સંયોગનો કાયદો આયરીશ પાર્લમેન્ટમાં પસાર કરાવી શક્યો; પ્રોટેસ્ટન્ટના સમાન હક્ક આપવાનું વચન આપી કેથોલીકોને પોતાના પક્ષમાં લીધા. ૧૮૦૦ માં સંયોગનો ધારો પાસ થયો ને નવા વર્ષના પ્રથમ દિવસથી મોટી થએલી નવી પાર્લમેન્ટ બેઠી, જેમાં ૧૦૦ આયરીશ મેમ્બરો આમની સભામાં હતા, ને ૨૮ ઉમરાવોની સભામાં હતા. હવેથી ઇંગ્લેંડ સ્કોટલેન્ડ તથા આયર્લેન્ડ એ ત્રણે દેશ માટેના ધારા આ એકત્રિત પાર્લમેન્ટમાં થવા લાગ્યા. પીટે કેથોલીકોને હક્ક આપવાનું વચન આપેલું તે વિષેના વિચાર રજુ કરતાં જ્યોર્જે વિરોધ દર્શાવ્યો,

એટલે એક ઘા ફેંકાવાનો રહી ગયો. પોતાને વચનભંગ કરવાનો વખત આવ્યો માટે પીટે રાજીનામું આપ્યું.

આમીઅન્સની સુલેહ.

આ કાર્યથી રાજાને એવો દારૂણ આઘાત લાગ્યો કે તેના જીવલેણ રોગે ફરી ઉથલો માર્યો. આ સાંભળી પીટને બહુ દુઃખ થયું ને તે નવા પ્રધાન એડીંગનને મદદ આપવા ગયો. હજુ બ્રીટન મહા મુશ્કેલી વેઠી લડી રહ્યું હતું. સેનાપતિ એબર ક્રોમ્બીએ એલેક્ઝાન્ડ્રીઆ આગળ ફ્રેન્ચોને હરાવ્યા, ને હિંદી લશ્કરની તાજી મદદ આવવાથી આખું ફ્રેન્ચ લશ્કર શરણે આવ્યું. દરમ્યાન નેલ્સને ડેનીશ કાફલાને કોપનહેગન નજીક હરાવ્યો. આ લડાઇ દરમ્યાન એક સ્મરણીય બનાવ બન્યો હતો. નેલ્સનનો ઉપરી પાર્કર નામનો આદમી હતો, તેણે દુશ્મનનું જોસ જોઇ પાછા હઠવાનો સીગનલ (નીશાની) કીધો. નેલ્સને પોતાની કાણી આંખે દુરબીન લગાડી કહ્યું કે મને સીગનલ દેખાતો નથી. તેણે લડાઇ જારી રાખી ને અંતે તેનો વિજય થયો. આ સમયે ઇગ્લેંડ પર હુમલો કરવા માટે નેપોલીઅન વહાણ તરાપા આદિ સાધન ભેગાં કરી રહ્યો હતો પણ ઇજીપ્તમાં હાર થઇ તેથી ફ્રેન્ચોને ટુંક વખતની સુલેહ કરવી પડી. આ સુલેહ આમીઅન્સમાં થઇ ને ફ્રાન્સે દક્ષિણ ઇટલી પાછું સોંપ્યું, તથા બ્રિટને સીલોન ને ત્રીનીદાદ શિવાયના તમામ સ્થાન છોડી દીધા. બ્રિટિશ રાજાએ પોતાના ખીતાબમાંથી 'ફ્રાન્સનો રાજા' એ ભાગ કાઢી નાંખ્યો.

ફ્રાન્સ સાથે બીજું યુદ્ધ.

પરંતુ નેપોલીઅનનો પ્રચંડ અખંડ કીર્તિ–લોભ રોકવા કયો પુરૂષ સમર્થ થાય ? હજુ સુલેહના લેખ ઉપરની શાહી સુકાઇ ન હતી એટલામાં તો તેણે પીડમોન્ટ તથા પાર્મા જીતી લીધાં, ને એક લશ્કર સ્વીટઝરલેન્ડ મોકલ્યું. બ્રિટિશ સરકારે વાંધો ઉઠાવ્યો ત્યારે તેણે કહાવ્યું કે જે ફ્રેન્ચ લોકો ઇંગ્લેંડનો આ-

થય લઇ રહ્યા છે તેમને અમારે સ્વાધિન કરો તથા માલ્ટા બેટ અમને સોંપો. આ જવાબ સાંભળી બ્રિટિશ પ્રધાન મંડળે યુદ્ધ જાહેર કર્યું. ૧૮૦૩ થી ૧૮૧૫ સુધી બ્રિટન ને નેપોલીઅન સાથે નિરંતર વિગ્રહ રહ્યો. ૧૮૦૪ માં નેપોલીઅન ફ્રાન્સનો મહારાજા બન્યો. તે દઢતાથી રાજ કરી રહ્યો હતો; તેણે સારા સારા ધારા ઘડયા, હુલ્લડ તથા અવ્યવસ્થા દૂર કરી દેશમાં શાંતિ કરી; આમ ફ્રાન્સ ફરી મહા સત્તાવાન રાજ્ય બન્યું. આખા યુરોપમાં પોતાનું રાજ્ય પ્રથમ પંક્તિનું બનાવવાની નેપોલીઅનની ઝંખના હતી. બ્રિટન તેની ત્વરીત ગતિને આડરૂપ હોવાથી તેની મુખ્ય મુરાદ બ્રિટનને જમીન દોસ્ત કરવાની હતી. એક વેળા બોલતાં તે બોલેલો કે " આપણને ઇંગ્લીશ ચેનલનો કબજો ફક્ત છ કલાક મળે, તો પછી આખી દુનિયાના ધણી આપણે જ છીએ. "

નેલ્સનની જીત.

જેમ જેમ વિટંબણા વધતી ગઇ તેમતેમ બ્રિટનની હિમ્મત અધિકાધિક થતી ગઇ. ૧૮૦૪માં પીટ ફરી વડો પ્રધાન બન્યો; માતૃભૂમિના રક્ષણાર્થે ૩ લાખથી વધુ સ્વયંસેવક ઇંગ્લેંડમાં તૈયાર થયા. ફ્રેન્ચ તથા સ્પેનીશ નૌકાની પુંઠે વેસ્ટ ઇંડીઝ–તરફ નેલ્સન નીકળી પડયો. દરમ્યાન પેલા કાફલા નેપોલીઅનના હુકમથી થોડાક માઇલનું ચક્કર મારી ઇંગ્લેંડ તરફ પાછા ફર્યા. નેપોલીઅનની એવી ઉમેદ હતી કે આ કાફલાની ઓથે રાખીને ૧ લાખ આદમીનું લસ્કર ઇંગ્લેંડના કિનારાપર ઉતારવું. પરંતુ સર રોબર્ટ કોલ્ડરે સ્પેનીશ કાફલાને પાછો હડાવ્યો. વળી નેલ્સન જે દોડતો પુંઠે આવી લાગ્યો હતો તેને ટ્રેફાલગર આગળ ફ્રેન્ચ નૌકાનો ભેટો થયો. અહીં જે યુદ્ધ થયું તેમાં નૌકાપતિ નેલ્સને પોતાના પ્રાણ ગુમાવ્યા. લડાઇ શરૂ થતાં પહેલાં તેણે પોતાની વિજયપતાકા ઉપર જગ વિખ્યાત થએલા આ શબ્દો મોટા અક્ષરે લખાવેલા કે " આજે દરેક અંગ્રેજ બચ્ચો પોતાની ફરજ બજાવે એ ઇંગ્લેંડ માંગે છે. " લડતાં લડતાં નેલ્સનને

એક ગોળો લાગવાથી તે સખત જખમાયો, ને દુસ્મન હાર્યા છે સમાચાર સાંભળતાં વેંત તેણે દેહ છોડી. આવી રીતે તેણે પોત ઉમદા કામ પૂરૂં કીધું, ને પોતાના છેલ્લા હુકમના સરળ શબ્દો ભા વ્યના જમાના માટે ઉત્તમ વારસા રૂપ મૂકતો ગયો.

બ્રિટનનો ઉત્તમ નૌકાપતિ ઉપડી ગયો ને તેની પાછળ ઉ રાજનીતિજ્ઞ પુરૂષ પણ થોડા સમયમાં જવાનો હતો. ટ્રફેલગર મંગળ સમાચાર તેણે સાંભળ્યા, ને પછી માઠા સમાચાર થોડા વ તમાં જ મળ્યા. નેપોલીઅને ઓસ્ટરલીટઝ આગળ ઓસ્ટ્રીઆ ત રશીઆનો ઘાણ કાઢી નાંખ્યો (૧૮૦૫). ને 'આ ઓસ્ટરલી પીટનો જાન લીધો.' ૪૭ વર્ષની કાચી ઉમ્મરે તેનું મોત થ તેનું આખું જીવન + શુદ્ધ દેશ ભક્તિના કાર્યોથી ઉભરાય છે.

+ નેલ્સન ને પીટ વિષે લખતાં સર વોલ્ટર સ્કોટ કવિ ન પ્રમાણેના ઉદગારો દર્શાવે છે:—

" દરેક અંગ્રેજના હૃદયમાં ઉંડા કોતરાઇ રહેલા આ ના વિસ્મરણ કદી થવા દેશો મા ! તમારા પુત્રોને કહેતા જજો કે ટ્રે લગર આગળ જીતીને મરનારની (નેલ્સન) કબર આ રહી. અગ જ્યોતવાળી વીજળીની માફક તેનું જીવન ટુંક, ઉજ્વળ તથા મ પ્રતાપી નિર્માયું હતું. જ્યાં જ્યાં તેના દેશના દુસ્મન નજરે પડ ત્યાં ત્યાં તે પ્રચંડ વજ્રની ગર્જના સંભળાતી; ને પર્યન્તે સા (સ્પેઇનના) કિનારા પર તે વજ્ર ખૂબ ઘુમ્યું, ખૂબ પ્રકાશ (સામાની) ખૂબ ખરાબી કરી–ને પછી પોતે અલોપ થઇ ગયું.

અને જે પુરૂષે આ વિજેતાને લડવા ફરમાવેલું, તથા આવજર પુરૂષને બેલ્જીમ, કોપનહેગન, ટ્રફેલગર મોકલેલો; જે પુરૂષ આવા મહત્વ કાર્ય કરવા સર્જાયલો હોવાથી બ્રિટનના સદ્ભાગ્યે ઘણી નાની ઉમ્ર શાણો નીવડયો હતો; પણ જેને બ્રિટનના પાપે કરીને પરમાત્મા વહેલો ઉઠાવી લીધો; જે પુરૂષે પોતાના પૂર્ણઅધિકારના સમયે સ

સૌ શાણાનું પ્રધાન મંડળ.

પીટના મરણ પછી ફોક્સ ને ગ્રેનવીલે મળી "સૌ શાણાનું પ્રધાન મંડળ" બનાવ્યું. જે મહાકાર્ય (ગુલામી વેપારનો ત્યાગ) કરવા પીટ તથા તેના મિત્રોએ ઘણા પ્રયાસ કરેલા, તે કાર્ય આ મંડળ કરી શક્યું. વ્હાઇટફીલ્ડ ને વેસ્લીની હીલચાલના સમયથી ઘણા લોકોનું મન ધર્મ તરફ વળ્યું હતું. તે સમયથી જનતાના દુઃખ માટે દયાની લાગણી માણસોના હૃદયમાં વધુ વસવા લાગી. ૧૭૭૩માં જોન હાવર્ડ નામના પરગજુ મહાપુરૂષે પોતાનું જીવન જેલ–વાસીઓની દુઃખમય તથા ગંદી સ્થિતીનો અભ્યાસ કરવામ તથા તેને સુધારવાના ઉપાય યોજવામાં, અર્પણ કર્યું. ૪૦ વર્ષ પછી એક ઉદાર બાઇ મીસીસ ફ્રાઇએ આ દાખલો લઈ એવું કામ હાથ લીધું. આફ્રીકા ને દક્ષિણ અમેરીકા વચ્ચે ચાલતો ગુલામનો વેપાર બંધ કરાવવા ૧૭૮૮માં વીલ્બરફોર્સ ક્લાર્કસન, ને ઝેકરી મેકોલે નામના ગૃહસ્થોએ એક મંડળ ઉભું કર્યું. આ વેપાર અત્યારે મુખ્યત્વે અંગ્રેજોના હાથમાં હતો; આ ધંધાના ત્રાસનું વર્ણન પણ કમકમાટી ઉપજાવે એવું છે. આફ્રીકાના ગરીબ લોકોને તેમના ઘરમાંથી પકડી જઇ, તેમના બાળબચ્ચાંથી વિખુટા પાડી, વહાણમાં દાબી દાબીને ખડકવામાં આવતા; ઘણીવાર ભૂખ, તરસ, ગુંગળાટ તથા બીજી અનેક પ્રકારની ક્રૂરતા એમને સહેવી પડતી. કોઇ કોઇ વેળા તેમને હવા આપવા વહાણના ઉપરના ભાગમાં લઇ જવામાં આવતા ને ત્યાં વહાણવાળા ફટકા મારી તેમની

મદને તુચ્છ ગણેલો, ચંચળ લક્ષ્મીને ઠોકર મારેલી, અને માતભૂમિની નિઃસ્વાર્થ સેવા કરેલી;–તે પુરૂષ ઓછો સંભારવા જેવો નથી. આ મહાપુરૂષ પોતાની જીંદગીના છેલ્લે દિવસે પણ જ્યારે મોત પોતાના શિકાર માટે તેને માથે ઝઝુમી રહ્યું હતું તે વેળા, પોતાને સ્થાને અડગ ખડો રહેલો. આરામની બહુ બહુ જરૂર જણાયા છતાં તેણે ઠેઠ સુધી રાજનૌકાનું સુકાન પોતાને હાથ રાખ્યું.

પાસે કસરત કરાવતા. જે મનુષ્યરૂપના રાક્ષસો આ વેપાર ક
તેમને ગુલામોને કિનારાપર જીવતા ઉતારવા જેટલીજ દરકાર હ
કોઇ ગુલામ રસ્તામાં માંદા પડતા તો તેમને નિર્દય રીતે ર
નાંખતા યા તો દરિયામાં પટકી દેતા. લક્ષ્મીલોભને લીધે મનુષ્ય
તાના જાતભાઇને પણ કેટલા દમે છે! નિર્દોષ ગુલામોએ આ ક
ઇઓનું શું બગાડેલું કે તેમને આટઆટલા રીબતા! સ્વાર્થ કે
નીચ છે તથા કેવાં પાપ કરાવે છે! આ ધંધામાં પુષ્કળ મળ
હોવાથી તે બંધ કરવા માટે પરોપકારી પુરૂષોને પાર્લમેન્ટમાં વીશવ
વર્ષ સુધી ઝુંબેશ ચલાવવી પડી. અન્તે ૧૮૦૭માં એક કાયદો થયે
બ્રિટનના કોઇપણ વહાણમાં ગુલામ લઈ જવા નહિં. ફોકસ જે
કાયદો કરાવવા આખી જીંદગી મથેલો તે આ કાયદો પસાર થએ
જોવા જેટલું જીવ્યો નહિં. તેનું મોત ૧૮૦૬માં થયું. આ ક
થી ગુલામી વેપાર તો બંધ થયો તથાપિ અંગ્રેજ સંસ્થાનોમાં ગુ
મીનો અંત ન આવ્યો; તેને જતાં બીજા ૨૮ વર્ષ લાગ્યાં.

આમ બ્રિટન પોતાના ઉત્તમ કાયદા ઘડી રહ્યું હતું ત્યાં નેપોલી
તેનો વેપાર નષ્ટ કરવા મથી રહ્યો હતો. ૧૮૦૬ માં જીનાની નામ
લડાઇમાં રશીઆ ને પ્રશીઆને હરાવી

બર્લીન ફરમાન. લગભગ આખા યુરોપનો ધણી થયો.
પછી બર્લીન મુકામે તેણે એક ફરમાન બ
પાડવું તેની મતલબ એવી હતી કે ૧. કોઇપણ પરદેશી વહાણ
પણ બ્રિટિશ બંદરે થઇને આવે તો તેને ફ્રાન્સ તથા મિત્રરાજ
કિનારા પર આવવા દેવું નહિં; ને ૨. જો કોઈપણ માલ બ્રિટ
છે એમ સાબીત થાય તો તેને જ્યાં જડે ત્યાં જપત કરી નાશ ક
આવી રીતે ઘણીખરી યુરોપી પ્રજા સાથેનો સંબંધ તુટવાથી અં
વેપારને સખત ધા લાગ્યો; ને તેનું વેર વાળવા અંગ્રેજ પ્રધા
ફ્રાન્સ તથા અન્ય દુશ્મન રાજ્યોના બંદરોની નાકાબંધી જાહેર
અંગ્રેજોએ ડેનીશ કાફલો સર કર્યો કારણ કે તેમને એવી ખબર પ

કે નેપોલીઅન આ કાયદો બ્રીટન વિરૂદ્ધ વાપરવા ઇચ્છે છે. આ નાકા બંધીથી યુનાઇટેડ સ્ટેટસને પુષ્કળ નુકશાન થયું કેમકે તેનાં ફ્રાન્સ જતાં વહાણુ જપ્ત થવાની ભીતિ રહેતી તેથી ૧૮૧૨માં અમેરીકાની કોન્ગ્રેસે બ્રિટન વિરૂદ્ધ લડાઇ જાહેર કીધી.

દરમ્યાન જમીન પર નેપોલીઅનની ફત્તેહ ચાલુ જ હતી. યુરોપની ઘણી રાજગાદી તેણે પોતાના ભાઇભાંડુને સોંપી; પરંતુ હવે તેનો સમય ભરાઇ ગયો હતો. ૧૮૦૮માં સ્પેઇનના રાજકુટુમ્બમાં તકરાર જાગવાથી તેને તે ગાદી પોતાના ભાઇ જોસફને આપવાની તક મળી. વળી તેણે પોર્ટુગલ પર હુમલો કર્યો એટલે ત્યાંનો રાજરક્ષક બ્રાઝીલ ભાગી ગયો. પરંતુ આ કાર્ય તેની જીંદગીની મોટામાં મોટી ભૂલ રૂપ નીવડયું. સ્પેઇનના અભિમાની લોકો પોતાના દેશ પર ગમે તેવા પુરૂષને રાજા તરીકે ઠઠાડી દીધેલો સાંખી શકયા નહિં; ઠેકઠેકાણે બળવા થયા ને તેમણે બ્રિટનની મદદ માંગી. બ્રિટને સર આર્થર વેલેસ્લી તથા સર જોન મૂરની સરદારી નીચે બે લશ્કર સ્પેઇન મોકલ્યાં; એટલે 'દ્વીપકલ્પીય યુદ્ધ' શરૂ થયું. કમભાગ્યે લશ્કર બહુ થોડું હતું ને અંગ્રેજ સરદારો સ્વતંત્ર ન હતા. વેલેસ્લીએ ફ્રેન્ચ સરદાર જ્યુનોને વીમીરો આગળ હરાવ્યો; છતાં ફ્રેન્ચની પૂંઠ લઇ સંપૂર્ણ જય મેળવવાની તેને રજા મળી નહિં. સીન્ટ્રા આગળ ફ્રેન્ચો સાથે ઠરાર થયા; ને વેલેસ્લીને ઇગ્લેંડ બોલાવી લેવામાં આવ્યો.

કોરૂનાનો સંગ્રામ. ઇ. સ. ૧૮૦૯.

સર જોન મૂરને હવે પોર્ટુગલ છોડી સ્પેઇનના લશ્કરમાં સામેલ થવાનો હુકમ મળ્યો; પરંતુ તેને માલમ પડયું કે નેપોલીઅન જાતે સ્પેઇનમાં દાખલ થઇ ચુકયો હતો તથા રાજનગર માડ્રીડ તરફ ધસી રહ્યો હતો. બહાદુર તથા અનુભવી મૂરની પાસે ઓછાં આદમી હોવાથી તેણે પાછા હઠી કિનારા તરફ જવું પસંદ કર્યું. તે વીગો તરફ જતો હતો, પાછળ નેપોલીઅન પૂરપાટ આવતો હતો.

મૂર કોરૂના તરફ વળી ગયો ત્યાં તેને સરદાર સુલ્ટનું ફ્રેન્ચ લશ્કર મળ્યું. આ બન્ને સૈન્ય વચ્ચે બપોરે લડાઇ શરૂ થઇ. અંગ્રેજો દૃઢતાથી લડયા ને ફ્રેન્ચોને બધી બાજુએથી પાછા હઠવું પડયું. મૂરનું લશ્કર વહાણમાં બેસી સલામત બન્યું. આ દિવસે ૩૦૦૦ ફ્રેન્ચોનો નાશ થયો. પણ સરદાર મૂર જાતે મરણ પામ્યો.

વેલેસ્લી રણક્ષેત્રમાં.

સ્પેનીશ લશ્કરની હાર તથા મૂરની પાછા હઠયાની વાત બ્રિટનમાં પહોંચતાં બ્રિટીશ પ્રજા નાહિંમત બની ગઇ; પરંતુ પ્રધાનોએ વેલેસ્લીને મોટું સૈન્ય આપી ફરી મોકલ્યો. ચાર વર્ષ સુધી નેપોલીઅનના ઉત્તમ સરદારોને સ્પેઇન બહાર કાઢવાનું કામ વેલેસ્લીને સોંપાયું. તેણે હજુ નેપોલીઅન જેટલી કીર્તિ સંપાદન કરી ન હતી. તેનું લશ્કર તથા સાધન ઉત્તમ પ્રકારનાં ન હતાં. પણ તેની માન્યતા એવી હતી કે હું સત્યને માટે લડી રહ્યો છું એટલે મારી ખાત્રી છે કે હું જુલમી નેપોલીઅનને અવશ્ય હરાવીશ. તે પોતાના લશ્કરનો ઉપયોગ વિચારપૂર્વક તથા સાવચેતીથી કરતો, તથા તેને જીતેલા પ્રદેશમાં લુંટની છૂટ કદી આપતો નહિં. ધીરજથી આસ્તે આસ્તે તેણે પ્રત્યક્ષ કરી આપ્યું કે અજીત ગણાતા ફ્રેન્ચ લશ્કરને પણ હરાવી શકાય છે; ને નેપોલીઅનના નામની જે જાદુઇ અસર આખા યુરોપમાં હતી તે અસર તેણે જોતજોતામાં નાબુદ કીધી. મારશલ સુલ્ટ તથા વીકટરને વારા ફરતી હરાવ્યા. આ જીતથી તેને 'વાઇકાઉન્ટ'નો ઇલકાબ મળ્યો એટલે હવેથી તેનું નામ વાઇકાઉન્ટ વેલીંગ્ટન થયું. પછી શત્રુનાં લશ્કરોના ત્રાસને લીધે તેને પોર્ટુગલ તરફ ન્હાસવું પડ્યું. પછી પોર્ટુગલ જઇ તેણે ત્યાંના નેતાઓની મદદથી કિલ્લાની ત્રણ હાર બંધાવી. એટલે મારશલ મેસીના અંગ્રેજ લશ્કરને પોર્ટુગલમાંથી હાંકી કાઢવા ૧૮૧૦માં આવ્યો ત્યારે તેને બ્યુસાકો પર્વત આગળ હઠવું પડયું. કેમકે અહીં કિલ્લાની પહેલી હાર હતી. તેને હુમલો કરવાનો રસ્તો સુઝ્યો નહિં અને વળી વેલીંગ્ટને તે પ્રદેશને પહેલેથી જ સાધન

રહિત બનાવ્યો હતો તેથી તેના ૪૫૦૦૦ આદમી ઝપાઝપીમાં, રોગથી તથા ભુખમરાથી મરણ પામ્યા; એટલે તેને સ્પેઇન પાછા ફરવું પડયું. અહીં સ્પેઇનના લોકોએ નાની નાની ટુકડી બનાવીને ફ્રેન્ચોને ટેકરી-આળા માર્ગોમાં ને જંગલોમાં ખુબ સતાવ્યા. વેલીંગ્ટન દઢતાથી આગળ વધ્યો ને ઉપરા ઉપરી વિજય મેળવવા લાગ્યો. છેવટે ૧૮૧૩ માં સેન્ટ સીબાસ્ટીઅન આગળ જય મળ્યાથી સ્પેઇનમાં ફ્રેન્ચ સત્તાનો નાશ થયો.

વેલીંગ્ટનની જીતથી સ્પેઇનની મુક્તિ થઇ એટલુંજ નહિં પણ આખા યુરોપમાં મહાન્ નેપોલીઅન વિરૂદ્ધ થવાની તાકાત આવી.

નેપોલીઅનની હાર. ૧૮૧૨માં નેપોલીઅન રશીઆ ઉપડયો હતો, ને મોસ્કો સુધી ધસી ગયો હતો. પણ વેલીંગ્ટને જેવી યુક્તિ સ્પેઇનમાં રચી હતી તેવી યુક્તિથી રશીઅનોએ નેપોલીઅન આવે ત્યાર પહેલાં મોસ્કોને આગ લગાડી દીધી. એટલે ફ્રેન્ચ સીપાહીઓને ઘાસ ખોરાક તથા આશ્રયની ખામીને લીધે કકડતા શિયાળામાં પાછું ફરવું પડયું. માર્ગમાં બરફથી છવાએલા અનંત રસ્તા પર હજારો મરણ પામ્યા. ચાર લાખ આદમીમાંથી માત્ર ૨૦ હજાર પાછા ઘેર આવ્યા. આવી રીતે નેપોલીઅનનું લશ્કર ખેદાન મેદાન થઇ ગયું ને વળી પુંઠેથી રશીઅન લશ્કર આવતું હતું. વળી આ તક સાધી ઓસ્ટ્રીઆ ને પ્રશીઆ પણ તૈયાર થયાં. પોતાના ચુનંદા આદમીઓ ઘણાખરા મરી ફીટયાં છતાં તેણે જુવાનીઆ-ઓમાંથી નવું લશ્કર ઉપજાવ્યું; પરંતુ એની લશ્કરી પ્રતિભા એવી ભવ્ય હતી કે આવા લશ્કર સાથે તેણે રશીઆ તથા પ્રશીઆને હરાવ્યા. પછી લીપઝીગ આગળ ત્રણ ત્રણ દિવસ સુધી સખત લડયો; અન્તે તેની હાર થઇ. નેપોલીઅનનું સિંહાસન ડોલી ગયું. બીજે વર્ષે પોતાના અસંખ્ય દુશ્મનોને જમીન દોસ્ત કરવા તેણે ભારે તૈયારી કરી; પણ જીતેલું મિત્રરાજ્યોનું લશ્કર પેરીસમાં દાખલ થયું એટલે તેણે નમતું મૂક્યું. નેપોલીઅનને એલ્બાના ટાપુમાં કેદ કરવામાં આવ્યો; ને

૧૬મા લુઇના ભાઇને ૧૮ મા લુઇ તરીકે ગાદીએ બેસાડયો. પણ જે શાંતિ થઇ તે માત્ર બાહ્યજ હતી. ૧૧ મહિના સુધી આમ ચાલ્યું. પછી નેપોલીઅન એલ્બાથી છટકી, ફ્રેન્સ બંદરે ઉતરી, પેરીસ તરફ કુચ કરે છે એ સમાચાર સાંભળી આખું યુરોપ ખળભળી ઉઠયું. રસ્તામાં ૧૮ મા લુઇનું લશ્કર તેનો માર્ગ ઘેરી ઉભું હતું; પણ નેપોલીઅનની ભવ્ય આકૃતિ નિહાળતાં વેંતજ સામું લશ્કર 'મહારાજા નેપોલીઅનની જય, મહારાજા નેપોલીઅન ઘણું જીવો' આદિપોકાર કરતું નેપોલીઅનના સાથમાં ભળી ગયું. થોડા દિવસમાં નેપોલીઅનની આણ ફેરવાઇ. પારકા બળવડે ઉભો થએલો બાપડો લુઇ તો ન્હાસી જ ગયો. આ વેળા નેપોલીઅનનું રાજ્ય માત્ર ૧૦૦ દિવસ ટક્યું. ફ્રાન્સની પ્રજાએ તો એને આનંદ સહિત સ્વિકારી લીધો, પણ યુરોપને એ વાત કબુલ ન હતી. મિત્ર રાજ્યોએ વખત ન ગુમાવતાં લશ્કર સજ્જ કીધાં. બ્રિટન, પ્રશીઆ, ઓસ્ટ્રીઆ તથા રશીઆના લશ્કર સૌ સૌને દેશથી નીકળી ચૂક્યાં હતાં. બ્રિટન ને પ્રશીઆ ભેગા થાય ત્યાર પહેલાં તેમને છૂટાં છૂટાં હરાવવાની નેપોલીઅનની ઉમેદ હતી. તેણે પ્રશીઅન ફોજને લીગ્ની આગળ પાછી હઠાવી; પણ તે જ દિવસે મારશલ નેની સાથે ટક્કર ઝીલી વેલીંગ્ટને પોતાના લશ્કર માટે ઉત્તમ છાપ બેસાડી ઉંચું સ્થળ હાથ કર્યું.

બીજે દિવસે નેપોલીઅન ને વેલીંગ્ટન વોટર્લુના મેદાનમાં સામસામા થયા. વેલીંગ્ટનના લશ્કરને કાબુમાં રાખવું મુશ્કેલ હતું; એના ભડ યોદ્ધા ઘણાખરા અમેરીકાના યુદ્ધમાં ગયા હતા; એટલે તેના સીપાહીઓ જુવાનીઆ, બીનઅનુભવી, ને વળી પરદેશી હતા. તેના

વોટર્લુનો સંગ્રામ.

સાથી પ્રશીઅનો ઘણે દૂર હતા; પ્રશીઅન સરદાર બ્લુશરે સંદેશો તો કહાવ્યો હતો કે હું બપોરના તમને મળી શકીશ. પરંતુ આગલી રાતના સખત વરસાદને લીધે રસ્તામાં કાદવકીચ્ચડ નડવાથી તેને આવતાં સાડાચાર વાગી ગયા. નેપોલીઅને યુદ્ધ શરૂ કર્યું ત્યારે વેલીંગ્ટનને

એમ હતું કે બ્લુશર આવી પહોંચે ત્યાં સુધીની સ્થિતિ હું જેમતેમ જાળવી લઇશ. ફ્રેન્ચ હયદળે જુદી જુદી દિશામાં અંગ્રેજોપર અપૂર્વ વીરતાપૂર્વક ધસારો કર્યો; પરંતુ તેઓ બીલકુલ હઠયા નહિં. ઉલટા એમના ગોળીબારથી ઘણા ફ્રેન્ચ સ્વારો મરણ પામ્યા. દિવસ નમતો ગયો અને થાકેલા અંગ્રેજો પ્રશીઅનોની રાહ ઘણી આતુરતાથી જોવા લાગ્યા. એક વખત એમ લાગ્યું કે તેમને ફ્રેન્ચોએ રોકયા હશે. સાડાચારને સુમારે પ્રશીઅનો આવી પહોંચ્યા તથા બહાદુરીથી લડાઇમાં સામેલ થયા. ફ્રેન્ચો હાર્યા તથા જેમ ફાવ્યું તેમ ન્હાસી છૂટયા. આ લડાઇમાં ૨૫૦૦૦ થી વધુ ફ્રેન્ચ સીપાહીઓનો ખુરદો થઇ ગયો; સામા પક્ષના પણ વીશેક હજાર મુઆ હશે. પરંતુ આખરે પચીશ વર્ષથી ચાલતા યુદ્ધનો અંત આવ્યો. નેપોલીઅને પેરીસ જઇ પોતાના દીકરાના લાભમાં ગાદીનો ત્યાગ કીધો; પછી ફ્રાન્સથી છટકી અમેરીકા જવા ફાંફાં માર્યા પણ તમામ બંદરોપર પહેરો હોવાથી તે એક અંગ્રેજ કેપ્ટનને શરણે ગયો. તેને સેન્ટ હેલીનાના એકાંત ટાપુમાં મજબુત પહેરા સાથે કેદ કીધો. ત્યાં ૧૮૨૧ માં તે મરણ શરણ થયો.+ પેલો ભાગી ગએલો રાજા લુઇ ફરી પેરીસ આવ્યો, ને ફ્રાન્સ મિત્રમંડળના કબજામાં ત્રણ વર્ષ સુધી રહ્યું. ત્યારથી તે આજસુધી જ્યાં જ્યાં બ્રિટન ને ફ્રાન્સ લડયા ત્યાં દુશ્મનરૂપે નહિં પણ મિત્રરૂપે ઉતર્યા છે.

+ આ સ્થાને આ મહાપુરૂષની શક્તિ આદિ વિષે વિદ્વાનોના અભિપ્રાય ટુંકમાં લખવા ઉચિત છે. આ ૨૫ વર્ષના અરસામાં સૌથી ભવ્ય આકૃતિ તેની જ હતી ને તેથી જ ઇતિહાસમાં આ સમય 'નેપોલીઅનનો યુગ' કહેવાય છે.

નેપોલીઅનના જેવી ઉત્તમ પ્રકારની ઉત્તમ દૈવી શક્તિ આજ સુધી કદી કોઇપણ મનુષ્યને વધુ પ્રમાણમાં બક્ષાએલી, યા વધુ સારા માઠા કાર્યમાં કામે લગાડેલી ઇતિહાસના વિશાળ મેદાનમાં દૃષ્ટિગોચર થતી નથી. નિર્મળ બુદ્ધિ, ચંચળ ભાવના, ગાઢ તુલનાશક્તિ, તીવ્ર મનોવૃત્તિ, ઉત્તમ પ્રકારના વિચાર તથા વિવેક—શક્તિ, શ્રેષ્ઠ વકતૃત્વ,

પ્રજાનો આનંદ.

સુલેહ જાહેર થઇ ત્યારે અંગ્રેજપ્રજા આનંદઘેલી થઈ ગઇ. બાર બાર વર્ષથી તે નેપોલીઅન જેવા ભડ દુશ્મન સાથે જીવસટોસટની લડાઇમાં રોકાઇ હતી; વળી બાકી હતું તે યુનાઇટેડ સ્ટેટસ સાથે યુદ્ધ થયું, જેમાં કેનેડા દેશ ગુમાવવાની ધાસ્તી હતી. ખુદ બ્રિટનમાં એક પણ લડાઇ નહિં લડાઇ થવાથી તથા વાડનનેપાર ઘણોખરો

વિગેરે ગુણ તેનામાં હતા છતાં તે સર્વને તે, બહોળા પ્રત્યક્ષ અનુભવ વડે કેળવેલી તર્કશક્તિની લગામવડે, બરાબર અંકુશમાં રાખતો. તેની પ્રખ્યાતીનો આધાર કેવળ લશ્કરી વિજયપર નથી. તેણે ફ્રાન્સની રાજપદ્ધતિ સુધારવા ઘણા ઘણા પ્રયાસો તથા પ્રયોગો કર્યા હતા. તે જેમ મહા સેનાપતિ હતો તેમ મહાપુરૂષ પણ હતો. તેના તમામ ખાતાંના વહીવટમાં તેની પ્રબળ શક્તિ તથા એકાગ્રતા તરી આવે છે. અનંત દીસતું જ્ઞાન તથા સારાસાર પારખવાની શક્તિને લીધે મંત્રીમંડળમાં તેને પ્રથમ સ્થાન મળતું. રાજનીતિના રહસ્યવિષે તેના ખ્યાલ ઉંડા ને ઉમદા હતા. લશ્કરી કીર્તિમાં મહાન્ એલેકઝાંડર સમાન, ન્યાયશાસ્ત્રના જ્ઞાનમાં પ્રખ્યાત જસ્ટીનીઅનથી પણ અધિક, રાજકીય શાણપણમાં બેકન જેવો જ, ને તે ઉપરાંત તેનામાં હેનીબાલના જેવી અખુટ તદબીર, ને સીઝરના જેવી અપૂર્વ રાજશક્તિ હતી. અથાક થાકથી ન થાકનાર, અપાર મુસ્કેલીથી ન હડનાર, ખડે પગે અખંડ કાર્ય કરનાર, એવા તેને કોઇપણ અડચણ અટકાવવા સમર્થ ન હતી, કોઇપણ ભય ડરાવી ન શકતો, કોઇપણ પ્રતિરોધ અંતરાય ન બનતો. વજ્જર જેવો શરીરનો બાંધો, તથા અપૂર્વ શક્તિમાન્ મનને લીધે તેને શારીરિક દુઃખ સાવ તુચ્છ લાગતું. ઘણી વેળા તેને અઢાર અઢાર કલાક ઘોડાપર ગાળ્યા હતા; ઘણીવેળા તેણે અખંડ રાત્રિ દરમ્યાન પોતાના સેક્રેટરીઓને અનેક સૂચનાઓ ઉતરાવેલી. સાધારણ આદમી તથા સાધારણ સીપાહીઓના ગુણદોષ શોધી તેની કદર કરવામાં જે અપાર કાળજી તે લેતો, તથા પોતાના

અગ્રેજોના કબજામાં હોવાથી, વેપાર કાંઇક ઠીક ચાલતો હતો; છતાં બેહદ કર, અનાજના ઉંચા ભાવ, ને યુદ્ધને લીધે ઉત્પન્ન થતી ચિંતા, આ તમામથી એકેએક અંગ્રેજની કસોટી બરાબર થઇ હતી. ૧૮૧૦ માં રાજાને ચિત્તભ્રમ સખત રૂપમાં દેખાયો, અને પાટવીકુંવર રાજરક્ષક થયો. પાર્લમેન્ટ યુદ્ધમાં રોકાયલી હોવાથી મુખ્ય પ્રધાનોને (પોર્ટલેન્ડ ૧૮૦૭ થી ૧૮૦૯, પરસીવલ ૧૮૦૯ થી ૧૮૧૨, ને લીવરપુલ ૧૮૧૨ થી ૧૮૨૧) લોકોપયોગી સુધારા કરવાનો વખત જ ન હતો. વળી ફ્રેન્ચ વિપ્લવથી નીપજેલી ધાસ્તી તથા અસ્થિરતાથી તમામ પ્રજા વહેમી બની ગઇ હતી. કોઇનો વિશ્વાસ રખાતો નહિં. સુલેહનો પહેલો ઉમળકો ખતમ થયા પછી પ્રજાને લાંબા યુદ્ધની અસર લાગવા માંડી.

પ્રજાકીય દેવું ૮૪ કરોડ પાઉન્ડે પહોંચ્યું, ને મહા બોજા રૂપ થઇ પડ્યું. દેશમાં કાગળ–નાણું હજુ ઘણું હતું. છૂટા થએલા સોલ્જર તથા ખલાસીઓ રોજી વગર રખડતા ફરતા; લડાઇનો સામાન બનાવનારાં કારખાનાનાં કામ અટકી પડયાં એટલે ત્યાંના કામદારો નવરા થયા. બીજા ધંધા મંદ પડયા હતા, અથવા ઠીકાઠીક ચાલતા હતા.

અનાજનો કાયદો.

સીપાહીઓનો લશ્કરી જુસ્સો ઉત્તેજીત કરવાની જે અનુપમ શક્તિ તે દાખવતો,તે નેપોલીઅનની ફતેહનું સાચું રહસ્ય છે. યોગ્ય સમયે યોગ્ય શબ્દ વાપરવા એ વક્તૃત્વનો આત્મા હોય, અને તે શક્તિ જેટલી સંપૂર્ણ તેનામાં હતી તેટલી અન્ય કોઇ પુરૂષમાં કદી સાંભળી નથી.

નેપોલીઅન અતિહાસિક પુરૂષોમાં સૌથી મોટો, મહા અજબ સેનાપતિ, મહા બુદ્ધિશાળી રાજનીતિજ્ઞ, તથા બડો હોશીઆર રાજવાહક હતો. તેના હાથમાંથી પોલેન્ડ, જર્મની, ઇટલી, પોર્ટુગલ, સ્પેઇન, ને ફ્રાન્સ પણ સરી ગયાં. અનંત શક્તિની અદૃશ્ય ઘટના જેને મનુષ્યો ભાવિ કહે છે, તે ભાવિ નેપોલીઅન માટે દુર્બળ હતું; ને ભાવિની મદદ સિવાય મનુષ્યની યુક્તિ પ્રયુક્ત જીવનના તોફાની મહાસાગરમાં કેવળ પરપોટા જેવી છે.

ખેડુતો તથા જમીનદારોને અનાજનો ભાવ બેસી જવાથી હાય હાય લાગી. તેમણે પાર્લમેન્ટ પાસે એક એવો અનાજનો કાયદો ૧૮૧૫ માં કરાવ્યો કે એક ક્વોર્ટરના ૮૦ શીલીંગથી ઓછા ભાવનું અનાજ ઇંગ્લેંડમાં પરદેશથી આવી શકે નહિં. આ કાયદાથી પરદેશી અનાજની અટકાયત થઈ અને બીજે વર્ષે ખરાબ પાક ઉતર્યો એટલે દુકાળ પડયો. ઠેકઠેકાણે તોફાન થયાં. ચાર વર્ષ મુશ્કેલીમાં પસાર થયાં. એક વર્તમાનપત્રે કામદારોને એવી સલાહ આપી કે આ બધી મુશ્કેલીનું નિવારણ કરવું હોય તો પાર્લમેન્ટને પહેલી સુધારવી જોઇએ. લોકોની સભા એટલી બધી ભરાવા લાગી તથા ભાષણો એવાં જોસદાર થવા માંડયાં કે સરકારને હેબીઅસ કોરપસનો કાયદો મોકુફ કરવો પડયો. મેન્ચેસ્ટરના તોફાનમાં લશ્કરીઓએ ગોળીબાર કર્યો ને પચાશેકના જાન ગયા. એટલે પાર્લમેન્ટને પ્રજાસ્વાતંત્ર્યપર અંકુશ મુકનારા ૬ ધારા કરવા પડયા.

વળી રાજરક્ષક પણ લોકોમાં બહુ અપ્રિય થઇ પડેલો. તેને ૨૫ વર્ષ થયાં ન હતાં છતાં કાયદા વિરૂદ્ધ તેણે રાજાની મંજુરી લીધા સિવાય એક વિધવા સાથે લગ્ન કર્યું. વળી આ બાઇ કેથોલીક હતી એટલે આ લગ્ન ગેરકાયદેસર ઠર્યું. તેથી કુંવર આને પડતી મુકી બીજી એક નીચ બાઇ સાથે પરણ્યો; તેની સાથે પણ એને ટુંક વખતમાં તકરાર થઇ.

રાજાનું મરણ. હવે રાજા જ્યોર્જના લાંબા આયુષ્યનો અંત આવી લાગ્યો હતો. છેવટના વર્ષોમાં આંધળા થએલા તથા ચિત્તભ્રમના રોગથી પીડાતા ગરીબ વૃદ્ધ રાજાની પ્રજાને બહુ દયા આવતી; ને ૮૨ વર્ષની ઉમ્મરે એનું મોત થયું ત્યારે પ્રજા બહુ દિલગીર થઇ. એના રાજ્યમાં ભલભલા બનાવ બન્યા હતા. અમેરીકા ગયું, હિંદ મળ્યું; પીટે અમલી સુધારા કરી પ્રજાને ઉન્નત કરી; નેપોલીઅને બ્રિટનનો દાટ વાળવા બહુબહુ કર્યું, નેલ્સન તથા વેલીંગ્ટને સ્વદેશનું ઉત્તમ રીતે

નમુનેદાર રક્ષણ કર્યું; આયર્લૅન્ડ બ્રિટન સાથે (નામનું) એકત્રિત થયું; ને બ્રિટને ગુલામી વેપારને તિલાંજલી દીધી,

આ રાજકીય બનાવોની સાથે શાસ્ત્રીય શોધખોળને સબબે જનસમાજમાં અજબ પરિવર્તન થઈ રહ્યું હતું. વાહનકાર્યમાં વરાળ યંત્રનો ઉપયોગ થવા લાગ્યો. નવિન યંત્રોની શોધ તથા બ્રિટનના દરિયાઇ સ્વામિત્વને લીધે વેપાર હુન્નર વધી ગયા. જે સમયે આખું યુરોપ જંગમાં ઝુકયું હતું તે વેળા સમર્થ વિદ્વાનો વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રયોગકાર્ય તથા સંશોધન ગુપચુપ કરી રહ્યા હતા.

સાહિત્ય.

સાહિત્યની બાબતમાં પણ આ યુગની કીર્તિ કમ નથી. આડમ સ્મિથનું Wealth of Nations 'પ્રજાઓની સંપતિ,' રોબર્ટસનના ઇતિહાસ, ગીબનનું જગ વિખ્યાત Decline and Fall of the Roman Empire 'રોમન મહારાજ્યની પડતી,' આદિ ઉત્તમ ગ્રંથો આ જમાનામાં પ્રગટ થયા. જોન્સન ને ગોલ્ડસ્મીથ નામના સમર્થ સાક્ષરોની જોડ પણ આ સમયમાંજ પોતાની કીર્તિ સંપાદન કરી ગઈ. નાટકકાર શેરીડન તથા પ્રખ્યાત એકટર ગેરિક પણ આજ કાલના આભૂષણ રૂપ હતા. કવિમંડળ (કાઉપર શેલી, સ્કોટ વિગેરે) પણ જેવું તેવું નહતું. બ્રિટિશ મ્યુઝીઅમ (સંગ્રહસ્થાન) અંગ્રેજ પ્રજા માટે મહાપુસ્તકાલયની ગરજ સારી રહ્યું હતું. વળી ચિત્રલેખન, શીલ્પકાર્ય, વિગેરે ઉત્તમ કળાના ઉદ્ધારક મહાપુરૂષો પણ આ યુગમાં પાકયા હતા. ભવિષ્યમાં બ્રિટનની સામાજીક તથા બુદ્ધિ વિષયક ખીલવણી ઉત્તમ થશે એની આશાના અંકુર ૩ જા જ્યોર્જના મરણ સમયે દીસતા હતા. હવે ખાસ જરૂરી વસ્તુમાં પાર્લામેન્ટનો સુધારો તથા વેપારી કાયદાનું બંધારણ એ બે બાકી હતાં.

પ્રકરણ ૨૬ મું.

આપણા જમાનાનો ઇતિહાસ.

૪ થો જ્યોર્જ ૧૮૨૦–૧૮૩૦

૪ થો વીલીઅમ. ૧૮૩૦–૧૮૩૭.

કેરોલીન રાણીની કથની.

હવે પાટવી કુંવર જે ગયા રાજ્યમાં રાજરક્ષક રૂપે કાર્ય કરતો હતો તેણે ૪ થો જ્યોર્જ એ નામ ધારણ કરી રાજપદ લીધું. પાર્લમેન્ટની આગળ પહેલો સવાલ રાણી કેરોલીનની ફારગતી વિષેનો હતો. છ છ વર્ષથી આ અભાગણી સ્ત્રી પોતાના વરથી વિખુટી પરદેશ ફરતી હતી. પણ હવે રાણીપદ લેવા તેને ઇંગ્લેંડ આવવા મન કર્યું. પ્રધાનોએ રાજાને વચન આપ્યું કે તેમની સલાહ વિરૂદ્ધ રાણી ગરબડ કરવા મથશે તો પાર્લમેન્ટ પાસે કાયદો કરી તેને ફારગતી અપાવશું. પાર્લમેન્ટમાં ઘણી રકઝક થયા. બાદ ફારગતીની દરખાસ્ત છોડી દેવી પડી. રાજ્યાભિષેકવેળા રાણી વેસ્ટમીન્સ્ટરના દેવળમાં આવી ત્યારે તેને ત્યાંથી કાઢી મુકી. પછી કુંક સમયમાં રાણીનું મોત થયું. તથા રાજાના આવા ક્રૂર વર્તનથી પ્રજાની લાગણી ઘણી દુખાઇ.

ગ્રેટબ્રિટનમાં શાંતિ.

પરંતુ આથી રાજ્ય ઉપર કાંઇ ખાસ અસર થઇ નહિં કારણ કે ૪ થો જ્યોર્જ તથા એનો ભાઇ ૪ થો વીલીઅમ રાજકારભારમાં પડતા નહિં. હવેથી રાજા માત્ર પુતળાં સમ બન્યા; ને તેમની રાજસત્તા [illegible] પ્રધાનના હાથમાં ગઇ. વૉટરલુ પછીના ૪૦ વર્ષ દરમાન બ્રિટનમાં શાંતિ રહી; તેને તુર્કો વિરૂદ્ધ ગ્રીકોને મદદ કરવા નાવારીનો આગળ લડવું પડેલું, તથા હિંદ ને આફ્રીકામાં નાની નાની લડાઇ થએલી, તે શિવાય અંગ્રેજોને શાંતિ હતી. આ ૪૦ માંનાં

પહેલાં ૭ વર્ષ ચિંતા તથા અણુવિશ્વાસમાં પસાર થયા. ફ્રેન્ચ વિપ્લવ થયા પછી યુરોપના રાજ્ય કર્તાઓ એવા ડરી ગએલા કે પોતાની પ્રજા સ્વાતંત્ર્ય યુદ્ધ કરશે. ૧૮૧૫ માં રશીઆ, ઓસ્ટ્રીઆ, પ્રશીઆ, ફ્રાન્સ, ને સ્પેઇનના રાજાઓએ ભેગા થઇ 'પવિત્ર મિત્ર મંડળ' સ્થાપ્યું, ને તેની મતલબ એ હતી કે કોઇ પણ દેશમાં પ્રજા બળવો કરે તો તે દાબી દેવામાં બીજા રાજ્યોએ મદદ કરવી. સ્પેઇન તથા ઇટલીમાં પરદેશી લશ્કરની મદદથી બળવા શાંત કરવામાં આવ્યા. બ્રિટન આ મંડળમાં ભળ્યું નહિં છતાં તેના પરદેશ-પ્રધાનનું વલણ એ દિશા તરફ હતું. વળી ૧૮૧૯ માં પ્રજાકીય સ્વાતંત્ર્યને અંકુશિત કરનારા ૬ કાયદા થયા હતા તેથી અંગ્રેજ પ્રજાને પણ એવો ભય લાગ્યો કે આપણી સરકાર પણ જુલમનીતિ અખત્યાર કરશે.

જ્યોર્જને ગાદીનશીન થયાં ને હજુ મહિનો થયો હતો. તેટલામાં તો થીસલવુડની સરદારીની નીચે ૨૫ પુરૂષોએ એવો ગુપ્ત નિર્ણય કર્યો કે લોર્ડ હેરાબીને ત્યાં જમણ કેટો સ્ટ્રીટનું કાવત્રું. માટે બધા ભેગા થાય ત્યારે ત્યાં સર્વે પ્રધાનોને ઠાર કરવા. આ કાવત્રાંખોરો કેટો સ્ટ્રીટના એક તબેલામાંથી પકડાયા, તેમાંના ૪ ને ફાંસી દીધી ને ૫ ને દેશનિકાલ કર્યા, એટલે આ વાતનો અંત આવ્યો. પણ આ બનાવ પ્રજાની અશાંતિ તથા ઉચાટ સૂચવતો હતો. ૧૮૨૨ માં જીંદગી પર તિરસ્કાર આવવાથી કેસલરેએ (પરદેશ-પ્રધાન) આપઘાત કર્યો. આ સમાચાર સાંભળી પ્રજાને હાશ થઇ; કેમકે કેસલરે દમનનીતિનો મુખ્ય હીમાયતી હતો. એના મોત પછી નુતન નીતિ આદરવામાં આવી, ને તેનું પરિણામ શુભ નીવડ્યું.

મુખ્ય પ્રધાનપદ પર ૧૮૧૨થી લીવરપુલ હતો, પણ ત્યાર પછી

એના પ્રધાન મંડળમાં ઘણો ફેરફાર થઇ ગયો હતો. ગરીબીમાં ઉછરેલો રોબર્ટ પીલ ૧૮૨૨માં સ્વદેશ ખાતાંનો પ્રધાન નીમાયો; કેનીંગને પરદેશ ખાતું સોંપાયું; તથા હસ્કીસન વેપારી બોર્ડનો પ્રમુખ બન્યો. આ ત્રણે પુરૂષો મધ્યમ વર્ગના હોવાથી પ્રજાની જરૂરીઆતો સારી રીતે સમજતા હતા.

કેનીંગ, પીલ, અને હસ્કીસન.

પીટનો સાગ્રીત કેનીંગ બ્રિટનને યુદ્ધથી અળગું રાખવા ઇચ્છતો હતો. તથા તેનો મત એવો હતો કે દરેક પ્રજા પોતાનું રાજ્યતંત્ર નક્કી કરે. 'પવિત્ર મિત્ર મંડળ' સાથે કોઇપણ પ્રકારનો સંબંધ બાંધવા તેણે સાફ ના પાડી. જે ગ્રીક પ્રજા તુર્કીની જુંસરીમાંથી મુક્ત થવા ઇચ્છતી હતી, તથા જે મેકસીકો, પેરૂ, ચીલી આદિ દક્ષિણ અમેરીકાની પ્રજા સ્પેઇનથી સ્વતંત્ર થવા તલસી રહ્યા હતા તેમના પ્રયાસો તરફ કેનીંગે દિલસોજી ધરાવતો. પણ પરદેશી રાજા–પ્રજાના ઝઘડામાં પોતે ઉતરવા માંગતો ન હતો. દક્ષિણ અમેરીકા પોતાના પુરૂષાતનથી સ્વતંત્ર થયું ત્યારે કેનીંગે તેમનું સ્વાતંત્ર્ય કબુલ રાખ્યું. વળી પોર્ટુગલના ઉપર સ્પેઇન તથા ફ્રાન્સ સંયુક્ત હુમલો લાવવાના હતા. તે વેળા કેનીંગે પોર્ટુગલને મદદ કરી. નિર્દોષનો પક્ષ લેવાની આ પરદેશનીતિ જે લાગણીથી તેણે અખત્યાર કરેલી તે જ લાગણીથી ઇંગ્લેંડમાં કેથોલીકને હક્ક અપાવવા, તથા વેસ્ટ ઇંડીઝના ટાપુમાં વસતા ગુલામોની સ્થિતિ સુધારવા તેણે પુષ્કળ મહેનત કરી.

દરમ્યાન પીલ બ્રીટીશ ફોજદારી કાયદો સુધારવા મથી રહ્યો હતો. આ કાયદો ઘણો ત્રાસદાયક હતો; તેમાં નહિં નહિં તોએ ૨૦૦ અપરાધોને માટે મોતની સજા હતી; ને આ ૨૦૦ માંના ઘણા તો નજીવા ગણાય એવા હતા. કોઇક દુકાનમાંથી એકાદ કાપડનો કડકો ચોરવા માટે, યા કોઇક તળાવમાંથી એકાદ માછલી પકડવા માટે, તેમજ બનાવટી સહી ને ખુન કરવા જેવા ગંભીર આરોપ બદલ સ્ત્રી પુરૂષોને સરખી રીતે ફાંસીની સજા થતી. આપણે

આજે આ વાત ટકે શેર ભાજી ટકે શેર ખાજા જેવી લાગે છે. આવા કાયદાના અમલથી દેહાંત સજા અતિશય વધી ગએલી, ને ફાંસી માટે વીશ વીશની હાર એકેકે સપાટે લટકાવવામાં આવતી. (પરદેશમાં અંગ્રેજી ફોજદારી કાયદો અદ્ભુત તથા નિંદાસ્પદ મનાતો.) ઘણી વાર એમ પણ બનતું કે ખરા ગુન્હેગાર સજા વિના છટકી જતા કેમકે નાના નાના ગુન્હા માટે મોતની સજા કરવા જ્યુરી (પંચ) ના પાડતી ને તેમને નિર્દોષ ઠેરવતી. આવા અન્યાય દૂર કરવા આ સમય પૂર્વે થોડા પ્રયત્ન થએલા. ૧૮૨૪માં પીલે સો એક નાના નાના ગુન્હા માટેની મોતની સજા કઢાવી નાંખી, અને કાયદા ધીમે ધીમે યોગ્ય ને ન્યાયી બનાવ્યા.

આના કરતાં પણ અંગ્રેજ પ્રજા માટે વધુ અગત્યના સુધારા હસ્કીસને વેપારમાં દાખલ કર્યા. ક્રોમ્વેલના નૌકા સંબંધી કાયદામાં એવું હતું કે તમામ માલ લઇ જવા લાવવાનું કાર્ય બ્રિટિશ વહાણમાં જ થવું જોઇએ, ને બીજી પ્રજાના વહાણમાં આવતા માલ ઉપર ભારે જકાત લેવાવી જોઇએ. આ નિયમ હજુ અમલમાં હતા. આ કાયદા અમુક વખત માટે કામ ચલાઉ રૂપે ઠીક હતા; પણ અંતે બીજા દેશોએ બ્રિટિશ વહાણમાં આવતા જતા માલપર ભારે કર નાંખ્યા; ને આ રીતે વેપારને ઘણી હાની થતી. માટે ૧૮૨૩માં હસ્કીસને એવો કાયદો કર્યો કે જે અમુક દેશ બ્રિટિશ વહાણોને તથા પોતાનાં વહાણો ને સરખો લાભ આપે, તો તે દેશના વહાણોને બ્રિટનમાં તેવીજ જાતનો લાભ મળે. વળી રેશમ તથા ઉનની જકાત કમી કરી એટલે આ ધંધાવાળાઓને યોગ્ય રાહત મળી. અસલ કામદારોના રોજ નક્કી કરવાનો હક્ક મેજીસ્ટ્રેટનો હતો, તથા દેશના બીજા ભાગમાં રોજગારી મેળવવા જવાની કામદારોને બંધી હતી; તે રિવાજ બંધ થયા. આ કાર્યો પાર પાડવામાં હસ્કીસનને ઘણી અડચણ નડેલી;

વેપારી સુધારા.

પણ પર્યન્તે વેપાર બેવડાયો, કામદારો પોતાનો યોગ્ય પગાર નક્કી કરતા થયા, અને પ્રજાને યોગ્ય કિંમતે માલ મળવા લાગ્યો.

આ શુભ કાર્યોની અસર શરૂઆતમાં વેપારની ઓચિંતી અણધારી વૃદ્ધિને લીધે કાંઇક ઓછી થઇ. દરેકને એકદમ લખેશરી થવાની ઇચ્છા થવા લાગી. અનેક કંપનીઓ ઉભી થઇ તથા અનેક સારી તેમજ મૂર્ખ યોજનામાં લોકો પૈસા રોકવા લાગ્યા. એક કંપની તો ગોવાલણોની

સટ્ટાની ઘેલછા.

સ્થપાઇ, તેનો હેતુ એ હતો કે બ્યુએનોસ એરીસના (દક્ષિણ અમેરીકા) જંગલી ઢોરના દૂધનું માખણ બનાવી વેચવું; માખણ તો બનવા માંડયું પણ ત્યાંના લોકોમાં તે માખણનો ઉપાડ થયો નહિ. 'સાઉથ સી બબલ'ના સમયની માફક સટ્ટો વધી પડયો; ને એક વર્ષમાં તો આ ઘેલછાની માઠી અસર દેખાવા લાગી. સાઠસીત્તેર બેન્કોને દોઢ મહિનાની ટુંક મુદતમાં તાળાં દેવાં પડયાં; ને લોકોની હાય અટકાવવાને સરકારને ટંકશાળમાં દરરોજનો દોઢ દોઢ લાખ નવા પાઉન્ડ પાડવા પડયા; તથા બેન્ક ઓફ ઇંગ્લેંડને પણ વેપારીઓને તેમના માલ ઉપર નાણું ધીરવા પડયા. આમાં ગરીબ તથા મધ્યમ વર્ગનો મરો થયો. ભૂખમરો વધવાને લીધે તોફાન થવા લાગ્યાં. લોકોએ યંત્રો ભાંગી નાંખ્યા; ને ખોરાકની બુમ એટલી વધી ગઇ કે સરકારને કાયદા વિરૂદ્ધ પરદેશી સોંઘું અનાજ મંગાવવું પડયું. હવે પ્રજાની આંખ ઉઘડીને તેમને એમ લાગ્યું કે પરદેશી સોંઘું અનાજ આવતું અટકાવવાનો હેતુ કેવળ જમીનદારોને તથા ખેડુતોને ખટાવવાનો જ છે. આ ધારાની નિર્દયતા તેઓએ પ્રત્યક્ષ નીહાળી લીધી. ૧૮૨૮ માં હસ્કીસને એવી જોગવાઇ કરી કે અનાજનો ભાવ વધે તો પ્રમાણમાં જકાત ઘટે, ને ભાવ ઘટે તો પ્રમાણમાં જકાત વધે ! આ પ્રમાણે જકાતનું (Sliding Scale) 'ચલાયમાન પ્રમાણ' દાખલ થયું. નિરંકુશ વેપારનું આ પ્રથમ ચિન્હ છે.

પરદેશ ગમનની સગવડ.

વળી પ્રજાના આ દુઃખમાંથી બીજું એક સારૂં પરિણામ નીપજ્યું. રોજગારી તથા ખોરાકની તંગીને લીધે સરકારે લોકોને પરદેશ ગમનમાં મદદ કરવાનો વિચાર કર્યો. કેનેડા જવા તૈયાર થનાર ગરીબ ગુરબાંને પૈસાની મદદ તો ઘણા વર્ષથી અપાતી હતી; ૧૮૧૪ માં ૫૦૦૦ લોકો કેપ ઓફગુડ હોપ' સંસ્થાનમાં મોકલ્યા હતા. અત્યારે કામદારો કામ માંગવા લાગ્યા એટલે સંસ્થાનખાતાએ પરદેશગમન પર ખાસ ધ્યાન આપવા માંડયું. સરકારની ઉત્તેજનમાં ૧૮૨૦માં ૧૩૦૦૦ આદમી કેનેડા, આફ્રીકા ને ઓસ્ટ્રેલીઆમાં જઇ વસ્યા ને આ સંખ્યા વર્ષે વર્ષે વધતી ગઇ. એટલે 'ગ્રેટ બ્રિટન' 'ગ્રેટર બ્રિટન' થવા લાગ્યું.

ઓસ્ટ્રેલીઆ

ઓરટ્રેલીઆમાં ન્યુ સાઉથ વેલ્સ આબાદ થઇ ચુકયું હતું. જે કેદીઓ અહીં આવેલા તેમને આ દેશમાં છૂટા મુકયાથી તેઓ સુધર્યા તથા રસ્તા બાંધવામાં, જંગલ સાફ કરવામાં, ને વસવાટના બીજા અનેક કાર્યમાં બહુ ઉપયોગી નીવડયા. હવે તો સારા લોકો પણ અહીં વસવા લાગ્યા; પછી અહીંની વસ્તીએ કેદીઓને સ્વીકારવાની ના પાડી. દિનપ્રતિદિન નવા નવા ગામ વસવા લાગ્યા ને પ્રજાની આબાદી વધતી ગઇ.

કેથોલીકોની રાજકીય મુક્તિ.

૧૮૨૭માં ઇંગ્લેંડના વડા પ્રધાન લીવરપુલે નાદુરસ્ત તબીએતને લીધે રાજીનામું આપ્યાથી તથા કેનીંગ ગુજરી જવાથી તે જગ્યા વોટરલુવાળા વેલીંગ્ટનને મળી વેલીંગ્ટન જેટલો લશ્કરી અમલદાર તરીકે બાહોશ નીવડેલો તેટલો રાજકારભારમાં નિષ્ફળ નીવડયો. લશ્કર પર જે રીતે અમલ થાય તે રીતનો અમલ પાર્લમેન્ટના મેમ્બરો કેમ સાંખે ? વેલીંગ્ટનના રાજ્ય

કારભારમાં તેની મરજી વિરૂદ્ધના બે કાર્ય થયાં—૧. જે કાયદાથ ડીસેન્ટરોને સરકારી પદવી મળતી નહતી તે કાયદા લોર્ડ જોન રસે રદ કરાવ્યા; ને ૨. કેથોલીકોને પાર્લમેન્ટમાં બેસવાનો હક્ક મળ્યો ૧૮૧૭થી તેમને લશ્કર તથા નૌકામાં દાખલ થવા દીધા. ઉમરાવો એ આ સુધારા અટકાવવા બહુ બહુ ફાંફાં માર્યાં; પરંતુ ડેની અલ ઓ કોનેલની સરદારી નીચે આયર્લેન્ડની કેથોલીક પ્રજાની ભાં હીલચાલને લીધે આખરે તેમને નમતું આપવું પડ્યું. આયરીશ પ્રજ ઓકોનેલને ચુંટતા નથા કેથોલીક હોવાને લીધે તે બેસી શકતે નહિં; એટલે એની ચુંટણી રદ થતી; ફરી ચુંટણી થતી ને ફરી તેજ ચુંટાતો. આમ અંત કયાં આવે ? ૧૮૨૯ માં કેથોલીકની રાજકીય મુક્તિનું બીલ પસાર થયું; ચાર વર્ષ પછી કવેકન્ડર પંથીઓ પણ પાર્લમેન્ટમાં આવી શકે એવી જોગવાઇ થઇ; ને છેવટે ૧૮૫૮મ યાહુદી તથા બીજા કોઇ પણ ધર્મ પાળતો પુરૂષ મેમ્બર થઇ શકે એવી તજવીજ કરવામાં આવી.

હવે ઓ કોનેલ પાર્લમેન્ટમાં બેસી શકયો. પણ આટલાથી તેને સંતોષ વળે એમ ન હતું. તેને તો આયર્લેન્ડને સ્વતંત્ર પાર્લ મેન્ટ અપાવવી હતી; ને આ કાર્ય માટેના મથનમાં આ મહાપુરૂષે પોતાનું આખું જીવન અર્પણ કર્યું. ૧૮૪૭ માં તે મરણ પામ્યો. તે પ્રમાણીક હતો તથા પોતાના અનુયાયીઓને કાયદાને માન આ પવાની સલાહ આપતો.

× આવી તજવીજને પરિણામે જ ડીઝરા એલી, મોન્ટેગ્યુ આદિ યાહુદીઓ તથા દાદાભાઇ નવરોજજી જેવા હિંદવાસીઓ પા ર્લમેન્ટમાં મેમ્બર રૂપે બીરાજી શકયા.

૪ થો વીલીઅમ. ૧૮૩૦-૧૮૩૭.

૧૮૩૦ માં ૪ થો જ્યોર્જ ગુજરી જવાથી તેનો ભાઇ ૪ થો વીલીઅમ ગાદીએ આવ્યો. નવો રાજા બગલમાં છત્રી રાખી સાદાઇથી ફરતો તથા પોતાના અસલના મિત્રો સાથે હેતભાવથી વર્તતો તેની સાદાઇને લીધે લોકો તેને ચ્હાતા તથા માન આપતા. ફ્રાન્સમાં બીજો રાજવિપ્લવ થવાથી ત્યાંનો રાજા ૧૦ મો ચાર્લ્સ ગાદી ત્યાગી ઇંગ્લેંડ આવ્યો. અહીં તેને રહેવા એક મહેલ આપવામાં આવ્યો તથા બીજી ઘટતી સગવડ કરવામાં આવી. આ જ અરસામાં બેલ્જીઅમ હોલેન્ડથી છૂટું થયું. પર પ્રજાના આવા સ્વાતંત્ર્યના ખળભળાટના સમાચાર સાંભળી બ્રિટિશ લોકો પાર્લમેન્ટ સુધારવા માટે ફરી પોકાર કરવા લાગ્યા. બર્મીંગહામ, મેન્ચેસ્ટર, લીડઝ જેવાં મોટાં વસ્તીવાળાં શહેરનાં હિત સાચવવા એક પણ પ્રતિનિધિ નહોય; અને જમીનદારો પોતાના કબજામાં થોડા છૂટા છવાયાં નાનાં ગામડાં હોવાથી ચાહે તેવા મેમ્બરો મોકલી શકે, એ દેખીતો અન્યાય હતો. છતાં વડાપ્રધાન વેલીંગ્ટનને સુધારાની ગંધ સુદ્ધાં ગમતી ન હતી, ને એક વેળા તે સુધારા વિરૂદ્ધ એટલું સખત બોલ્યો કે લોકોમાં તેનું માન ઘણું ઉતરી ગયું, તથા તે અપ્રિય થઇ પડ્યો. નવા રાજા આવવાથી નવી ચુંટણી થઇ તેમાં સુધારક પક્ષ જોરમાં હતો, વળી રાજા પણ સુધારાનો હિમાએતી હોવાથી વેલીંગ્ટનને ખસવું પડ્યું. ત્યારપછી તેણે પોતાની કીર્તિ પાછી મેળવી. જે વજ્રબાહુ વીર (Loon Duke) બ્રિટન માટે બહાદુરીથી લડેલો ને જેની રાજનીતિ પ્રજાને ઠીક ન લાગી, તે વીરને પ્રજા ફરી ચ્હાવા લાગી. વડાપ્રધાનપદનું રાજીનામું આપ્યા પછી તે ૨૨ વર્ષ જીવ્યો. તેના મોત સમયે આખી પ્રજાએ દિલગીરી પાળેલી અને બ્રિટન પોતાના મહાપુરૂષોને કેવું માન આપે છે તેનું દૃશ્ય તે વેળા દેખાએલું.

૧૮૩૨નો રાજકીય સુધારો.

જે પુરુષ આજે ૪૦ વર્ષથી પાર્લમેન્ટના સુધારા માટે મ
રતો હતો તે લૉર્ડ ગ્રેને રાજાએ વ
પ્રધાન નીમ્યો. તેણે પોતાનું પ્રધાનમંડ
પણ સુધારકોનું જ બનાવ્યું. છતાં સુધ
રાનો ખરડો પસાર કરતાં એક વર્ષ વ
ગયું, પહેલું સુધારાનું બીલ ૧૮૩૧માં રસેલે રજુ કર્યું, તેમાં ફતે
ન મળી એટલે પ્રધાનોએ રાજાને નવી પાર્લમેન્ટ બોલાવવા સૂચવ્યુ

આ ચુંટણી સમયે પ્રજાની માંગણી સ્પષ્ટ દેખાઇ, ઉમરાવે
ધર્માધિકારીઓ, લશ્કર ને નૌકાવાળા સુધારા વિરૂદ્ધ હતા, પરં
કારખાનાવાળા, મધ્યમ વર્ગ, શહેરોની પ્રજા, તથા કામદારો સુધ
રાની તરફેણમાં હતા. લોકોમાં ઝુંબેશ બહુ વધી પડી. ચુંટણી વેળ
—"બીલ, આખું બીલ, ને બીજું કંઇ નહિં"–એવા બોલ કા
પડતા. એટલા બધા સુધારકો ચુંટાયા કે બીજું સુધારા બી
આમની સભામાં સ્હેલાઇથી (૩૪૫ વિરૂદ્ધ ૨૩૬ મતે) પસાર થઇ
પણ આ બીલ ઉમરાવોએ નાપાસ કર્યું. તેથી ઉમરાવો પર સ
બાજુએથી લોકોનો ગુસ્સો પ્રદર્શિત થયો; ને સરકારને સહાનુભૂ
આપવા સર્વત્ર સભાઓ ભરવામાં આવી. બર્મીંગહામની એક સભ
માં વક્તાઓ એમ બોલી ગયા કે જ્યાં સુધી ઉમરાવો ઠેકાણે નહિ
આવે ત્યાં સુધી અમે કરવેરા ભરવાના નથી. ઠેકઠેકાણે ગંભીર ર
ખાણ થયાં. લોકોમાં વિપ્લવની વાતો ચાલવા લાગી. પાર્લમેન્ટ ફ
મળી ત્યારે મેમ્બરોના ચ્હેરા ગંભીર દેખાતા હતા. આ સમયે ત્રીજ
સુધારા બીલ આવ્યું તેની પણ આગળના બીલોના જેવી જ ગ
થઇ એટલે લોર્ડ ગ્રેએ રાજાને સમજાવ્યું કે તમે જાહેર કરો કે આ
બીલ સીધી રીતે પાસ નહિં થાય તો નવા ઉમરાવો બનાવીને પા
આ બીલ પાસ કરવું પડશે. પહેલાં તો રાજાએ આ વાતની ન
પાડી પણ પાછળથી ન છુટકે તે કબુલ થયો; એટલે વિરોધ
ઉમરાવોએ ગેરહાજર રહેવાનું વચન આપ્યું, ત્યાર પછી બીલ પાસ થયુ

આ સુધારાથી ૫૮ નાનાં ગામ, જેમના તરફથી ૧૧૩ મેમ્બર આવતા, તેમના તમામ પ્રતિનિધિ બંધ થયા. બીજાં ૩૦ ગામને બબ્બે મેમ્બર મોકલવાનો હક હતો તેમને માટે અકકેકનો જ હક રાખ્યો. આ પ્રમાણે ૧૪૩ જગા ખાલી પડી તે મોટાં શહેરો તથા સ્કોટલેન્ડ ને આયર્લેન્ડ વચ્ચે વ્હેંચી આપી. મતદારોની સંખ્યા પણ વધી કેમકે હવે મધ્યમ વર્ગ વધુ પ્રમાણમાં દાખલ થયો. હવેની પાર્લેમેન્ટમાં પ્રજાનું પ્રતિનિધિત્વ પહેલાં કરતાં સારી રીતે જળવાવા લાગ્યું. દિલગીરીની વાત માત્ર એટલીજ હતી કે જે સુધારા રાજીખુશીથી અપાવા જોઇતા હતા તેને માટે આટલો સમય લાગ્યો ને આટલી લડત ચલાવવી પડી. આની અસર પ્રજાપર એવી થઇ કે કાંઇ પણ જોઇતું હોય તો તેને માટે ગરબડ કરવી તથા તોફાન મચાવવા જરૂરનાં છે; ને આ વિચારની માઠી અસર આજે પણ બ્રિટન અનુભવે છે. આ ઝઘડા દરમ્યાન 'કોન્ઝર્વેટીવ' (જુનું એટલું સુન્દુ એમ માનનારા) અને 'લીબરલ' (પ્રજાની લાગણી સંતોષવા ઘટતા ફેરફાર કરવા ઇચ્છનારા) શબ્દો 'ટોરી'ને 'વ્હીગ'ને બદલે વપરાવા લાગ્યા. જે પક્ષ બહુ આગળ પડતા સુધારા કરવા તત્પર હતો તે રેડીકલ (ઉચ્છેદક) પક્ષ કહેવાતો.

પાંચ છ મહિના બાદ કરતાં હવેના પાંચ વર્ષ દરમ્યાન મુખ્ય સત્તા લીબરલોના હાથમાં હતી. આગલા સમયમાં અપૂર્ણ રહેલા ઘણાં ઉપયોગી કાર્યો આ પાંચ વર્ષ દરમ્યાન તેણે પુરાં કર્યાં. તમામ બ્રિટિશ સંસ્થાનોમાંથી ગુલામીનો રિવાજ બંધ કરવો એવો કાયદો ૧૮૩૩માં થયો. (આ કાર્ય માટે વીલ્બરફોર્સે બહુ વખતથી તનતોડ મહેનત કરેલી.) આથી દુનિયામાં વસતા તમામ બ્રિટિશ લોકોના ગુલામોને મુક્તિ મળી, જો કે તેઓને સ્વતંત્ર કામદાર રૂપે બીજાં પાંચ વર્ષ પોતાના ધણીની સેવા કરવા બંધાવું પડયું. ૭૫ વર્ષની ઉમ્મરે વીલ્બર ફોર્સને આ વાતની જાણ થતાં તેના આનંદનો પાર

ગુલામીને તિલાંજલી.

રહ્યો નહિ; બાદ ટુંક સમયમાં તેણે દેહ છોડયો. ગુલામ-માલીકોને નુકશાની બદલ બ્રિટિશ તીજોરીમાંથી ૨ કરોડ પાઉંડ આપવા પડયા, પણ આ ખર્ચ પ્રજાના પૈસાનો સદુપયોગ કહેવાય.

ગરીબોના લાભના કાર્યો.

કેટલાંક કારખાનામાં બાળકો પેટને અર્થે મજુરી કરતાં, તેમની પાસે ગજા ઉપરાંતનું કામ લેવામાં આવતું તથા તેઓ તરફ ગેરવતન ચલાવવામાં આવતું. આ સ્થિતિમાંથી તેમનું રક્ષણ કરવા એક કાયદો થયો. વળી ગરીબોના બાળકોને શિક્ષણ આપતી સંસ્થાઓને સરકાર તરફથી વાર્ષિક મદદ આપવાનું નક્કી થયું. આ જ સમયે ઇસ્ટ ઇંડીઝ ટાપુ સાથે વેપાર કરવાની છૂટ બધા વેપારીઓને મળી. (અત્યાર સુધી આ વેપારનો ઇજારો હતો તે હવે રદ થયો). ૧૮૩૪માં ગરીબીના કાયદામાં સુધારો કરવામાં આવ્યો. અસલના કાયદા મુજબ આળસુઓને નીભાવવા ઉદ્યોગી પુરૂષને નાણાં ભરવા પડતાં. નવા કાયદાની રૂએ આખા દેશમાં કાર્ય-ગૃહો (workhouses) ખોલવામાં આવ્યા, જ્યાં નિરાધાર ગરીબ લોકોને આશ્રય મળતો તથા તેમની પાસે કામ લેવામાં આવતું. ખાસ કારણ સિવાય ઘેર બેઠાં કોઇ પણ કુટુમ્બને મદદ આપવી બંધ કરી. આ ફેરફારથી કરનો બોજો કાંઇક ઓછો થયો, મજુરીના દર વધ્યા, ને કામદાર વર્ગ કમાવા લાગ્યો. ભિખારીની સંખ્યા ઘટતી ગઇ.

૧૮૩૫ માં લોર્ડ મેલ્બોર્નની મુખ્ય-પ્રધાની દરમ્યાન શહેરોના સ્થાનિક વહીવટમાં સુધારા થયા. કર ભરનારા શહેરીઓને સ્થાનિક અધિકારીઓ ચુંટવાનો હક્ક મળ્યો. શહેરી કાઉન્સીલના સભાસદોને આપક જાવકનો હિસાબ પ્રસિદ્ધ કરવાનુ નક્કી થયું. વળી તમામ જન્મ મરણ, લગ્ન સ્થાનિક દફતરમાં નોંધાવવાનો ધારો થયો.

પાર્લમેન્ટમાં આ સઘળા રાજકીય સુધારા થતા હતા તે વેળા

સામાન્ય જીવનના સુધારાનું કાર્ય પણ જોશભેર ચાલી રહ્યું હતું.

અન્ય સામાન્ય સુધારા.

લંડનના રસ્તાઓ પર ગેસના દીવા ૧૮૩૯ માં દાખલ થયા; તેથી ચોરી, લુંટ, ખુન આદિ ગુન્હા ઘણા ઘટી ગયા. વળી અસલના પગીઓને કાઢી તેમને સ્થાને પોલીસ નીમવામાં આવ્યા. એટલે રાત દિન રસ્તા પર પ્રજાની સલામતી જળવાવા લાગી. વળી મેક આડમ નામના સ્કોચ ગૃહસ્થે રસ્તા બાંધવાની એક યુક્તિ શોધી કાઢી હતી. તેણે એવી સલાહ આપી કે રસ્તો પાકો કરવા પહેલાં તો જમીનને પોચી કરી તેના પર પત્થરના કટકા પાથરી, પછી રોલ ફેરવી તેમને દબાવી જમીન સપાટ બનાવવી. આ પદ્ધતિના રસ્તા થવાથી ઘોડાગાડી કલાકના દશ બાર માઇલની ઝડપે ચલાવી શકાતી, અને ગાડી ગાડાં કાદવ કીચ્ચડમાં ખુંચાઇ જતાં તે દિવસ હવે ગયા.

૧૮૩૦ માં લીવરપુલ મેન્ચેસ્ટર વચ્ચે પહેલી અંગ્રેજી રેલ્વે ખોલવામાં આવી; ને આનું માન જ્યોર્જ સ્ટીવન્સન નામના ગરીબ

પહેલી અંગ્રેજી રેલ્વે.

કોલસા વાળાને ઘટે છે. તેણે અનેક સંકટ વેઠી લોકોમોટીવ એન્જીન બનાવ્યું. આગગાડીની ઝડપ કલાકના ૩૫ માઇલની રાખવામાં આવી. પહેલેજ દિવસે પ્રધાન હસ્કીસનનું અકસ્માતને લીધે આગગાડીમાં મોત નીપજ્યું. હવેથી વરાળ બળ તથા યંત્રનો ઉપયોગ રેલ્વેમાં તથા વહાણો પર થવા લાગ્યો.

આ પ્રગતિથી ઉત્તમ વર્ગ તથા મધ્યમ વર્ગની સંપત્તિ વધવા લાગી; ને સંપત્તિની વૃદ્ધિ સાથે મહોલ્લા મકાન આદિનો ઠાઠ બદલાઇ ગયો. લંડનના બજાર નવેસરથી બંધાયા, ને મહોલ્લાઓ વધુ સાફ રહેવા લાગ્યા. વળી જુના બાગ હતા તેને સુધારવામાં આવ્યા તથા તે ઉપરાંત નવા પણ બનાવાયા. નવા મહાવિદ્યાલયો સ્થપાયાં. નિરાધાર

ઉપર દેખરેખ રખાવા લાગી. ગાંડા ઘેલાની સારવાર માટે એક ઇસ્પિતાલ સ્થપાઇ.

હવે જ્ઞાનની અભિલાષા વધતી ગઇ. કામદારો માટે રાત્રિશાળાઓ સ્થપાઇ, જ્યાં મોટી ઉમ્મરના પુરૂષોને યોગ્ય શિક્ષણ અપાવા લાગ્યું. વળી 'ઉપયોગી જ્ઞાન પ્રચારક મંડળ' સ્થપાયાં ને તેમના તરફથી ઇતિહાસ, વિજ્ઞાનાદિ વિષયોનાં સાદાં સોધાં પુસ્તકો પ્રસિદ્ધ થવા લાગ્યાં. ન્યુસપેપરનું વાચન પણ વધતું ગયું.

આ સર્વ નવા નવા લાભ છતાં છેક ગરીબ વર્ગ તો કંગાળ અજ્ઞાત, તથા દુઃખી હાલતમાં હતો. ૧૮૩૭માં રાજા ૪ થા વીલીઅમનું મોત થયું ત્યારે બ્રિટનમાં દુઃખ ને

ગરીબ વર્ગનાં દુઃખ.

અસંતોષ ઘણાં હતાં. સત્ય એ છે જે મોટા ફેરફારો સાથે ટુંક વખત તો દુઃખ અવશ્ય નીપજે છે, ને તેનો બોજો મુખ્યત્વે અત્યંત ગરીબ વર્ગ ઉપર પડે છે. છેલ્લાં વીશ વર્ષમાં વેપારમાં અણધાર્યો વધારો થયો, યંત્રોનો ઉપયોગ થવા લાગ્યો, રેલ્વે દાખલ થઈ. આ ઘટના અંતે તો ગરીબ વર્ગને સુખદાયક નીવડી, પણ થોડાક સમય સુધી તેમને રહેવું પડયું કારણ કે મહેનત મજુરીના સ્થાન તથા પ્રકાર બદલાઇ ગયા. ખોરાક હજુ મોંઘો મળતો, ને કર ભારે હતા. ખેતીની મજુરી કરનારાને હલકા જાતના ખોરાકથી નિભાવવું પડતું તથા કેટલાક કુટુમ્બોને તો માત્ર પેટ જોગું જ અનાજ મળી શકતું,

---

પ્રકરણ ૨૭ મું.

ગ્રેટ બ્રીટન ને તેનાં સંસ્થાનો.

વીક્ટોરીઆ. ૧૮૩૭–૧૯૦૧.

વીક્ટોરિઆ રાણી.

કુંવરી વીક્ટોરીઆ ઉંઘે છે; મળસ્કાના પાંચ વાગ્યા છે; ત્યાં બે પુરુષો તેને જગાડી ઘુંટણીએ પડી તેને ખબર આપે છે કે આજથી તમે ઇંગ્લેંડનાં રાણી થયાં છો.

હજુ તેની ઉમ્મર માત્ર ૧૮ વર્ષની હતી. તે ૩ જા જ્યોર્જ રાજાના ચોથા પુત્ર ડયુક ઓફ કેન્ટની પુત્રી હતી. ચાલતે દહાડે વીક્ટોરીઆ ગાદીએ આવશે એ વાત ઘણા વખતથી સૌ કોઇ જાણતું હતું. એટલે તેની માએ તેને ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપેલું ને તેના પ્રતાપે વીક્ટોરીઆમાં ન્યાય, પ્રેમ, દયા, શુદ્ધતા, ઉદારતા, કર્તવ્ય પરાયણતા, આત્મશ્રદ્ધા, બીજા માટે લાગણી, આદિ ગુણ પ્રથમથી જ દેખાતા હતા.

હેનોવર પ્રાંતનો રિવાજ એવો હતો કે સ્ત્રી ગાદીએ આવી શકે નહિં એટલે ત્યાંની ગાદી વીક્ટોરીઆના કાકાને મળી. એકંદર રીતે બ્રિટનને આથી ઘણો ફાયદો થયો. કારણ કે આથી બ્રિટનને યુરોપી યુદ્ધમાં ઉતરવાનું એક કારણ ઓછું થયું, ને આવતા ૫૦ વર્ષમાં ગંભીર લડાઇ થઇ હોય તો તે માત્ર હિંદને આફ્રીકામાં જ. ઇંગ્લેંડનો આ સમયનો ઇતિહાસ શાંતિમય પ્રગતિથી ભરેલો છે.

કેનેડાનો પ્રશ્ન.

પહેલો પ્રશ્ન કેનેડાનો હતો. ૧૭૯૧ માં પીટે આ દેશના ઉત્તર ને દક્ષિણ એવા બે વિભાગ પાડયા હતા. દરેક વિભાગ માટે રાજા તરફથી ગવર્નર તથા કાઉન્સીલની નીમણુક થતી તથા પ્રજાની ચુંટાએલી એક સભા બેસતી. ઉત્તર કેનેડામાં આ ઠીક ચાલ્યું; પણ દક્ષિણ

કેનેડામાં મુખ્ય વસ્તી ફ્રેન્ચોની હોવાથી બહુ અડચણો નડતી, ને છેવટે ૧૮૩૭ માં બળવો જાગ્યો. આનો ચેપ ઉત્તરને પણ લાગ્યો. લશ્કરી કાયદો અમલમાં મુકાયો. અર્લ ઓફ ડર્હામ નામના કાબેલ તથા પ્રમાણિક માણસને ગવર્નર-જનરલ તરીકે મોકલવામાં આવ્યો. તેણે કેનેડીઅનોની સલાહ લઇ કેટલાક એવા કાયદા રચ્યા કે જેના પરિણામે કેનેડાને સ્વાતંત્ર્ય મળી શકે. આથી બ્રિટિશ સરકારે તેને સખત ઠપકો આપ્યો, ને તે ગુસ્સામાં રાજીનામું આપી દેશ પાછો ફર્યો. નિરાશ હાલતમાં તે ૧૮૪૦ માં મરણ પામ્યો.

આખરે તો ડર્હામની યોજના જ કેનેડામાં દાખલ કરવી પડી; વળી બીજાં સંસ્થાનો માટે પણ તેની યોજના બહુ ઉપયોગી થઇ પડી. ૧૮૪૦ માં કેનેડાના બન્ને વિભાગો એક થયા ને તેમને સ્વરાજ અપાયું. બ્રિટનની સત્તા માત્ર ગવર્નર-જનરલ નીમવાની બાબતમાં જ રહી; ને આ ગવર્નર-જનરલ પણ કેનેડાની પાર્લમેન્ટને જવાબદાર રહે. ૨૭ વર્ષ પછી ઉત્તર અમેરીકાના તમામ બ્રિટિશ સંસ્થાનોને કેનેડાના રાજ્ય સાથે જોડવામાં આવ્યાં. આ એકત્ર થએલા દેશમાં પૂર્વ નાકેથી ઠેઠ પશ્ચિમ નાકા સુધી કેનેડીઅન પેસીફીક રેલ્વે જાય છે.

તાર, ટપાલ, તથા સ્ટીમર.

આ તો કેનેડાની વાત થઇ. હવે ઇંગ્લેંડની ગતિ જોઇએ. ત્યાં ૧૮૩૭ માં વિજળીક તાર પ્રથમ દાખલ થયા. ૧૮૩૮ થી ઇંગ્લેંડ અમેરીકા વચ્ચે સ્ટીમરો ફરવા લાગી. વળી પેની પોસ્ટ પદ્ધતિ પણ આ સમયે જ ચાલુ થઇ. આ ઘણું ઉમદા કાર્ય હતું કેમકે આજ સુધી પાર્લમેન્ટના મેમ્બરો પોતાની તથા પોતાના મિત્રોની ટપાલ મફત મોકલતા, પણ ગરીબને એક કાગળ માટે અંતરના પ્રમાણમાં ૬ પેન્સ થી ૧૬ પેન્સ સુધી ખરચવા પડતા. આ નવી પદ્ધતિથી ઇંગ્લેંડ સ્કોટલેન્ડ તથા આયર્લેંડના કોઇ પણ ભાગમાં એક પેનીમાં કાગળ મોકલી શકાતો.

આ સમય નિષ્કંટક હતો એમ નથી. ગરીબોના દુઃખ ચાલુ જ હતાં; અને સુધારાની ઘણી જરૂર હતી.

પટ્ટાવાળીઆ (Chartists)

પણ સરકારની બહુમતિ પાર્લમેન્ટમાં ન હોવાથી નવો ધારો પાસ કરવો મુશ્કેલ હતો. વળી દુકાનદારોને મત આપવાનો હક્ક મળ્યો હતો, ને કામદારોને મળ્યો ન હતો માટે તેઓમાં અસંતોષ માલમ પડતો હતો. ૧૮૩૮ માં બર્મિંગહામમાં એક મોટી સભા થએલી ત્યાં એક જાહેરનામું બહાર પાડેલું જેને ઓકોનેલે 'પ્રજાનો પટ્ટો' એવું નામ આપ્યું. આ જાહેરનામાંમાં છ માંગણી હતીઃ—

૧. તમામ માણસોને મત હોવા જોઇએ. ૨. દર વર્ષે નવી પાર્લમેન્ટ ચુંટાવી જોઇએ. ૩. મત આપવા લેવાનું કાર્ય ગુપ્ત રહેવું જોઇએ. ૪. કોઇ માણસ જમીન માલીક ન હોય છતાં પાર્લમેન્ટમાં બેસી શકે. ૫. મેમ્બરોને પગાર મળવા જોઇએ. ૬. ચુંટણી માટે દેશના સરખા વિભાગ પાડવા જોઇએ.

આમાંની ઘણીખરી વાત પાછળથી અમલમાં આવેલી પણ તે વેળા આ માંગણી સ્વીકારાઇ નહિ. 'પટ્ટાવાળીઆ' (Chartists જેમણે આ જાહેર નામાપર સહી કરેલી તેઓ) તરફથી ઠેકઠેકાણે તોફાન થયાં ને પુષ્કળ નુકશાન થયું.

અનાજના કાયદા વિરૂદ્ધનું મંડળ.

દરમ્યાન થોડા વિચારવંત પુરૂષો આ દુઃખનું કેમ નિવારણ કરવું તે વિષે વિચાર ચલાવી રહ્યા હતા. પરદેશી અનાજ પરની જકાત ઉઠાવી લેવા સરકારપર દબાણ લાવવા ૧૮૩૮ માં એક મંડળ સ્થપાયું. આ Anti corn Law league (અનાજના કાયદા વિરૂદ્ધનું મંડળ) ની શરૂઆત હતી. તેના આગેવાન બ્રાઇટ ને કોબ્ડન જેવા મહા પુરૂષો હતા. તેમણે પાંચ વર્ષ સુધી પુસ્તક, ભાષણ આદિવડે અનાજના કાયદ'

પ્રજામત કેળવ્યો. તેમની મુખ્ય દલીલ એ હતી કે પરદેશી અનાજ પરની જકાત કાઢી નાંખવામાં આવે તો ગરીબોને હાલ કરતાં અર્ધા ભાવે અનાજ મળી શકે; એટલે જે વધારાનો ભાવ તેમને આપવો પડતો તે એક પ્રકારના કર સમાન હતો, ને તેનો લાભ ધનિક ખેડૂત વર્ગને મળતો. આથી આડકતરી રીતે ગરીબનો પૈસો પૈસાદારને મળતો. આવી સરળ વાત હતી છતાં આ સુધારકોને લોકોને સમજાવવામાં બહુ મુશીબત નડતી કારણ કે જમીનદારો ને ખેડુતો સ્વાર્થના માર્યા એમ સમજાવતા કે પરદેશી અનાજ ઈંગ્લેંડમાં નિરંકુશ આવે તો ઈંગ્લેંડની ખેતી પડી ભાગે. પણ વખત જતાં સુધારકોની મહેનતનું ફળ આવ્યું તથા પ્રજા સમજવા લાગી. ૧૮૪૧ માં મેલ્બોર્ને રાજીનામું આપ્યાથી પીલ મુખ્ય પ્રધાન નીમાયો. પીલને લાગ્યું કે અનાજની બાબતમાં ઉતાવળે ઉપાય લેવાની જરૂર છે.

રાણીનું લગ્ન.

આ અરસામાં રાણીનું લગ્ન જર્મન રાજકુમાર આલ્બર્ટ સાથે થયું. આથી રાણીને એક ઉત્તમ મિત્ર તથા સલાહકાર મળ્યો. આલ્બર્ટનો પ્યાર રાણીપર તેમજ પ્રજાપર ઘણો હતો ને તેથી આ દંપતીનું જીવન સુખમય નીવડયું. વળી આલ્બર્ટ તરફથી વિજ્ઞાન તથા કળાને ઉત્તેજન મળતું તથા વિદ્વાન લોકો એની પાસે ભરાતા. રાજકીય બાબતોમાં આલ્બર્ટ કદી માથું મારતો નહિં.

સરકારની મુશ્કેલીઓ.

નવા પ્રધાનનું કામ કઠણુ હતું. આયર્લેન્ડમાં ઓકોનેલે સ્વાતંત્ર્યનો ઝુંડો ઉઠાવ્યો હતો. સ્કોટલેન્ડમાં ધાર્મિક ઝઘડો ઉભો થયો હતો. ઇંગ્લેંડમાં પટાવાળીઆ આખા દેશમાં સભા ભરતા હતા. વળી ચીનની સરકાર તથાં પ્રજામત વિરૂદ્ધ અંગ્રેજ વેપારીઓ ચીનાઓને અફીણુ વેચતા તેથી ચીનમાં લડાઈ ચાલતી હતી. [illegible] અંત ૧૮૪૨ માં આવ્યો પણ ત્યાર પહેલાં તો અફઘાની- [illegible] લશ્કર કપાઇ ગયાના ભયંકર સમાચાર આવ્યા.

ઘણા વખતથી અંગ્રેજો હિંદના એક પછી એક પ્રાંત પોતાના રાજ સાથે જોડી રહ્યા હતા. રૂશીઆની વચ-

હિંદની હકીકત.

ગાળા દેશ તથા અંગ્રેજી રાજ્ય વચ્ચે માત્ર પંજાબ તથા અફઘાનીસ્તાન હતાં. અંગ્રેજોને હંમેશ એવી દહેશત રહેતી કે રૂશીઆ અફઘાનો જોડે મળી જઈ હિંદ ઉપર હુમલો કરશે. આ વસ્તુ બનવા ન પામે તે ઇરાદાથી અફઘાનીસ્તાન સાથે વેપારી કરાર કરવા બર્ન્સને મોકલવામાં આવ્યો. બર્ન્સને અફઘાનીસ્તાનમાં હતો ત્યારે એવો વ્હેમ ઉત્પન્ન થએલો કે અફઘાન અમીર દોસ્ત મહમદ રૂશીઆ સાથે મસલત કરી રહ્યો છે. આ વાત સાંભળી ઓકલેન્ડે એક લશ્કર મોકલ્યું તેણે દોસ્ત મહમદને પદભ્રષ્ટ કરી શાહસુજાને અમીર બનાવ્યો. પરિણામ એ આવ્યું કે ઝનુની તથા લડાયક અફઘાનોએ બર્ન્સ તથા મેકનોટનનાં ખુન કીધાં. આ પછી એલ્ફીન્સ્ટન કાબુલમાં રહી શકે એમ નહતું એટલે અકબરખાં (દોસ્ત મહમદનો પુત્ર) પાસે અંગ્રેજ લશ્કર સહિસલામત જવા દેવા સંબંધી વચન લઇ તે હિંદ તરફ રવાના થયો. આ અભયદાનના વચન છતાં પર્વતોમાં સંતાએલા અફઘાનોએ નીચે ખાણમાં કૂચ કરતા અંગ્રેજ લશ્કરને ઠાર કર્યું. આ ત્રાસદાયક જુલમમાંથી એકજ આદમી બચવા પામ્યો. આનું વેર વાળવા પોલોકની સરદારી હેઠળ એક અંગ્રેજ લશ્કર ગયું. તેણે કાબુલ સર કર્યું તથા જે બૈરાં છોકરાં ત્યાં રહી ગએલાં તેમને છોડવ્યાં. પણ ૪૫૦૦ સોલજર તથા બીજા ૧૨૦૦૦ આદમી અફઘાનોને હાથે માર્યા ગયાં તેથી પૂર્વમાં અંગ્રેજ સત્તાને ભારે ધોકો લાગ્યો.

આ બહારના સંકટ ઉપરાંત ઈંગ્લેંડમાં નાણાં સંબંધી મુશ્કેલી હતી. મેલ્બોર્નના વખતમાં સરકારી તીજોરીમાં ૨૫ લાખ પાઉન્ડની ખોટ હતી, તે પુરવા પીલે (Income tax)

આવક-વેરો.

આવક વેરો નાંખવાનું નક્કી કર્યું. વાર્ષિક આવક ૧૫૦ પાઉન્ડ ઉપરની જેની હોય તેને દર પાઉન્ડે અમુક કર સરકારને ભરવાનો. આ કર ત્રણ વર્ષ સુધી

અમલમાં રાખવાનો હતો તથા પાઉન્ડે ૭ પેન્સથી અધિક લેવાનો ન હતો. ત્રણ વર્ષ ગયા બાદ ૧૮૪૫માં બીજા ત્રણ વર્ષની મુદત માંગવામાં આવી, ને ત્યાર પછી એ કર કાયમનો ઘુસી ગયો. આ કર વધારેમાં વધારે ૧૮૫૫થી ૧૮૫૭ દરમ્યાન પાઉન્ડે ૧૬ પેન્સ, ને ઓછામાં ઓછો ૧૮૭૪ થી ૧૮૭૬ દરમ્યાન પાઉન્ડે ૨ પેન્સ હતો.

૧૮૪૫નું વર્ષ નિષ્ફળ.

બીજી બાજુએ પરદેશી આયાત, ખાસ કરીને અનાજ, પરની જકાત પીલે ઓછી કરી છતાં દુઃખ તો ચાલુ જ રહ્યું. ૧૮૪૫ માં પાક નિષ્ફળ નીવડયો. વળી બટાકાનો રોગ ફાટી નીકળવાથી બટાકા પાકી શકયા નહિં. એટલે આયર્લેન્ડને બહુ શોસવું પડયું. દુકાળ પડયો અને પ્રજાએ પરદેશી અનાજ માટે તમામ બંદર ખુલ્લાં મુકવાની માંગણી કરી. કોબ્ડનના સિદ્ધાન્ત પીલને હવે સત્યમય લાગવાને લીધે, તથા પોતાના સાથીઓ કોબ્ડન વિરૂદ્ધના હોવાથી પીલે રાજીનામું આપ્યું. રાણીએ રસેલને પ્રધાનમંડળ બનાવવા કહ્યું પણ તેનાથી તે બની ન શકયું એટલે આખરે પીલને ફરી બોલાવ્યો. આ કારણને લીધે જ કોન્ઝર્વેટીવ પ્રધાનને હાથે અનાજના કાયદા રદ થયા.

પીલ નિરંકુશ વેપારની તરફેણમાં.

પીલ અનાજ વિષે દરખાસ્ત લાવશે એ ખબર પડતાં દેશમાં લોકોની લાગણી બહુ તીવ્ર થઇ. કોબ્ડનની મહેનત ફળવાનો વખત આવ્યો. મેન્ચેસ્ટરની એક સભામાં આ કાર્ય પાર પાડવા માટે દોઢ કલાકમાં ૬૦ હજાર પાઉન્ડનું ફંડ થયું. ૧૮૪૬માં અનાજના કાયદા રદ થયા. દર વર્ષે જકાત ધીમે ધીમે ઘટાડી ત્રણ વર્ષમાં એક કવોર્ટર પર એક શીલીંગ જેટલી કરી નાંખવી એવો ઠરાવ થયો. આ જુજ જકાત પણ ૧૮૬૮ માં કાઢી નાંખવામાં આવી. પીલનું આ કેવડું મહાન્ કાર્ય હતું કારણકે એના જુના સાથી

ઓ એનાપર ઘણા ગુસ્સે થયા અને ડીઝરાએલીએ (પાછળથી લૉર્ડ બીકન્સફીલ્ડ) સખત વિરોધ ઉઠાવ્યો. પાર્લમેન્ટમાં સંરક્ષણ-પક્ષ (Protection Party) ઉભો થયો; અને આયર્લૅન્ડમાં ગુન્હા અટકાવવા દમનનીતિ અખત્યાર કરવાની દરખાસ્ત જ્યારે પીલ લાવ્યો, ત્યારે આ પક્ષ લીબરલો સાથે મળી ગયો. પીલને રાજીનામું આપવું પડ્યું ને લૉર્ડ જૉન રસેલ વડો પ્રધાન બન્યો.

૧૮૪૬થી ૧૮૫૪ સુધી ॥ ૮ વર્ષમાં મુખ્ય બનાવ ચાર છેઃ—

પટ્ટાવાળીઆની પડતી.

૧. પટ્ટાવાળીઆની પડતી, ૨. પંજાબનો સંયોગ, ૩. સંસ્થાનોમાં સોનાની ખાણ હાથ લાગવી, ૪. આંતરદેશીય પ્રદર્શન.

૧૮૪૮ માં પેરીસમાં ફરી રાજવિપ્લવ થયો ને ફ્રાન્સમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થપાયું. આખું યુરોપ અસ્થિર હાલતમાં હતું. ઇટલી, ઓસ્ટ્રીઆ, પ્રશીઆમાં તોફાન મચ્યાં ને રાજ્યકર્તાઓને પાર્લમેન્ટો સ્થાપવી પડી. આયર્લૅન્ડમાં જુવાનીઆ ગરમપક્ષે બળવો ઉઠાવ્યો. ઈંગ્લૅંડમાં પટ્ટાવાળીઆની ચળવળ ચાલુ હતી. આગેવાનોએ એક અરજીપત્ર બનાવ્યું તથા કહેવા મુજબ તેનાપર ૫૦ લાખ સહીઓ થઇ. ઓકોનેલે એક ગંજાવર સભામાં દરખાસ્ત મૂકી કે આખી સભાએ સરઘસરૂપે જઇ આમની સભાને આ અરજીપત્ર આપવું. આખા લંડનમાં હોહાકાર થઇ રહ્યો. સરકારે સરઘસની મનાઈ કરી; વેલીંગટને લંડનના તમામ લત્તામાં ન દેખાય એવી રીતે સોલ્જરો ગોઠવી દીધા. ૨ લાખ ગૃહસ્થોને તોફાન અટકાવવા ખાસ સીપાઇગીરી આપવામાં આવી. પણ "ખોદયો ડુંગર ને નીકળ્યો ઉંદર" તેના જેવી વાત થઇ. માત્ર ૨૫ હજાર આદમી ભેગા થયા. સરઘસ નીકળ્યું નહિ; અરજીપત્ર એક ગાડીમાં મોકલવામાં આવ્યું; તેમાં સહી ૨૦ લાખથી ઓછી હતી ને આમાંની ઘણી તો ખોટી સહી હતી. વાસ્તવિક વાત એ હતી કે ૧૮૪૨ થી દેશની સંપત્તિ વધતી જતી હતી તથા લોકોને ખોરાક

બરાબર મળતો હોવાથી હવે તેમને પટ્ટાની પરવા ન હતી. એટલે પટ્ટાવાળી હીલચાલ બંધ થઇ.

પંજાબનો સંયોગ.

૧૮૪૯ માં નૌકાના કાયદા (Navigation Laws) રદ થયા. બીજે વર્ષે બ્રિટનનો ઉત્તમ તથા શાણો પ્રધાન પીલ મરણ પામ્યો. દરમ્યાન અંગ્રેજ રાજ્ય દુનિયાના બીજા ભાગમાં વૃદ્ધિ પામતું હતું હિંદમાં સિંધ સંયુક્ત કરવામાં આવ્યું અને ૧૮૪૯ માં પંજાબ ખાલસા થયું.

સંસ્થાનોમાં સોનું.

આજ સમયે કેલીફોર્નીઆ તથા ઓસ્ટ્રેલીઆમાં સોનું નીકળ્યું તેથી જુદા પ્રકારની પ્રગતિ થવા લાગી. આ શોધથી સોંઘવારી થઇ અને ઘણા લોકો ત્યાં જવા તૈયાર થયા. આ સમયથી સંસ્થાની ઇતિહાસની કિંમત વધે છે. 'કેપ ઓફ ગુડ હોપ' સંસ્થાનમાં 'બોર' (ડચ) લોકોનો વસવાટ અંગ્રેજો પૂર્વેનો હોવાથી તેમને અંગ્રેજો સાથે ઘણી ઝપાઝપી થતી. વળી ત્યાંના અસલ વતનીઓ—કાફર, ઝુલુ, વિગેરે—સાથે પણ લડાઇ થતી. છતાં અંગ્રેજો પોતાનો મુલક વધારતા જતા હતા. ૧૮૪૩ માં નાતાલ બ્રિટિશ સંસ્થાન બન્યું.

ઓસ્ટ્રેલીઆની ગતિ વધુ વેગવાળી હતી. ત્યાંના દેશીઓ અત્યંત અધમ હોવાથી ગોરાઓ ઠીક ફાવી શક્યા. નવાં નવાં સંસ્થાનો સપાટાબંધ સ્થપાવા લાગ્યાં. ન્યુઝીલેન્ડમાં ત્યાંના વતની 'માવરીઓ' સાથે લડાઇ થએલી પણ છેવટે તેમની સાથે અંગ્રેજોએ મિત્રાચારી કરી; તથા હાલ ન્યુઝીલેન્ડની પાર્લમેન્ટમાં માવરી પ્રતિનિધિ પણ બેસે છે. આ સંસ્થાનોની વસ્તી સોનાના લોભને કારણે દિન પરદિન વધતી ગઇ.

૧૮૫૧ માં પ્રીન્સ આલ્બર્ટની મહેનતથી ઇંગ્લેંડમાં એક મોટું

પ્રદર્શન. પ્રદર્શન ભરવામાં આવ્યું. આથી ઈંગ્લેંડને દુનિયાની કારીગરીનું પ્રત્યક્ષ ભાન થયું તથા બીજી પ્રજા શું ઉત્પન્ન કરી શકે છે તેનું આબેહુબ જ્ઞાન અંગ્રેજ કારીગરોને મળ્યું. તે વેળા 'ક્રીસ્ટલ પેલેસ' નામનો પ્રકંડ મહેલ બાંધેલો; તે હજુ પણ છે.

લુઇ નેપોલીઅન. આ પ્રદર્શન પુરૂં થાય ત્યાંતો ફ્રાન્સના સમાચારથી આખું ઈંગ્લેંડ ચોંક્યું. પ્રીન્સ લુઇનેપોલીઅન છેલ્લા ત્રણ વર્ષથી પ્રેસીડન્ટ હતો તે પેરીસમાં લશ્કર ખડું કરી પોતાના રાજકીય વિરોધીઓને હરાવવા લાગ્યો; તથા લોકોને સમજાવ્યું કે મને ૧૦ વર્ષ સુધી પ્રેસીડન્ટ બનાવો. બાદ તે ત્રીજો નેપોલીઅન એવું નામ ધારણ કરી ફ્રાન્સની ગાદીએ બેઠો. આથી અંગ્રેજોને ધારતી લાગી. ઈંગ્લેંડનું રક્ષણ કરવા કેટલાક જુવાનીઆ સ્વયંસેવક બન્યા. પણ પરદેશ પ્રધાન પામરર્ટન લુઇ નેપોલીઅનના ગુણ સારી રીતે જાણતો હતો એટલે બ્રિટન ઉપરના હુમલાની તેને દહેશત ન હતી. આ નેપોલીઅન બ્રિટન સાથે મિત્રભાવે વર્ત્યો. છતાં પામરર્ટને નેપોલીઅનના કાર્ય માટે સહાનુભૂતિ દર્શાવી તેથી રાણી બહુ નાખુશ થઇ.

ક્રીમીઅન યુદ્ધ. ફ્રાન્સ સાથે લડાઇ ન થઇ, પણ યુરોપમાં યુદ્ધની તૈયારી થઇ રહી હતી ૧૮૫૨ માં રશીઆને તુર્કી જેરૂસલેમના પવિત્ર ધામ માટે તથા તુર્કી રાજ્યમાં વસતા ખ્રિસ્તીઓના રક્ષણની બાબતમાં વઢી પડયાં. રૂશીઆનો ઝાર નીકોલસ એમ માનતો હતો કે જેરૂસલેમવાળો તુર્કી મુલક લેવામાં બ્રિટન મદદ આપે તો તકરાર બંધ થાય. તેના બદલામાં તે બ્રિટનને ઇજીપ્તને કેન્ડીઆ જીતવામાં મદદ કરવા તૈયાર હતો. પણ બ્રિટને ના પાડી. બીજાં યુરોપી રાજ્યોએ ઝ.રને બહુ સમજાવ્યો. પણ આપખુદી નીકોલસે ઇંગ્લેંડ વચમાં નહિં પડે એમ ધારી

લડાઇ કીધી. જમીનપર તુર્કોની જીત થઈ. દરિયાપર રૂશીઅનોએ તુર્કી કાફલો સળગાવ્યો. ગ્રેટબ્રિટન આ ઝઘડામાં ન પડયું હોત તો ઠીક થાત. પણ પામર્સ્ટનનો ઇરાદો રૂશીઆને ખોખરૂં કરવાનો હતો, અને પ્રધાનમંડળમાં તેની વગ પુષ્કળ હતી. એટલે બ્રિટન તુર્કીની મદદે આવ્યું. ફ્રાન્સ પણ જોડાયું. યુદ્ધ ઘણુંખરૂં રૂશીઆની દક્ષિણે આવેલા ક્રીમીઆના દ્વીપકલ્પમાં ચાલ્યું. આલ્મા નદી આગળ રૂશીઆ હાર્યું. અંગ્રેજ તથા ફ્રેન્ચ સરદારોને નહિં બનવાથી યુદ્ધ કાંઈક લંબાયું. બેલકલાવાની લડાઇમાં એક બનાવ બન્યો જેને ટેનીસન કવિએ અમર બનાવ્યો છે. ૬૦૦ આદમીની એક પલટનના સરદારે ભુલથી જ્યાં આખું દુશ્મનનું લશ્કર સજ્જ થઇ ખડું હતું તે દિશામાં જવાનો હુકમ આપ્યો. સોલ્જરો આ જાણતા હતા છતાં સરદારના હુકમને માન આપી પરિણામની બીલકુલ પરવા કર્યા વિના આગળ વધ્યા તથા તેમણે પોતાના જાન અર્પણ કર્યા. ૧૮૫૪ માં ઇંકિરમેન આગળ રૂશીઅનો હાર્યા. પછી સીબાસ્ટોપોલને ઘેરો ઘાલવામાં આવ્યો જે બહુ લાંબો વખત પહોંચ્યો. લશ્કરની સ્થિતિ બહુ કફોડી હતી. રૂશીઆની કકડતી ટાઢ પડતી હતી; ને ગોટાળીઆ કારભારને લીધે સોલ્જરોને કપડાં ને બીજાં સાધન મળ્યાં ન હતાં. ઈંગ્લેંડથી સોલ્જરો માટે બુટની એક મોટી પેટી આવી તે ખોલી જોયું તો બધા બુટ ડાબા પગના; આવા અંધેર કારભાર ચાલતા હતા. રોગ ફાટી નીકળ્યા, ને લશ્કરમાં માંદગી વધી ગઈ. આ અવ્યવસ્થિત કારભારમાં એક નામ ખાસ યાદ રાખવા જેવું છે. ફ્લોરેન્સ નાઇટીન્ગેલ નામની નર્સ પોતાની સાથે એક સ્ત્રી મંડળ લઇને માંદાની તથા ઘાયલ થએલાની સારવાર માટે ઈંગ્લેંડથી આવી. સ્કુટારીની ઇસ્પીતાલમાં તેના આવ્યા બાદ વ્યવસ્થિત કામ થવા લાગ્યું. ઘા ઉપર બરાબર પાટા બંધાતા ને માંદાની માવજત સારી થતી. નાઇટીંગેલના હાથ નીચે કેળવાએલી સ્ત્રીઓ આ દિનથી યુરોપમાં તમામ યુદ્ધક્ષેત્રમાં મદદ આપવા જવા લાગી.

દરમ્યાન આ બધી ગેરવ્યવસ્થા તથા દુઃખની વાત ઈંગ્લેંડ પહોં-

ચતાં પ્રજા અધીરી બની ને પામર્સ્ટનને મુખ્ય પ્રધાન બનાવવા પોકાર કરવા લાગી. એબરડીને રાજીનામું આપ્યું ને ૧૮૫૫ માં પામર્સ્ટન મુખ્ય પ્રધાન થયો. અધિકારીએ ને અનુભવ થયાથી વ્યવસ્થા સુધરતી જતી હતી. સીબાસ્ટોપોલ શહેર લેવાયું. ૧૮૫૬ માં સુલેહ થઇ જેથી કાળા સમુદ્રમાં કાફલો નહિ રાખવાનું વચન રૂશીઆએ આપ્યું.

હિંદી બળવો. ૧૮૫૭.

બીજે વર્ષે મહાભારત સંકટ આવી પડયું. હિંદમાં અંગ્રેજોએ ઘણાં રાજ્યો (ખાસ કરી અયોધ્યા) ખાલસા કરેલાં હોવાથી હિંદીઓનાં દિલ ઘણાં દુખાયાં હતાં. ઘણા દિવસથી ધુમાયાં કરતું હતું. એક વિચિત્ર બનાવથી લોકોનો અસંતોષ પરિસીમાએ પહોંચ્યો. ૧૮૫૭ માં એક નવા પ્રકારની બંદુક નીકળી જેમાંના કારતુસ વિષે સીપાઇઓને એમ ખબર મળી કે તેમાં ગાય તથા ડુક્કરની ચરબીનો ઉપયોગ કરવામાં આવે છે. હિંદી સરકારે ચરબીને બદલે લીસા કપડાનો ઉપયોગ કરવા માંડયો; અંગ્રેજ અમલદારોએ સીપાઇઓને બહુ સમજાવ્યા, પણ તેઓ એમ માનવા લાગ્યા કે સરકાર તેમને વટલાવવા માગે છે. ૧૮૫૭ માં બેરાકપુરમાં બે નાનાં છમકલાં થયાં. મીરતમાં ત્રણ ટુકડીઓએ પોતાના અંગ્રેજ અમલદારોપર ગોળીબાર કીધા, પછી દિલ્હી જઇ મોગલ બાદશાહને બાદશાહ જાહેર કરી તેઓ બીજી દેશી ટુકડીઓને ઉશ્કેરવા લાગ્યા.

થોડા દિવસમાં તો આ આગ ઉત્તર હિંદુસ્તાનના અર્ધા ભાગમાં પ્રસરી ગઈ. એક બાજુ હજારો ગાંડા બનેલા દેશીઓ, ને સામી બાજુ મુઠ્ઠીભર ગોરા. સદ્ભાગ્યે આ સમયે કેનીંગ નામનો ડાહ્યો, બહાદુર, શાંત, તથા કાબેલ પુરૂષ ગવર્નર-જનરલ હતો. આ બનાવ વિષે બે વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. ૧. અંગ્રેજોનાં નિર્દય ખૂન તથા ૨. ગવર્નર, સરદાર આદિ અમલદારોની ઉદાર વર્તણુક. પંજાબના ગવર્નર લોરેન્સે સીપાઇઓનાં હથીઆર લઇ લીધાં ને પોતાની સલામ-

તીનો વિચાર કર્યા વિના પોતાનું લશ્કર દિલ્હી મોકલ્યું; અને સામા પક્ષનું જોર વધુ જોઈ લખનૌમાંના ગવર્નરના બંગલાને મજબુત કિલ્લા રૂપ બનાવ્યો. તેણે સઘળા અંગ્રેજોને આ બંગલામાં રાખ્યા. એક મહિના પછી ગોળી લાગવાથી તે મરી ગયો, ને મરતાં મરતાં તે કહેતો ગયો કે "કદી તાબે થતા નહિ."

કાનપુરમાં નાનાસાહેબે દાટ વાળ્યો; ઘણાં અંગ્રેજોને કાપી તેમનાં મુડદાંને તેણે એક કુવામાં નાંખ્યાં. આ વાત સાંભળી અંગ્રેજો ગુસ્સાથી ગાંડા જેવા બની ગયા. પણ કેનીંગે તેમને રોકવા પોતાથી બનતું કર્યું. વળી ઘણા દેશીઓની વફાદારી એવી હતી કે પોતાના જાનના જોખમે તેમણે અંગ્રેજ બૈરાં છોકરાંને બચાવ્યાં. સરકારે દિલ્હી લીધું, પછી લખનૌમાંના અંગ્રેજોને છોડવવામાં આવ્યા.

ધીમે ધીમે આ બળવો દબાવી દેવામાં આવ્યો; ૧૮૫૮ માં ઇસ્ટ ઇંડીઆ કંપની બંધ થઇ, તેના કબજાનો મુલક બ્રિટિશ રાજ્યને સોંપાયો ને વિકટોરીઆને હિંદની રાણી જાહેર કરવામાં આવી. કંપનીનું લશ્કર રાજલશ્કર બન્યું ને લોર્ડ કેનીંગે વાઇસરોય (રાજાનો પ્રતિનિધિ) નામ ધારણ કર્યું. બાદ કેનીંગ તથા લોરેન્સના અમલમાં હિંદમાં ઘણા ફેરફાર કરવામાં આવ્યા. નવી નહેરો ખોદાઇ, રેલ્વે નંખાઇ, કપાસના વાવેતરને ઉત્તેજન અપાયું ને આથી મેન્ચેસ્ટરની મીલો માટે ખોરાક તૈયાર થયો; દરેક દેશીઓને સરકારી હલકી નોકરી મળવા લાગી. નોર્થબ્રુક તથા મેયોના સમયમાં કાયદામાંના થોડા અન્યાય દૂર થયા તથા ટેક્સ કાંઇક ઓછા થયા. ૧૮૭૫માં પાટવી કુંવર હિંદુસ્તાન આવ્યા, ને બે વર્ષ પછી રાણીએ 'હિંદની મહારાણી' એવો ઇલ્કાબ ધારણ કર્યો. રૂશીઆ સાથે યુદ્ધ થવાની ધાસ્તીને લીધે હિંદી લશ્કરને માલ્ટા મોકલવામાં આવ્યું; ૧૮૮૨માં અંગ્રેજ સોલ્જરોની સોબતમાં હિંદી લશ્કર ઇજીપ્તમાં લડ્યું. આવી રીતે જ્યારે બ્રીટનના લોકો જંગલી હતા તથા તેમને કપડાંલત્તાનું ભાન ન હતું ત્યારે જે હિંદ વિદ્યા કળામાં કુશળ ગણાતો તે હિંદનો બ્રીટન સાથે સંબંધ જોડાતો હતો.

હિંદના ૧૮૫૭ના બળવા પછી બ્રીટનને છ યુદ્ધમાં ઉતરવું પડ્યું.

૧૮૫૭ પછીનાં યુદ્ધો.

૧. ચીન સાથે ૧૮૫૫માં તથા ફરી ૧૮૬૦માં, જે વેળા બ્રીટન તથા ફ્રાન્સ મળી પેકીનમાં દાખલ થએલા ૨. એબીસીનીઆમાં. ત્યાંનો રાજા થીઓડોર મરાયો. ૩. આશાન્ટી પ્રજા સાથે ૪. અફ્ઘાનીસ્તાન સાથે. અહીં લોર્ડ રોબર્ટસે અંગ્રેજ એલચીના ખુનનું વેર લીધું. ૫. ઝુલુ તથા બોઅર લોકો સાથે ૬. સુડાનમાં, અહીં અંગ્રેજ વીર ગોર્ડનનું ખૂન થયું. કીચનરે આનું વેર લીધું તથા ઓમદુરમાન ને ખારટુમનો કબજો લીધો.

વધુ રાજકીય સુધારા.

૧૮૬૫માં પામર્સ્ટન ગુજરી ગયા પછી કોનઝરવેટીવ ને લીબરલ વારા ફરતી પ્રધાન થયા અને તેમના આગેવાનોમાં રસેલ, ડીઝરાએલી, ગ્લેડસ્ટન, રોઝબરી, ને સોલ્સબરી હતાં. આ બે પક્ષને ઘણી બાબતમાં મતભેદ હતો છતાં બન્ને પક્ષે કામદારોની સ્થિતિ સુધારવા પોતાથી બનતું કર્યું. ૧૮૫૮ માં જ્યુ લોકોને (યાહુદી) પાર્લમેન્ટમાં દાખલ કરવાનો ઠરવાનો થયો; ૧૮૬૭માં મતદારોની સંખ્યા વધારવામાં આવી. ૧૮૭૨માં બેલટની પદ્ધતિ દાખલ થઇ જેથી કોણે કોને મત આપ્યો તે વાત ગુપ્ત રહેતી. ૧૮૮૫માં ફરી મતદારોની સંખ્યા વધારવામાં આવી. આથી નાનાં ગામડાંના કામદારોને પણ પોતાના દેશના વહીવટમાં પોતાનો અવાજ પહોંચાડવાની તક મળી.

ઓર્સીનીના બોમ્બગોળા.

૧૮૫૮માં ઓર્સીની નામનો એક ઇટાલીઅન ફ્રેન્ચ શહેનશાહનું ખૂન કરવા તેના ઉપર અવારનવાર સંતાઇને બોમ્બ ફેંકતો હતો. આ ઓર્સીનીના કેટલાક સાથીઓને ઇંગ્લેંડમાં આશ્રય મળવાથી ફ્રેન્ચો બહુ ગુસ્સે થયા ને ઇંગ્લેંડ તથા ફ્રાન્સને લડાઇ

થશે એવી બ્હીક લાગવા માંડી. આનો લાભ લઈ પામર્સ્ટને બંદુક-વાળા સ્વયંસેવકોની યોજનાને ઉત્તેજન આપ્યું. તેમની સંખ્યા વધતી ગઇ. તેઓ બ્રીટીશ લશ્કરના અંગરૂપ ગણાવા લાગ્યા. પણ લડાઇ થઇ નહિં. ૧૮૬૦માં કોબ્ડને બ્રીટનને ફ્રાન્સ વચ્ચે વેપાર વિષે ઉ-પયોગી કરાર કર્યાં. ૧૮૭૦માં ફ્રાન્સ તથા પ્રશીઆ વચ્ચે ભયંકર યુદ્ધ થયું છતાં બ્રીટનમાં શાંતિ રહી. આ યુદ્ધ દરમ્યાન ત્રીજા નેપો-લીઅને ઇંગ્લેંડમાં આશ્રય લીધો.

અમેરીકામાં પ્રજા વિગ્રહ.

૧૮૬૧ માં બીજી મુસ્કેલી ઉભી થઇ. ગ્રેટ બ્રીટન તથા અમેરીકા ૧૮૫૮માં એટલેન્ટીક કેબલ (તાર) થી સંધા-યાથી સૌને એમ લાગતું હતું કે આ બે દેશ વચ્ચેનો સંબંધ વધુ ઘટ થશે. તેટલામાં અમે-રીકામાંથી પ્રજાવિગ્રહ (Civil war) ની વાત આવી. યુનાઇટેડ સ્ટેટસના ઉત્તરવાળા પ્રદેશને ગુલામી નાપસંદ હતી; દક્ષિણ ભાગમાં હજુ ગુલામી ચાલુ હતી. ૧૮૬૦ સુધીના પ્રે-સીડન્ટ દક્ષિણના પક્ષમાં હતા. પણ ૧૮૬૦માં અબ્રહામ લીંકન ના-મનો ન્યાયી પુરૂષ પ્રેસીડન્ટ થયો. એટલે દક્ષિણવાળાઓએ ઉત્તરવા-ળાથી છૂટા થવાની ઇચ્છા દર્શાવી. તેથી આ બે પ્રાંત વચ્ચે ચાર વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું. દક્ષિણ ભાગમાં કપાસ પાકતો તેમાંનું ઘણોખરો લેન્કેશાયર જતો. ઉત્તરવાળાઓએ તમામ બંદરો બંધ કર્યાં. એટલે લેન્કેશાયરના કામદારો રોજગાર વગરના થવાથી ભુખે મરવા લાગ્યા. એમને માટે ઘણાં ઉઘરાણાં થયાં છતાં એમનું દુઃખ તો રહ્યુંજ, તો પણ તેઓ આ અમેરીકાના યુદ્ધની તરફેણમાં હતા કેમકે તેમનો મત એવો હતો કે કોઈ પણ પુરૂષ ગુલામ હોવો ન જોઇએ. ઇંગ્લેંડના ધનિકવર્ગની લાગણી દક્ષિણવાળા તરફ હતી, ને તેમણે મદદ પણ મોકલેલી. ૧૮૬૫માં ઉત્તરવાળાનો વિજય થયો, ગુલામીનો અંત આ-વ્યો; પણ એક ખુનીની ગોળીએ લીંકનનો જાન લીધો. અમેરીકાની સરકારે બ્રીટીશ સરકારને પેશી દક્ષિણવાળાને મોકલેલી મદદ વિષે

ફરીઆદ કીધી, ને અંતે બ્રીટનને ૩૦ લાખ પાઉન્ડ નુકશાનીના ભરવા પડયા.

કામદાર સંઘ માટે નિયમો.

૧૮૬૧માં પ્રીન્સ આલ્બર્ટનું મોત થયું. બે વર્ષ પછી પાટવી કુંવર એડવર્ડનું લગ્ન ડેન્માર્કની કુંવરી એલેકઝાંડ્રા સાથે થયું. આયર્લેન્ડમાં ફીનીઅનોએ બળવો ઉઠાવ્યો, તેમાંના ઘણાને કેદ પકડવામાં આવ્યા. તેમની જેલ ગનપાવડરથી ઉડાવી દેવાનું કાવત્રું રચાયું. મોટો ભડાકો તો થયો પણ કેદીઓ છુટી શકયા નહિં. શેફીલ્ડમાં અંગ્રેજ કામદારોએ એવાંજ તોફાન મચાવ્યાં. શેઠવગ પર સબળ દબાણ લાવવાના હેતુથી કામદાર-સંઘની સ્થાપના થએલી હોવાથી જે જે લોકો સંઘ વિરૂદ્ધ કામ કરતા તેઓના જાન માલ જોખમમાં આવી પડતા. સરકારે આ તોફાનીઓને સજા કીધા બાદ કામદાર-સંઘ માટે ચોક્કસ નિયમો ઘડયા.

જન સુખાકારીનો ઉપાયો.

૧૯ મી સદીમાં ઇંગ્લેંડમાં ત્રણવાર (૧૮૩૨, ૧૮૪૮, ને ૧૮૫૩માં) કોલેરા ફાટી નીકળેલો ત્યારથી ગરીબ લત્તાનાં ઘર તથા રસ્તા સ્વચ્છ રાખવા બહુ પ્રયાસ થએલા; તથા તમામ વસ્તી તંદુરસ્તીના નિયમો તરફ વધુ લક્ષ આપતી. પ્રવાહી કચરો જવા માટે દરેક ઘરને સારી ગટર હોવી જોઇએ અને તમામ ગંદકી દૂર થવી જોઇએ એવી જાતના નિયમ થયા. આની દેખરેખ રાખવા અધિકારીઓ નીમાયા. આથી કરીને ઈંગ્લેંડની તંદુરસ્તી વધી તથા મરણપ્રમાણ ઘટયું.

કેળવણી.

૧૮૬૯ થી આયર્લેન્ડમાં કેથોલીક તથા પ્રોટેસ્ટન્ટ એક સરખા ગણાવા લાગ્યા. ૧૮૭૦ માં ગણોતીઆ ખેડુતોને જમીનદારની જમીન પર અસલ કરતાં વધુ હક્ક થયો. તમામ બાળક ભણી શકે એવી જોગવાઇ કરવામાં આવી. થોડાં વર્ષ પછી ફરજીઆત શિક્ષણનો કાયદો

થયો. આથી અજ્ઞાન તથા ગુન્હા ધીમે ધીમે ઓછા થયા. અત્યારે એકેએક જણને વાંચતાં લખતાં શિખવવામાં આવે છે. વળી જુજ ખર્ચે ઉચ્ચ શિક્ષણ મેળવી શકાય એવી વિજ્ઞાન તથા કળાની શાળાઓ આખા દેશમાં સ્થપાઇ. સ્ત્રી કેળવણી પણ બહુ વધી. પહેલાં જે ધર્મની બંધી હતી તે કાઢી નાખવાથી ઓકસફર્ડ કેમ્બ્રીજ આદિ સ્થળોમાં જુદા જુદા પંથના ખ્રીસ્તી દાખલ થઇ શકે એટલુંજ નહિં પણ હિંદુ મુસલમાન પણ ભણી શકે છે. વળી નાણું આપીને લશ્કરી પદવી મેળવવાનો અસલ રિવાજ આ વખતથી બંધ કરવામાં આવ્યો; ને લાંબી તથા સારી દેશસેવાથીજ લશ્કરી પદવી મળી શકે એવો નિયમ થયો.

આયરીશ વિઘ્ન નીતિ.

૧૮૭૪ માં ડીઝરાએલી બીજીવાર મુખ્યપ્રધાન થયો. એના રાજ્યમાં નાતાલ, કેપ, ઓરેન્જ રીપબ્લીક તથા ટ્રાન્સવાલ સંયુક્ત થયાં, આ વેળા પારનેલની સરદારી નીચે આયરીશ મેમ્બરોની વિઘ્ન નાંખવાની પદ્ધતિ શરૂ થઇ. ગમે તેવા પ્રશ્ન વિષે બોલવું તથા જ્યાં જ્યાં બની શકે ત્યાં હેરાનગતી ઉપસ્થિત કરવી આ નીતિ તેમણે શરૂ કરી, કારણકે તેઓ એમ માનતા કે આમ કર્યાથી બ્રીટન થાકી તેમને જુદી પાર્લમેન્ટ આપશે. આયર્લેન્ડને ભૂતકાળમાં જે જે અન્યાયો થએલા તેનું સાટું વાળવા બ્રીટને થોડા ઘણા પ્રયાસ કર્યા. ગ્લેડસ્ટને ૧૮૮૧ માં બીજું આયરીશ લેન્ડ બીલ પસાર કર્યું. છતાં પારનેલે પોતાની ચળવળ ચાલુ રાખી. આયર્લેન્ડમાં અરાજકતા ચાલી રહી હતી, ભયંકર ખુન તથા હુલ્લડ થતાં. ૧૮૮૨ માં લોર્ડ કેવેન્ડીશ તથા બર્કનાં ખુન થયાં. છેવટે ગ્લેડસ્ટને આયર્લેન્ડ માટે હોમરૂલ બીલ રચ્યું, જેથી લીબરલ પક્ષમાં ભાગલા પડયા. ચેમ્બરલીન, બ્રાઇટ આદિ ગ્લેડસ્ટનથી વીખુટા પડયા તથા તેઓ બ્રીટીશ મહારાજ્યની એકતાના સિદ્ધાન્તને અનુસરનારા હોવાથી તેમણે યુનીઅનીસ્ટ પક્ષ ઉભો કીધો. હોમરૂલ બીલ નિષ્ફળ ગયું ને પાર્લમેન્ટ

ખતમ થઇ. નવી ચુંટણીમાં કોનઝરવેટીવ બળ વધ્યું. સોલ્સબરી મુખ્ય પ્રધાન થયો ને તેનો ભત્રીજો બાલ્ફર આયરીશ સેક્રેટરી બન્યો. પછી આયર્લેન્ડની રાજ્યનીતિમાં વધુ સખ્તાઇ આદરવામાં આવી.

વીકટોરીઆ રાણીને ગાદીએ બેઠાને ૫૦ વર્ષ થયાં. આ સમયનો ઇતિહાસ તપાસીએ તો માલમ પડશે કે દેશમાં ઘણા મહાભારત બનાવ બની ગયા હતા. શરૂઆતના વર્ષો ગરીબોને

૧૮૩૭ નું ઇંગ્લેંડ.

માટે દુઃખના હતા; વળી લોકો અભણ તથા અસંતુષ્ટ હતા ઈંગ્લેંડનું મુખ્ય બળ હજુ ખેતી પર હતું. ૮૦ ટકા વસ્તી ખેતીમાં રોકાએલી હતી. અત્યારના કેટલાક મોટા શહેર તે વેળા તદ્દન નાનાં ગામડાં હતાં. ખનિજ સંપત્તિ હજુ ઘણે ભાગે ગુપ્ત હતી. વળી વાહન ખર્ચ પુષ્કળ થતો હોવાથી ખાણુ ચલાવવી મોંઘી પડતી; યંત્રની હજુ શરૂઆત હતી. પરદેશ સાથેનો વેપાર દૃઢતાથી વધતો હતો છતાં વહાણોમાં માલ લઇ જવાની મુશ્કેલી ઘણી હતી તથા વખત પણ ઘણો લાગતો. વેપાર વૃદ્ધિમાં આ એક જાતની અટકાયત હતી.

આ સ્થિતિ ૫૦ વર્ષમાં ઘણી બદલાઇ ગઇ. વિજ્ઞાનનો અભ્યાસ વધવાથી નવી નવી શોધ થઇ. સૌથી કિંમતી શોધ તો અનેક પ્રકારનાં યંત્ર, રેલ્વે તથા સ્ટીમર અને વીજળીક તારની

૧૮૮૭નું ઇંગ્લેંડ.

હતી. યંત્રના ઉપયોગથી વસ્તુઓ પહેલાં કરતાં સો ગણી ઝડપથી બનવા લાગી; વળી જ્યાં એક આદમીને કામ મળતું ત્યાં ૫૦ આદમીને રોજી મળવા લાગી. રેલ્વે તથા સ્ટીમરોથી દેશ દેશનું અંતર કમી થઇ ગયું. માણસ તથા માલને પહેલાં અમેરીકા જતાં દોઢ મહિનો થતો તથા હિંદુસ્તાન જતાં ૬ મહિના થતા, તે હાલ ૮ દિવસમાં અમેરીકા ને ૨૨ દિવસમાં હિંદુસ્તાન જાય છે. વીજળીક તાર એક રીતે તો સૌથી અદ્ભુત શક્તિ છે. અસલના વખતમાં અંગ્રેજી વેપારીને હિંદમાંના પોતાના માલના વેચાણ વિષેની ખબર ૯ મહિને મળતી ને પ્રધાનો પણ આવી જ રીતે ઘણી

વાર અંધારામાં કુટાતા. હવે થોડા કલાકમાં તાર મારફતે આ દુનિયાની તમામ હકીકત મેળવી શકાય છે. આવી રીતે જે થ્રી એક વેળા નાના સરખા ટાપુ રૂપ હતો તે હાલ પોતાના હાથ આ પૃથ્વી પર પ્રસારી રહ્યો છે.

વળી વિચાર તથા જ્ઞાનના વિષયમાં પણ અજબ પ્રગતિ છે. છબી પાડવાના કેમેરા, વીજળીના દીવા, રશ્મિવર્ણ દર્શક ય ટેલીફોન આદિ વસ્તુ તો આપણાં જોત જોતાં થઇ. ઉપરાંત અસલ ઇતિહાસની શોધ થવાથી ભૂતકાળનું ઠીક ભાન થવા લાગ્યું. ર પ્રકારનું સાહિત્ય બહુ સસ્તું થયું. ફ્રી લાયબ્રેરી જેવી અનેક સં સ્થપાઈ. ઇતિહાસમાં ફ્રીમેન. ગાર્ડીનર, તથા લેકી જેવા સમર્થ લેખ થયા. વળી સાહિત્યના મેદાનમાં ઠેકરે, ડીકન્સ, ટેનીસન આદિ વિદ્ પંકાયા. ઠેઠ ઉત્તર ધ્રુવમાં જવાની તૈયારી પણ આ સમયમાં થઇ.

૧૮૮૮માં સ્થાનિક કારભાર માટે કાઉન્ટી કાઉન્સીલ બનાવવા આવી. આથી પાર્લમેન્ટનો ઘણો બોજો ઓછો થયો. ૧૮૯૦

પાર્નેલની પડતી. આયરીશ પક્ષમાં તુટ પડી. પાર્નેલ ઉપર 'ટાઇ પેપરે અમુક આક્ષેપો મુકેલા તેની તપાસ ક એક કમીશન નીમાયું, કેટલાક આક્ષેપ ખ સાબીત થયા, ને કેટલાક ખોટા ઠર્યા. ૧૮૯૦ માં પાર્નેલ એક ધરગતી કેસમાં સંડોવાએલો હોવાથી ગ્લેડસ્ટને તેનો ત્યાગ કીધો. વળી તે સાથીઓમાં પણ ફુટ પડી. પાર્નેલ વિરૂદ્ધના પક્ષનો આગેવાન જસ્ટ મેકકાર્થી બન્યો. ૧૮૯૧ માં પાર્નેલનું મોત થયું તે વેળા આયરિ પક્ષની સત્તા તુટી ગઇ.

૧૮૯૨ માં ગ્લેડસ્ટનના હાથમાં કારભાર આવતાં તેણે હોમ બીલ આમની સભામાં પાસ કર્યું પણ ઉમરાવોએ તેને નાપાસ કી

કોન્ઝર્વેટીવ બહુમતી. ઉમરાવો વિરૂદ્ધ લોકલાગણી ઉશ્કેરવા પ્રયાસ થ પણ તેમાં કાંઇ વળ્યું નહિં. હોમરૂલની ચળ બંધ થઇ તેથી બધા ખુશ થયા. ૧૮૯૪

રોઝબરી મુખ્ય પ્રધાન થયો કેમકે ગ્લેડસ્ટને પોતાની જગાનું રાજીનામું આપ્યું. ૧૮૯૫ માં નવી ચુંટણી થતાં સોલ્સબરીના હાથમાં કારભાર આવ્યો. ૧૯૦૦ ની ચુંટણીમાં પણ કોન્ઝર્વેટીવ બહુમતી થઇ એટલે સોલ્સબરીનું પ્રધાનમંડળ આ રાજ્યના અંત સુધી ટક્યું.

૧૮૯૮માં પેની પોસ્ટની પદ્ધતિ આખા બ્રીટીશ મહારાજ્યમાં દાખલ કરવામાં આવી. ૧૮૯૭ માં રાણીના રાજ્યને ૬૦ વર્ષ પુરાં થતાં હોવાને લીધે તેની જ્યુબીલી ઉજવવામાં આવી. આ પ્રસંગે દુનિયાના તમામ ભાગોમાંથી બ્રીટીશ પ્રજાના પ્રતિનિધિઓને આમંત્રણ કરવામાં આવ્યાં.

રાણીની જ્યુબીલી.

દક્ષિણ આફ્રીકાના અંગ્રેજોની સ્થિતિ કફોડી હતી, કેમકે તેમની પાડોશના ટ્રાન્સવાલ પ્રાન્તમાં બોર લોકો વસતા હતા. અંગ્રેજ સરકારની માંગણી એવી હતી કે અમે તમારા રાજા ને તમે અમારી પ્રજા; બોર લોકોને સ્વાતંત્ર્ય આપવાનું કબુલ કરેલું પણ તે એક શરતે કે તેમણે બ્રીટનની રાણીનું મુખીપણું કબુલ રાખવું; પણ તેમને આ વાત કબુલ ન હતી. આફ્રીકામાં બે અંગ્રેજ કંપની હતી, તેમનું રક્ષણ ૧૮૯૧ માં બ્રીટીશ સરકારે પોતાને હાથ લીધું. બોર લોકો સાથે તેમને થોડો વખત તો બન્યું, પણ પાછળથી પ્રીટોરીઆ પાસે બોર લોકોની હદમાં સોનાની ખાણ નીકળવાથી ત્યાં જોહાનેસબર્ગ નામનું અંગ્રેજ શહેર વસ્યું. બોર લોકોએ અહીં વસેલા અંગ્રેજોને સમાન હક એકદમ આપવા ના પાડી; અને તેમની પાસેથી કર લીધા. આ અંગ્રેજોએ ડો. જેમીસન નામના અધિકારીની મદદ માંગી. તેણે ૫૦૦ આદમી લઇ ટ્રાન્સવાલ પર ધાડ પાડી પરંતુ તેને બોરોએ માર માર્યો તથા કેદ પકડયો અને પછી તેને યોગ્ય સજા માટે ઇંગ્લેંડ મોકલી આપ્યો; પણ ત્યાં તેને માત્ર નામની સજા કરવામાં આવી. પછી બન્ને પક્ષોએ યુદ્ધની તેયારી કરવા માંડી. નાતાલના રક્ષણ માટે હિંદથી

બોર વિગ્રહ.

લશ્કર મંગાવાયું, એટલે બોર લોકોએ બ્રીટીશ લશ્કર ખેંચી લેવા લખ્યું. આ લખાણ અપમાન રૂપ લાગવાથી બ્રીટને યુદ્ધ જાહેર કર્યું. શરૂઆતમાં તો અંગ્રેજોએ ખુબ હાર ખાધી. પણ પાછળથી હિંદી તથા સંસ્થાની લશ્કરની મદદ આવવાથી બાજી ફરી ગઇ. લોર્ડ રોબર્ટસ અને લોર્ડ કીચનર જેવા સેનાપતિ હેઠળ રહી અંગ્રેજોએ સારી સારી જીત મેળવી. ઓરેન્જ ફ્રી સ્ટેટ તથા ટ્રાન્સવાલ અંગ્રેજ મુલક સાથે જોડી દેવામાં આવ્યાં. અંતે બોર લોકો તાબે થયા અને ૧૯૦૨ માં પ્રીટોરીઆમાં સલાહ થઇ.

ચીનમાં હુમલો. આફ્રીકામાં માંડ શાંતિ થઇ ત્યાં ચીનમાં હોળી જાગી. ફ્રાન્સ, બ્રીટન, ઇટલી દરેકને પોતાનો વેપાર તથા લાગવગ ચીનના જુદા જુદા પ્રાન્તોમાં વધારવાની દાનત હતી. દરેકે પોતાના દાવા એટલા આગ્રહથી રજુ કરવા માંડયા કે ચીનની કાબેલ રાજમાતાએ તમામ ગોરાઓને ચીન બહાર કાઢવાનો નિશ્ચય કર્યો. બોકસર નામની તોફાની ચીનાઓની ટોળીએ કેટલાક ગોરાનાં ખુન કર્યાં. (૧૯૦૦). આ સાંભળી એડમીરલ સામુરે પેકીન પહોંચવાનો યત્ન કર્યો પણ દુશ્મનનું બળ પુષ્કળ હોવાથી તેને પાછા હઠવું પડયું. પછી જર્મન એલચીનું ખુન થયું તથા એવી અફવા ઉડી કે તમામ યુરોપીય એલચીઓને મારી નાંખ્યા છે. તમામ ગોરાઓએ એકત્ર થઇ પોતાનું લશ્કર પેકીન મોકલ્યું તો ત્યાં ખબર પડી કે એલચીઓ સલામત છે.

રાણીનું મરણ ઓસ્ટ્રેલીઆના જુદા જુદા પ્રાન્તોને એક કરવા એક મધ્યસ્થ (central) પાર્લામેન્ટ સ્થાપવાનું નક્કી થયું, તથા તેને આખા દેશના પોસ્ટ, તાર, રેલ્વે અને દેશ-સંરક્ષણ ખાતાં સોંપાયા. ૧૯૦૧ ની શરૂઆતમાં રાણી પથારીવશ થયાં. જર્મન કેસર પોતાના માનમાં થતો ઉત્સવ ત્યાગી દાદીને (માની મા) મળવા આવ્યો. ટુંક સમયમાં રાણીનું મોત થયું અને પાટવી કુંવર ૭ મા એડવર્ડ ના નામથી ગાદીએ આવ્યો.

પ્રકરણ ૨૮ મું.

લોક સત્તાની વૃદ્ધિ.

૭ મા એડવર્ડ. ૧૯૦૧-૧૯૧૦.

૫ મા જ્યોર્જ. ૧૯૧૦ ચાલુ

જાપાન સાથે કરાર. ૧૯૦૧ માં ૭ મા એડવર્ડનો રાજ્યાભિષેક ઘણા ભભકા સાથે થયો અને એ પ્રસંગ આખા મહારાજ્યમાં ઉજવવામાં આવ્યો. આ વેળા બોર યુદ્ધ ખતમ થઇ ગયું હતું અને ૧૯૦૨ માં જે સુલેહ થઇ તે પર તમામ બોર આગેવાનોએ સહી કરી. બીજું અગત્યનું તહનામું બ્રિટન તથા જાપાન વચ્ચે થયું તેમાં એવી કબુલાત થઇ કે બેમાંથી એક રાજ્યને લડાઇ કરવી પડે તો બીજાએ તટસ્થ રહેવું પણ જો બે માંથી એક પર બે ત્રણ રાજ્યો એકત્ર હુમલો કરે તો બીજાએ તેને મદદ આપવી.

યુરોપનો મામલો. રાજાએ હવે જુદા જુદા દેશોની મુલાકાત લેવા માંડી. યુરોપની મોટી મોટી પ્રજાનાં મન આ સમયે ઉદ્વિગ્ન હતાં. ક્રીમીઅન યુદ્ધ પછી તુર્કીને કારણે બ્રિટન તથા રૂશીઆને ઘણીવાર ચકમક ઝરતી. વળી અંગ્રેજોને હિંદ માટે રૂશીઆ તરફની બ્હીક પુષ્કળ હતી. ઇરાન, અફઘાનીસ્તાનમાં રૂશીઆ ખટપટ કરે તે વાત બ્રિટનને કેમ ભાવે? વળી બ્રિટન ઘણાં વર્ષથી ઇજીપ્તનો કબજો રાખી રહ્યું હતું તે ફ્રાન્સને કેમ રૂચે? ૧૮૯૮ માં ફેશોડા આગળ કીચનરે એક ફ્રેન્ચ ટોળીને નાઇલ નદીમાં અટકાવ્યો હતો અને આ બનાવથી ફ્રાન્સ તથા ઇંગ્લંડને લડાઇ થવાનો ભય હતો. વળી બોર યુદ્ધ દરમ્યાન જર્મનોનું વલણ બોર પક્ષ તરફ હતું એટલે બ્રિટીશ લોકોને તેમના પ્રત્યે વેર બંધાયું.

શાંતિકર્તા એડવર્ડ.

રાજાની સત્તા પહેલાંના પ્રમાણમાં ઘણી ઘટી ગએલી હોવાથી તે કારભારમાં ઝાઝું માથું મારતો નહિં. પણ તેણે બીજાં રાજ્યો સાથે મિત્રાચારી સ્થાપવામાં અમુલ્ય મદદ કરી. નવ વર્ષની ટુંક મુદતમાં તો તેણે લગભગ એકેએક રાજ્યની મુલાકાત લીધી, તથા પરદેશથી આવતા રાજમહેમાનો ને ઘણાઠાઠથી આવકાર આપ્યો. ૧૯૦૩ માં ઇટાલીથી પાછાં ફરતાં રાજા પેરીસમાં ઉતર્યો ત્યાં તેને પ્રજાએ તથા પ્રમુખે સારો આવકાર આપ્યો. ફ્રાન્સ અને બ્રીટન વચ્ચે કોલકરાર થયા. વળી ઝાર (રૂશીઆનો મહારાજા) સાથે પણ તેને ઘણીવાર મેળાપ થતો અને તેના પરિણામે ફ્રાન્સ, બ્રીટન તથા રૂશીઆ વચ્ચે ત્રિરાજ્ય સંધિ સ્થપાઇ આથી જર્મની ચિંતાતુર બન્યું પરંતુ એડવર્ડની હોંશીઆરી તથા આનંદી સ્વભાવથી તે કાઇક શાંત થયું. એડવર્ડે જર્મન કૈસરને ઇંગ્લેંડમાં ઘણીવાર માનઆવકાર આપેલો. પોતે પણ જર્મની ગએલો. ૧૯૦૯ માં તેણે બીજી મુલાકાત આપી એટલે બન્ને પ્રજા વચ્ચે ઉભી થએલી અશાંતિ નરમ પડી. આખા યુરોપમાં એડવર્ડે શાંતિકર્તા તરીકે નામના મેળવી.

૧૯૦૨ માં ઘણું કામ જાગ્યું. સંસ્થાનખાતાના પ્રધાન ચેમ્બરલીને લંડનમાં સંસ્થાનોના પ્રધાનોની કોન્ફરન્સ બોલાવી, ને ત્યારપછી દર ચાર વર્ષે આવી કોન્ફરન્સ બોલાવાય છે. આથી અસલ દેશ તથા સંસ્થાનો વચ્ચે સદ્‌ભાવ વધે છે. ૧૯૦૭ થી સંસ્થાનો સ્વતંત્ર રાજ્યો તથા વફાદાર મિત્રો રૂપ થયાં. ૧૯૦૨ માં સોલ્સબરીએ રાજીનામું આપ્યું તથા બીજે વર્ષે તે ગુજરી ગયો, તેથી બાલ્ફર મુખ્ય પ્રધાન થયો. આ સમયે વેપારની બાબતમાં સંસ્થાનોને ખાસ લાભ આપવાની નીતિ સ્વીકારાઇ. ૫૭ વર્ષ પૂર્વે અનાજના કાયદા રદ કરવામાં આવેલા ત્યારે બ્રીટનને એવી આશા હતી કે પોતાની માફક બીજા રાજ્યો પણ નિરંકુશ-વેપાર-નીતિ સ્વીકારશે, પણ આમ થયું નહિં. બીજા દેશોમાં અને બ્રીટીશ સંસ્થાનોમાં પણ સંરક્ષણ નીતિ પસંદ થઇ. અંગ્રેજ વિદ્વાનોમાં આ વિષય વિષે અનેક મત

હતા. યુનીઅનીસ્ટ પક્ષમાં આ પ્રશ્નને લીધે ફુટ પડી, અને કેટલાક પ્રધાનોએ રાજીનામાં આપ્યાં.

લશ્કરી સુધારા.

આ સમયે આખી દુનિયા લશ્કરી તૈયારીઓ કરી રહી હતી; કોઇ લશ્કર વધારે તો કોઇ નૌકા વધારે. ૧૯૦૪ માં બ્રીટનમાં પણ લશ્કરી સુધારાની હીલચાલ ઉપડી. બોઅર યુદ્ધથી પ્રજાની આંખ ઉઘડી અને લશ્કર માટે નવી વ્યવસ્થા કરવાની જરૂર જણાઇ. સોલ્જરનો પગાર વધ્યો, કમાન્ડર-ઇન-ચીફની જગ્યા કાઢી નાંખી અને લશ્કરી કાઉન્સીલ સ્થપાઇ. નૌકામાં ફીશરે ઘણા અગત્યના ફેરફાર કર્યા. જુનાં વહાણો રદ કરવામાં આવ્યાં, અને દરવર્ષે ચાર ડ્રેડનોટ (એક જાતની મોટી મનવાર) નવાં બનાવવાની યોજના થઇ. આજ વર્ષે રૂશીઆ-જાપાન યુદ્ધ શરૂ થયું. તે અઢી વર્ષ ચાલ્યું અને તેમાં ઘણા જાનની ખુવારી થઇ. એક બાજુ બ્રીટન તથા જાપાન, અને બીજી બાજુ ફ્રાન્સ તથા રૂશીઆ ને મિત્રાચારી કરાર થએલા હોવાથી યુદ્ધમાં બીજી કોઇ પ્રજા દાખલ થઇ નહિં. રૂશીઆએ માર ખાધો. નાના સરખા પૌર્વાત્ય જાપાને ધરખમ રૂશીઆને હરાવ્યું એ જાણી દુનિયા આશ્ચર્ય પામી.

બંગાળાના ભાગલા.

આજ વર્ષે કર્ઝને બંગાળાના ભાગલા કર્યા. આ કાર્યથી હિંદી પ્રજા ઘણી ઉશ્કેરાઇ ને તેની પછી આવનાર લોર્ડ મીન્ટોને પોતાના પાંચ વર્ષ દરમ્યાન ચિંતામાં ને ચિંતામાં રાજ્યવહિવટ કરવો પડયો. હિંદી પ્રજાની પુષ્કળ સભાઓ ભરાવા લાગી તથા રાજ વિરૂદ્ધની લાગણી બહુ વધી ગઇ. કેટલાંક ખુન પણ થયાં. ૧૯૦૯ માં લોર્ડ મોર્લીએ ઇંડીઆ કાઉન્સીલમાં બે દેશી મેમ્બર નીમ્યા તથા એકને વાઇસરોયની કાઉન્સીલમાં નીમ્યો. પણ આવા ટુકડાથી પ્રજા ખુશ થાય એમ નહતું.

૧૯૦૬ ની ચુંટણી.

૧૯૦૫ માં બાલ્ફરે રાજીનામું આપ્યું તેની જગ્યા કેમ્પબેલ બેનર મેને લીધી; અને નાણાં ખાતું એસ્કવીથને સોંપ્યું. બીજે વર્ષે નવી ચુંટણી થઇ અને તેનું પરિણામ અજબ આવ્યું. સૌ કોઇ એમ ધારતું હતું કે લીબરલ બહુમતી થશે, પણ કોઇએ એમ નહિ ધારેલું કે યુનીઅનીસ્ટ પક્ષ છેક નિષ્ફળ નીવડશે. ચુંટણીનું પરિણામ આવું આવ્યું.

૧.	લીબરલ	પક્ષ	૩૮૭
૨.	યુનીઅનીસ્ટ	,,	૧૫૮
૩.	નેશનેલીસ્ટ	,,	૮૪
૪.	લેબર (મજુર)	,,	૪૧.

મજુર પક્ષના ૪૧ મેમ્બરો ચુંટાયા એ આ ચુંટણીની નવાઇ હતી. આ મજુરપક્ષ ઘણો ઉપયોગી નીવડ્યો. પૂર્વેની ચુંટણી કરતાં આ ચુંટણી આટલી જુદી હોવાનાં કારણ અનેક છે. ઉત્તર ઇગ્લેંડના મતદારો સંરક્ષણ નીતિ વિરૂદ્ધ હતા, કામદારોને પોતાની સ્થિતીમાં સુધારા જોઇતા હતા, અને યુનીઅનીસ્ટ પક્ષે ધંધો રોજગાર વધારવા કશું કર્યું નહતું. વળી ઇગ્લેંડમાં બોઅર યુદ્ધ ઘણું અપ્રિય થઇ પડ્યું હતું; અને આફ્રીકામાં ચીનથી ગીરમીટીઆ મજુરો બોલાવ્યા હતા. તેથી અંગ્રેજ પ્રજાને ગુસ્સો વ્યાપ્યો હતો. ચીનાઓની ગુલામીની બુમનો લીબરલ તથા લેબરપક્ષે ઘણો ઉપયોગ કર્યો. વળી નેશનેલીસ્ટ પક્ષવાળા લીબરલોને દિલોજાન મદદ કરી રહ્યા હતા.

જનરલ બોથા.

૧૯૦૬ માં આફ્રીકાના વસવાટ તથા ઇંગ્લેંડના સુધારા વિષે વાત નીકળી. આફ્રીકાના કમીશનરને એવો હુકમ મળ્યો કે ચીનથી આવતા મજુરોને બંધ કરો. ટ્રાન્સવાલ તથા ઓરેન્જ ફ્રીસ્ટેટને સ્વતંત્ર બનાવવામાં આવ્યાં, ને આ પગલું ઘણું ફત્તેહમંદ નીવડ્યું.

જનરલ બોથાએ આફ્રીકામાં આબાદ કારભાર ચલાવ્યો તથા બ્રીટનના વફાદાર મિત્રરૂપે વર્ત્યો. ત્રણ વર્ષ પછી આની સાથે કેપ તથા નાતાલ જોડાયાં એટલે દક્ષિણ આફ્રીકાના અંગ્રેજ સંસ્થાનો એક વહીવટ નીચે આવ્યા (૧૯૧૦). બોથા આ નવા રાજ્યનો મુખ્ય પ્રધાન થયો.

આ સમયે ઇંગ્લેંડની પાર્લમેન્ટમાં કેટલાંક ઉપયોગી કામ નીકળ્યા—૧ અનિષ્ટ પરદેશીઓને દેશમાં આવવા અટકાવવાનો ધારો થયો. ૨. સજા પામેલા ગુન્હેગારને મોટી કોર્ટમાં અપીલ કરવાની છુટ મળી. ૩. કોઇ પણ સ્ત્રી પુરૂષ વસીયતનામાંથી પોતાની મીલ્કત માટે સરકારી અધિકારીને ટ્રસ્ટી નીમી શકે એવી જોગવાઇ થઇ. ૪ પોતે ખેડતા હોય તે જમીનના માલીક થવાની ખેડુતો માટે સરકારે જોગવાઇ કરી આપી. ૫. ઘર કામ કરનારા નોકરોને અકસ્માત માટે નુકશાની લેવાનો હક્ક મળ્યો.

પાર્લમેન્ટના લોકો-પયોગી કામ.

૧૯૦૭ માં રાષ્ટ્રીય સૈન્ય ઉભું કરવામાં આવ્યું જેનો ઉપયોગ ખાસ પ્રસંગો વખતે થઇ શકે. વળી અનેક પ્રકારના હવાઇ જહાજનો ઉપયોગ યુદ્ધમાં વધતો ગયો. ૧૯૧૧ માં એક હવાઇ પલટન સ્થપાઇ અને હવાઇ શિક્ષણ માટે એક નીશાળ ખોલવામાં આવી. દરમ્યાન જરૂર પ્રસંગે સંસ્થાનો ખુશીથી મહારાજ્યની વારે ધાતા. ઓસ્ટ્રેલીઆએ પોતાનું નૌકા તૈયાર કર્યું. ૧૯૦૮ માં બેનરમેન ગુજરી જવાથી તેની જગ્યા એસ્ક્વીથે લીધી તથા લોઇડ જ્યોર્જ નાણાં ખાતાપર નીમાયો.

આ સમયે 'બોય સ્કાઉટ' ની નવી સંસ્થા ખોલવામાં આવી. આથી અંગ્રેજ બાળકોને તથા નૌજુવાનોને ઉત્તમ પ્રકારની કેળવણી મળે છે. આ સંસ્થાના સ્થાપક જનરલ બેડન પાવેલ છે. તેણે આ વિષયનો પ્રથમ અખતરો આફ્રીકામાં કર્યો હતો; ને પછી ઇંગ્લેંડ

'બોય સ્કાઉટ.'

આવી છોકરાઓની પલટન તૈયાર કરી તેમને દેશસેવાના માર્ગમાં દોરવ્યા. આ છોકરાઓની ફરજ નિયમિત અંગ કસરત કરવાની, હુકમ માનવાના, નિરીક્ષણ શક્તિ ખીલવવાની, અકસ્માત્ વેળા પ્રાથમિક મદદ આપવાની તથા બીજી ઉપયોગી સમાજસેવા કરવાની હતી. બેડન પાવેલના નિયમ થોડા પણ સરળ હતા. દરેક સ્કાઉટે પોતાનું શરીર સ્વચ્છ તથા તંદુરસ્ત બનાવવું; ઉપરીની આજ્ઞા માનવી; સત્ય વક્તા, નીતિમાન્ અને સ્વાશ્રયી બનવું; કોઇ પણ પ્રકારનું વ્યસન રાખવું નહિ; સ્હવારમાં વહેલા ઉઠવું; ઇશ્વિર પર શ્રદ્ધા રાખવી, સમાજને ઉપયોગી થવું તથા દરરોજ ઓછામાં ઓછું એક સારૂં કામ કરવું. સ્કાઉટના ઉપરી તેના શિક્ષક, શિક્ષકના ઉપરી સ્કાઉટ માસ્ટર ને તેના પણ ઉપરી રાખવામાં આવ્યા. આ પ્રમાણે, સઘળી સંપૂર્ણ વ્યવસ્થા બેડન પાવેલે કરી. આ સંસ્થા ૫ વર્ષમાં એટલી બધી વધી ગઇ કે ૧૯૧૩ માં ગ્રેટ બ્રીટન ને આયર્લેન્ડમાં એક લાખ ઉપર, અને બ્રીટીશ મહારાજ્યના બીજા ભાગોમાં દોઢ લાખ જેટલા સ્કાઉટ થયા. પરદેશોમાં પણ આનું અનુકરણ થવા માંડયું છે.

કામદાર વર્ગની સત્તા.

હવે કામદારોના બાળકોની કેળવણીનો પ્રશ્ન ઘણો અગત્યનો થઇ પડયો કેમકે તેમના ઉપર પ્રજાના ભવિષ્યનો ઘણો આધાર છે. લોકસત્તાનો ઉદય, સામાન્ય પ્રજાને મળેલા મત આપવાના હક્ક, કામદાર–સંઘ મારફત કામદારોમાં નીપજેલી એકતા, હડતાલ નીતિની પ્રગતિ, આ સર્વેથી કામદારવર્ગના હાથમાં ઘણી સત્તા આવી પડી. ૧૮૯૧ થી ૧૮૯૫ દરમ્યાન અનેક ધંધામાં ભારે હડતાલો પડેલી, તે આ ચાલુ જમાનાના ઉદ્યોગીય યુદ્ધનું પ્રથમ ચિહ્ન છે. વળી ફ્રાન્સમાંથી સહાનુભૂતિદર્શક હડતાલ પાડવાની પદ્ધતિ (Syndicalism) ઈંગ્લેંડમાં દાખલ થઇ તથા ફેલાઇ. આથી એક બીજાને ટેકો આપવા વિવિધ કામદાર–સંઘો એકસંપ થઇ શકે અને ચાહે તો સર્વવ્યાપી હડતાલ પાડી શકે. જુવાનીઆ કા-

મદારો આ પદ્ધતિ બહુ પસંદ કરે છે કારણ કે તેનાથી માલીક-મજુરના ઝઘડાનો ઝટ નીકાલ આપવાનો સંભવ છે.

હડતાલ.

આ સમયે કામદારોની ત્રણ મુખ્ય માંગણી હતી–૧. અમારા રોજ વધારો, ૨. કામ કરવાનો વખત ઓછો કરો ને ૩. અમારા કામદાર સંઘને માન્ય કરો. આ લોકો કોઇ કોઇ વાર તો 'હજામભાઇના હાથમાં આરસીના જેવું કામ કરતા. હડતાલ જેવું સબળ શસ્ત્ર હાથ લાગ્યાથી તેઓ ગમે તેવા કારણ માટે તેનો ઉપયોગ કરતા. ૧૯૧૦ થી ૧૯૧૩ સુધીમાં એક પણ ધંધો એવો નહિં હોય કે જ્યાં કામદારોએ હડતાલ ન પાડી હોય. આઠની સાલમાં સુતરની તથા કાપડની મીલોમાં ભારે હડતાલ પડી હતી; અગીઆરમાં ગાડાંવાળાઓની હડતાલ પડવાથી ધાવણાં બચ્ચાં માટે દુધ પણ ન મળતું; રેલ્વેવાળાઓએ પણ હડતાલ પાડેલી, ને તે વેળા લશ્કરી મદદ બોલાવવી પડી હતી. હડતાલીઆઓના તોફાનમાં ઘણાના જાન ગયા. એક વેળા કોલસાની ખાણવાળાઓ ત્રણ મહિના સુધી કામપર ન ચઢ્યા, તેથી કેટલાંએ કારખાનાં બંધ કરવા પડયા; અને જેને અસલ ઝઘડા સાથે લેવા દેવા નહિ એવા હજારો સ્ત્રી પુરૂષો રોજી વિનાનાં થઇ ગયાં. પછી પ્રજામતના સખત દબાણને લીધે રોજ નક્કી કરવાની બાબતમાં સરકાર પહેલીવાર વચમાં પડી. ત્રણ વર્ષ માટે ઓછામાં ઓછા રોજ (Minimum wage) વિભાગ વાર નક્કી કરવામાં આવ્યા, એટલે કામદારો કામપર ચઢ્યા. પણ માલીક-મજુરનો ઝઘડો અનેક કારણોને લીધે દરેક દેશમાં વધતો જાય છે; એ આ ચાલુ જમાનાની બલીહારી તથા યંત્રીય પ્રગતિનો વારસો છે. જેમ જેમ કડવો અનુભવ થતો જશે તેમ તેમ શેઠ તેમજ નોકર બન્ને વર્ગ પોતાના ઝઘડાનો કાંઇક છેવટનો સ્થાયી ફડચો કાઢશે એવી આશા રાખી શકાય.

વળી એક બીજી વાત. છેલ્લાં ૫૦ વર્ષથી કેટલીક સ્ત્રીઓ એમ કહી રહી છે કે જો પુરૂષને પાર્લમેન્ટની ચુંટણીવેળા મત આપવાનો હક્ક હોય તો સ્ત્રીને તે હક્ક શા કારણથી ન હોય? જો પુરૂષ પાર્લેમેન્ટમાં બેસી શકે તો સ્ત્રી કેમ ન બેસી શકે? આ હિલચાલ આખા દેશમાં ફેલાઇ ગઇ છે. આ સ્ત્રીઓની ચળવળ ખુબ જોશભેર ચાલી, છતાં તેમનું કાંઇ વળ્યું નહિ. તેમના તરફથી થોડાં તોફાન પણ થયાં. એક દિવસે તેમણે એસ્કવીથ સાહેબની બારીઓ ભાંગી નાંખી; તથા અનેક દુકાનોના કાચ તોડી નાંખ્યા. આવી હિંસાવૃત્તિથી તેમનું કાર્ય બગડ્યું.

આ નિષ્ફળ નીવડેલી નીતિ આપણે જોઇ. હવે એક બીજું કાર્ય શાંતિની નીતિ અખત્યાર કરવાથી કેવી રીતે સફળ થયું તે જુઓ. મોટાં શહેરોમાં ઘણા લોકો ધંધારોજગાર વિનાના થઇ પડ્યા હતા. તેઓ સરઘસ કાઢતા તથા સભાઓ ભરતા. એક વેળા તો તેઓએ પાર્લમેન્ટમાં દાખલ થવા મથન કરેલું. આ સર્વ હકીકત ધ્યાનમાં લઇ ધંધો શોધી આપનાર ખાતું (Labour Exchange) સ્થાપવામાં આવ્યું જેમાં માલીક વર્ગ તથા નોકર વર્ગના સરખા પ્રતિનિધિ બેસે તથા જેમાં સ્વતંત્ર પ્રમુખ હોય. કોઇ પણ રોજગાર વિનાનો પુરૂષ પાડોશના 'લેબર એક્સચેંજ' માં જાય તો એના જેવાની કયા શેઠને ત્યં જરૂર છે તે બાતમી મળી શકે. વળી શેઠને નોકર જોઇતો હોય તો તે પણ આવી સંસ્થા મારફતે મળી શકે. જ્યાં જ્યાં જરૂર લાગે ત્યાં મજુરોને તથા તેમના કુટુંબોને નોકરીવાળી જગ્યાએ પહોંચવા જેટલી મદદ પણ અપાય છે.

લેબર એક્ષચેંજ

હવે ઉમરાવોની સભા તથા આમની સભા વચ્ચેના ઝઘડાની હકીકત જોઇએ. લીબરલ પક્ષની ઘણા વખતથી એવી ફરીઆદ હતી કે ઉમરાવો મુખ્યત્વે કોન્ઝર્વેટીવ હોવાથી કોન્ઝર્વેટીવ દરખાસ્ત પાસ કરે છે તથા લીબરલ દરખાસ્ત ઉડાવી

ઉમરાવોની સત્તા વિષેનો ઝઘડો.

દે છે. બેનરમેને જાહેરમાં કહેલું કે મારે ઉમરાવોની સત્તાપર અંકુશ મુકવો છે. આ કામ તેના સાગ્રીત એસ્કવીથે ઉપાડયું. લૉઇડ જ્યોર્જનું બજેટ (અંદાજ પત્રક) આમની સભામાં પસાર થયું, પણ ઉમરાવોએ તે પાછું મોકલ્યું. એટલે એસ્કવીથે પાર્લમેન્ટ સમાપ્ત કરવાની સલાહ રાજાને આપી. નવી ચુંટણીમાં ૨૭૫ લીબરલ તથા ૨૭૩ યુનીઅનીસ્ટ આવ્યા; એટલે બહુમતી માટે સરકારને મજુર પક્ષ (૪૦) તથા આયરીશ પક્ષ (૮૨) ઉપર આધાર રાખવો પડયો. જે સ્થિતિનો ભય ગ્લેડસ્ટનને હતો તેજ સ્થિતિ આ સમયે આવી લાગી. આયરીશ પક્ષ જેને મદદ કરે તેજ પાર્ટી પોતાનું ધાર્યું કરી શકે. નવી પાર્લમેન્ટ મળી, ને ઉમરાવોની સભામાં બજેટ પાસ થયું. પછી ઉમરાવોની સત્તા મર્યાદિત કરવા એસ્કવીથ ત્રણ દરખાસ્ત લાવ્યો— ૧. નાણાં બાબતમાં ઉમરાવો અટકાયત કરી શકે નહિ. ૨. બીજી બાબતોની દરખાસ્ત જો આમની સભામાં અસલ રૂપમાં ત્રણ વખત લાગલગટ પાસ થાય તો ઉમરાવોની અટકાયત છતાં તે દરખાસ્ત પાસ થએલી ગણાય. ૩. પાર્લમેન્ટની મુદત સાતને બદલે પાંચ વર્ષની કરવી. આ દરખાસ્ત આમની સભામાં ઝપાટાબંધ પાસ થઇ. પછી એસ્કવીથે 'પાર્લમેન્ટ બીલ' રજુ કર્યું તથા એવી ધમકી આપી કે જો ઉમરાવો તે પાસ નહિ કરે તો સખત પગલાં લઇ તે પાસ કરાવવું પડશે.

ઉમરાવોને પણ આ જુલાબની અસર થઇ. તેમણે પોતાની સભા સુધારવા ઉપાયો યોજવા માંડયા; પણ એકે ઠીક ન લાગ્યો. એસ્કવીથને અમે તે રસ્તે પોતાની ઉમદા દરખાસ્ત પાસ કરાવવી હતી એટલે તેનો હેતુ ઉમરાવોને પાંગળાં બનાવવાનો હતો. આ ગરમાગરમ ચર્ચા ચાલતી હતી તેવામાં રાજા એડવર્ડ સખત માંદા પડયા તથા ૧૯૧૦ ના મે માસમાં ગુજરી જવાથી તેના પુત્ર પાંચમા જ્યોર્જ ગાદીએ આવ્યા.

બન્ને પક્ષોની એક કૉનફરન્સ બોલાવવામાં આવી પણ તે નિષ્ફળ

નીવડી. એસ્ક્વીથે ફરી પોતાના અસલ વિચાર ધમકી સાથે દર્શાવ્યા. ૧૯૧૦માં નવી ચુંટણી થઇ તેમાં લીબરલ બહુમતીમાં ઝાઝો ફેરફાર થયો નહિં. અગીઆરમાં એસ્ક્વીથનું બીલ પાસ થયું; ઉમરાવોની સભામાં આ બીલ પાસ થતાં પહેલાં ઘણા સુધારા રજુ થયા તથા પાસ પણ થયા. એટલે અસલ બીલ બદલાઇ ગયું. સરકારે ઉમરાવોએ સુચવેલા સુધારા નાકબુલ કર્યા. બીલ ફરી ઉમરાવો પાસે આવ્યું તથા સરકાર તરફથી લોર્ડ મોર્લીએ કહ્યું કે આ વેળા બીલ પાસ નહિં થાય તો નવા ઉમરાવો બનાવવા પડશે. થોડી રકઝક થયા બાદ બીલ પાસ થયું. આથી એસ્ક્વીથને થોડા વખતમાં પોતાના તમામ બીલ પાસ કરાવવાનો લાગ મળ્યો પણ તેને આયરીશ પક્ષને સંતોષ્યા સિવાય છુટકો ન હતો.

મેમ્બરોનો પગાર.

આ વર્ષમાં જ મેમ્બરોને વર્ષે ૪૦૦ પાઉંડનો પગાર આપવાનું નક્કી થયું. બાલ્ફરે યુનીઅનીસ્ટ પક્ષની આગેવાની છોડી દીધી ને તેની જગ્યા બોનરલોએ લીધી. આ સમયે લોઇડ જ્યોર્જની 'પ્રજાકીય વીમા'ની દરખાસ્ત થઇ. આથી દરેક કામદારને દર અઠવાડીએ અમુક રકમ ભરવી પડતી અને તેમાં માલીક તથા સરકાર થોડી રકમ ઉમેરતા. આના બદલામાં આવા કામદારોને મફત દવા તથા ડાક્ટરની સલાહ મળે છે, તથા માંદગી દરમ્યાન નિભાવ માટે અમુક પૈસા મળે છે. આ દરખાસ્તનો બીજો ભાગ ધંધા વિનાના પુરૂષો માટે હતો. કેટલાક ધંધામાં (જેવા કે વહાણુ બાંધવાનો, ઘરકામનો) કામ કટકે કટકે આવે છે. આવા કામમાં રોકાએલા કામદારો દર અઠવાડીએ અમુક રકમ ભરે, તેના શેઠ તથા સરકાર થોડું ભરે, અને આવી રીતે તેના પૈસા જમા થાય. તે પુરૂષને કામ ન મળે ત્યાં સુધી દર અઠવાડીએ ૭ શીલીંગ આ ફંડમાંથી મળે છે. પછી રાજારાણી હિંદમાં પધાર્યા. તથા દિલ્હીમાં જંગી દરબાર ભરવામાં આવ્યો. રાજધાની કલકત્તાથી

બદલી દિલ્હી લાવવામાં આવી અને કર્ઝનનું બંગાળાના ભાગલા વિષેનું કાર્ય રદ કરી બંગાળા માટે જુદો ગવર્નર નીમવામાં આવ્યો. બાર અને તેરની સાલમાં મુખ્ય કામ આયર્લેન્ડના હોમરૂલ બીલ વિષેનું હતું. ઉમરાવોનો વિરોધ કાયમ રહ્યો, અને આમની સભાએ નવા પાર્લમેન્ટના કાયદા મુજબ, ત્રણ વખત પાસ કરી તેને કાયદા રૂપ બનાવ્યું. અલસ્ટરવાળાએ હોમરૂલ વિરૂદ્ધ સજ્જડ ચળવળ આરંભી, અને તેમણે પ્રતિજ્ઞા લીધી કે હોમરૂલ પાર્લમેન્ટને કદી સ્વીકારવી નહિં.

૧૯૧૪નો મહાન્ વિગ્રહ.

પણ થોડા વખતમાં પ્રજાનું ધ્યાન એક ગંભીર બાબત તરફ ખેંચાયું. યુરોપની ભૂમિપર યુદ્ધનું વાદળ ફાટયું. આનું ઉપર ઉપરનું તેમજ તાત્કાલિક કારણ જોઇએ તો ઓસ્ટ્રીઆના રાજકુંવર ફર્ડીનાન્ડ તથા તેની સ્ત્રીનું થએલું ખુન હતું. પણ ખરૂં કારણ તો જર્મનીના લોભમાં રહેલું હતું. ૪૦ વર્ષથી જર્મનીનો લશ્કરી પક્ષ યુદ્ધની તૈયારી કરી રહ્યો હતો અને આ લાગ જોઇ તેમણે ઓસ્ટ્રીઆ સાથે મળી યુદ્ધ આરંભ્યું. એક બાજુ ઓસ્ટ્રીઆ તથા જર્મની અને બીજી બાજુ રૂશીઆ અને ફ્રાન્સ-સૌ પોતપોતાનાં લશ્કર ત્વરાથી સરહદપર ગોઠવવા લાગ્યા. બેલ્જીઅમ તટસ્થ દેશ હતો, તેની ના ઉપરાંત જર્મનીનું લશ્કર બેલ્જીઅમમાં દાખલ થયું એટલે બ્રીટન યુદ્ધમાં સામેલ થયું. બેલ્જીઅમમાંનો સખત ધસારો કોઇ અટકાવી શક્યું નહિં. પછી બ્રીટનના પક્ષમાં જાપાન ભળ્યું, તેણે જર્મનીનું સીંગ-ટાઉ બંદર જીતી લીધું. જર્મનીનો આફ્રીકામાંનો પણ ઘણો મુલક ગયો. યુદ્ધ ચોમેર ચાલ્યું. આખી અંગ્રેજ પ્રજા દેશ ખાતર પોતાનું સર્વસ્વ આપવા તૈયાર થઇ ગઇ. પુરૂષો સૈનિકો તરીકે રણભૂમિમાં ગયા, સ્ત્રીઓએ તેમની જગ્યા લઇ અનેક

પ્રકારનાં કામ ઉઠાવી લીધાં, અને બાળકો તથા બાળિકાઓ પોતાનો અભ્યાસ ત્યાગી યુદ્ધના પચરંગી કામમાં ગુંથાયાં.

પ્રથમની મોટી લડાઇ પશ્ચિમમાં થઇ. મોન્સ આગળ બ્રીટીશ તથા ફ્રેન્ચ લશ્કરને પાછા હઠવું પડયું અને જર્મનો પેરીસની નજીકમાં આવી પહોંચ્યા. પછી માર્ને તથા આઇનની લડાઇમાં જર્મનોને સખત માર પડયો તથા તેમને પાછા હઠવું પડયું. ઇપ્રીસ આગળ એ લડાઇ થઇ ને તેને પરિણામે તે સુંદર શહેર ખેદાન મેદાન થઇ ગયું, પછી સોમ નદી આગળના યુદ્ધમાં મિત્રમંડળનું બળ પ્રકાશ્યું.

યુદ્ધ જમીનપર, પાણીપર, પાણીની અંદર, તથા હવામાં જોશભેર ચાલ્યું. જર્મન નૌકાએ ફોકલેન્ડ આગલ હાર ખાધી એટલે તેમણે 'સબમરીન' (પાણીની અંદર) યુદ્ધ શરૂ કર્યું; તેમણે ઘણી મન્વારો ડુબાડી. વેપારી જહાજ પણ તેમને હાથે બચવા પામ્યા નહિં. 'લુસીટેનીઆ' નામની હજારેક ઉતારૂઓથી ભરેલી સ્ટીમર ડુબાડવા માટે આખી દુનિયાને ત્રાસ છુટયો. આ જ કારણે ૧૯૧૭ માં અમેરીકાએ જર્મની સાથે યુદ્ધ જાહેર કર્યું.

જર્મનીનો એક મુખ્ય હેતુ હિંદના તથા બીજા પૂર્વના દેશોના વેપારનો કબજો મેળવવાનો હતો. તેણે તુર્કીને ઉશ્કેરી યુદ્ધમાં દાખલ કર્યું. ડાર્ડેનલ્સનો કબજો લઇ કોન્સ્ટેન્ટીનોપલ પર હુમલો કરવા એક અંગ્રેજ લશ્કર ગયું હતું પણ તેમાં તે ફાવ્યું નહિં. દક્ષિણ આફ્રીકામાં બોર તથા અંગ્રેજોએ મળી જર્મનોના તમામ સંસ્થાન પડાવી લીધાં. રૂશીઆ તરફની ઘણી આશા હતી; અને શરૂઆતમાં તેના લશ્કરે ઠીક કામ કર્યું; પણ ૧૯૧૭ માં પેટ્રોગ્રેડમાં મહા રાજવિપ્લવ થયો, અને ઝાર તથા તેના આખા કુટુંબને ઠાર મારી નાંખવામાં આવ્યાં. દેશ બોલશેવીકોના કબજામાં આવ્યો. ઇટાલીએ યુ-

દમ પોતાનો ભાગ ભજવી મિત્ર મંડળને સારી મદદ આપી. ૧૯૧૮ માં મારશલ ફોશની સરદારી હેઠળ મિત્ર મંડળને જીત પર જીત મળવા લાગી. દુશ્મનમંડળમાંથી એકે એકે શરણે આવવા લાગ્યા અને ૧૯૧૮ ના નવેમ્બર માસમાં લડાઇ બંધ થઇ. કૈસર જર્મનીની ગાદી ત્યાગી હોલેન્ડ ગયો. પેરીસમાં સુલેહ માટે કોન્ફરન્સ મળી તેણે સુલેહની શરતો તૈયાર કરી તથા તેપર જર્મનીની સહી લીધી. પ્રજા સંઘનો જન્મ પણ અહીં જ થયો.

સમાપ્ત.

(એ. વી. સ્કુલના પહેલા ત્રણ ધોરણો માટે ટેક્સ્ટ બુક તરીકે મંજુર)

હિંદના ઇતિહાસનું પ્રથમ દર્શન.

સરળ વાર્તાઓ અને પુષ્કળ ચિત્રો સહિત.

કર્તા,

બાલુભાઈ લલ્લુભાઈ કાજી.

બી. એ. એસ. ટી. સી. ડી.

કિંમત રૂ. ૦-૧૨-૦

શાળોપયોગી.

હિંદુસ્તાનનો ઈતિહાસ.

સંપૂર્ણ માહીતી ને ચીત્રો, સહીત.

કિંમત રૂ. ૧-૪-૦
